પુસ્તક ૫૯ મું.] [અંક ૨ જો.

Gujarat School Paper.

ગુજરાત શાળાપત્ર.

ફેબ્રુઆરિ સને ૧૯૨૦.

અનુક્રમણિકા.

વિષય. પૃષ્ઠ.
માગ ... ૨૫
કવિતાનું વિવરણ ... ૨૮
વાતાવરણમાં રહેલી પાણીની વરાળ ... ૩૧
ઈન્ફલુએન્ઝા. ... ૩૫
પ્રાસંગિક નોંધ ... ૩૭
સને ૧૯૨૦ નો પ્રે૦ રા૦ ટ્રે૦ કોલેજનો અભ્યાસક્રમ ૪૦
કેળવણી ખાતાની જાહેર ખબર. ...

કેળવણી ખાતાના હુકમથી.
તંત્રી અને પ્રકાશક (ઓક્ટોબર ૧૯૧૪ થી)
મિ. કેખુશરૂ અરદેસર બાલા, બી. એ.,
પ્રિન્સિપલ, પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ—અમદાવાદ.

(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે).

ધી ગુજરાત પ્રિ. પ્રેસમાં—શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.
પાંચકુવા, રીચીરોડ—અમદાવાદ.

સુચના.

૧. પત્ર સંબંધી લખાણ—એડિટર તરફ મોકલવું. છાપવા મોકલવાનું લખાણ કાગળની એક બાજુએ ચોકખે અક્ષરે લખવું. છાપવા યોગ્ય લાગશે તો છપાશે, નહિ પસંદ કરેલો લેખ ટિકિટ મોકલી હશે તો પાછો મોકલવામાં આવશે.

૨. લેખકને ઉત્તેજન—વિષયો લખી મોકલનારની પૈસા લેવાની ખુશી હશે તો પ્રથમથીજ ખબર આપેથી દરે છાપેલ પાને યોગ્યતા પ્રમાણે રૂા ૧) સુધી આપવામાં આવશે. ચર્ચાપત્ર માટે કંઇ આપવામાં નહિ આવે

૩. લવાજમ—વરસ એકનો રૂ. ૧-૩-૦ ટપાલ ખર્ચ સાથે અગાઉથી, વિદ્યાર્થીઓ માટે ૦-૧૦-૦. છુટક અંકના રૂા. ૦-૨-૦. પોસ્ટેજ રૂા ૦-૦-૬ જુદું.

૪. મનિઓર્ડર—કુપન પર ગામ કે શહેરનું ઠેકાણું સ્પષ્ટ લખવું. તેમજ ત્યાં એકથી વધારે નિશાળો હોય તો નિશાળનો નંબર, તથા શાળાપત્રની ફિમ તરફથી અપાએલા સરનામાના લેબલ ઉપરનો નંબર લખવો.

જાહેર ખબરના ભાવ.

મુદ્દત.	પેજ.		
	આખુ	અર્ધું	પા.
આખું વર્ષ.	રૂ. ૬૫	રૂ. ૩૪	રૂ. ૨૦
છ માસ	રૂ. ૩૫	રૂ. ૧૮	રૂ. ૧૨
ત્રણ માસ.	રૂ. ૨૦	રૂ. ૧૦	રૂ. ૭

છુટક છપાવવાનો દર.

દર ત્રણ લીટીએ રૂ ૧-૨-૦ રાખ્યો છે

આ પત્ર સાથે કોઇ પણ હેંડબીલ વહેંચવામાં આવશે નહિ.

૫. શાળાપત્રમાં આપેલી ખાનગી જાહેરખબરોમાં જણાવેલી ચોપડીઓ ખાતાએ મંજુર કરેલીજ હોય, એમ હમેશ હોતું નથી. માટે દરેકને મંજુર કરેલી તરીકે ગણવી નહિ.

૬. દરેક માસના શાળાપત્રનો અંક તે માસની તા. ૨૫ મી સુધીમાં ન મળે તો તે માસની આખર તારીખ સુધીમાં અમને ખબર આપવી કે જેથી તે અંક મોકલવા ગોઠવણ થાય. માસ આખર પછી અંક નહિ મળ્યાની ખબર આપનારને જો એક સિલકમાં હશે તો છુટક અંક પ્રમાણે કિંમત લઇ મોકલવામાં આવશે.

૭. શાળાપત્રનું વરસ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધી ગણવામાં આવે છે; માટે વરસની વચમાં જે ગ્રાહક બંધ થવા માગતા હશે તેમને પાછલી જેટલા અંકો તેમને મળ્યા હશે, તેટલાની છુટક અંક લેખે કિંમત લેવામાં આવશે.

તંત્રી.

गुजरात शाळापत्र.

પુસ્તક ૫૯મું. ફેબ્રુઆરિ સને ૧૯૨૦. અંક ૨

માસ.

(૧) શહેનશાહી ઢંઢેરો.

સને ૧૯૧૯ નો ડિસેમ્બર માસ હિંદુસ્તાનના ભવિષ્યના ઇતિહાસગ્રન્થોમાં સુવર્ણાક્ષરે વિભૂષિત થશે એમ કહીએ તો અત્યુક્તિ નહિ મનાય. મહાન યુરોપીય વિગ્રહના અંતનો આનન્દ દર્શાવવા સુલેહનો ઉત્સવ પણ હિંદમાં એજ માસમાં ઉજવાયો હતો. હિંદવાસીને નવા રાજકીય સુધારા એટલે–મોન્ટેગુ ચેમ્સફર્ડ સ્કીમ–(યોજના) થી સુવિહિત, રાજ્યવ્યવસ્થાનું બીલ, ઇગ્લાંડમાં પાર્લામેન્ટના બન્ને પક્ષે પસાર કર્યું છે. મહારાજા જોર્જે પણ પોતાની મંજુરી આપ્યાથી તે હવે કાયદો ગણાશે. ઉપરાંત હિંદવાસીઓને ઇગ્લાંડના રાજવંશની પરંપરાથી ચાલી આવેલી શ્રેણી મુજબ હવેથી રાજ્યવ્યવસ્થામાં વધુ સત્તા આપનારૂં શહેનશાહી ફરમાન એજ માસમાં જાહેર થયું છે. તે ઢંઢેરો પ્રત્યેક પુરુષે વાંચ્યો છે તેથી માત્ર તેના મુખ્ય મુદ્દા દર્શાવીશું. શરૂઆતમાં નવો કાયદો પસાર કરવાનો ઉદ્દેશ વર્ણવ્યો છે. મહારાણી વિક્ટોરીઆના ૧૮૫૮ ના ઢંઢેરા જેવો, મર્હુમ શહેનશાહ સાતમા એડવર્ડનો ૧૯૦૮ નો હતો તેવાજ પ્રકારના સંદેશાવાળો, પણ વિશેષ આગળ વધતો આ કાયદો હિંદની રાજ્યવ્યવસ્થામાં હિંદવાસીને વધુ હક્કો આપનારો નીવડશે. આને લગતી કેટલીક સવિસ્તર હકીકતો, સૂચનાઓ તેમજ હેતુઓ દર્શાવી મહારાજા ઇચ્છે છે કે પોતાના નીમેલા અધિકારીઓ અને પ્રજા વચ્ચેની કડવાશ તથા ઉંચા મન જલદી દૂર થાય. કાયદાનો ભંગ જેમણે અગાઉ કર્યો હોય તે હવે તેને માન આપતા રહેશે. નવો યુગ શરૂ થાય છે અધિકારી વર્ગ અને પ્રજાપક્ષ એક સંપથી કામ કરશે

એવી આશા છે રાજકીય કારણોને અંગે સજા ભોગવતા કેદીઓને છુટકારો આપવાની દયા તે ઢંઢેરામાં સૂચવી છે. જે કેદીઓને છોડવાથી જનહિતની શાંતિને હાનિ ન પહોંચે તેવાનેજ નામદાર વાઇસરોય સાહેબે છુટા કરવા એમ તેમા સૂચન છે. બીજી એક અગત્યની બાબત "ચેમ્બર ઓવ પ્રિન્સિસ"–હિંદના રાજાઓનું મંડળ–ની સ્થાપનાનો પણ તેમા સમાવેશ છે છેવટે નામદાર પ્રિન્સ ઓવ વેલ્સ આ વર્ષે હિંદમાં મુલાકાત અર્થે પધારનારા છે તે આ રાજાઓના મંડળ તથા નવા કાયદાની શરૂઆતનો પાયો નાખશે એમ દર્શાવી પ્રભુ પ્રાર્થનાથી તે ઢંઢેરો સમાપ્ત થાય છે. મહારાજા જોર્જનો આ ઢંઢેરો પ્રત્યેક હિંદવાસીએ આનન્દથી વધાવી લેવો જોઇએ એજ ખરૂં કર્તવ્ય છે. એક મહાન હિન્દવાસી આને "અશોકના સંદેશા" સાથે સરખાવી તે ઢંઢેરાને 'પોલિટિકલ બાઇબલ' રાજકીય ધર્મગ્રન્થ માની શકાય એમ સૂચવે છે.

(૨) હિંદના રાજ્યબંધારણનો નવો કાયદો.

'મોન્ટેગુ ચેમ્સફર્ડ સ્કીમ' ની સંજ્ઞાથી અંકિત, હિંદની રાજ્યવ્યવસ્થાને લગતુ બીલ ગયા ડિસેમ્બર માસમાં પાર્લામેન્ટની બન્ને સભામાં પસાર થયું છે. મહારાજા પંચમ જોર્જે પોતાની મંજુરી આપવાથી હવે તે કાયદો ગણાશે. આ કાયદાનું બી હિંદહિતૈષી સે૦ ઓફ સ્ટેટ, મિ. મોન્ટેગુએ રોપ્યા બાદ, હાલના નામદાર વાઇસરોય લોર્ડ ચેમ્સફર્ડની સહાનુભૂતિ મળ્યા બાદ, ઇગ્લાંડમાં જોઇન્ટ કમિટિના ગંભીર, નિપુણ અને ઉપયોગી વિચારો દર્શાવનારા રિપોર્ટના પરિણામે, તેમજ આમની સભામાં મિ મોન્ટેગુની નિપુણતા અને ઉમરાવોની સભામા લોર્ડ સિંહના કૌશલ્યથી એક તરેહનું ઉત્તમ જળસિંચન તે છોડને મળ્યું છે શહેનશાહની મંજુરી મળ્યાથી તે ધીમે ધીમે વૃક્ષરૂપે પરિણામ પામી તેની છાયા નીચે કામ કરનાર અધિકારી વર્ગ તથા પ્રજાપક્ષમાંથી નિમાતા પુરુષો હિંદને ગુણકારી ફળ તેમની કર્તવ્યબુદ્ધિ, વિશાળહૃદયતા, સમભાવના અને સંગાથી અર્પશે એવી આશા છે. મહારાજાના ઉદ્ગારો પ્રમાણે આ સુધારા, હિંદની આર્થિક તેમજ નૈતિક વૃદ્ધિ અર્થે ખંત ધરાવનારા પાર્લામેન્ટના સભ્યો, ઇન્ગ્લાંડની પ્રજા, અને હિંદના અમલદારોના પ્રયાસોનુ ફળ છે. હિંદવાસીઓને કેટલાક ખાતાંની સત્તા ભોગવવાનો આથી હક આપવામા આવ્યો છે. આ સુધારાનો યોગ્ય અને ન્યાયી ઉપ-

યોગ થશે, અને અધિકારી વર્ગ તથા પ્રજાપક્ષ એક સંપથી જોખમદારી સમજશે, અને રાજ્યના સામાન્ય હિતમાં આત્મભોગ આપશે એમ મહારાજા પોતાના ઢંઢેરામાં જણાવે છે.-એકંદર આ નવો કાયદો હિંદના સામાન્ય હિતનો હોવાથી, તેમજ હિંદવાસીઓને રાજ્યકાર્યમાં બહોળા પ્રમાણમાં સત્તા પ્રાપ્ત કરાવનારૂ સાધન હોવાથી પ્રત્યેક હિંદી તેને માન તેમજ આનન્દથી સ્વીકારી મહારાજાનો અત્યંત ઉપકાર માનશે. આ કાયદાને આ સ્વરૂપમાં લાવવાનું માન મિ. મોન્ટેગુ અને લોર્ડ સિંહને ઘણુ-ઘટે છે.

જાહેર ખબર.

મ. એ. ઈ. સાહેબનો તા ૯-૧-૨૦ નો હુકમ નંબર ૧૩૫૦૧

સરકારી ઠરાવ-ન્યાયખાતું-તા. ૨૨-૧૧-૧૯ નો

હુકમ નં. ૧૦૦૨૭.

જંજિરે મુંબાઈ—તા. ૨૨-૧૧-૧૯.

બંગાળાની સરકારનો તા. ૧-૧૧-૧૯ નો

હુકમ નં. ૧૨૩૪૭

નામદાર ગવર્નર-ઇન-કૌંસિલ ફરમાવે છે કે "મોક્ષનો સંદેશ" (message of Salvotion) જે અંગ્રેજીમા છાપેલું એક નાનુ ચોપાનીઉં છે અને જેને મથાળે અલ્લા-હો-અકબર શબ્દો છે તે જ્યાં મળે ત્યાં જપ્ત કરવામા આવે છે. તેની શરૂઆતમાં "હિંદુસ્તાનના ૭૦૦૦૦૦૦૦ મુસલમાનો" અને અંતે "પ્રેસિડન્ટ સેન્ટ્રલ રેવોલ્યુશન કમિટિના-હુકમથી" એવા શબ્દો છે. તેમાંનું લખાણ ફીતુરી છે.

(સહી) એ. મોન્ટગોમરી

ઓફિટિંગ-ડેપ્યુટિ સેક્રેટરિ-ટુ-ગવર્નમેન્ટ,

કવિતાનું વિવરણ.

(લેખક.—રા. રા. સાકરલાલ અમૃતલાલ દવે બી. એ.
એસ. ટી. સી. ડી.)

'ઘડી ઘડી તડકો ને છાંયડો ફેરવે એ.'

ગુજરાતના પ્રસિદ્ધ અર્વાચીન કવિ સ્વર્ગસ્થ—નર્મદાશંકરના 'ઋતુવર્ણન' માંથી આ કાવ્ય લીધેલું છે. 'વૃષ્ટિના ચાળા', એટલે કે વરસાદ આવવાનાં ચિહ્ન, એમાં વર્ણવેલ છે, અને તે બાળકના અનુભવમાં આવે છે; એટલે આ કાવ્ય એકંદરે વિદ્યાર્થીને ઘણી રમુજ આપે એમાં સન્દેહ નથી.

કાવ્યનું વૃત્ત માલિની છે. તેમાં દરેક ચરણમાં ૧૫ સ્વર આવે છે, અને ૮ મા સ્વરે યતિ હોય છે.

ગણ રચના નીચે પ્રમાણે છે—

ન	ન	મ	ય	ય
સ˘ ક˘ ળ˘	જ˘ ન˘ ક˘	હે¯ એ¯ વૃ¯	ષ્ટિ˘ ના¯ થા¯	ય˘ ચા¯ ળા¯

'વૃષ્ટિના' એ શબ્દમાં 'વ' ને ગુરુ સ્વર ગણ્યો છે, કેમકે એ સ્વર પછી સંયુક્ત વ્યંજન આવેલો છે અને તેને લીધે સ્વર થડકાય છે; એટલે બોલતી વેળાએ સ્વર પર ભાર દેવો પડે છે. ક૦ દ૦ ડા૦ કહી ગયા છે, કે—

"જોડાક્ષરથી જે પ્રથમ થડકે તો ગુરુ થાય" આ વૃત્તમાં પ્રથમના બે ગણ નગણ છે, અર્થાત્ પહેલા ૭ સ્વર લઘુ છે, એટલે કાવ્ય વાંચતી વખતે આરંભમાં ઝડપથી બોલવું પડશે. સંસ્કૃત વૃત્તોમાં માલિની વૃત્ત એક સરસ વૃત્ત છે, અને તે ગાવાની વિદ્યાર્થીઓને મઝા પડવીજ જોઇએ

આ કાવ્યની છએ ટૂંકનું છેલ્લું ચરણ એકજ છે—'સકળ જન કહે એ વૃષ્ટિના થાય ચાળા.' એમ કરવામાં કવિનો આશય સ્પષ્ટ છે. એક તો કાવ્યની ગેયતામાં વૃદ્ધિ થાય છે, કાવ્ય કાનને સુમધુર લાગે છે, અને બીજો અને મહત્વનો આશય એ છે કે વાંચનારના મન પર કાવ્યમાં વર્ણવેલી મુખ્ય બાબતની સચોટ છાપ પડે છે. વરસાદ આવ-

વાનો વખત થાય છે તે વખતે—એટલે જેઠ મહીનાના પાછલા પંદરામાં—જે જે કુદરતી દેખાવો જોવામાં આવે છે તેનું યથાસ્થિત વર્ણન નર્મદે આપ્યું છે.

હવે જે પંક્તિઓમાં ખાસ ખૂબી રહેલી છે, અથવા તો જેનો અર્થ સુસ્પષ્ટ નથી તે તરફ દૃષ્ટિ કરીએ.

૨—'અર્ણવથી કિનારે આવતાં પંખીં ભાળ્યા.' સમુદ્ર ઉપર ઉડતાં પક્ષીઓ વરસાદની બીકથી જમીન તરફ દોડી આવતાં જણાય છે. વરસાદ પડે તો દરિયામાં તેમને આશ્રય મળે નહિ, માટે કિનારે આવી પોતપોતાના માળા બાંધી રહે છે. સં અર્ણવ=દરિયો.

૩—'ખરર થરર શબ્દે હાલતાં થાય ઝાડો.' ઝાડો હાલતાં થાય છે, એટલે હાલવા માંડે છે, અને તેથી કરીને ડાળી અને પાંદડાંનો 'ખરર થરર' એવો અવાજ થાય છે. પુષ્કળ પવન વાય અને ઝાડનાં પાંદડાં હાલી ઉઠે-ત્યારે જે મીઠો ધ્વનિ થાય છે, તેનો અત્રે કવિએ ઉલ્લેખ કર્યો છે.

'શબ્દે' એમાં કરણ-અર્થે ત્રીજી વિભક્તિ ન લઈ શકાય, કેમકે 'ખરર થરર' એ અવાજના સાધન વડે ઝાડ હાલે છે એવો અર્થ નથી. ઝાડ હાલે છે અને અવાજ થાય છે, એટલુંજ વિવક્ષિત હોઇ શકે, માટે મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે 'શબ્દે' એ કેવળ સાહચર્યવાચક તૃતીયા છે.

'રસ બહુ ઉતરે છે યન્ત્ર માંહે રૂપાળા'—આ પંક્તિના બે અર્થ સંભવે છે (૧) સતાર, સારંગી, વગેરે વાદ્યમાંથી વર્ષારંભે મધુર સુર નીકળે છે (શંકા થાય છે, કે હવામાં ભિનાશ આવવાથી વાદ્યો હવાઇ જાય નહિ ?) (૨) વાયુભારમાપક યન્ત્રમાં રસ એટલે પારો નીચે ઉતરે છે- પારો ૨૯¾ ઇંચ સુધી નીચે ઉતરે ત્યારે વરસાદ પડે અથવા સખત પવન વાય.

૪—હમેશના કરતાં હવામા ભિનાશ વધારે લાગે છે; પવનના સપાટાની સાથે ફૂલવાડીનાં ફૂલની સુગન્ધ બધે પ્રસરી રહે છે; દૂરથી ઘંટના ઠાલા અવાજ સંભળાય છે,—આ બધાં વરસાદ વરસવાનાં ચિહ્ન છે.

'દૂર થકી સંભળાએ વાગતા ઘંટ ઠાલા' આ પંક્તિનો અર્થ સ્પષ્ટ લાગતો નથી દૂરથી સંભળાતા ઠાલા ઘંટ તે કયા ? વળી ઘંટ ઠાલા શા માટે ? ઘંટ ઠાલા કે ઘંટનો અવાજ ઠાલો ? આવા અનેક પ્રશ્ન ઉઠે છે. કેટલાક કહે છે કે ઠાલા ઘંટના અવાજ તે વાદળાની

ગર્જના સમજવી. પરંતુ મેઘગર્જનાને વાગતા ઢાલા ઘંટ કહેવા એ મને તો કુત્સિત કલ્પના લાગે છે. ક્યાં મેઘની ગર્જના અને ક્યાં ઘંટનો નાદ ? એ પંક્તિનો અર્થ હું કૉલેજમાં આ પ્રમાણે શીખવતો હતોઃ—

સમી સાંજે ગામ બહાર આવેલાં તળાવ અથવા નદીના તટ પરનાં શિવાલયમા (તેમજ અન્ય મન્દિરોમાં) આરતી થાય છે, તે વખતે જે દસેક મિનિટ સુધી ઘંટનાદ થાય છે તે ગામની અંદરના માણસોને સંભળાય છે. હવે આ ઘંટનાદ શિયાળોમા કે ઉનાળામાં સ્પષ્ટ સંભળાય, પરંતુ હવામાં ભિનાશ આવી ગઈ હોય તેવા વર્ષારંભના સમયમા સ્પષ્ટ સંભળાયજ નહિ. તેથી કવિ કહે છે કે 'દૂર થકી સંભળાએ વાગતા ઘંટ ઢાલા,' જાણે ઢાલા (એટલે બહેરા) ઘંટ વાગે છે, ઘંટનાદ સ્પષ્ટ સંભળાતો નથી, પણ હવાની ભિનાશને લીધે સ્વર બહેરો સંભળાય છે. ખરેખરા ઘંટની વાત છે, મેઘગર્જના વિવક્ષિત નથી, એમ મારૂં સમજવું છે કદાચ મારી સમજણ ખોટી હોય.

૫—" તજવીજ કરતાં રે' બાંધવે પંખી માળા "—આ પંક્તિ ઘણા વિદ્યાર્થીઓને મુઝવે છે એનો અન્વય આ પ્રમાણે છે.—પંખી માળા બાંધવે તજવીજ કરતાં રહે છે. (રે'=રહે છે) વરસાદ આવવાનો વખત થયો માટે પક્ષીઓ પોતપોતાના માળા બાંધવા મંડી પડે છે, નહિ તો ચોમાસામા તેમને આશ્રય મળે નહિ [માળા બાંધવે=માળા બાંધવામા=માળા બાંધવાની (તજવીજ)]

'બાંધવો' એ સામાન્ય કૃદન્ત નામ છે.

૬—આ શ્લોક આખા કાવ્યમા સૌથી મનોહર છે તેમાં વિરામ-ચિહ્ન નીચે પ્રમાણે મૂકવાં જોઇએ —

રૂડું ધનુષ જણાએ, પીત સૂર્યાસ્ત ભાસ,
અતિ ઉજળું કુંડાળું ચન્દ્રની આસપાસ,
વીજળી ઘણી ઇશાને, નૈઋતા વા શીતાળા,
સકળ જન કહે એ વૃષ્ટિના થાય ચાળા.

વરસાદનાં પાંચ જુદાં જુદાં ચિહ્ન વર્ણવ્યા છે (૧) મનોહર મેઘધનુષ જણાય છે, (૨) સૂર્યાસ્ત વખતે ક્ષિતિજ પર (રાતાને બદલે) પીળો પ્રકાશ દેખાય છે, (૩) ચન્દ્રની આસપાસ જળકુંડું થાય છે (૪) ઇશાન કોણમાં ઉપરાઆપરી વીજળી થાય છે, (૫) નૈઋત્ય કોણમાંથી શીતળ પવન વાય છે.

(સં. ભા ન=પ્રકાશ).

વાતાવરણમાં રહેલી પાણીની વરાળ.

(લેખક:—રા. પોપટલાલ જયચંદ અમ્માણી.
ઇંટર મેલ ટ્રેનિંગ કૉલેજ, રાજકોટ.)

આપણી-પૃથ્વીની આસપાસ વીંટળાએલ વાતાવરણ એક ચમત્કારી વિષય છે. તેના સંબંધમાં વિશેષ જ્ઞાન મેળવતા આપણને ઘણું ઘણું જાણવાનું મળે છે, તથા આપણી નજર સંમુખ બનતા અનેક કુદરતી બનાવોનો સંબંધ તેની સાથે જોડાયેલો હોય એમ જણાય છે. વાતાવરણ સંબંધે જે ખાસ ઉપયોગી બાબતો આપણે જાણવી જોઈએ, તેમાં હવાનું દબાણ, હવાનું ઉષ્ણતામાન અને હવામાં રહેલ પાણીની વરાળ એ ત્રણ બાબતો મુખ્ય છે આ લેખમાં છેલ્લી બાબત વિષે શિક્ષક વર્ગને ઉપયોગી થઈ પડે એવી કેટલીક હકીકત આપવા ધારી છે.

પૃથ્વી પરનાં નાનાં મોટાં તમામ જળાશયોમાંથી રાત દિવસ ઓછા વત્તા પ્રમાણમાં પાણીનું બાષ્પભવન થઈ, તે વાતાવરણમાં અદૃશ્ય રૂપે નિરંતર ઉમેરાયા કરે છે. આ પ્રમાણે વાતાવરણમાં જમા થતી વરાળ, વાદળો કે ધુમસ જેવા દૃશ્ય વાયુરૂપમાં, અથવા ઝાકળ કે વરસાદ જેવા પ્રવાહી રૂપમાં, અથવા કરા કે બરફ જેવા ઘનરૂપમાં રૂપાન્તર ધારણ કરી, વાતાવરણમાંથી વિખૂટી પડી, પાછી પૃથ્વી ઉપર આવે છે. આ પ્રમાણે પાણીના ઉપર નીચે થતા ભ્રમણથીજ પ્રાણીઓ અને વનસ્પતિનું જીવન આ પૃથ્વી પર છે ધુમસ, વાદળાં, ઝાકળ, વરસાદ કરા, બરફ વગેરે કુદરતી ચમત્કારો આપણે જોઈએ છીએ, એ બધાનું મૂળ હવામાં રહેલી પાણીની વરાળ છે. એ ચમત્કારોનું વિશેષ જ્ઞાન મેળવવાને ખાતર પણ હવામાંના ભેજ વિષે આપણે ચોક્કસ માહીતી મેળવવાની ખાસ અગત્ય છે.

બાષ્પભવન—પૃથ્વીપર રહેલ પાણીનું પ્રત્યેક સ્થળે, પ્રત્યેક ઋતુમાં, નિરંતર અવિચ્છિન્નપણે ઓછું વત્તુ બાષ્પભવન થયાંજ કરે છે, પરંતુ અમુક અમુક અનુકૂળ સ્થિતિમાં બાષ્પભવનની ક્રિયા વધારે જોરથી ચાલે છે. તે અનુકૂળ સ્થિતિઓ નીચે પ્રમાણે છે:—

૧ **પાણીના સપાટીનો વિસ્તાર**—એક શેર પાણી એક ગ્લાસમાં ભરેલું હોય ત્યારે તેમાંથી જેટલું બાષ્પભવન થાય, તેના કરતાં

તેટલું જ પાણી રકાબીમાં ભરેલું હોય, ત્યારે તેમાંથી વધારે બાષ્પભાવન થાય છે. કારણ કે ગ્લાસ કરતાં રકાબીમાં પાણીની વધારે સપાટી હવાના સંબંધમાં આવે છે.

૨ હવાનું વધારે ઉષ્ણતામાન:—ઠંડી હવા કરતાં ગરમ હવાની રજકણો વચ્ચે વધારે જગા હોય છે, તેથી ગરમ હવામાં વરાળને ઝીલી રાખવાની શક્તિ ઠંડી હવા કરતાં વધારે હોય છે.

૩ હવાનું સુકાપણું:—જેમ હવા વધારે સૂકી, તેમ વરાળને ઝીલી રાખવાની તેની શક્તિ વધારે હોય છે, કારણ કે ભેજવાળી હવાને મુકાબલે સૂકી હવામાં રજકણો વચ્ચે વરાળને રાખવાની જગા વધારે હોય છે.

૪ પવનનું જોરઃ—જ્યારે હવા સ્થિર હોય છે, ત્યારે પાણીની સપાટી પરની હવા વરાળથી તર થતાં, વધારે વરાળ ઝીલી શકવાની શક્તિના અભાવે બાષ્પભવનની ક્રિયા મંદ પડી જાય છે, પણ જો પવન વાતો હોય તો તે, વરાળથી તર થએલ હવાના જથાને બીજે સ્થળે ઘસડી જઈ તેને સ્થાને સૂકી હવાને લાવી મૂકે છે તેમજ તે સૂકી હવા વરાળથી ભરપૂર થતાં, તેને પણ પહેલાની માફક ઘસડી જાય છે. આ પ્રમાણે થતાં બાષ્પભવનની ક્રિયા મંદ ન પડતાં સતત ચાલુ રહે છે

૫ હવાનું ઓછું દબાણ:—જ્યારે હવાનું દબાણ ઓછું હોય છે, ત્યારે તેના રજકણો છૂટા થાય છે, તેથી તેમની વચ્ચે વરાળને રહેવાની જગા વધારે થાય છે.

ઉપર ગણાવેલી અનુકૂળ સ્થિતિઓમાં બાષ્પભવનની ક્રિયા જોરમાં ચાલે છે. ધારો કે કોઈ સ્થળમાં કોઈ વખતે બાષ્પભવનની ક્રિયાને સહાય કરનારી ઉપર ગણાવેલી બધી અનુકૂળતા એકી સાથે પ્રાપ્ત થએલી છે, તોપણ હવા વધારેમાં વધારે જેટલી વરાળને પોતાની અંદર સંગ્રહી શકે, તેટલી કદી તેમાં જમા થતી નથી. પ્રયોગો પરથી એવું સિદ્ધ થયું છે કે-વધારેમાં વધારે એ પ્રમાણનો પોણો ભાગ તેમાં હોય છે

વરાળથી તર થયેલી હવાઃ—બાષ્પભવન થવાથી વરાળનો જથ્થો હવામાં નિરંતર ઉમેરાય છે. ત્યારે સવાલ એ થાય છે, કે જેટલી

વરાળ હવાની અંદર દાખલ થવા આવે, તેટલી બધીને તે સંગ્રહી શકે ખરી? વરાળને આશ્રય આપવાની હવાની શક્તિની કંઇ હદ હશે ખરી? ઉપલા પ્રશ્નનો વિચાર કરતાં હવાની શક્તિની ચોકસ હદ છે એમ જણાય છે. આ બાબતનું વધારે સ્પષ્ટીકરણ થવા સારૂ એક ઉદાહરણ લઇએ. એક વાદળીનો કકડો છે, તેના ઉપર પાણી રેડતાં તે પોતાની અંદર કેટલુંક પાણી સંગ્રહી શકે છે, પણ પાણીને સંગ્રહવાની તેની શક્તિની હદ છે અમુક માપ ઉપરાંત તે કકડા ઉપર પાણી નાખીશું, તો તે બહાર રહેશે. તેજ પ્રમાણે હવા પોતાની શક્તિના પ્રમાણમાં બાષ્પભવન ક્રિયાથી બનતી પૃથ્વી પરના પાણીની વરાળને પોતાની અંદર આશ્રય આપે છે, અને શક્તિ ઉપરાંતના વરાળના જથાને આશ્રય ન આપતાં ધુમ્મસ કે વાદળા જેવા રૂપમાં પડતો મૂકે છે. જ્યારે હવા પોતાનાં રજકણો વચ્ચે વરાળ રૂપી પાણીનો પોતાની શક્તિ અનુસાર પૂરતો જથો ધારણ કરે છે, ત્યારે તે હવા વરાળથી તર-ભરપૂર થએલી ગણાય છે. હવાની વરાળને પોતાની અંદર ગ્રહણ કરવાની શક્તિ ઓછા વત્તા ઉષ્ણતામાને ઓછી વત્તા હોય છે દાખલા તરીકેઃ—૩૨° ઉષ્ણતામાન વાળી હવા પોતાના વજનના ૧૬૦ માં ભાગ જેટલી વરાળને પોતાની અંદર રાખી શકે, એથી વધારે વરાળને રાખી શકે નહિ. ૫૯° ઉષ્ણતામાન વાળી હવા પોતના વજનના ૮૦ મા ભાગ જેટલી વરાળને પોતાની અંદર રાખી શકે, અને ૮૬° ઉષ્ણતામાન વાળી હવા પોતાના વજનના ૪૦ મા ભાગ જેટલી વરાળને પોતાની અંદર રાખી શકે, એથી વધારે વરાળને રાખી શકે નહિ. ઉપરનાં ત્રણ દૃષ્ટાતો ઉપરથી બે બાબતો આપણા ધ્યાનમાં આવે છે. એક તો એ કે જેમ હવાનું ઉષ્ણતામાન ઓછું, તેમ તે પોતાની અંદર ઓછી વરાળને રાખી શકે, અને જેમ તેનું ઉષ્ણતામાન વધે, તેમ તેમ વરાળને પોતાની અંદર રાખવાની તેની શક્તિ-વધતી જાય. બીજું, દર ૨૭° ઉષ્ણતામાન વધતાં વરાળને રાખવાની હવાની શક્તિ બમણી વધતી જાય છે.

ઉપરનાં દૃષ્ટાંતો પરથી આપણા સમજવામાં આવ્યું કે-ઠંડી હવામાં ઓછી વરાળ રહી શકે, અને ગરમ હવામાં વધારે વરાળ રહી શકે. આ પ્રમાણે થવાનું શું કારણ હશે, તેનો હવે વિચાર કરીએ. ઠંડી હવા એટલે સંકોચાએલી હવા, અને ગરમ હવા એટલે વિસ્તાર પામેલી હવા છે. વાદળીનો દબાવેલો કકડો ઠંડી હવાને સ્થાને અને દબાણ

મુક્ત વાદળીનો કકડો ગરમ હવાને સ્થાને કલ્પો. જેમ દબાવેલા વાદળીના કકડામાં થોડું પાણી રહી શકે, તેમ ઠંડી હવામાં થોડી વરાળ રહી શકે છે જેમ દબાણ મુક્ત વાદળીના કકડામાં વધારે પાણી રહી શકે છે, તેમ ગરમ હવામાં વધારે વરાળ રહી શકે છે. ઉપલી હકીકત જાણ્યા પછી વરાળથી તર હવા શિયાળામાં હોવાનો વધારે સંભવ કે ઉનાળામાં એ પ્રશ્નના ખુલાસો આપણે કરી શકીશું. શિયાળામાં હવાનું ઉષ્ણતામાન ઓછું હોય છે, તેથી તે પોતાની અંદર થોડી વરાળ રાખી શકે, છતાં પણ એ થોડી વરાળથી તે અનેક વાર તર હાલતમાં આવી જાય. એથી ઉલટું ઉનાળામાં હવાનું ઉષ્ણતામાન વધારે હોવાથી તે પોતાની અંદર વધારે વરાળને રાખી શકે છતાં પણ કવચિતજ તે તર સ્થિતિમાં આવે છે ચોમાસામાં તો હવાની સ્થિતિ વરાળથી લગભગ તર રહે છે

(અપૂર્ણ)

જાહેર ખબર.

મ. એ. ઈ. સાહેબનો તા. ૮-૧-૧૯૨૦ નો હુકમ નં. ૧૩૪૩૨.

સરકારી ઠરાવ નં. ૧૧૭૪૬ તા. ૫-૧૧-૧૯

'કસ્ટમ્ઝડયુટીઝ'

તા. ૧-૧૧-૧૯ નો નં. ૯૦૫૨ મુકામ, સીમલા.

નામદાર ગવર્નર જનરલ-ઇન-કૌંસિલ ફરમાવે છે કે મહમદ બરક, તુલાહે લખેલું "બોલ્શેવીઝમ-અને ઈસ્લામી રાજકીય મંડળ" નામના ફારસી ચોપાનીઆની કોઈપણ નકલ બ્રિટિશ હિંદમાં જળ કે સ્થળ માર્ગે લાવવાની મના કરવામાં આવે છે.

(સહી) એ. એચ. લે.
સેક્રેટરિ—નિરાખત સરકાર.

ઇન્ફ્લુએન્ઝા.

(રા. સોમાભાઇ જે. પટ્ટણી બી. એ. એસ. ટી. સી. ડી.)

ઇન્ફ્લુએન્ઝા એક ફાટી નીકળતો, જંતુજન્ય, ચેપી ગળેખમનો ઉપદ્રવ છે; સાધારણ શરદી લાગવાથી સહજ વરમ થઇને ગળેખમ થઈ આવે છે, તેવો આ વ્યાધિ નથી, તેમજ માત્ર ફેફસાનો કે શ્વાસ માર્ગનો પણ વ્યાધિ નથી, બીજા ચેપી રોગની માફક આખા શરીરને અસર કરે તેવો આ રોગ છે.

પ્રસ્તાવના—મુંબાઇ ઇલાકામાં ઇ. સ. ૧૯૧૮ માં ઇન્ફ્લુએન્ઝા નામનો વ્યાધિ ચાલતો હતો તેના જેવો રોગ ગયા ત્રીસ વર્ષમાં માલમ પડયો નથી આ રોગના મોજાને ભોગ થઈ પડેલાં મુંબાઇમાં હજારો માણસો મરણ પામ્યાનું માલમ પડે છે આ વ્યાધિએ હિંદુસ્તાનમાં કેર વર્તાવ્યો છે, અને આ રોગથી અતિશય અગવડ પેદા થઈ, વેપાર રોજગાર શિથિલ પડી ગયો હતો.

પ્રાચીન ઇતિહાસ—મુંબાઈમાં આ રોગ પહેલવહેલીવાર માલમ પડતો નથી હરર્ક નામના સદ્‌ગૃહસ્થના અભિપ્રાય પ્રમાણે હિપોક્રેટીસના વખત પછી, દુનીઆના દરેક ભાગમાં ઇન્ફ્લુએન્ઝાએ વખતો વખત દેખાવ આપ્યો છે, અને પ્રાચીન વખતમાં પણ તે વિષેની હકીકત દ્દષ્ટિગોચર થાય છે. અમલના વખતમાં સળેખમનો તાવ ફાટી નીકળતો હતો, પરંતુ તેના પ્રકાર વિષે મતભેદ છે. ઇલીઝબેથ રાણીના વખતમાં ઇન્ફ્લુએન્ઝા રોગનો વાવર ફાટી નીકળ્યો હતો. અર્વાચીન વખતમાં હિંદુસ્તાનમાં લગભગ ૧૫૦ ની સાલમાં એજ રોગ ફાટી નીકળ્યો હતો, પરંતુ તે સબંધી પુરતી હકીકત મળી આવી નથી. યુરોપમાં ઘણે સ્થળે ઇ૦ સ૦ ૧૮૮૯–૯૦ માં તે દેખાયો હતો ત્યાર પછી આટલાન્ટિક, મહાસાગરમાં થઇને હિંદુસ્તાન તરફના દરિઆઈ માર્ગદ્વારા, તેનુ મોજું હિંદુસ્તાનમાં ફેલાયું, અને ૧૮૯૦ ના ફેબ્રુઆરિમાં તેણે મુંબાઇમાં દેખાવ દીધો, ત્યાર બાદ તે આખા હિંદુસ્તાનમાં ફેલાયો હતો.

અર્વાચીન ઇતિહાસ—ગઈ સાલ ૧૯૧૮માં ચાલેલો રોગ પહેલાંના ભાઈબંધ જેવો જણાય છે. અગાઉ મુજબ મુંબાઇમાં તેનો હુમલો પહેલ

વહેલો થયો, અને મળી આવતી હકીકત મુજબ ૧૮૯૦ અને પહેલાની માફક આ રોગનો દરિઆઈ માર્ગે પ્રચાર થયો, એ વાત નિર્વિવાદ છે. ડોક્ટર ટર્નરના જણાવવા મુજબ જૂન માસમા આ રોગનાં જંતુઓ ફેલાવવાને, મુંબાઇ જોઇએ તેવુ અનુકૂળ સ્થળ હતું. હવાની સ્થિતિ, ભેજ, અનુકૂળ પદાર્થો અને ગીચ વસ્તી વગેરે તેનાં પ્રચારક કારણો હતાં

સ્વરૂપ—આ રોગ પ્લેગ અને કોલેરાની પંક્તિમાં આવે છે, પણ તે ઉપદ્રવો જે કેર વર્તાવે છે તેના કરતાં પણ વધુ કેર વર્તાવનાર આ રોગ છે. આ ઉપદ્રવનું જોર ૬ થી ૮ અઠવાડીઆં સુધી ચાલે છે. આ વ્યાધિ કઈ ઋતુમાં ઉદ્ભવે છે તે નક્કી થઈ શકતું નથી, પરંતુ ઘણુ ખરૂ શિયાળો ચોમાસુ અને વસંત ઋતુમાં આ રોગ ફાટી નીકળવાની ભીતિ રહે છે. ગરીબ વર્ગ, ગળાનાં અને ફેફસાંના દર્દ વાળા વગેરેને આ રોગ જલદી લાગુ પડે છે ૧૮ થી ૪૦ વર્ષની વયના પુરુષોને આ રોગ વધારે વાર પણ લાગુ પડે છે, અને એકજ શખ્સને એકથી વધારે વાર પણ—લાગુ પડે છે આ રોગે હાલમાં ગરીબ અને નબળી પ્રજામાં હિંદુસ્તાનમાંથી સુમારે સાઠ લાખ માણસોના જીવ લીધા હશે.

આ જીવલેણ દર્દ મુંબાઇ અમદાવાદ વગેરે મોટાં શહેરોમાં, તેમજ ગામડામાં ઘણુંજ વધી ગયું. તેથી ગરીબ પ્રજાની વ્હારે ધાવા શ્રીમંતો અને મંડળીની જરૂર પડી. સ્વયંસેવકોએ પણ પ્રજાને ઘણીજ સારી મદદ કરી. સોશીઅલ સર્વીસ લીગ, મ્યુનિસિપાલિટિ, ગુજરાત સભા, વગેરે સંસ્થાઓએ સ્થળે સ્થળે દવાખાનાં ખોલી, મફત દવા તેમજ કપડાં લત્તાં ખોરાક આપી દેશને ઘણી સારી મદદ કરી છે, તેમજ લત્તે લત્તે આ રોગથી કેમ બચવું, તેનાં ભાષણો આપી, લોકોને બચાવ્યા છે

કારણ—આ રોગની ઉત્પત્તિ સંબંધી અનેક શોધ ખોળ કરવા છતાં, તબીબી શોધકો તેનાં ખરાં કારણ ઉપર પ્રકાશ પાડી શક્યા નથી આ રોગનાં જંતુઓ પીફર્સે શોધી કાઢયાં હતા, અને તે જંતુઓ "પીફર્સ બેસીલસ ઇન્ફ્લુએન્ઝા" ના નામથી ઓળખાય છે. આ જંતુઓ હવામાં જોસથી ઉડે છે, અને તેનો સૂર્યના તાપમાં નાશ થાય છે. આ જંતુઓ શરીરમાં દાખલ થયા પછી, એકથી ચાર દિવસમાં, ઇન્ફ્લુએન્ઝાનું દર્દ થાય છે.

ઇન્ફ્લુએન્ઝા કેવી રીતે ફેલાય છે. ? ઇન્ફ્લુએન્ઝાના જંતુઓ હવામાં ઉડી, લોકોના શરીરમાં શ્વાસ વાટે દાખલ થાય છે. આ દર્દ એક જણને લાગુ પડયું કે તે દર્દીના બળગમ કફ અગર લીંટ દ્વારા ઇન્ફ્લુએન્ઝાના જંતુઓ બહાર આવે છે. ઇન્ફ્લુએન્ઝાના દર્દવાળાના સમાગમથી આવનાર, અગર સારવાર કરનારના શરીરમાં, દમ અગર શ્વાસ વાટે, ઇન્ફ્લુએન્ઝાના જંતુઓ દાખલ થઈ, દર્દ ઉત્પન્ન કરે છે. આ જંતુઓ હવામાં ઉડે છે, તેમજ ધૂળની સાથે મળી જાય છે ધૂળ ઉડતી ઉડતી લોકોના મોમાં અગર શ્વાસમાં પેસે છે, જેથી આ રોગ ફેલાવાનું મુખ્ય કારણ ધૂળ પણ છે. ઇન્ફ્લુએન્ઝા ચેપી રોગ છે, જેથી એક માણસને તે લાગુ પડયો તે તરત બીજા માણસને લાગુ પડી, બહોળા પ્રમાણમાં ફેલાવો કરે છે.

અપૂર્ણ)

પ્રાસંગિક નોંધ.

(૧) મુંબાઇ સરકારની ધારાસભા.

આ ધારાસભાની એક બેઠક ગયા ડિસેમ્બર માસમાં મુંબાઈમાં સર કાવસજી જહાંગીર હોલમાં ભરવામાં આવી હતી. કામકાજ શરૂ કરતાં પહેલાં નામદાર ગવર્નર સાહેબે એક સુંદર અને મનન કરવા યોગ્ય ભાષણ કર્યું હતું. સભામાં રજુ થવાના બીલો સંબંધી સૂચન કરી સરકારી નોકરોના પગાર વધારવા વિષે પોતાના વિચારો દર્શાવ્યા હતા. હાલની મોંઘવારીને શી રીતે પહોંચી વળવું તે પ્રશ્ન વિષે સરકાર વિચાર ચલાવે છે એમ સૂચવ્યું હતું. વોર બોનસથી કેટલીક મુશીબત દૂર કરી છે. કેટલેક સ્થળે સ્થાનિક ભથ્થું અપાય છે, છતાં વધતી જતી મોંઘવારીને લીધે વીશેષ સરળતા કરી આપવા સરકાર વિચાર ચલાવે છે. પછીથી પ્રાથમિક કેળવણીનું ખર્ચ પ્રતિવર્ષ વધારતા જઇએ છીએ એમ સૂચવી નવા સુધારાનો કાર્યપ્રદેશ વર્ણવી ભાષણ પુરૂં કર્યું હતું આ સભાની બેઠકમાં સરકાર પક્ષના સભ્યોએ કેટલાંક બીલ રજુ કર્યાં હતાં આ ઉપરાંત લોકનિયુક્ત સભ્યોએ અગત્યના પ્રશ્નો પૂછયા હતા, અને કેટલીક દરખાસ્તો રજુ કરી હતી કેળવણીને લગતી બાબતો

વિચારીએ તો, સિંધમાં સરકારી આર્ટ્સ કૉલેજની સ્થાપનાને લગતો એક પ્રશ્ન હતો. બીજો એક પ્રશ્ન મુંબાઇની "લૉક્લાસ" કાયદાનું શિક્ષણ લેતા વિદ્યાર્થીને માટે હૉસ્ટેલ બાંધવા વિષે હતો. સરકાર પ્રથમ પ્રશ્ન વિષે હજુ વિચાર ચલાવે છે, અને બીજા પ્રશ્નને અંગે એવો ઉત્તર આપવામા આવ્યો હતો કે તેવી હૉસ્ટેલની હાલ તુરત આવશ્યક્તા નથી, અને હાલ તેવું મકાન ભાડે લેવું પણ પ્રતિકૂળ છે પ્રો. પ્રાંજપેએ ટ્રેનિંગ કૉલેજના અભ્યાસ ક્રમમાંથી સંસ્કૃત, ફારસી અક્ષરગણિત કાઢી નાખવાના સરકારી ઠરાવ વિરુદ્ધ ફરી તે સંબંધી વિચાર કરવાની દરખાસ્ત આણી હતી. દરખાસ્ત વધુ મતથી રદ થઈ હતી. આ સર ઈબ્રાહીમે સૂચવ્યું હતું કે ઓ૦ મિ પરાંજપે એક નવી યોજના ઘડી સરકારને રજુ કરશે, તો તેનો વિચાર સરકાર કરશે. બીજી એક દરખાસ્ત સરકારી નોકરો ખાનગી શિક્ષણ ન આપે તેને લગતી હતી. આ દરખાસ્ત અસ્થાને હતી અને હાલના મોંઘવારીના સમયમાં નીતિનો માર્ગ જાળવી આવકમાં વૃદ્ધિ કરવાના સાધનરૂપે મનાતી આ રીત નાબુદ થવાથી શિક્ષકોને બહુજ નુકસાનકારક નીવડત. સરકારે આને લગતા નિયમો સખ્ત રાખ્યા છે ઉપરીની મંજુરીથી અને અમુક સમયજ ખાનગી શિક્ષણ આપી શકાય છે. તેવું શિક્ષણ આપનારની સંખ્યા પણ જૂજ છે એમ સરકારે દર્શાવ્યું હતું. આ સિવાય બીજી એક બાબત વધુ પ્રમાણમા પ્રાથમિક શાળાના ટ્રેન્ડ શિક્ષકો કેળવવાને લગતી હતી. સરકાર એક બીજી ટ્રેનિંગ કૉલેજ પુનામાં કાઢવા ઇચ્છે છે એમ ઉત્તર મળવાથી આ દરખાસ્ત પાછી ખેંચી લેવામાં આવી હતી

(૨) મુંબાઈની પ્રાથમિક શાળાઓ.

આ શાળાઓનો ૧૯૧૮–૧૯ નો રિપોર્ટ થોડા સમય ઉપર બહાર પડયો છે: શરૂઆતમાં પ્રાથમિક કેળવણી ફરજિઆત અને મફત શરૂ કરવાની યોજનાને લગતી કેટલીક હકીકત તેમા દર્શાવી છે. સરકારે ૧૯૧૮–૧૯ થી છ લાખ ઉપરનું જેટલું ખર્ચ થાય તે અરધે હિસ્સે આપવાની ઇચ્છા દર્શાવી છે. અડસટ્ટા પ્રમાણે પહેલે વરસે સવા લાખ રૂપીઆનો વધારો થવા સંભવ છે. દશ વર્ષ પછી સંપૂર્ણ સ્વરૂપમા કેળવણી ફરજિઆત થાય તો કુલ ખર્ચ રૂ. ૨૪ લાખનું થવા સંભવ છે આ યોજના સ્ટૅન્ડિંગ કમિટિ તાકીદે અમલમાં મૂકવા ધારે છે. વર્ષ દરમ્યાન કેટલાક

કેળવણીના અનુભવીઓએ આ શાળાઓની મુલાકાત લઈ પુષ્કળ વખાણ કર્યાં હતાં; એમાંનાં બે જાપાનના કેળવણી ખાતાના પ્રતિનિધિઓ હતા. શિક્ષકોના પગારમાં સદરહુ વર્ષમાં ૨૦ થી ૩૦ ટકા જેટલો વધારો કરવામાં આવ્યો છે. પગારોનું જુનું ધોરણ સને ૧૯૦૯ માં નક્કી થયું હતું, તે જોતાં અને હાલની મોંઘવારી જોતાં પગારનો ગ્રેડોમાં થએલો સુધારો સ્તુત્ય છે. વોર એલાવન્સ પણ આપવામાં આવે છે. વર્ષ દરમિઆન શાળામાં ભણતાં બાળકોની હાજરી ૨૮૩૭૭ હતી ૧૯૧૭ માં તેજ તારીખે ૨૩૯૮૭ હતી. આ વધારાનું મુખ્ય કારણ મુંબાઈમાં વધી પડેલી વસ્તી ગણી શકાય. ૧૯૧૯ ના માર્ચ આખર તે સંખ્યામાં ઘટાડો થયો છે.

સ્કૂલ્સ કમિટિ કેળવણીના ઉત્તેજન અર્થે કેટલીક સ્કોલરશીપ્સ આપે છે. ઇનામની યોજના પણ જારી છે નિરાશ્રિત અને પછાત કોમના બાળકોને સ્કોલરશીપ્સનો લાભ સારો મળે છે. સ્કૂલ્સકમિટિ ચાલુ વર્ષમા નવાં મકાનો બંધાવી શકી નથી. કેટલાંક મકાનોમાં સગવડતા કરી આપી છે, તો બીજી કેટલીક નિશાળો નવા મકાનમાં લઈ જવામાં આવી છે.

વર્ષ દરમિઆન શિક્ષકોની કુલ સંખ્યા ૧૧૬૩ હતી તેમાં ૫૪૪ ટ્રેન્ડ શિક્ષકો છે. ટ્રેન્ડ શિક્ષકોની સંખ્યામાં દર વર્ષે વધારો થતો જાય છે, છતાં દરેક શાળા ધીમે ધીમે ટ્રેન્ડ શિક્ષકો વધુ પ્રાપ્ત કરે એવા પ્રયાસો સ્કૂલ્સ કમિટિએ લેવા જોઈએ. સદરહુ સાલમાં કુલ ૨૨ નિશાળો નવી ઉઘાડવામાં આવી છે. રાત્રીશાળાઓ અને કારખાનાનાં માણસોને લાભ મળે એવી શાળાઓ પણ ચાલે છે. કુલ ૨૩૩ શાળાઓમાંથી ૧૦૬ મરાઠી, ૫૯ ગુજરાતી અને ૬૮ ઉર્દુ છે. કેટલીક શાળાઓમાં લખવા વાંચવાનાં સાધન મફત પુરાં પાડવામાં આવે છે વખાણવા લાયક બાબત તો છે કે કોઈ ગરીબ વિદ્યાર્થી નિર્ધનતા ખાતર દાખલ ન થાય એવું બનતુંજ નથી. બાળકોની શારિરીક તપાસનો રિવાજ પણ દાખલ કર્યો છે. માલૂમ પડતી ખામીઓ સુધારવાના ઉપાયો લેવામાં આવે છે. માબાપ તથા વાલીઓને તે સંબંધે વાકેફ કરે છે. આ નિયમ કેળવણીનું એક અગત્યનું અંગ છે, અને તેટલે અંશે સ્કૂલ્સકમિટિને ધન્યવાદ ઘટે છે આ બધી હકીકત ઉપરથી સ્પષ્ટ જણાય છે કે સ્કૂલ્સ કમિટિ અને કોરપોરેશન કેળવણીના હિત અર્થે ઉત્સાહપૂર્વક અને ઉદારતાવાળા પ્રયાસો કરે છે.

સને ૧૯૨૦નો ગ્રે૦ રા૦ ટ્રે૦ કોલેજનો

અભ્યાસક્રમ.

---

(૧) ભાષા

૩ જું વર્ષ.

૧. ઉત્તરરામચરિત, રા૦ મણિલાલ નભુભાઇ કૃત, અ ૪ ૧
૨. કાવ્યમાધુર્ય. રા હિમ્મતલાલ ગણેશજી અંજારિઆ કૃત

કવિતાઓ—
અમરઆશા, અમો મસ્તાન, અવતરણ, આકાશ, (
એક આગિઆને, ગિરનારને ચરણે, તત્કાલ મહિ
પ્રભાતની વાદળીને, મહૂડી, ૨ નિવર્ણન, વહાલા
ઉપદેશ, ચક્રવાકમિથુન

૩ ચારિત્ર —રા૦ મણિલાલ નભુભાઇ કૃત.

પ્રકરણો —
(૧) ચારિત્ર, (૩)સમાગમ અને અનુકરણ (૪) પ્રવૃત્તિ (૭)પ્ર
ણિકતા–આત્મ કર્તવ્ય, (૯)આચાર (૧૦)પુસ્તકોનો સહ

૪ ગુજરાતી ભાષાનું મધ્યવ્યાકરણ.
પ્રકરણો–૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬,
૧૮ ૧૯, ૨૦, ૨૩, ૨૪–૩૦

બીજું વર્ષ.

વાચનમાળાની—છઠ્ઠી તથા સાતમી ચોપડી, ભાગ ૧ લો પૂરો.

નિવૃત્તિ વિનોદ —(પ્રો.–અતિસુખશંકર કમળાશંકર કૃત) માંથી ની
નિબંધો.

ચ દ્રિકા, નિદ્રા, પુસ્તકો, સદ્વર્તનનું બળ, સદ્વર્તનનું બ
ગણ–બાહ્ય વસ્તુઓને આધારે, સદ્વર્તનનું બંધારણ–આન્તર સા
આધારે, હિંમત, વક્તૃત્વકળા, કવિતા, યુવાવસ્થામાં બ
મહત્વાકાંક્ષાઓ, વૃદ્ધાવસ્થામાં જણાતી નિષ્ફળતાઓ, નિષ્ફળ
નના દિલાસારૂપ વિચારો, સાહિત્યમાં રસ, પૈસો વિરુદ્ધ પરમે

નળાખ્યાન:—(દામુભાઇ કૃત) કડવાં ૧ થી ૫. ૨૧૫ લીટીઓ

મધ્ય વ્યાકરણ —(રા બ કમળાશંકર કૃત) માંથી નીચેના પ્રક
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૨૧ ૨૨ ૨૩ ૨૫ ૨૬ ૨૭ ૨૮

પહેલું વર્ષ.

ભાષા—સરકારી વાચનમાળાની પહેલી પાંચ ચોપડીઓમાંથી ભાગ ૧ લાના ગદ્ય પદ્યના પાઠો.

રાઈનો પર્વત—(રા. બ. રમણભાઈ મહીપતરામ કૃત) અંક ૧ થી ૪ પુરા.

વ્યાકરણ—સ્વ. ગંગાશંકર મણીશંકર કૃત—મદદરૂપે રા. બ. કમળાશંકર પ્રાણશંકરનું લઘુ વ્યાકરણ ભાગ ૧-૨

શિક્ષણ, ઈતિહાસ ભૂગોળ, અંકગણિત અને ડ્રોઇંગના અભ્યાસક્રમમાં કંઇ ફેરફાર નથી. ભૂમિતિમાં ધોરણ ૬ અને સાત માટે નિર્ણીત કરેલો અભ્યાસક્રમ.

(૨) માટીકામનો અભ્યાસક્રમ.

પ્રથમ વર્ષ.

૧-માટી અને તેને કેવી રીતે બનાવવી

૨-માટીના મણકા, વીંટા, વગેરે બનાવવા અને તેના અછોડા, દોરી વગેરે તરેહ બનાવવી.

૩-માટીના વીંટાથી રૂપરેખામાં ચોરસ, લંબચોરસ, ત્રિકોણ, ષટ્કોણ અને અષ્ટકોણની આકૃતિઓ બનાવવી.

૪-નળાકાકાર
૫-વેન
૬-શંકુ
૭-પિરામિડ
૮-ઇંડુ
૯-ચોપડી
૧૦-વડનું પાંદડું
૧૧-આંબાનુ પાંદડું
૧૨-જામફળ
૧૩-કેરી
૧૪-ડુંગળી
૧૫-ફૂલ
૧૬-પતંગીઉં
૧૭-નદી, બેટ, ભૂશિર, સામુદ્રધુની અને દ્વીપકલ્પ.
૧૮-ગુજરાતનો " રીલીફ " નકશો.

બીજું વર્ષ.

૧-પૈડું
૨-ચાનું પ્યાલું
૩-એટ
૪-તાળાકુંચી

૫-ચપ્પુ
૬-દેશી જોડા
૭-શીશી
૮-કંપાસ
૯-માટીની તક્તી બનાવવી અને તેને જુદા જુદા આકારમા કાપવી.
૧૦-કેળુ
૧૧-દાડમ
૧૨-રીંગણુ
૧૩-પીપળાનું પાંદડું
૧૪-આમલીનું પાંદડું
૧૫-સૂર્યમૂખી ફૂલ
૧૬-વાનીઓ
૧૭-સાપ
૧૮-મુંબાઈ ઇલાકાનો "રીલીફ" નકશો.

ત્રીજુ વર્ષ.

૧-ગળણી
૨-કુહાડી
૩-તીરકામઠું
૪-છત્રી
૫-ઝાડને પાણી સીંચવાની ઝારી
૬-દીવાદાડી
૭-ઍન્જીન (વરાળ યંત્ર)
૮-પપૈયો
૯-દ્રાક્ષ
૧૦-લીમડાનું પાન
૧૧-ગુલાબનું ફૂલ
૧૨-ફૂલપત્તાની તરેહ
૧૩-ઉંદર
૧૪-માછલી
૧૫-હિંદુસ્તાનનો "રીલીફ" નકશો
૧૬-વિદ્યાર્થીના પોતાના જિલ્લાનો " રીલીફ " નકશો.

માટી કામ (ક્લેમોડેલિંગ) અને સ્લોઇડ એ બે પૈકી એક વિષય પસંદ કરવાનો છે.

(૩) સૃષ્ટિજ્ઞાનનો અભ્યાસક્રમ.

અભ્યાસક્રમ સમજાવવામાં જરૂર પડે અને પ્રાથમિક શાળાના અભ્યાસક્રમની જરૂરિઆત પ્રમાણે, શાળાનો બગીચો સાચવી રાખવા પુરતી શિક્ષકને કેળવણી મળે એવી જાતનું શિક્ષણ અને વ્યવહાર કામ હોવું જોઈએ

પહેલું વર્ષ.

૧ વનસ્પતિ જ્ઞાનઃ—
(અ) છોડનાં અંગ અને તેમના ઉપયોગ
મૂળ જુદા જુદા આકાર અને કર્તવ્ય.

થડઃ જુદા જુદા આકાર અને કર્તવ્ય.
પાન, સાદાં અને સંયુક્તઃ સાદાં પાનના આકાર અને નસોની રચના અને પાનના કર્તવ્ય.

(ब) ફુલઃ ભાગ અને કર્તવ્ય
ફલીકરણ.
ફળની વૃદ્ધિ.

(फ) બીં રચના અને બીજાંકુર ક્રિયા.

૨. પ્રાથમિક શાળાનાં ચાર ધોરણના અભ્યાસક્રમ શીખવવા પુરતું પ્રાણી જ્ઞાન.

૩. પ્રાથમિક શાળાનાં ચાર ધોરણના અભ્યાસક્રમ શીખવવા પુરતું આકાશ, સૂર્ય, ચંદ્ર, તારા, વરસાદ, ખડક અને જમીનનું જ્ઞાન.

બીજું વર્ષ.

૧. વનસ્પતિ જ્ઞાનઃ—

(अ) એક દળ અને દ્વિદળ વનસ્પતિમાં મૂળ, થડ, પાન અને ફૂલમાં તફાવત.

(ब) બીનો ફેલાવો.

(क) અપુષ્પ વનસ્પતિનું નિરીક્ષણ.

(ड) જુદા જુદા સ્થાન પ્રમાણે વનસ્પતિનો અભ્યાસ.

(इ) વનસ્પતિના વર્ગીકરણના સિદ્ધાન્ત.

(फ) નીચેના છોડના વર્ગની વનસ્પતિનો અભ્યાસઃ—
વાલ, કપાસ, રાઇ, સૂર્યમુખી, કાકડી, રીંગણી, નારંગી, તાડ, કેળ, દાડમ, ઘઉં

૨. પ્રાથમિક શાળાનાં પાંચ ધોરણનો અભ્યાસક્રમ શીખવવા પુરતું પ્રાણી જ્ઞાન.

૩ પહેલા વર્ષના અભ્યાસક્રમ ઉપરાંત પ્રાથમિક શાળાના સૃષ્ટિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા પુરતું આકાશી પદાર્થો, ધુમ્મસ, ઝાકળ, કરા, વરસાદ અને હવામાનના માપ સંબંધી જ્ઞાન

(૪) વિજ્ઞાનનો અભ્યાસક્રમ.

સુચનાઃ—વાચનમાળાના વનસ્પતિશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્રને લગતા

પાઠ સૃષ્ટિજ્ઞાનના વિષયમાં અને શરીરશાસ્ત્રને લગતા પાઠ આરોગ્યના વિષયમાં શીખવવા.

પહેલું વર્ષ.

૧. વાચનમાળા ચોપડી ૨ થી ૪ નઃ પદાર્થ પાઠ.

૨. વાચનમાળાના પુસ્તક ૫, ૬ અને ૭ માંના નીચે બતાવેલા પાઠ સામે જણાવેલા વિજ્ઞાનના વિષયો.

(૧) પદાર્થ અને પદાર્થના રૂપ	(છઠ્ઠી ચોપડી, ૭૬)
પદાર્થનાં લક્ષણ	(છઠ્ઠી ચોપડી, ૭૭)
હવા, વાયુ અને વરાળ	(પાંચમી ચોપડી, ૭૬)
હવાનું દબાણ, પાણી ખેચવાનો પંપ અને વાયુભારમાપક યંત્ર	(પાંચમી ચોપડી, ૮૧–૮૨)
ગરમી અને ઠંડી	(ચોથી ચોપડી, ૬૮–૬૯)
પારો અને ગરમીમાપક યંત્ર	(પાંચમી ચોપડી, ૮૦)
ગરમીનું વહન, પ્રસાર અને ફેલાવો	(છઠ્ઠી ચોપડી, ૮૫)
(૨) તત્વ અને મિશ્રણો	(સાતમી ચોપડી, ૮૬)
હવા શેના બનેલી છે	(છઠ્ઠી ચોપડી, ૯૩)
હવામાંના પદાર્થોના ગુણ	(છઠ્ઠી ચોપડી, ૯૪)
પાણીનું બંધારણ	(સાતમી ચોપડી, ૮૭)
(૩) માણસનાં પાસેનાં સગાં	(પાંચમી ચોપડી, ૯૧)
માણસનો સુધારો	(પાંચમી ચોપડી, ૯૨)

બીજું વર્ષ.

વાચનમાળનાં પુસ્તક ૫, ૬ અને ૭ માંના નીચે બતાવેલા પાઠ સામે જણાવે ! વિજ્ઞાનના વિષયો

૧. ન્યૂટનનો ગુરુત્વાકર્ષણનો નિયમ	(છઠ્ઠી ચોપડી. ૮૧)
ગુરુત્વમધ્યબિંદુ	(છઠ્ઠી ચોપડી ૮૨)
પ્રવાહીનું દબાણ અને ફુવારો	(સાતમી ચોપડી ૭૮) પાંચમી ૭૯)
આ[illegible]ડીઝનો નિયમ	(સાતમી ચોપડી ૭૯).
કેશાકર્ષણ	(સાતમી ચોપડી ૮૦)
ગુપ્ત ગ ની	(છઠ્ઠી ચોપડી ૮૬)

હવામાનો ભેજ	(સાતમી ચોપડી ૮૯)
ગરમીનો સિદ્ધાંત	(છઠ્ઠી ચોપડી ૮૪)
વાયુનું પ્રસરણ	(સાતમી ચોપડી ૮૧)
કાર્ય અને કાર્યશક્તિ	(સાતમી ચોપડી ૭૮)
ઉચ્ચાલન	(પાંચમી ચોપડી ૯૭)
ગરગડી અને ઊંટ	(પાંચમી ચોપડી ૯૮)
બળ તથા બળોનું સમતોલપણું	(છઠ્ઠી ચોપડી ૭૮)
ઢોળાવ (ઢાળ)	(છઠ્ઠી ચોપડી ૭૯)
ફાચર અને પેચ	(છઠ્ઠી ચોપડી ૮૦)
યંત્ર અને યાંત્રિક ફાયદો	(સાતમી ચોપડી ૭૭)
૩. દ્રાવણ	(સાતમી ચોપડી ૮૮)
પહેલદાર વસ્તુઓ	(ત્રીજી ચોપડી ૫૫)
રસાયણિક ક્રિયા અને રસાયણિક સ્નેહ	(સાતમી ચોપડી ૮૬)
તેજાબ, બેઇઝ (આલ્કલી) અને ક્ષાર	(સાતમી ચોપડી ૯૦)
કાર્બન અને કાર્બોનીક ઍસિડ	(સાતમી ચોપડી ૯૩)
દહન અને શ્વાસોચ્છ્વાસ	(સાતમી ચોપડી ૯૨)
કોલસો અને કોલ ગેસ	(પાંચમી ચોપડી ૭૮)
ફોસ્ફરસ અને દીવાસળી	(સાતમી ચોપડી ૯૧)

ચોથું વર્ષ.

વાચનમાળાના પુસ્તક ૫, ૬ અને ૭ માંના નીચે બતાવેલા પાઠ સામે જણાવેલા વિજ્ઞાનના વિષયો

૧. પ્રકાશ અને તેનો ફેલાવો	(છઠ્ઠી ચોપડી ૮૭)
પ્રકાશનું પરાવર્તન અને વક્રીભવન	(છઠ્ઠી ચોપડી ૮૮ ને ૮૯)
પ્રકાશના ગુણ	(૭ મી ,, ૮૩ ને ૮૪)
અવાજ અને તેનો ફેલાવો	(છઠ્ઠી ચોપડી ૮૩)
પડઘો	(પાંચમી ચોપડી ૭૭)
ફોનોગ્રાફ	(સાતમી ચોપડી ૮૨)
વિદ્યુત અને વિજળી	(છઠ્ઠી ચોપડી ૯૦ ને ૯૧)
લોહચુંબક અને હોકાયંત્ર	(છઠ્ઠી ચોપડી ૯૨)

ટેલિગ્રાફ	(સાતમી ચોપડી ૮૫)
૨. સૂર્ય અને ચંદ્ર	(છઠ્ઠી ચોપડી ૯૬ ને ૯૭)
અંદરના ગ્રહો	(છઠ્ઠી ચોપડી ૯૮)
બહારના ગ્રહો	(સાતમી ચોપડી ૯૪, ૯૫)
નિહારિકા અને નિહારિકાવાદ	(સાતમી ચોપડી ૯૭)
૩. પૃથ્વીનો ઇતિહાસ	(સાતમી ચોપડી ૯૮)

---

(૫) "તાત્કાળિક મદદ" નો અભ્યાસક્રમ.

(क) રક્તસ્રાવ, ધોરી નાડીઓ અને શિરાઓ. બંધ અને ગાદીવાળો બંધ.
(ख) હાડકાનું ભાગવું, સાદું અને સંયુક્ત. પાટીઓ (૪ limbs)
(ग) સાપ કરડવો. ચીરો કરી દવા મુકવી, બાળી નાંખવો, પરમેગનેટ
(घ) ઝેર ચઢવું, ક્ષોભક અને અક્ષોભક, ઉલટી કરાવનાર (વામક)
(ङ) ડુબવું, કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ.
(च) દાઝવું. પાટા.

ઉર્દુ કોર્સ.

બીજું વર્ષ.

શિક્ષણ ઇલ્મુત્તાલીમ (૫ બાબ સીરીઝ), અભ્યાસ—ગુજરાતી બીજા વર્ષ પ્રમાણે.

ઉર્દુ— ગદ્ય—ઉર્દુ મિડલ કોર્સ ભાગ પહેલો પૃષ્ઠ ૩૦-૧૨૬
ઉર્દુ મિડલ કોર્સ ભાગ બીજો પૃષ્ઠ ૨૧-૧૨૮.
સ્ટાન્ડર્ડ ઓથર—મોલવી મહમદ હુસેન આઝાદ, ન્યરંગે ખ્યાલ પૃષ્ઠ ૧-૬૦.
પદ્ય—મુસદસેહાલી, છપ્પા ૧-૮૦ એમાંથી ૨૦૦ લીટી મોટે કરવાની
વ્યાકરણ:—મોલવી મહંમદ ઇસ્માઇલ કૃત ભાગ બીજો પુરો.

ગણિત— ચક્રવર્તિનું ઇલમુલ હિસાબ, કોર્સ, ગુજરાતી બીજા વર્ષ પ્રમાણે.

ભૂમિતિ— પાયરપોઇન્ટ કૃત ઇલ્મે હિન્દસા ભાગ પહેલો. કોર્સ ગુજગતી બીજા વર્ષ પ્રમાણે.

ઇતિહાસ— તારીખે હિંદ માર્સડન તથા ગુજરાતનો ઇતિહાસ-કોર્સ ગુજરાતી બીજા વર્ષ પ્રમાણે.

ભૂગોળ— જુગરાફીયે દુનિયા (પંજાબ સીરીઝ) કોર્સ, ગુજરાતી બીજા વર્ષ પ્રમાણે.

રસાયન	ગુજરાતી બીજા વર્ષના અભ્યાસક્રમ મુજબ.
પદાર્થ પાઠ	
નિશાળનું આરોગ્ય	
સૃષ્ટિજ્ઞાન	
સ્લોઇડ	
ચિત્રકામ	

૧ લું વર્ષ.

૧ શિક્ષણ—રેહનુમાએ તાલીમ (રીચીનું) પંજાબ સીરીઝ પુરી.

૨. ઉર્દુ—અંજુમને હિમાયતે ઇસ્લામ કૃત.(૧) કાયદો (૨)પહેલી ચોપડી,
(૩) બીજી ચોપડી ૧-૫૦ પાના અને ૧-૪૦ ટુંક, કવિતા.
(૪) ત્રીજી ચોપડી ૧-૬૦ પાનાં અને ૧-૪૦ ટુંક કવિતા
(૫) મોલવી મહમદ ઇસ્માઇલ કૃત ૪ થી ચોથી ચોપડી ૧-૯૦ પાનાં, ૧-૭૫ ટુંક, કવિતા.
(૬) પાંચમી ચોપડી ૧-૧૦૦ પાનાં અને ૧-૧૦૦ ટુંક કવિતા સ્ટાન્ડર્ડ ઓથર-મોલવી નઝીર એહમદ કૃત તોબતુન્નસુહ પ્રકરણ ૧-૨.
વ્યાકરણ—મોલવી મહમદ ઇસ્માઇલ કૃત ભાગ ૧ પુરો.

૩ ગણિત—ચહરવતાનું, ઇલમુલ હિસાબ. કોર્સ, ગુજરાતી પહેલા વર્ષ પ્રમાણે.

૪. ફ્રસ્ટ એઇડ—ઇતિફાકી હાદિસાત ઓર ઉનકા ફોરી ઇલાજ દાકતર જલાલુદીન કૃત.

૫. વિદ્યા અને પદાર્થ પાઠ	ગુજરાતી ૧ લા વર્ષના અભ્યાસક્રમ મુજબ
નિશાળનું આરોગ્ય	
સૃષ્ટિજ્ઞાન	
સ્લોઇડ	
ડ્રોઇંગ	

ન. ક. (૧) " નિશાળનું આરોગ્ય " એ વિષયનો અભ્યાસક્રમ આવતા અંકમા છપાશે.
(૨) સ્લોઇડ તથા માટી કામના વિષયો ત્રણે વર્ષમાં ઐચ્છિક છે એમાથી એક વિદ્યાર્થીને પસંદ કરવાનો છે.
(૩) પ્રથમ વર્ષમાં " તાત્કાલિકમદદ " અને ત્રણે વર્ષમાં "નિશાળનું આરોગ્ય" ફરજિઆત વિષય તરીકે નવા દાખલ કર્યા છે.

(૧) મે. એ. ઇ. સાહેબના તા. ૧૫-૧૧-૧૯ ના કાગળ નં. ૧૧૦૧૪.

પ્રાથમિક શાળાઓ માટે મંજુર કરેલાં પુસ્તકોની યાદી.

નંબર.	પુસ્તકનું નામ.	જે ભાષામાં પુસ્તક છાપ્યું હોય તેનું નામ	પુસ્તક શા માટે મંજુર છે ?	કિંમત.			ટીકા.
				રૂ.	આ	પા	
૧	માસ્તર એલ. યુ કંપનિ બુકસેલર્સ, રાજકોટ મેસર્સ યુ. બી. ખુડખુડીઆ અને એમ. એમ. રાણાકૃત નવું દેશી નામું.	ગુજરાતી	પ્રાથમિક શાળાઓના ઉપયોગ માટે	૦	૩	૬	
૨	રામનારાયણલાલ બુકસેલર્સ, અલ્હાબાદ ડી. આર. કનોજીઆ બી. એ. કૃત વ્યાકરણ પદ્ધતિનું પૃથક્કરણ, પ્રારંભ કરનાર માટે.	ઉર્દુ	એ ગ્રંથ ઉર્દુ શાળાઓમાં પાઠયપુસ્તક તરીકેના ઉપયોગ અર્થે.	૦	૫	૦	
૩	એસ. એ સ્ટોલી કૃત, ક્રમિક ભાષાંતર એકસરસાઇઝ, ભાગ ૩.	”	”	૦	૮	૦	
૪	ઇ. એસ. આકલી, એમ. એ. કૃત અંગ્રેજી તરજુમો કરવાનું નાનું પુસ્તક.	”	”	૦	૧૦	૦	
૫	મૌલવી કાઝી મહમદ ખશીરદીન કૃત ઉર્દુ પ્રિમર.	”	ઉર્દુ શાળાઓમાં પાઠય પુસ્તક તરીકે	૦	૦	૯	

પુના ઓફિસ નં. ૨૧૧૯૮
તા ૧૦-૧૧-૧૯

(સહી) કે. એમ. દીક્ષિત.
ડીરેકટર ઓવ પબ્લીક ઇન્સ્ટ્રકશન વતી.

જાહેર ખબર.

ધી સુરત સિટિ મ્યુનિસિપાલિટિને પોતાના તાબાની પ્રાથમિક ગુજરાતી તથા ઉર્દુ શાળાઓ માટે વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષામાં પાસ થએલા શિક્ષકો તથા ટ્રેનિંગ કોલેજના પહેલા અને બીજા વર્ષમાં પાસ થએલા શિક્ષકો જોઇએ છે. તથા પાંચમા ધોરણમાં પાસ થએલી અને ટ્રેનિંગ કોલેજના પહેલા અને બીજા તથા ત્રીજા વર્ષમાં પાસ થએલી શિક્ષિકાઓ જોઇએ છે

પગાર નવા ટાઇમસ્કેલ મુજબ આપવામાં આવશે, અને અન્ટ્રેઇન્ડ સિક્ષક તથા શિક્ષિકાને રૂ. ૧૨) આપવામાં આવશે એ ઉપરાન્ત ટ્રેઇન્ડ અને અન્ટ્રેઇન્ડ દરેકને ના સરકારના ઠરાવ મુજબ વોર એલાવન્સ-આપવામાં આવશે માટે જેઓની ઇચ્છા હોય તેમણે સુરત મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના મહેરબાન ચેરમેન સાહેબને સરનામે તાકીદે અરજી કરવી. અરજી સ્વહસ્તે લખી તેમાં પોતાની લાયકાત નાતજાત તથા છેલ્લામાં છેલ્લું સર્ટિફિકેટ મળ્યાની સાલ જણાવવી. જેઓ મ્યુનિસિપાલિટિની, લોકલબોર્ડની, સરકારની મદદ લેતા અથવા ના. સરકારે સ્વીકારેલી કોઇ પણ શાળામાં હાલમાં નોકરી કરતા હોય તેમણે પોતાના અરજી પોતાના ઉપરી અધિકારી માર્ફતે મોકલવી.

સુરત મ્યુનિસિપલ ઓફિસ
‘ઠેકાણુ’ મુગલીસરા.
તા ૧૩ માહે જાન્યુઆરી
સને ૧૯૨૦

Isap Akooji Patel.
ઇન્ચાર્જ સેક્રેટરી સ્કૂલ્સ કમિટિ,
સુરત સિટિ મ્યુનિસિપાલિટિ.

જોઇએ છે—ટ્રેન્ડ ઉર્દુ શિક્ષક, તથા ગુજરાતી શિક્ષક, ને ટ્રેન્ડ ગુજરાતી સ્ત્રીશિક્ષકો, પગાર લાયકાત પ્રમાણે.

હેડ મા. મનસુખલાલ પ્રભુદાસ.
મ. શા મો. તા. કપડવણજ.

જોઇએ છે—બે ટ્રેન્ડ, બે વર્નાક્યુલર ફાઇનલ, બે ઉર્દુ તથા કુરાને શરીફ જાણનાર. મુસલમાન ઉમેદવારને વધુ પસદ કરવામાં આવશે તાકીદે ટુંકમાં લખો.

ફૈઝુલ્લાહ હમદાની મેનેજર—મદ્રસ—એ.
મોહમદીયા—નં ૬૯, ૭૦ નુરપુરા—સુરત.

દેશીનામું-કિંમત ૦-૩-૩.

સ્કૂલો અને કૉલેજોમાં ટેક્સ્ટ બુક, કેવળ સસ્તું. અમદાવાદ ચી. સુ. કં. છગનલાલ લલ્લુભાઈ શાહ. દેશીનામાવાળા, વડોદરા.

શારીરિક માનસિક અને નૈતિક.

એ ત્રણે પ્રકારની કેળવણી આપી તમારાં વાહલાં સંતાનોને હિન્દ હિતૈષી નાગરિક બનાવવા હોય તો કોઇ પણ પ્રકારનાં શિક્ષણ સાહિત્યો હિન્દની આર્થિક પરિસ્થિતિને અનુકૂળ મંગાવવા સારૂ એકવાર અમારી સલાહ લેવા ભલામણ છે. કૅટલોગ મફત.

ધી બરોડા બ્રશ ફેક્ટરી લિમિટેડ—વડોદરા.

" શિક્ષણ સાહિત્યો. "

આ કાર્યાલયમાં શાળાઓ અને કૉલેજોને ઉપયોગી ભૂગોળ, ખગોળ, પદાર્થ વિજ્ઞાન, રસાયણ, ગણિત, કસરત, કવાયત, રમત, કિન્ડરગાર્ટન મોન્ટેસરી અને સ્લોઇડ સિસ્ટમ વગેરે તમામ પ્રકારના સાહિત્ય, જેવા કે સૂર્યમાળા, પૃથ્વીના ગોળા, ચંદ્રની ક્ષયવૃદ્ધિ, નકશા, રીલીફ મૅપ્સ, યંત્ર શક્તિઓનો સેટ, સંગ્રહસ્થાનનાં ધોરણવાર બોર્ડ્ઝ, ઑબ્જેક્ટ લેસન બોર્ડ્ઝ, ધંધાના હથિયારની પેટીઓ, પઝલ એક્સરસીઝ વગેરે વેચવામાં આવે છે, વિશેષ હકીકત માટે અમારૂં પ્રાઇસ લિસ્ટ મફત મંગાવી વાંચો. કારખાનું દહેગામ (રેલ્વે સ્ટેશન) ના ગામે બદલ્યું છે. અમદાવાદથી રેલ્વે ભાડું ૦-૩-૦ છે.

કાશિભાઈ છગનદાસ પટેલ.
શિક્ષણસાહિત્ય કાર્યાલય.
દહેગામ, અમદાવાદ-પ્રાંતીજ રેલ્વે.

ધન મેળવવાનું ઉત્તમ સાધન

હુન્નર પ્રકાશ

આ અતિ ઉપયોગી પુસ્તકમાં ૧૦૦૦ હુન્નરો દરેક દરદોના ચમત્કારિક ઇલાજો, સેન્ટો વિલાયતી સાબુઓ, દરેક જાતના રંગ, રૈશાનો, અત્તરો, અર્કો વગેરે વગેરે બનાવવાની ઘણીજ સહેલી રીતો છે. વિશેષ ખાત્રી વાંચવાથી થશે. કિંમત રૂ. ૧, પોષ્ટેજ જુદું.

મુલક મશહુર જામનગરનો પ્રખ્યાત

શુદ્ધ સાચાં મોતીનો સુરમો

આખિના નામાંકિત ડાકટરો, હકીમો અને વૈદ્યોએ અમારા સુરમાને પબ્લીક હોસ્પિટલો, ડિસ્પેન્સરીઓ અને દેશી દવાખાનાઓમાં આંખના જુદી જુદી જાતના અસખ્ય દરદીઓ ઉપર ઘણીજ ફતેહમંદીથી વાપરી ઉત્તમ સર્ટીફીકેટો આપેલાં છે.

આ સુરમો વાપરવાથી આંખના અસંખ્ય દરદીઓ ફત્તેહમંદ થયા છે. એક વખત ખાત્રી કરવા અરજ છે.

કિંમત નંબર ૧. તોલા ૧ ના રૂ. ૪). નંબર ૨, રૂ. ૨ાા. નંબર ૩, રૂ ૧) અને નંબર ૪ રૂ. ૦ાા.

નુરભાઇ ઇશમાલજી અતરીઆ.
ફુલ બજાર—જામનગર.

તૈયાર છે.

'ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ'

કર્તા—રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી.
પ્રસિદ્ધકર્તા—મેસર્સ મેકમિલન અને કંપનિ, હોર્નબી રોડ, મુંબઇ.

કિંમત—રૂ. ૩-૮-૦.

પૃષ્ઠ—લગભગ ૬૦૦ ૪૦ પ્રકરણમાં ભાષા—તેનો વિકાસ. ઐતિહાસિક અને અન્ય રીતે તેના વિભાગ, ભાષાનો ઇતિહાસ, વ્યાકરણના તમામ વિષયોનું શાસ્ત્રીય વિવરણ, વ્યુત્પત્તિ શબ્દસિદ્ધિ, ગુજરાતી સાથે આર્ય દેશી ભાષાઓનો મુકાબલો ભાષાશૈલી, લેખણી પ્રબન્ધ રસ, ગુણ, અલંકાર, વૃત્ત, વિચાર વગેરેનું સંપૂર્ણ વિવેચન કરવામાં આવ્યું છે.

ગુજરાતી ભાષાના શાસ્ત્રીય વ્યાકરણની ખામી દૂર કરનાર આ પ્રથમ પુસ્તક છે. શિષ્ય શિક્ષક વર્ગને, સાહિત્ય પ્રેમીઓને અને શુદ્ધ ભાષા જાણવાની ઇચ્છા ધરાવનારાઓને તે અત્યંત ઉપયોગી થઇ પડશે.

લેખનકળા કોપી બુકો.

ગુજરાતી અને બાળબોધ છ નંબરમાં

દરેક નંબર, કિંમત બે આના.

કેળવણીખાતાના મે. ડિરેક્ટર સાહેબે મુંબઇ ઇલાકાની ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજુર કરી છે.

૨૦૦ અને તે ઉપરાંત કોપી ખરીદનારને સેંકડે ૨૦ ટકા કમિશન આપવામાં આવશે. પેકિંગ અને રેલ્વે ખર્ચ પણ આપવામાં આવશે, પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખરચ આપવામાં આવશે નહિ.

કોપીઓ સાથે બીજા પુસ્તકો મગાવનારને સેંકડે એક ટકો હકસાઇ લઈ મોકલી આપવા ગોઠવણ રાખી છે. મળવાનું ઠેકાણું—ડાહ્યાભાઈ જગજીવનદાસ એન્ડ સન્સ. લેખનકળા કોપીબુકની ઓફિસ—જુની કાળકાદેવી પોસ્ટ ઓફિસ સામે નંબર ૨૧૭—મુંબઇ.

દસ્કત શિક્ષક કોપી બુકો.

ગુજરાતી અને બાળબોધ આઠ નંબરમાં, કેળવણી ખાતાના મે૦ ડિરેક્ટર સાહેબે મુંબઇ ઇલાકાની દરેક ગુજરાતી નિશાળોમા ચાલવાને મંજુર કરી છે. લડાઇને લીધે કાગળના ભાવ બેહદ વધી જવાથી મે૦ ડિરેક્ટર સાહેબના, નં૦ ૧૧૨૪૫ ૧૯૧૭–૧૮ ની સાલના, હુકમથી હાલ થોડા વખત માટે અઢી આના દરેક નંબરની કિંમત રાખી છે ૨૦૦ અને તેથી વધુ કોપી ખરીદનારને હાલમાં સેંકડે (૧૫) ટકા કમિશન ઉપરાંત પેકિંગ અને રેલ્વે ખર્ચ આપવામાં આવશે, પણ પોસ્ટ માર્ફતનુ કે સ્ટેશનથી આગળનું ખર્ચ આપવામાં આવશે નહિ. દસ્કત શિક્ષક કોપી બુકોની સ્ટીલ પેનો દરેક નંબરને બંધ બેસતી, ૧ થી ૮ નંબરની, દરેક બોક્સમાં એકજ જાતની, દા ૬ કિંમત રૂ. ૦॥ નક્કી

મળવાનું ઠેકાણું:-

આદરજી કાવસજી માસ્તર

ઠે. નં૦ ૧૦ ધોબી તલાવ—મુંબઇ.

શિક્ષકો તેમજ શિષ્ય વર્ગમાં પ્રિય થઈ પડેલ

સૃષ્ટિજ્ઞાન. (ત્રીજી આવૃત્તિ)

ધોરણ ૧-૨-૩-૪-૫-૬ ની વાચનમાળાના ત્રીજા ભાગના વિદ્યાના પાઠોનું પ્રશ્નોત્તર રૂપે સંપૂર્ણ વિવેચન, પ્રે. રા. ટ્રે. કૉ. ના શિક્ષણનો મેડલ મેળવેલા બે સિનિઅર માસ્તરો પાસે તૈયાર કરાવેલા ઘણા ઉપયોગી અને પ્રશંસાપાત્ર થયા છે. જેની ખાત્રી ટુંક સમયમાં ત્રીજી આવૃત્તિ બહાર પડી તે છે તેમજ વ. ફા. પ્રાવેશિક પરીક્ષાના ઉમેદવારની ઉપરાઉપરી માગણી થવાથી અમોએ

સૃષ્ટિજ્ઞાન યા વિદ્યાના પાઠો.

ઉપરનાજ શિક્ષકો પાસે સરળ ભાષામાં પ્રશ્નોત્તર રૂપે તૈયાર કરાવી બહાર પાડ્યા છે જેમાં સાતમી ચોપડીના વિદ્યાના પાઠોનું સંપૂર્ણ વિવેચન કરવામાં આવ્યું છે તથા પરીક્ષામાં પુછાતા સવાલોનો પણ સંગ્રહ કરવામાં આવ્યો છે, જેથી એના અભ્યાસ પછી ઉપર જણાવેલી પરીક્ષાઓમાં આ વિષયમાં નાપાસ થવાનો બીલકુલ સંભવ છેજ નહિ. વધારે પ્રશંસાની જરૂર નથી બુક મંગાવી જોવાથી ખાત્રી થશે. કિંમત રૂ. ૪-૬ જથ્થાબંધ લેનારને સારૂં કમિશન ધોરણવાર કિંમત નીચે મુજબ—

બાળોપયોગી પ્રશ્નોત્તર રૂપે સરળ સૃષ્ટિજ્ઞાન ધો. ૧ લું.	(આ. ૧)	કિંમત રૂ. ૦-૧-૬
,, ધોરણ ૨ જું	(આ ૩)	રૂ. ૦-૧-૦
,, ધોરણ ૩ જું	(આ. ૩)	રૂ. ૦-૨-૦
,, ધોરણ ૪ થું	(આ. ૩)	રૂ. ૦-૨-૦
,, ધોરણ ૫ મું	(આ. ૨)	રૂ. ૦-૨-૬
,, ધોરણ ૬ ઠું	(આ ૨)	રૂ. ૦-૨-૬
,, ધોરણ ૭ મું	(આ ૧)	રૂ. ૦-૪-૬
પ્રશ્નોત્તરરૂપ ભરતખંડનો સરળ ઇતિહાસ	(ધો. ૫)	રૂ. ૦-૨-૦
,, ,,	(ધો. ૬)	રૂ ૦-૩-૦

કમિશન ટકા ૨૫ આપવામા આપવામા આવશે.

પત્રવ્યવહાર નીચેને સરનામે કરો—મણિલાલ મુળજીભાઈ ઉપાધ્યાય.
બુકસેલર એન્ડ પબ્લિશર, મુ. પેટલાદ (વાયા આણંદ)

તા. ક.—આ ઉપરાંત ધોરણવાર નોટો પણ અમોએ પ્રગટ કરી છે.

શિક્ષકો અને વિદ્યાર્થીઓને થોડા શ્રમે ઘણું જ્ઞાન મળે એવાં પુસ્તકો.

સચિત્ર નવી ભૂમિતિનો શિક્ષક:—તેમાં વ્યાખ્યાઓ રીતો, સિદ્ધાંતો અને પ્રશ્નોનાં ' ૩૪૫ ' આકૃતિઓ સાથે સંપૂર્ણ ખુલાસા કરવામાં આવ્યા છે આ પુસ્તક ધોરણ છ, સાત ને ૧૦ ક૦ ના વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી છે. ટ્રેનિંગ કોલેજના પ્હેલા વર્ષના વિદ્યાર્થીઓને પણ ખાસ ઉપયોગી છે. કિં૦ ફક્ત ૦–૧૪–૦

હિંદનો ઇતિહાસ—૧૦ ક૦ ના તમામ વિદ્યાર્થીઓ આ ઇતિહાસનો ઉપયોગ કરી પાસ થાય છે તેમાં આજ સુધીના ૧૦ ક૦ પરીક્ષાના પ્રશ્નો તથા તેના ઉત્તરો આપેલા છે. ધોરણ ૫ થી સાત સુધીના તમામ વિદ્યાર્થીઓને આ ઇતિહાસ અતિ પ્રિય થએલો છે. કિં૦ ફક્ત ૦–૯–૬.

નીતિ સંવાદો:—જ્યાં નીતિની કેળવણી નથી ત્યાં આદર્શ બાળકો નીવડવાની જરા પણ આશા નથી, માટે બચપણથીજ બાળકોને નીતિનું શિક્ષણ આપી શકાય તેવા સંવાદોની બુક તૈયાર છે તેમાં દયા, બંધુધર્મ, રાજ્યધર્મ, ધનવાન ને વિદ્વાન, ઋતુઓ, સુખશાંતિ, નઠોર નિશાળીઆને શિખામણ વગેરેના સંવાદો છે. આ સંવાદો શાળાઓમાં નીતિપાઠો તરીકે ચલાવી શકાય તથા શાળાઓને લગતા તમામ જાતના ઉત્સવોમાં ભજવી શકાય તેવો છે. કીં. ૦–૨–૦

નીતિ વાંચનમાળા કિંમત ૦–૫–૦ નીતિની શિખામણો, કિં. ૦–૨–૦ અને તેવાજ નીતિને લગતાં બાળશિક્ષણ ઉપયોગી ઇનામ લાયબ્રેરી માટે મંજુર થયેલો પુસ્તકો અમારે ત્યાંથી મળશે

ઉપરનાં પુસ્તકો ઉપરાંત ગુજરાતી, અંગ્રેજી ઉર્દુ અને સંસ્કૃત શાળાઓમાં ચાલતાં તમામ પુસ્તકો, ગણિતોના ખુલાસા, ગુજરાત–મુંબાઇ હિંદુસ્તાન અને એશિઆની ભૂગોળની વીગતવાર નોટો, પ્રાંતિકનો શિક્ષક, ધોરણની નોટો, સ્ટેશનરી, કાગળોનાં રીમ, કોરી અને ચિત્રવાળી ડ્રોઇંગ બુકો, એક્સરસાઇઝો, ડાયરીઓ, નવા ધારા મુજબ છપાવેલા ગણોત પટા, અંગુઠા છાપવાની ડબીઓ વગેરે મળશે બીજા વેપારીઓ કરતા અમારે ત્યાંથી માલ કિફાયત ભાવે મળશે, કેમકે પુસ્તકો, એક્સરસાઇઝો વગેરેનુ અમોએ કારખાનુ કાઢેલું છે. એક્સરસાઇઝો વગેરે મોટા જથામાં માલ મંગાવનારને કોન્ટ્રાક્ટથી બનાવી આપવામાં આવશે. રૂા. ૨૫) નો ઓર્ડર આપનારને કમીશન ઉપરાત સુંદર ભેટ આપવામાં આવે છે

સરનામું—

ધી સરસ્વતી બુક ડેપો—નડિયાદ

જાહેર ખબર.

બાળ આંક પોથી રૂ. ૦-૨-૦ કાઠિ. એજન્સિમાં ટેક્સ્ટ, ઇ૦ લા૦ અને જામનગર, પાલણપુર અને રાજકોટ રાજ્યમાં ઇ૦ લા૦ માટે મંજુર.

બાળગીત સંગ્રહ:-બીજી નવીન આવૃત્તિ. પુષ્કળ સુધારા વધારાથી સમણું કદની કિં. રૂ. ૦ા. કા૦ એ૦; રાંધનપુર, ગોંડળ, ઇડર, રાજકોટ, મહીકાંઠા વગેરેમાં ઇ૦ લા૦ માટે મંજુર. છપાય છે

સંવાદ સંગ્રહ:—ઋજુનીતિ અને બોધક પુષ્કળ સંવાદો છપાય છે.

પાલણપુર એજન્સિની સા૦ ભૂગોળ રૂ. ૦-૪-૬. પાલણપુર સંસ્થાનની સા૦ ભૂગોળ રૂ. ૦-૨-૬ અને રાધનપુર સંસ્થાનની સા. ભૂગોળ ૦-૧-૬ એ. કાઠિ. એજન્સિ પાલણપુર અને રાધનપુર સ્ટેટોમાં ઇ૦ લા૦ માટે ઇલાકામાં લાયબ્રેરી માટે મંજુર મહીકાંઠા અને ઇડરની ભૂગોળો મંજુર છે, તેના રંગીન નાના નકશા તૈયાર થાય છે.

(કર્તા) ભાઇચંદ પુંજાદાસ શાહ.
હેડમાસ્તર, તાલુકા સ્કૂલ સાદરા (મહીકાંઠા)

---

૧. સરલ દેશીનામાની પદ્ધતિ-ટેક્સ્ટ બુક, આ. ૨૯ મી ૦-૪-૬ સરલ ગુજરાતી બાળ વ્યાકરણ-લાઇ૦ બુક, ઘણે ઠેકાણે ટેક્સ્ટ, આ. ૨૩ મી ૦-૪-૬; ૩ સરલ વ્યુત્પત્તિ જ્ઞાનપ્રકાશ (૫-૬-૭ મી ચોપડીના પાઠવાર શબ્દોના કોષ સહિત) લા. પ્રા. બુક, આ બીજી ૦-૬-૦. ટ્રે. કો. મા. પ. ના ઉમેદવારોને ખાસ ઉપયોગી; ૪. નવું સરલ સુગમગણિત (બાળવર્ગથી ધો. ૫ સુધી એકજ બુકમાં) ઘણે ઠેકાણે ટેક્સ્ટ, આ. ૯ મી ૦-૨-૩; ગુજરાત પ્રાંતની ભૂગોળ-વિદ્યા-આ. ૮ મી, ૦-૧-૩. કમિશન બાદ મળશે મુખ્ય એજન્ટ અમદાવાદ, એસ. બી. શાહની કંપની, રાજકોટ, ખડુપરભાઇ મેઘજી. ભાવનગર, અબદુલહુસેન આદમજી ધોરાજી, એલ ટી. વાદર. જામનગર, હેમરાજ જાદવજી. જુનાગઢ, વૃંદાવન દામોદર. મુંબાઇ, એન. એમ. ત્રિપાઠી, કચ્છ-માંડવી લાલજી શંકરલાલ ગોંડળ, ચુનીલાલ ટોકરશી કોઠારી ઇત્યાદિ.

પ્રેમચંદ કરમચંદ શાહ,
માજી એ. ઇ. બોલ સ્ટેટ, મુ. કપડવણજ.

શાળોપયોગી પુસ્તકો.

અમારે ત્યાંથી શાળામાં ચાલતી તમામ જાતની બુકો તથા તેને લગતો સર્વે સામાન, લાલ તથા બ્લુબ્લેક શાહીની ટીકડીઓ વગેરે ઘણાજ ફાયદાથી મળે છે. માટે જલદી ઓર્ડર આપો.

શાહ જેઠાલાલ રતનસિંહ મોમાયા બુકસેલર,
ઠે માંડવી મસજીદ પૂલ ઉપર
મુંબઇ પોસ્ટ નં ૩.

જાહેર ખબર.

નીચે લખેલા પુસ્તકોનો કોપી રાઇટ અમે લીધો છે, માટે તે બધાં પુસ્તકો અમારી પાસેથી મળી શકશે, માટે ઓર્ડર મોકલશો

	કિંમત. રૂ આ પા	
ગૃહવ્યવસ્થા	૦—૧૨—૦	ટેક્સ્ટ બુક તરીકે મંજૂર છે
બાળસ્વભાવ	૦—૩—૦	„ „
બાળવાર્તા	૦—૩—૦	ઇનામ અને લાયબ્રેરિ માટે મંજૂર
સુચિત્ર વાર્તા વિનોદ	૦—૩—૦	„ „ „
નવીન આરોગ્ય વિજ્ઞાન	૦—૪—૦	„ „ „

ઉપર લખેલાં પુસ્તકો કેટલાંક સ્ટેટો તથા ઇનામ અને લાયબ્રેરી માટે મંજુર થયેલ છે.

ઉષા અથવા એક સુજન જૂની વાર્તા
કર્તા—રા. ન્હાનાલાલ દલપતરામ કવિ ૧-૪-૦

તે સિવાય દરેક જાતના અંગ્રેજી ગુજરાતી તથા સંસ્કૃત પુસ્તકો અને તમામ પ્રકારની ડ્રોઇંગ બુકો તથા ડ્રોઇંગને લગતો સામાન અમારે ત્યાંથી કિફાયત ભાવે મળી શકશે

કિંમત રૂ. ૦-૩-૬ } **નવું દેશીનામું** { ધોરણ ૬ અને ૭ માટે
ખુડખુડીઆ અને ર. બુકૃત } { ધોરણવાર બતાવેલું.

નામદાર સરકારે ટેક્સ્ટ બુક તરીકે મંજુર કર્યું છે તદ્દન નવીજ અને સરલ પદ્ધતિએ લખાયલું હોવાથી વિદ્યાર્થીઓને અત્યંત ઉપયોગી થઇ પડેલ છે.

માલીક—
ગીરજાશંકર કલ્યાણજી ઓઝા. { બુકસેલર એલ. સુ. માસ્તરની કું.
પ્રેસ બજાર—રાજકોટ.

જોઈએ છે.

રાધનપુર સ્ટેટની પ્રાથમિક શાળાઓ માટે વર્નાક્યુલર ફાઇનલ પાસ થએલ અને ટ્રેન્ડ શિક્ષકો મળી નવ જગ્યા ભરવાની છે માટે સરટીફીકેટ સાથે લખો પગાર લાયકાત મુજબ.

એન. છ. કાનીટકર,
સુપ્રીન્ટેન્ડેન્ટ પ્રાઇમરી સ્કુલ્સ
રાધનપુર સ્ટેટ.

* * *

શિક્ષક તથા શિક્ષકોની જરૂરીયાત પુરી પાડનાર એકેજ સ્થળ છે તે તમે જાણો છો ? કે જ્યાં પઝલ બોક્ષ, કીન્ડરગાર્ટન, મોન્ટેસરી-મેથડ, ભૂગોળ, ખગોળ, પદાર્થપાઠ, ડ્રોઇંગ તથા અવાજ, પ્રકાશ, ગરમી આકર્ષણ, વિદ્યુત તથા વિજ્ઞાનને લગતા સાહિત્યો કેમીકલ્સ એસીડ, તોલવાના કાંટા, ક્રિકેટ, ટેનીશ, હોકી, ફુટબોલ વગેરે મળી શકે છે તે સરનામું નોંધી લો.

[illegible] શાસ્ત્રી એન્ડ કું., સુરત.

* * *

ગુજરાતી ગઝલના શોખીનોને ઉત્તમ તક.

તૈયાર છે! તૈયાર છે! તૈયાર છે!

સચિત્ર ગઝલે–રંજુર.

પ્રેમ તથા વિરહની ભાવમય ગઝલોનો સંગ્રહ. ગુજરાતના વિખ્યાત ચિત્રકાર રાવળના સુંદર પાંચ ચિત્રો તથા પ્રકાશકની છબી અને ગ. છોટાલાલ કહાનદાસ પટેલ માસ્તરનો ઉપોદ્ઘાત તથા રા. જનાર્દન નાનાભાઈ પ્રભાસ્કરના "ચિત્રપરિચય" લેખ સાથે કીં. ૧-૦-૦ પોસ્ટેજ જુદું.

લખો—જી. કે. શેઠ, મુ. હાંસોટ.
તાલુકે અંકલેશ્વર થઈને.

* * *

બુકસેલર લલ્લુભાઈ નારણદાસ શાહ, લીમડાચોક—સુરત.

અમારી દુકાને શાળામાં ચાલતી તમામ બુકો તથા સ્ટેશનરી કાગળો વગેરે ઓછે ભાવથી આપવામાં આવશે માટે અમારી દુકાનેથી ખરીદવાની કૃપા કરવી.

એન. એમ. ત્રિપાઠી ઍન્ડ કંપની બુકસેલર્સ—કાળબાદેવી રોડ-મુંબઈ

ચુંટી કાઢેલાં ઉપયોગી પુસ્તકો.

ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં ટેક્સ્ટ તરીકે મંજુર થયેલ

ચોથા ધોરણની ભૂગોળ.

૨૦ નકશા સાથેની બીજી આવૃત્તિ.

લખનાર—રા. હિંમતલાલ ગણેશજી અંજારિયા
એમ. એ. એલ. એલ, બી
મૂલ્ય ૦-૮-૦

પતિવ્રતા સતીઓ.

૨૮ સુંદર ચિત્રો સહિત આવૃત્તિ ત્રીજી. મૂલ્ય ૩-૦-૦

રાજા ભોજ અને કવિ કાલિદાસ.

બોધક અને આનન્દદાયક વાર્તાઓનો સંગ્રહ

૨૦ સુંદર ચિત્રો સહિત દ્વિતિયાવૃત્તિ કિંમત રૂ. ૪-૦-૦.

REGISTERED No B 43

પુસ્તક ૫૬ મું.] [અંક ૩ જો.

Gujarat School Paper.

ગુજરાત શાળાપત્ર.

માર્ચ, સને ૧૯૨૭.

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ઠ.
શિક્ષકોને બોધવચન	૪૯
વિજયપતાકા.	૫૨
શમદમ યોગીની સમાધિ	૫૪
હાલની માધ્યમિક કેળવણી વિષે રાવબહાદુર કમળાશંકરના મનનીય વિચારો	૫૬
વાતાવરણમાં રહેલી પાણીની વરાળ	૬૩
[illegible]	૬૫
ગવર્નમેન્ટ ટ્રેનિંગ સ્કુલ.	૬૮
નિશાળનું આરોગ્ય	૬૯
કેળવણી ખાતાની જાહેર ખબર	

કેળવણી ખાતાના હુકમથી.
તંત્રી અને પ્રકાશક (ઓક્ટોબર ૧૯૧૪ થી)
મિ. કૈખુશરૂ અરદેશર [illegible], બી. એ.,
પ્રિન્સિપાલ, પી. આર. ટ્રેનિંગ કોલેજ—અમદાવાદ,

(સર્વ હક સ્વાધીન રાખ્યા છે)

શ્રી ગુજરાત મિ. પ્રેસમાં—[illegible]

સુચના.

૧. પત્ર સંબંધી લખાણ—એડિટર તરફ મોકલવું. છાપવા મોકલવાનું લખાણ કાગળની એક બાજુએ ચોકખે અક્ષરે લખવું. છપવા યોગ્ય લાગશે તો છપાશે, નહિ પસંદ કરેલો લેખ ટિકિટ મોકલી હશે તો પાછો મોકલવામાં આવશે.

૨. લેખકને ઉત્તેજન—વિષયો લખી મોકલનારની પૈસા લેવાની ખુશી હશે તો પ્રથમથીજ ખબર આપેથી દર છાપેલ પાને યોગ્યતા પ્રમાણે રૂ. ૧) સુધી આપવામાં આવશે. ચર્ચાપત્ર માટે કંઇ આપવામાં નહિ આવે.

૩. લવાજમ—વરસ એકનો રૂ ૧-૩-૦ ટપાલ ખર્ચ સાથે અગાઉથી, વિદ્યાર્થીઓ માટે ૦-૧૦-૦. છુટક અંકના રૂ. ૦-૨-૦; પોસ્ટેજ રૂ. ૦-૦-૬ જુદું.

૪. મનિઑર્ડર—કુપન પર ગામ કે શહેરનું ઠેકાણું સ્પષ્ટ લખવું. તેમજ ત્યાં એકથી વધારે નિશાળો હોય તો નિશાળનો નંબર તથા શાળાપત્ર ઑફિસ તરફથી અપાએલા સરનામાના લેબલ ઉપરનો નંબર લખવો.

જાહેર ખબરના ભાવ.

અંક ૧.	પેજ.		
	આખું	અર્ધું	પા.
આખું વર્ષ.	રૂ. ૬૫	રૂ ૩૪	રૂ ૨૦
છ માસ.	રૂ. ૩૫	રૂ. ૧૮	રૂ ૧૨
ત્રણ માસ.	રૂ. ૨૦	રૂ. ૧૦	રૂ ૭

છુટક છપાવવાનો દર.

દર ત્રણ લીટીએ રૂ. ૧-૨-૦ રાખ્યા છે.

આ પત્ર સાથે કોઇ પણ હેંડબીલ વહેંચવામાં આવશે નહિ

૫. શાળાપત્રમાં આપેલી ખાનગી જાહેરખબરોમાં જણાવેલી ચોપડીઓ ખાતાએ મંજુર કરેલાજ હોય એમ હમેશ હોતું નથી. માટે દરેકને મંજુર કરેલા તરીકે ગણવા નહિ.

૬. દરેક માસના શાળાપત્રનો અંક તે માસની તા. ૨૫ મી સુધીમાં ન મળે તો તે માસની આખર તારીખ સુધીમાં અમને ખબર આપવી કે જેથી તે અંક મોકલવા ગોઠવણ થાય માસ આખર પછી અંક નહિ મળ્યાની ખબર આપનારને જો એક સિલકમાં હશે તો છુટક અંક પ્રમાણે કિંમત લઇ મોકલવામાં આવશે.

૭. શાળાપત્રનું વર્સ જાન્યુઆરિથી ડિસેમ્બર સુધી ગણવામાં આવે છે, માટે વરસની વચમાં જે ગ્રાહક બંધ થવા માગતા હશે, તેમની પાસેથી જેટલા અંકો તેમને મળ્યા હશે તેટલાની છુટક અંક લેખે કિંમત લેવામાં આવશે.

તંત્રી.

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૫૯ મું. માર્ચ સને ૧૯૨૦. અંક ૩.

" શિક્ષકોને બોધવચન. "

(અંગ્રેજી ઉપરથી અનુવાદ)

રા. વ્યાસ ચંદુલાલ ત્રિભુવનદાસ બી. એ.

સજ્ઞાન ઉદ્ધતાઇ અને અજ્ઞાનતા ઓળખવાને સાવધ રહેવું જોઈએ. એકંદર કરતાં અજ્ઞાન વિદ્યાર્થીઓ વિશેષ પ્રમાણમાં હોય છે.

એટલું યાદ રાખવું કે જો વિદ્યાર્થીને યોગ્ય રીતે હાથપગ લેતા આવડે તો તદ્દન હઠીલા ને સ્વતંત્ર વિદ્યાર્થીઓ પણ પ્રેમી માલમ પડશે.

જે વિદ્યાર્થી પર તમને વધારે લાગણી હોય તેને અન્ય વિદ્યાર્થીઓ કરતાં વધારે સંભાળની જરૂર નથી. કારણ કે જેને માટે લાગણી હોય તેના તરફ નહિ, પણ જેની જરૂર હોય તેના તરફ વધારે ધ્યાન આપતાં શીખવું જોઈએ.

જે ઉદારતા બતાવવાની છે તે તો તે જેઓ તમે ઓળખો છો અને ચાહો છો તેને નહિ, પણ જેના મનમાં ચોરા ભાળ્યા હો તમને બતાવો. જે ઓળખીતા છે તે તમારા પ્રેમના પાત્ર છે, તેથી તેમને ઉદારતાની જરૂર નથી, પણ બીજાને જરૂર છે, કારણ કે તેથી તેનો પ્રેમ તમે મેળવી શકશો

તેને માટે દીલગીર ન થાઓ ત્યાં સુધી વિદ્યાર્થી તે પ્રમાણે કરતો નથી જો તમે તમારી ભૂલ કબુલ કરતા હશો, તો તે તમારી પાસે પોતાન ભૂલો લઈને આવશે

જો તમે જાતે કોઈ વિદ્યાર્થીને રસ્તે ન પાડી શકો તો "નથી વિદ્યાર્થી હાથમાંથી ગયો છે એમ માનશો નહિ. તમે જે રીત વાપરે છો તેના કરતાં બીજી રીતો તેને માટે વાપરો, અને તેમ ન બને તે બીજી સંસ્થામાં મૂકો, કે જ્યાં બીજો કોઈ શિક્ષક તેને યોગ્ય ઉપાર યોજી શકે. કેટલીક વખત બાળક હાથમાંથી જતું રહે છે તેનું કારણ શિક્ષકની રીતો યોજવામાં ખામી છે. કોઈ પણ વિદ્યાર્થીના સર્ટિફિકેટમાં ખરાબ વર્તણુક લખશો નહિ, કારણ કે તેથી તે જ્યાં જ્યાં જશે ત્યાં એને માટે ખરાબ અભિપ્રાય બંધાશે.

કોઈ વખત વિદ્યાર્થીનું કહેવું બરાબર ન સમજવાથી શિક્ષક તેન ઉપર ગુસ્સે થાય છે, અને તેને માટે અભાવ બતાવે છે. એવું થવાથી જુદા ધર્મ અગર જુદી જાતના હોવાથી જે કેટલીક બાબતમાં જુદાઈ પડે છે તેનાથી પણ વધારે જુદાઈ પડે છે.

શિક્ષક પણ એક મનુષ્ય છે. તેથી બીજા બધા કરતાં અમુક વિદ્યાર્થી તરફ તેનો ભાવ વિશેષ થાય છે. એવા ભાવથી શિક્ષકને બીજા વિદ્યાર્થીનું અંતર ઓળખવાની તક મળે છે, અને અંતર ઓળખ્યાથી લાગણી વધે છે, અને લાગણી પ્રેમનું સ્વરૂપ ધારણ કરે છે માનીતા વિદ્યાર્થીઓથી બીજા વિદ્યાર્થીઓ માનીતા થાય છે કારણ કે માનને યોગ્ય વિદ્યાર્થી પોતાના જેટલો શિક્ષકનો ભાવ ધરાવનાર વિદ્યાર્થી જોવાને ઉત્સુક હોય છે.

તમારી શિક્ષક તરીકેની પરીક્ષા તમારી પરીક્ષાના પરિણામો અગર તમારા ઉપરીઓના શેરાથી થતી નથી, પણ તે તો તમે વિદ્યાર્થીઓનો પ્રેમ કેટલે દરજ્જે મેળવ્યો છે તેનાથી થાય છે. વિદ્યાર્થીઓ શિક્ષકને ચહાય છે તેથી શિક્ષકને શીખવવાનો ઉત્સાહ થાય છે, અને એ ઉત્સાહ શીખવવાની બુદ્ધિ કરતા વધારે કામ કરે છે

અને ત્યાં જઈને દરેક ઠેકાણે ફૂલોના શણગારને જુઓ, અને પદ્ધતિ ક્યાંથી દાખલ થઈ? એ સબંધી બાઇબલ, ખ્રિસ્ત, અને તેઓએ કંઈપણ હુકમ આપેલો નથી. આથી ઇતિહાસ એક એવ પૂરે છે કે જે દરેક ખરા ખ્રિસ્તિને ગંભીર રીતે વિચારવાનું કારણ છે. પહેલાંની મંડળીના જમાનામાં મૂર્તિપુજકો ઇસ્ટરના માનમાં એક વાર્ષિક તહેવાર પાળતા, અને એકસનો પણ એપ્રિલ માસ તહેવાર પાળતા હતા, જે દરમિઆન અમારો પ્રભુ વધસ્થંભે મરણ પામ્યો અને પાછો ઊઠ્યો અત્યાર સુધી પાસ્ખા પર્વ આવતું હતું, જે પર્વ ઇસુએ પણ પાળ્યું હતું જેની વીગત માથ્થુના અધ્યાયમાં વિસ્તારથી આપેલી છે. પરંતુ ખ્રિસ્તનું પુનરુત્થાન પુરાતન મંડળીએ પાસ્ખાપર્વ પાળવાને બદલે ઇસ્ટર એટલે ઉ રવિવાર કે ખ્રિસ્તના પુનરુત્થાનની યાદગીરીનો રવિવાર ઇસ્ટરના પવિત્ર તરીકે પાળવાનો સદાને માટે કાયમ કરીને ઠરાવ્યા અમારો મ તારનાર ફરી પાછો આવશે ત્યાં સુધી તેના પુનરુત્થાનની યાદદાસ્તમાં ખ્રિ ઇસ્ટરને પવિત્ર તહેવાર તરીકે પાળતા રહેશે.

નાતાલ—કેટલાક મહાન પુરુષોના વિચાર.—

૧ સંત ખ્રિસોસ્તમ—"ખ્રિસ્ત કેટલાક માણસોને ઘણી વખતે તે ધંધાની મારફતે પોતાની તરફ ખેંચે છે માગીઓ—ઈરાની પંડિતોને તેણે એક ભવ્ય તારાની મારફતે પોતાની શોધ કર માછીઓને તેણે માછલીની મારફતે પોતાની ગમ આકર્ષ્યાં હ

૨ બેન્જામિન ફ્રાંકલીન—"નિર્દોષ અંત કરણ એક દૈનિક નાતાલ

૩. ચાર્લ્સ ડિકન્સ—"હું નાતાલને મારા આખા અંતઃકરણપૂ માનીશ. અને આખા વર્ષ પર્યંત, નાતાલના વિચારો એટલે પ પરોપકાર તથા પ્રસન્નતાના પાઠોનો અમલ કરવા યત્ન કરનો

૪. શેકસ્પીયર—"આજે બધા દુઃખો તથા કજીયા પ્રેમમાં ડૂબાઈ

૫. આમોસ વેલ્સ—"નાતાલનો દિવસ તે જીવનના ઝાડ તેની ડાળીઓ આખી દુનિયામાં પસરેલી છે; તેનાં પાતરાં

ક્રૂકેને–આખી દુનિયાના તમામ લોકોને નિરોગી કરવા સા

નાતાલ વખતે પળાતી એક ખાસ રીત,

રિવડન દેશમાં નાતાલને વખતે જાનવરોને પણ નાતાલનું જમણ મ આવે છે. નાતાલે સૌથી સારૂ ખાવાનું આપી શકાય, તેવું તેમના ધણીઓ જાનવરોને પણ ખવરાવે છે. એટલે ઘરમાં ી મિજબાની થઈ રહે, ત્યારે મેજ ઉપર ખાવાની જે ચીજો ય, તેમાની દરેક ચીજનો અમુક ભાગ જાનવરોને પણ આપવામાં છે, તેથી તેમને માટે પણ 'આનંદી નાતાલ' થાય છે.

બાઇબલ—"આજ દાઉદના શહેરમાં (બેથલેહેમ) તમારે સારૂ ારનાર, એટલે ખ્રિસ્ત પ્રભુ જન્મ્યા છે." જયતુ આનંદી નાતાલ, ભુના જન્મકાળ। તથાસ્તુ.

સ્વિટ્ઝર્લાંડની કેળવણી.

ઃ—રા. પ્રભાશંકર મયાશંકર જોશી—હંટર મેલ ટ્રેનિંગ કોલેજ,—રાજકોટ.

તમામ સુધરેલી પ્રજામાં આદર્શરૂપ ગણાતી સ્વિટ્ઝર્લાંડની કેળવણીની વિચારપૂર્વક રચાએલી છે. તે મુખ્ય બે સૂત્રને અવલંબે છે.

ું સૂત્ર-શિક્ષણનું કાર્ય માથે લેનાર વ્યક્તિ પોતાનું આખું જીવન તેને સમર્પે છે.

ું સૂત્ર-કેળવણીનું લક્ષ્યબિંદુ, દરેક વ્યક્તિ તેમજ દરેક બાળકને એક સરખું ભણાવવું તે નથી, પણ દરેકને પોતાની શક્તિને યોગ્ય કેળવણી મળે, તેવું કરવાનું છે.

સૌને પોતાને યોગ્ય કેળવણી મળતાં તેનામાં રહેલી શક્તિ ખીલે તે ખીલેલી શક્તિ પોતાના લાભ માટે, અને રાજ્યના લાભ માટે છે, તેથી એક શહેરી તરીકે પોતાની ફરજો યથાર્થ બજાવી શકે પ્રજાસત્તાક રાજ્ય એમ માને છે કે સામાન્ય કેળવણી રાજ્યની ા માટે જરૂરની છે. તેથી રાજ્યની ફરજ છે કે રાજ્યના કોઈ પણ ુરૂષ તથા બાળકની શક્તિ નકામી ન જાય. સામાન્ય કેળવણીમાં દોષ એ છે કે દરેક બાળકને એક સરખા વિષય શીખવા પડે છે. દાખલા કે ગણિત પોતાને ન ગમતું હોય તોપણ તે વિષયો તેને ખવા પડે છે. આ રીતે પોતાને મનગમતો વિષય ન મળવાથી તેની

શક્તિઓ સંપૂર્ણ ખીલી શકતી નથી. તેથી જિંદગી નકામી રાજ્યને કેળવણીની અંતિમ ઇચ્છા, દરેક માણસ યોગ્ય જીવન તેમજ માતૃભૂમિની ઉત્તમ સેવા કરી શકે એમ કરવાની છે પાયાવાળું સુંદર મકાન નકામું ને ભયંકર છે, તેમ કાચા કેળવણી પણ નકામી ને ભયંકર છે તે કેળવણી એક પણ સારો કરી શકશે નહિ. એટલા માટે રાજ્ય પ્રાથમિક કેળવણી તર માતા જેવી દૃષ્ટિથી જુએ છે.

એક અમેરિકન પોતાના રાજ્યની કેળવણીની પદ્ધતિ સાથે સ્વીસ કેળવણી વિષે નીચે પ્રમાણે લખે છેઃ—

અમારા દેશમાં સંસારની મુશ્કેલીમાંથી પાર ઉતરનારની છે. જે માણસ તોફાનમાંથી સહીસલામત બહાર આવે છે, તેને તરફથી કીર્તિ પ્રાપ્ત થાય છે. હિંમતથી સંસારની મુશ્કેલી સાથે પણ બીનફતેહમંદને કોઈ પિછાણતું નથી. આબરૂ અને કદર એ એકજ રસ્તો છે સમાજની પ્રગતિની ટોચે જવું અથવા અ. ભૂસાઈ જવું, આ સિવાય ત્રીજો રસ્તો નથી.

સ્વિટ્ઝર્લૅંડની પ્રજાએ પોતાના આદર્શરૂપ હેતુનાં પગથી છે માણસ મુશ્કેલી શી રીતે ખમેડી શકે તેનોજ વિચાર કર્યો આદર્શ દૈવી પુરુષો ઉત્પન્ન કરવાનું નથી, પણ સામાન્ય સમા માન ને ઉચ્ચ વૃત્તિવાળી થાય તેમ કરવાનું છે, કારણ કે પ્રજાસ ની સરળતા ને દૃઢતા આખી પ્રજાની માનસિક ઉન્નતિ ઉપર રાખે છે એકાદ બે પ્રભાવશાળી પુરુષો ઉપજે નહિ આને કેળવણીનું લક્ષ્યબિંદુ માન્યું છે

આ વાત સ્પષ્ટ કરવા માટે શિષ્ય ને શિક્ષક વચ્ચે કેવો તેના એક બે દાખલા આપીએઃ—

સવાર પડતાંજ બાળક પોતાના વર્ગના ઓરડામાં દાખલ થાય થતાંજ હર્ષથી પ્રફુલ્લિત પોતાના ગુરુને પોતાના વર્ગમાં ઉભેલો બાળક પ્રેમપૂર્વક પોતાના ગુરુને નમસ્કાર કરે છે, ને કુશ નિશાળનો વખત પુરો થતાં પણ આ પ્રમાણે બને છે શિષ્ય નિશાળમાં મળે, અગર રસ્તામાં મળે, કે રમત ગમતના સ્થા

મળે, પણ આવોજ વિવેક, માન, અને પ્રેમાળપણું દેખાય છે. શિક્ષકના ધંધામાં સંપૂર્ણ પ્રેમ ને ઉત્સાહ હોય, તેજ માણસ શિક્ષક છે ઉપલી કૃતિનો હાર્દ એટલે માત્ર આ રિવાજજ છે. શિક્ષકો એનેજ જીવનનો ઉદ્દેશ માને છે, ને તન્મય જીવન બનાવી દે છે. સ્વિટ્ઝ- એવો એક પણ માણસ શોધ્યો નહિ જડે કે જેના મનમાં પોતાની ઉત્તમોત્તમ બનાવવાના, ને પોતાના દેશનું હિત વધારવાના વિચાર ઘોળાયા કરતા નહિ હોય. તેથી એક શિક્ષક પોતાથી જેટલું બનશે મહેનત લઈ પોતાના શિષ્યનું સુખ વધારશે.

આ સંબંધની પુરી ખીલવણી માટે શિક્ષક પોતાના વર્ગના બાળકો બે ત્રણ વરસ સાથે રહે છે. જેમ જેમ બાળકો ઉંચા વર્ગમાં ચડતા છે, તેમ તેમ શિક્ષકને પણ ઉંચા ધોરણમાં ચડાવતા જાય છે. એટલે સાથે તેને પણ ઉંચા વર્ગમાં મોકલે છે. આમ કુંડાળું પુરૂં કરી મૂળ એ આવે છે. વળી બીજા સમૂહને પણ આ રીતે ઉંચે ચડાવે છે. વે બોલતા શિક્ષક કહે છે કે "અમે બાળકોને માત્ર શીખવીએ એટલુંજ નહિ પણ બાળકોને યથાર્થ રીતે કેળવીએ છીએ.

કેળવણીનું બીજું લક્ષણ:—જેટલું બની શકે તેટલું મોઢેથી કામ એ છે. સ્વીસ શિક્ષકને હાથમાં ચોપડી રાખી ભણાવતો ભાગ્યેજ . લગભગ બધું કામ નિશાળમાંજ થાય છે. પાઠો ઘેરથી કરવાના જ અપાય છે. ઘેર પાઠો આપવાથી મોટામાં મોટું નુકસાન એ થાય શિક્ષકે શિષ્યની માનસિક વૃત્તિ કેળવી પોતાની ને શિષ્ય વચ્ચે જે બાંધ્યો હોય છે તે વીખરાઈ જાય છે, ને લીધેલી બધી મહેનત નકામી છે. બાલ્યાવસ્થામાં બાળકોને કામ કરવાનો કોઈ પણ નિશ્ચિત હોતો નથી, તેથી ગમે તેમ વર્તે છે. પરિણામ એ થાય છે કે શિષ્ય શિક્ષક વચ્ચેનો સહાનુભાવ નાશ પામે છે. નવા નિશાળીઓ સદા નિશાળીઓ રહે છે. પુખ્ત વયેજ વિદ્યાર્થીમાં કામ કરવાના ચોક્કસ બંધાય છે, તે વખતે ઘેર પાઠો આપવાથી તેની બુદ્ધિ ખીલે છે, બાળક ઝડપથી આગળ વધે છે ખાસ કરીને માધ્યમિક શાળાઓમાં ઝર્લેંડમાં શિક્ષકની નજર બહાર કામ કરવાનું બહુજ ચોક્કુ હોય છે.

આપણા દેશની પ્રાચીન ગુરૂકુળો જેવી સંસ્થાઓ ત્યાં છે. આવી

સંસ્થાઓમાં ગુરુ અને શિષ્ય આખુ વરસ સાથે રહે છે. આ સંસ્થા વૃક્ષની છાયા નીચે શીખવતા કુલપતિ અને વિદ્યાર્થીઓનું સ્મરણ છે આવી રીત તજી દેવામાં આપણે કેવી ભયંકર ભૂલ કરી છે તેનું કરાવે છે. આ પદ્ધતિએ કામ કરતાં સ્વિટ્ઝર્લાંડની પ્રજા એક બની છે. તેના નાગરિકો રાજ્ય ફરજને ઈશ્વરી ફરજ માને છે. ની પ્રજાએ સાચો વિચાર કરી યોજેલી પદ્ધતિઓનું અવલોકન તો આપણને તુરત માલમ પડશે કે આ રીતો મનુ ભગવાનની જરાપણ જુદી પડતી નથી. બન્નેનું સૂત્ર એકજ છે. ખરી કેળવણી કહેવાય કે જેથી નમુનેદાર પ્રજા ઉત્પન્ન થાય આના બીજા દાખલા ઈંગ્લાંડની મજુર વર્ગની કેળવણીની સંસ્થા છે. તેનો એક નિયમ કે અને ત્યાં સુધી નિશાળો ને પાઠશાળાઓ શહેર કે ગામથી દૂ આવે છે. બાળકોને લઈ જવા ને લાવવા માટે ટ્રામની ખાસ ગોઠવણ હોય છે.

સ્વિટ્ઝર્લાંડમાં દરેક શિક્ષક સંપૂર્ણ પ્રેમથી પોતાનો ધંધો પ હોય છે. શાળાના માણસો લગભગ બધા કાયમના હોય છે. ટ્રેનિંગની જરૂર છે. પણ એકલી ટ્રેનિંગ એટલે પ્રેમ વગરની ટ્રેનિંગ છે, એટલુંજ નહિ પણ ઉલટી નુકશાનકારક છે. કારણ કે શિક્ષક અમુક રીત સારી છે માટે ગ્રહણ કરે છે એમ નથી હોતું, પણ શીખેલો છે માટે વાપરે છે એને રીત બદલવાની માથાકુટ કરવી નથી. તેથી છેવટે શિક્ષક માત્ર યંત્રવત્ બની રહે છે ગમે તેટલી આત્મભોગની ખોટ પુરી શકે નહિ.

આપણે ખાસ પગારની અને ટ્રેનિંગ આપવાની વાતોમાં પડયા એવી વાતો નિરર્થક છે. સ્વિટ્ઝર્લાંડના જેવા આત્મભોગી અને સ્વા શિક્ષકવર્ગની જરૂર છે.

સ્વિટ્ઝર્લાંડની નિશાળ તપાસવાની રીતનું અવલોકન કરીશું, આપણને આથી પણ વિશેષ નવાઈ લાગશે આપણા દેશમાં તો આવી સૂચવનારની હાંસી થાય.

નીચેનો સરક્યુલર વાંચવાથી આપણને સ્વિટ્ઝર્લાંડમાં કેળવણી જીવતી વસ્તુ છે તે દેખાશે.

નાના બાળકોને અભિનંદન!!!

પ્રાથમિક શાળાના ઇન્સ્પેક્ટરનો શિક્ષકો પ્રત્યે સરક્યુલર.

નિશાળ ઉઘડવાનો પહેલો દિવસ ભારે મહત્વનો છે. આજરોજ આપણા નાના બાળકો કાયદાનુસાર પોતાની પહેલી મુસાફરી નિશાળ તરફ લગભગ બધા બાળકોનાં હૃદય આતુરતાથી આ દિવસની વાટ જોઈ છે. થોડાકજ બાળકો પોતાના માબાપની અનિચ્છાએ કરીને કમન- રહેશે.

ઘણાખરા પરગણામાં બાળકો માટે સુશોભિત વાડીવાળાં સુંદર મકાનો છે. પણ બાકીના પરગણામાં સાદાં, જુનાં, પ્રમાણમાં નીચ મકાનોથી માની લેવો પડે છે. મકાનો સાદાં હોય છે, પણ સાધનો પુરેપુરાં છે. સ્વચ્છતા અને સગવડતાની કોઈ પણ પ્રકારની ખામી હોતી નથી. યોગ્ય વખતે બાળકો પોતાના વડીલ ભાઈ, બહેન, અથવા માબાપ નિશાળના ઉંમરામાં પગ મૂકે છે. બાળકો એકલા ભાગ્યેજ આવે છે. વિચાર તેઓના અંતઃકરણમાં એ આવે છે કે "શિક્ષક મારી પ્રત્યે રીતે જોશે" "મને ઓળખશે ખરા!" "મારી સામે તેઓની નજર "મને કેટલુંક આવડે છે તે સાંભળશે" "હું ખૂબ ભણીશ, મારા ભાઈ ી માફક હું વાચતાં, લખતાં, ને કાખના ગણતા એકદમ શીખી જઈશ. ર મને રજા મળશે કે તરત મારા બાપા પાસે દોડી જઈશ, અને મેં જે જોયું, જે જે સાંભળ્યું, તે તે બધું કહીશ. મારા બાપા મને સારાં ોવાળી એક નવી બાળપોથી અપાવશે હું ખૂબ મહેનત કરીશ સપાટા- વાચતાં લખતાં શીખી જઈશ. મારા પાઠો મારા બાપા પાસે વાંચી ે ખુશ કરીશ."

આવા આવા ઘણી જાતના તરંગો બાળકોના મનમાં જાગે છે. તેવી આ પહેલા દિવસની ચિન્તા તેના માબાપોને ઓછી હોતી નથી. ગોની ભાવિષ્યના લડત માટેનાં એક ઉપયોગી સાધન તરીકે કેળવણીની ખરી કિંમતનું તેમને ભાન હોય છે. પછી બાળકને એક સેકન્ડરી માં મોકલવા પડશે અને આશા છે કે ત્યાં આ એક હોંશિયાર વિ- ી બનશે. ભવિષ્યમાં એક સારો શિક્ષક, ઉપદેશક, અથવા ધંધાદારી બનશે. ા હશે તો યોગ્ય કેળવણી લીધા પછી સારી સ્થિતિમાં આવશે, અથવા સારી ગૃહિણી તરીકે ઉજાળશે.

સંસ્થાઓમાં ગુરુ અને શિષ્ય આખું વરસ સાથે રહે છે આ સંસ્થા આપણને વૃક્ષની છાયા નીચે શીખવતા કુલપતિ અને વિદ્યાર્થીઓનું, સ્મરણ કરાવે છે. આવી રીત તજી દેવામાં આપણે કેવી ભયંકર ભૂલ કરી છે' તેનું સ્મરણ કરાવે છે આ પદ્ધતિએ કામ કરતાં સ્વિટ્ઝર્લાંડની પ્રજા એક આદર્શરૂપ બની છે. તેના નાગરિકો રાજ્ય ફરજને ઈશ્વરી ફરજ માને છે. પશ્ચિમની પ્રજાએ લાંબો વિચાર કરી યોજેલી પદ્ધતિઓનું અવલોકન ,કરીશું, તો આપણને તુરત માલમ પડશે કે આ રીતો મનુ ભગવાનની રીતોથી જરાપણ જુદી પડતી નથી. બન્નેનું સૂત્ર એકજ છે. ખરી કેળવણી એજ કહેવાય કે જેથી નમુનેદાર પ્રજા ઉત્પન્ન થાય આના બીજા દાખલા તરીકે 'ઇંગ્લાંડની મજુર વર્ગની કેળવણીની સંસ્થા છે. તેનો એક નિયમ એવો છે કે બને ત્યાં સુધી નિશાળો ને પાઠશાળાઓ શહેર કે ગામથી દૂર રાખવામાં આવે છે. બાળકોને લઈ જવા ને લાવવા માટે ટ્રામની ખાસ ગોઠવણ કરેલી હોય છે.

સ્વિટ્ઝર્લૅંડમાં દરેક શિક્ષકે સંપૂર્ણ પ્રેમથી પોતાનો ધંધો પસંદ કરેલો હોય છે. શાળાના માણસો લગભગ બધા કાયમના હોય છે. શિક્ષકને ટ્રેનિંગની જરૂર છે. પણ એકલી ટ્રેનિંગ એટલે પ્રેમ વગરની ટ્રેનિંગ નકામી છે, એટલુંજ નહિ પણ ઉલટી નુકશાનકારક છે. કારણ કે શિક્ષક પોતે અમુક રીત સારી છે માટે ગ્રહણ કરે છે એમ નથી હોતું, પણ પોતે શીખેલો છે માટે વાપરે છે. એને રીત બદલવાની માથાકૂટ કરવી ગમતી નથી. તેથી છેવટે શિક્ષક માત્ર યંત્રવત્ બની રહે છે. ગમે તેટલી ટ્રેનિંગ આત્મભોગની ખોટ પુરી શકે નહિ.

આપણે ખાસ પગારની અને ટ્રેનિંગ આપવાની વાતોમાં પડ્યા છીએ એની વાતો નિરર્થક છે. સ્વિટ્ઝર્લૅંડના જેવા આત્મભોગી અને સ્વાભિમાની શિક્ષકવર્ગની જરૂર છે.

સ્વિટ્ઝર્લાંડની નિશાળ તપાસવાની રીતનું અવલોકન કરીશું, તો આપણને આથી પણ વિશેષ નવાઈ લાગશે આપણા દેશમાં તો આવી રીત સૂચવનારની હાંસી થાય.

નીચેનો સરક્યુલર વાંચવાથી આપણને સ્વિટ્ઝર્લાંડમાં કેળવણી કેટ જીવની વસ્તુ છે તે દેખાશે.

નાના બાળકોને અભિનંદન!!

પ્રાથમિક શાળાના ઇન્સ્પેક્ટરનો શિક્ષકો પ્રત્યે સરક્યુલર.

નિશાળ ઉઘડવાનો પહેલો દિવસ ભારે મહત્વનો છે. આજરોજ આપણા દેશના નાના બાળકો કાયદાનુસાર પોતાની પહેલી મુસાફરી નિશાળ તરફ કરશે. લગભગ બધા બાળકોનાં હૃદય આતુરતાથી આ દિવસની વાટ જોઈ રહ્યાં છે. થોડાકજ બાળકો પોતાના માબાપની અનિચ્છાએ કરીને કમનશીલ રહેશે.

ઘણાખરા પરગણામાં બાળકો માટે સુશોભિત વાડીવાળાં સુંદર મકાનો હોય છે. પણ બાકીના પરગણાઓમાં સાદાં, જુનાં, પ્રમાણમાં ગીચ મકાનોથી સંતોષ માની લેવો પડે છે. મકાનો સાદાં હોય છે, પણ સાધનો પુરેપુરાં હોય છે. સ્વચ્છતા અને સગવડતાની કોઈ પણ પ્રકારની ખામી હોતી નથી.

યોગ્ય વખતે બાળકો પોતાના વડીલ ભાઈ, બ્હેન, અથવા માબાપ સાથે નિશાળના ઉમરામાં પગ મૂકે છે. બાળકો એકલા ભાગ્યેજ આવે છે." પહેલો વિચાર તેઓના અંતઃકરણમાં એ આવે છે કે "શિક્ષક મારી પ્રત્યે કેવી રીતે વર્તશે" "મને ઓળખશે ખરા" "મારી સામે તેઓની નજર ફરી" "મને કેટલુંક આવડે છે તે સાંભળશે" "હું ખુબ ભણીશ, મારા ભાઈ બેનની માફક હું વાચતાં, લખતાં, ને દાખલા ગણતાં એકદમ શીખી જઈશ. બપોરે મને રજા મળશે કે તરત મારા બાપા પાસે દોડી જઈશ, અને મેં જે જે જોયું, જે જે સાંભળ્યું, તે તે બધું કહીશ. મારા બાપા મને સારાં ચિત્રોવાળી એક નવી બાળપોથી અપાવશે. હું ખુબ મહેનત કરીશ સપાટાબંધ વાચતાં લખતાં શીખી જઈશ. મારા પાઠો મારા બાપા પાસે વાચી તેમને ખુશ કરીશ."

આવા આવા ઘણી જાતના તરંગો બાળકોના મનમાં જાગે છે. તેવી રીતે આ પહેલા દિવસની ચિન્તા તેના માબાપોને ઓછી હોતી નથી. જિંદગીની બાજીના લડત માટેના એક ઉપયોગી સાધન તરીકે કેળવણીની ખરેખરી કિંમતનું તેમને ભાન હોય છે. પછી બાળકને એક સેકન્ડરી સ્કૂલમાં મોકલવા પડશે. મને આશા છે કે ત્યાં આ એક હોંશિયાર વિદ્યાર્થી બનશે. ભવિષ્યમાં એક સારો શિક્ષક, ઉપદેશક, અથવા ધંધાદારી બનશે. કન્યા હશે તો યોગ્ય કેળવણી લીધા પછી સારી સ્થિતિમાં આવશે, અથવા એક સારી ગૃહિણી તરીકે ઉજળાશે.

બાળકને વિદાય કરતી વખતે કઈ માતાને આંસુ આવ્યાં નહિ હોય અને કઈ માતાએ સજળ નેત્રે પોતાના બાળક માટે ઈશ્વર પાસે પ્રાર્થના કરી "સુખી અને ડાહ્યા થાઓ" એવો આશીર્વાદ આપ્યો નહિ હોય !! પુત્રવત્સલ હિંદુ માતાને આ કહેવાની જરૂર નથી.

આનંદથી ને સહેજ સશંક હૃદયે આ બધા વિદ્યાર્થીઓ નિશાળે આવે છે, ને ત્યાં શું હોય છે તે જોઈએ. શિક્ષકના મનની તેમજ હૃદયની સ્થિતિ નવાં આવેલાં બાળકો તરફ કેવી લાગણીવાળી હશે ? તેના મનમાં પોતાની આ નવી થાપણ વિષે હજારો વિચારો મનમાં દોડતા હશે. પ્રિય શિક્ષક !! આવે વખતે સખ્તાઈ કે કપાળની કરચલી દૂર રાખજે. આ દિવસને પ્રભુના દિવસ જેવો પવિત્ર ગણજે. નવા આવેલાં કુમળાં હૃદયવાળાં બાળકોને સરલ હૃદય અને સંપૂર્ણ પ્રેમથી આવકાર આપજે. નવી ફરજની જોખમદારીના વિચારે તારૂં મન શંકિત થાય, તોપણ એ ભાવ તારા મોઢા પર જણાવા દઈશ નહિ બહાર તો સંપૂર્ણ આનંદ અને ઉત્સાહ સાચવજે. બાળકનો આખા વરસનો ઘણોખરો આનંદ તેને મળેલા પહેલા દિવસના આવકાર ઉપર આધાર રાખે છે. શિષ્ય અને શિક્ષકના હૃદય સંગી જશે કે ઉંચાં રહેશે, તે આ દિવસની સ્થિતિ ઘણે ભાગે નક્કી કરી નાખે છે.

આપણે તો એમજ માનીએ કે બંનેને લાભ થશે, બંનેને ઘણું નવું જાણવાનું તેમજ શીખવાનું મળશે; શિષ્ય અને શિક્ષકને એકતા શાથી બને છે તે શબ્દોમાં કહેવું લગભગ અશક્યજ છે છતાં કહું છું કે હમેશ હૃદયમાં પ્રેમ અને ફરજ વિષે ઉચ્ચ અભિમાન રાખજો. શાળાને એક આનંદનું સ્થાન બનાવી દેજો. શાળાનો ઘંટ બાળકના હૃદયમાં ધ્રાસકો ન પાડે, પણ નિશાળ ઉઘડવાના વખતની બાળકો આતુરતાથી રાહ જુએ. તેજ ખરી નિશાળ અને તેજ ખરો શિક્ષક. શાળાને બીજા ઘર સમાન બનાવજો. શાળાના શરૂઆતના દિવસોમાં જેમ બને તેમ સખ્તાઈ ને હુકમ દૂર રાખજો. બાળકનું ધ્યાન રમત, ગમત, ને વિશ્રામ તરફ વધારે વધારે રોકાય, ને કરેટપાત કાર્યક્રમનું ભાન થાય તેમ કરજો. સૃષ્ટિને જાગૃત કરનારાં સૂર્યનાં કિરણો સવારમાં ખીલે, ત્યારે તમારા વિદ્યાર્થી સાથે અર્ધો કે આખો કલાક બહાર નીકળજો. વન કે ઉપવનમાં ઉડતા ચળકતી પાંખોવાળાં પતંગીઆથી ફરતાં ફરતાં સંખ્યાંકના પાઠો શીખવાય છે, તેવા સરસ નિર્જીવ સખોડા ચોપડીથી કદી પણ શીખવી શકાશે નહિ. વનમાં રખડતાં, ઝાડની છાયા નીચે,

પવનની ઠંડી લહેરોમાં, બાળકો સાથે હસવામાં, રમવામાં ને વાતો કહેવામાં શરૂઆતનો અર્ધો કે આખો કલાક આનંદમાં ગાળજો ઉનાળો બેસતાં શાળાના પાઠો પ્રતિ વધારે ને વધારે ધ્યાન આપવાનું અને નિયમસર કામ કરવાનું શરૂ કરશો, તો જરાપણ મોડું ગણાશે નહિ "આવી રીતે ગૃહકેળવણીથી શાળા અને શાળાની રમતોથી બાળકને જરાપણ કંટાળો આવ્યા વગર નિયમસર કાર્યક્રમ તરફ આણી શકશો આ રીતથી વર્તીએ તોજ આપણે બાળકને તેના સ્વચ્છંદ બાલ્યજીવનમાંથી નિયમવાળા શાળાના જીવનમાં લાવી શકીશું. ભવિષ્યમાં જ્યારે જ્યારે તેને શાળાજીવનનાં સ્મરણો આવશે, ત્યારે ત્યારે આનો પડઘો આનંદની લાગણીઓથી હૃદયને છલોછલ ભરી દેશે

નાના બાળકો આવો! પ્રભુ તમારી ઇચ્છાઓ પરિપૂર્ણ કરો!! જ્યાં આવી ઉત્તમ ભાવનાઓ પ્રવર્તે છે, તે દેશની કેળવણી શ્રેષ્ઠ થાય, તેમાં શી નવાઈ! આમ થવામાં તેને તેનાં કુદરતી સાધનો પણ મદદ કરે છે.

હિંદમાં શિક્ષકોને જ્યારે બીજો ધંધો જડતો નથી ત્યારે કેળવણી ખાતામાં જોડાય છે, ને સ્વિટ્ઝર્લાંડના પ્રેમી, ઉત્સાહી ને લાગણીવાળા માણસો સ્વાર્થનો ભોગ આપી શિક્ષક થાય છે. તેથીજ તેની કૃતિ દુનિયાને અનુકરણીય ને તેના દેશને લાભકારક નીવડી છે *

વિજ્ઞાનના પાઠ સંબંધી સૂચના.

(લેખકઃ—રા. રા. પુરુષોત્તમ જી. પંડ્યા)

(અનુસંધાન પુ. ૫૮મું પૃષ્ઠ ૨૫૪.)

પાઠ ૯૦ મો

ઍસિડ, આલ્કલી અને ક્ષાર

આ પાઠમાં નીચેના મુદ્દાઓ લઈ શકાય—

૧ જે પદાર્થો સ્વાદે ખાટા, ગુણમાં ખાદક અને નીલા લિટમસ અગર જાસવંતીના ફૂલના રસને લાલ બનાવે છે, તે ઍસિડના ગુણવાળા પદાર્થો છે.

---

* મિ. એરન્ડેલના એક લેખ ઉપરથી.

મુનાસબ (અ); મુનાસિબ=સંબંધ રાખનાર.

મુનીમ (અ). મુનીબ. વાણોતર, મદદગાર.

મુફલસ (અ). મુફ્લિસ, ગરીબ, નિર્ધન ફલ્સ=પૈસા ઉપરથી.

મુફતી (અ). મુફતી મુસલમાની ધર્મ પ્રમાણે કેમનો ચુકાદો આપનાર.

મુફાસલો (અ) મુફાસિલા છેડું, જુદાઇ, અતર, ફસલ=ઉપરથી.

મુબારક (અ). વધારો મળેલો છે તેવા. નેક બખ્તી વાળો, ભાગ્યશાળી, સુખી,

મુબારકબાદી (અ–ફા). મુબારક+બાદ+ઈ, ખુશાલી બતાવવી. એકનું સારૂં થવાથી બીજાએ તેને આશિષ દેવી. બરક=તે આશીર્વાદ પામ્યો ઉપરથી

મુમતાજ મહાલ (અ.) મુમ્તાજ=આબરૂ પામેલી. શાહેજહાં બાદશાહની બેગમ અર્જમંદ બાનુ બેગમનું નામ છે. માજ=જુદું પડવું ઉપરથી.

મુરબ્બી (અ). પાળનાર રબ્બ=માબાપ સિવાવ બીજાની ગોઆળથી ઉછરેલો એ ઉપરથી.

મુરબ્બો (અ). મુરબ્બા. ખાંડ સાકરની ચાસણીમાં આવેલી વસ્તુ. કેરીનો મુરબ્બો વગેરે મુરબ્બીને મુરબ્બામાં એકજ ધાતુ છે.

મુરવત (અ). મુરવ્વત, મર્દાનગી, ઉપકાર.

મુરસદ (અ). મુર્શિદ. સારો રસ્તો દેખાડનાર. રશદ=તેણે તેને ખરે રસ્તો દોર્યો ઉપરથી.

મુરાતબ (અ). મરાતિબ મર્તબા=પદવી; દરજ્જો, એનું બહુ વચન, મુરાતિબ.

મુરાદ (અ). ઇચ્છા રવદ=પૂછવું ઉપરથી.

મુરીદ (અ). શિષ્ય, ચેલો, ઇરાદો કરનાર.

મુલક (અ). મુલ્ક.

મુલકગીરી (અ. ફા.) મુલ્કગીરી દેશમાં ફરવા નીકળવું.

મુલકી (અ). મુલ્કી-મુલક સંબંધી.

મુલતવી (અ) મુલ્તવી. વાર કરવી વાળનાર, બાકીમાં રાખવું.

મુલાયમ (અ) મુલાઇમ યોગ્ય, અનુકૂલ, એકનું થનાર, નરમ, સુંવાળું, પોચું.

મુલાકાત (અ). મળવું.

મુલ્લાં (અ). મુલગ 'મલઉન' પરથી. 'મુલાઅ' ને તે પરથી મુલ્લા. ભરેલો (વિદ્યાથી), વિદ્વાન.

[અપૂર્ણ].

પત્રલેખનની કળા.

(લેખક—મિ. અમૃતલાલ માધવલાલ શાસ્ત્રી. તાલુકાસ્કૂલ, કતારગામ)

જનસમાજમાં પત્રવ્યવહાર સામાન્ય છે, પરંતુ સુભાષિત પત્રો લખવાની કળા સંપાદન કરવી સર્વને માટે સાધારણ નથી તે પ્રાપ્ત કરવાને કેટલાક નિયમો પાળવાની અગત્ય છે. લેખનશક્તિ કેળવવામાં પત્રલેખન પાયારૂપે છે, અને તેજ કારણથી પ્રાથમિક શાળામાં તેને સ્વતંત્ર રીતે લેખનપદ્ધતિ—નિબંધ શીખવવાના વિષયમાં પ્રથમ સ્થાન આપવામાં આવે છે. એ કારણથી એ વિષયની ચર્ચા શિક્ષક અને શિષ્ય ઉભય વર્ગને કેટલેક અંશે લાભદાયી થશે એવી આશા છે.

પત્રનો બાહ્ય દેખાવ ને સૌંદર્ય નિહાળતાંજ અનેક પ્રકારની લાગણીઓ સ્ફુરી આવે છે, ને તે પરથી લેખકની પ્રકૃતિ અને સ્થિતિ સંબંધી પણ કેટલીક અનુમાન થઈ શકે છે. ડાઘાડુઘી ને છેકછાક થએલા હોય એવો કાગળ જોતાંજ કંટાળો ઉપજે છે, ને તે પત્રનો લેખક ઉતાવળીઓ, અસ્વસ્થ ચિત્તવાળો તથા અવ્યવસ્થિત રીતે કામ કરનારો છે એમ દર્શાવે છે. સુંદર પણ ઝીણા ને ખીચાખીચ ભરેલા અક્ષરોથી લખેલું પત્ર, તેનો લખનાર શાંત પ્રકૃતિનો પણ કંજુસ ને દીનવૃત્તિનો છે એમ સૂચવે છે.

કાગળનો નાનો સરખો ટુકડો અજાયબ શક્તિ ધરાવે છે. જીવનના અવનવા પ્રસંગ માટે ધન્યવાદની લાગણી પ્રદર્શિત કરતાં અભિનંદનપત્રો આપણને અધિકતર ઉચ્ચ થવાને પ્રેરે છે. ઉપકાર અને પ્રેમનાં ચિહ્નોથી અંકિત થએલા પત્રો જીવનમાં રસ ભરી સ્વર્ગીય સુખનું ભાન કરાવે છે; આશ્વાસન પત્રો જ્ઞાન—જળનું સિંચન કરી શુષ્ક હૃદયને નવીન ચૈતન્ય અર્પે છે. નાનાં બાળકો તરફ પણ વહાલભર્યા બે અક્ષરો લખવાથી તેમનાં હૃદયમાં આનંદ સ્ફુરે છે, ને એવા પત્રોમાં તેમને આપેલા ઉપદેશના સંસ્કાર દૃઢ પડે છે, અને વળી તે ઉપરાંત, તે બાળકની લખનશક્તિને ઉત્તેજન મળે છે. આમ પત્રરચનની કળાને સારી રીતે ખેડવાથી ઉત્કૃષ્ટ પરિણામ આવે છે, પરંતુ તેમ કરવાને કેટલાક નિયમો પાળવાની અગત્ય છે. માટે એ સંબંધી કેટલાક ઉપયોગી નિયમો અત્રે આપવામાં આવે છે.

પ્રથમ તો આપણા ઉપર જે પત્રો આવતાં હોય તેનું વર્ગીકરણ કરીને

નિયમ પ્રમાણે ગોઠવવા. વડીલ, મિત્ર, આશ્રિત, પત્ની, ભગિની ને નવીન પરિચયવાળા એવા અનુકૂળ વર્ગ યોજવા; કારણ કે એમ કરવાથી ઉત્તર આપતી વખતે તેમની યોગ્યતાને અનુસરી લખી શકાય. ઉત્તર આપતી વખતે વડીલ તરફ પૂજ્યત્વ, સ્નેહી પ્રતિ પ્રેમ, આભાર, ઉત્સાહ ને સલાહ જેવી લાગણીઓ અધિકાર પ્રમાણે દર્શાવવાનું ધ્યાનમાં રાખવાનું આથી બની શકે છે, પ્રત્યુત્તર આપતાં તેમનાં આવેલા પત્રોની મુખ્ય હકીકત યાદ કરી જવી, ને તે પરથી પત્ર લખવાના મુદ્દા ખોળી કાઢવા.

પત્ર લખતાં પહેલાં મનને સ્વસ્થ કરવું ને શાંત ચિત્તે વિચાર કરવા. મનને શાંત કર્યા પછી જે વિચાર જણાવવાના હોય તે સંબંધપૂર્વક સ્પષ્ટ ભાષામાં ને સ્વચ્છ અક્ષરે લખવા, પોતાના લખાણથી સામા માણસને કેવી અસર થશે તે વિષે પોતાના અંગત અનુભવથી કલ્પના કરી લેવી. છેવટે પત્ર લખ્યા પછી પુનઃ વાંચી જવો એથી ભાષા ને સંકલનાના દોષ જણાઈ આવે છે, ને તે પત્રથી સામા માણસ પર કેવી અસર થશે તે વિષે કંઈક અનુમાન થઈ શકે છે. પત્રમાં વિચારોને ક્રમિક ગોઠવવા જોઈએ. હાલ ઘણા ખરા પત્રોમાં વિષયનું અસંબદ્ધપણું એ મોટો દોષ જોવામાં આવે છે. " સુરત ગયો. કેરીગાળો ચાલુ છે. સાહિત્યની પરીક્ષાની તારીખ જણાઈ? ભટ્ટભાઈ કાગળને માટે પૂછાવે છે. ભરોસાની ભેંસ ભૂખે તો ન મરેને? રસપુરીનાં રોજ ઉડે છે. સાહિત્યની પરીક્ષા માટે પુસ્તકો મેળવ્યાં?" આમ ન લખતાં વિચારોને ક્રમ મુજબ પેરેગ્રાફ પાડીને દર્શાવવા જોઈએ. આ દોષ—વિચારનું અસંબદ્ધપણું ને વિષયાંતર—થી મુક્ત થવાને પ્રયત્ન કરવો જોઈએ.

હવે પત્રની ભાષા સંબંધી કંઈક કહીશું. ભાષાશૈલીમાં કૃત્રિમતા કે ડોળ ન હોવાં જોઈએ. ભાષા હમેશાં સરળ, સરકારી, એકધારી ને પ્રાસાદિક હોવી જોઈએ. સંસ્કૃતમય શબ્દપ્રયોગોથી અલંકૃત પત્ર કેવળ કૃત્રિમતા દર્શાવી આપે છે, જેમકે.—અધુના ગત ચંદ્રવાસરથા સર્વને સપ્તાહની રજા પડી છે. ઘણા લખકો આ રીતનું અનુકરણ કરી, ક્લિષ્ટ ભાષા લખવામાંજ મહત્તા સચવાતી હોય એમ સમજી તેવું ડોળ બતાવે છે પણ આવી રીતે લખવાથી ભાષા શુદ્ધ ને સરળ થઈ શકતી નથી, માટે તે પદ્ધતિનો ત્યાગ કરવો જોઈએ. જેમ કેવળ સંસ્કૃતમય શબ્દોથી પૂર્ણ ભાષા નિંદ્ય ગણાય છે,

તેમ એકજ પત્રમાં પોતે ઘણી ભાષાનું જ્ઞાન છે તે દર્શાવવાને અનેક ભાષાના પ્રયોગ વાપરીને અગમ્યપણે મિશ્રિત કરેલું લખાણ પણ કેવળ હાસ્યજનક છે.

કેટલાકને પદ્યમાં પત્રો લખવાનો શોખ હોય છે, પણ આમાં સમય ઘણો જાય છે, ને બધાની શક્તિ સારી ન હોવાથી કાવ્યનું સ્વરૂપ નીચું પડવાનો ઘણો સંભવ રહે છે કાવ્યમાં પત્ર લખવાનો પ્રયત્ન કરવો બધાને માટે ઈચ્છવા જોગ નથી કદાચિત પત્રમાં પ્રદર્શિત કરવાની ભાવનાને કાવ્યમાં દર્શાવવાથી તે પ્રયત્ન ફળપ્રદ નીવડે છે.

ગદ્યમાં પત્ર લખવાની બે પદ્ધતિ પ્રચલિત છે, અનેક વિશેષણો વાપરી લાંબા પત્ર લખવાની જુની પદ્ધતિનું જોર હવે નરમ પડતું જાય છે. વેપાર તેમજ વ્યાવહારિક કાર્ય માટે નવી શૈલીથી અજ્ઞાન જનો હજુ પણ જુની રીતે પત્રો લખે છે, પણ નવી રીત ટુંકીને સરળ હોવાથી બહુ જનોમાં માન્ય થતી જાય છે માટે એ પદ્ધતિનો સ્વીકાર કરવો ઇચ્છવા જોગ છે. શાળામાં શિક્ષકે બન્ને રીતે પત્ર લખતાં બાળકોને શીખવવું

પત્રોમાં અનેક વિષયની ચર્ચા થઈ શકે છે, અને ચર્ચાપત્રની સ્થિતિ આવીજ રીતે ઉપસ્થિત થઈ છે. અનેક વિષયો પર પત્રમાં ચર્ચા કરવાથી તે વિષયના જ્ઞાનમાં વૃદ્ધિ થાય છે, ને તેથી લખનાર માણસની લેખનશક્તિ કેળવાય છે. એથી તે લેખક કે વક્તા તરીકે કામ કરવાને સમર્થ નીવડે છે. આ કળાને આમ સારી રીતે કેળવવાથીજ ઘણા મનુષ્યો ઉત્તમ લેખક ને વિચારક તરીકે કીર્તિ મેળવી ગયા છે. સુધરેલા દેશોમાં એ કળાને જોસભેર ખેડવામાં આવે છે. ત્યાં કેટલાંક પુસ્તકો કેવળ પત્રદ્વારા સંવાદના રૂપમાં લખાએલાં છે, અથવા તો કોઈકમાં છુટક પત્રોથી ચર્ચા કરેલી હોય છે. આપણી ગુર્જરગિરામાં પણ એ પદ્ધતિએ કેટલાંક પુસ્તકો રચાએલાં છે.

પત્ર લખતી વખતે લાંબુ લખાણ કરવાનો ઘણાને કટાક્ષ હોય છે, અને કોઈક તો એમ પણ કહે છે કે અમને લાંબું લખાણ કરતાં આવડતું નથી એ સત્ય છે કે વૃથા લંબાણ કરવું સર્વથા અયુક્ત છે, પરંતુ સામા માણસના લખાણના વિષય પરત્વે પ્રત્યુત્તરમાં ચર્ચા કરતી વેળા લંબાણ થાય તે હિતાવહ હોવાથી ઈષ્ટ છે. મૂળ વિષયને વળગી રહી ચર્ચાના સ્વરૂપમાં પત્રો કેમ લખી શકાય તેનાં ઉદાહરણ વિસ્તારભયે અત્રે આપ્યાં નથી. સર-

સૂચના.

૧ પત્ર સંબંધી લખાણ—એડિટર તરફ મોકલવું. છાપવા મોકલવાનું લખાણ કાગળની એક બાજુએ મોકળે અક્ષરે લખવું. છાપવા યોગ્ય લાગશે તો છપાશે, નહિ પસંદ કરેલો લેખ ટિકિટ મોકલી હશે તો પાછો મોકલવામાં આવશે.

૨. **લેખકને ઉત્તેજન**—વિષયો લખી મોકલનારની પૈસા લેવાની ખુશી હશે તો પ્રથમથીજ ખબર આપેથી દર છાપેલે પાને યોગ્યતા પ્રમાણે રૂ. ૧) સુધી આપવામાં આવશે. ચર્ચાપત્ર માટે કંઈ આપવામાં નહિ આવે.

૩. **લવાજમ**—વરસ એકનો રૂ ૧-૩-૦ ટપાલ ખર્ચ સાથે અગાઉથી. વિદ્યાર્થીઓ માટે ૦-૧૦-૦ છુટક અંકના રૂા ૦-૨-૦, પોસ્ટેજ રૂા. ૦-૦-૬ જુદું

૪. **મનિઓર્ડર**—કૂપન પર ગામ કે શહેરનું ઠેકાણું સ્પષ્ટ લખવું. તેમજ ત્યાં એકથી વધારે નિશાળો હોય તો નિશાળનો નંબર તથા શાળાપત્ર ઓફિસ તરફથી અપાએલા સરનામાના લેબલ ઉપરનો નંબર લખવો.

જાહેરખબરના ભાવ.

મુદત.	પેજ.		
	આખું.	અર્ધું.	પા.
આખું વર્ષ.	રૂ. ૬૫	રૂ. ૩૪	રૂ. ૨૦
૬ માસ.	રૂ. ૩૫	રૂ. ૧૮	રૂ ૧૨
ત્રણ માસ.	રૂ ૨૦	રૂ. ૧૦	રૂ. ૭

છુટક છપાવવાનો દર.

દર ત્રણ લીટીનો રૂ ૧-૨-૦ રાખ્યા છે.

આ પત્ર સાથે કોઈ પણ હેંડબીલ વહેંચવામાં આવશે નહિ.

૫ શાળાપત્રમાં આવેલી ખાનગી જાહેરખબરોમાં જણાવેલી ચોપડીઓ ખાતાએ મંજુર કરેલીજ હોય એમ હમેશ હોતું નથી માટે દરેકને મંજુર કરેલી તરીકે ગણવી નહિ.

૬. દરેક માસના શાળાપત્રનો અંક તે માસની તા. ૨૫ મી સુધીમાં ન મળે તો તે માસની આખર તારીખ સુધીમાં અમને ખબર આપવી કે જેથી તે અંક મોકલવા ગોઠવણ થાય. માસ આખર પછી અંક નહિ મળ્યાની ખબર આપનારને જો અંક સિલકમાં હશે તો છુટક અંક પ્રમાણે કિંમત લઈ મોકલવામાં આવશે.

૭ શાળાપત્રનું વરસ જાનુઆરિથી ડિસેમ્બર સુધી ગણવામાં આવે છે માટે ૧૯ની વચમાં જે ગ્રાહક થવા માગતા હશે તેમની પાસેથી [illegible] તેમને [illegible] છુટક અંક [illegible] લેવામાં આવશે

તંત્રી.

જોઈએ છે.—સીનીઅર ટ્રેન્ડ રૂપીઆ ૪૦. દર વર્ષે રૂપીઆ બબ્બે વધારી રૂા. ૫૦. ત્યાર પછી ત્રણ વર્ષે બાદ રૂા. ૫૫. નીચેના શીરનામે

ક.વ —શેઠ રામજી વિદ્યાલય સેક્રેટરિ. ઘાટકોપર (મુંબઈ)
જિલ્લે થાણા.

તાકીદે જોઈએ છે.—ટ્રેન્ડ શિક્ષકો (મેલ અને ફીમેલ) મદરસહ તૈયબીયાહ ગુજરાતી પ્રાયમરી સ્કૂલ માટે લાયકાત ઉમર, પગાર વગેરે. અરજી સાથે નીચલે ઠેકાણે જણાવવું.

૨૭ અબ્બાલી યુસુફઅલી ચીણાવાલા. નવાપુરા—સુરત.

જોઈએ છે—ટ્રેન્ડ ઉર્દુ શિક્ષક, તથા ગુજરાતી શિક્ષક, ને ટ્રેન્ડ ગુજરાતી સ્ત્રીશિક્ષકો, પગાર લાયકાત પ્રમાણે

હેડ મા મનસુખલાલ પ્રભુરામ.
મ. શા. મો. તા. કપડવણજ.

જોઈએ છે—બે ટ્રેન્ડ બે વર્નાક્યુલર ફાઈનલ, બે ઉર્દુ તથા કુરાને શરીફ જાણનાર મુસલમાન ઉમેદવા ને વધુ પસંદ કરવામાં આવશે તાકીદે ટુંકમાં લખો.

ફૈઝુલ્લાહ હમદાની મેનેજર—મદ્રસ—એ.
મોહમદીયા—નં. ૬૯, ૭૦ તુરપુરા સુરત.

જાહેર ખબર.

અત્રેની ગુજરાતી પ્રાથમિક શાળાઓ માટે ટ્રેનિંગ કોલેજમાં પસાર થયેલા શિક્ષકોની જરૂર છે, માટે ઉમેદવારોએ અસલ સર્ટિફિકેટની નકલ સાથે જાત, ઉમર, રહેવાનું ગામ મળતા પગારના આંકડા સાથે અરજી કરવી.

તા. ૨૧—૨—૨૦.

દીવાન સંસ્થાન દેવગઢ બારીયા.

બુક સેલર લલ્લુભાઈ નારણદાસ શાહ, લીમડાચોક—સુરત

અમારી દુકાને શાળામાં ચાલતી તમામ બુકો તથા સ્ટેશનરી સામાન વગેરે, ઓછે ભાવથી આપવામાં આવશે માટે અમારી દુકાનેથી ખરીદવાની કૃપા કરવી.

સહેલાઈથી અંગ્રેજી શીખવું છે ?

જો થોડા ખર્ચે અને પદ્ધતિસર અંગ્રેજી શીખવા માગતા હો તો જરૂર 'અંગ્રેજી શિક્ષક' ખરીદો. કિંમત પોસ્ટેજ સાથે ફક્ત આઠઆના છે.

લખોઃ—દયાશંકર ભાઈશંકર શુક્લ.
ઠે સોનીફળીઆ—સુરત.

બાળકોનું હિત વિચારશો ?

જો ખરેખર બાળકોનું હિત વિચારતા હો, તો અર્ધાઆનાની ટિકીટ બીડી ખુલાસો મગાવો. શિક્ષકોને અને બુકસેલરોને વિશેષ લાભ મળે તેમ છે લખો —

બાલસાહિત્યપ્રકાશ મંદિર.—સોનીફળીઆ—સુરત.

શંકા તજીને વાપરો—દેશીનામું.

સરકારીન શિક્ષકોની જાણ માટે લખવાનું કે મુંબાઈ સર ની ઠરા. બ નં. ૧૪૯૭ તા. ૨-૯-૧૯૦૦ લગત ઉત્તર રિ એ ૪. ન. ૪૪૩ તા. ૧૬-૧-૦૧ થી દેશીનામું નવી ટેક્સ્ટ બુકોમાં મંજુર છે. તે કાયમ છે.

સૌથી પ્રથમ નામા વિષે ચર્ચા કરનારું સ્વતંત્ર પુસ્તક છે. વ્યાવહારિક સિદ્ધાંતોની રચના નવી ધોરણે; ભાષા ઉત્તમ અને સરળ કાગળો ટકાઉ ગ્લેઝ જુના સા કરતાં સસ્તુ છે. કીં. ૦-૩-૦ પો ૦)- ક રૂ. ૩૮.

છગનલાલ લલ્લુભાઈ શાહ દેશીનામાવાળા—વડોદરા.

શિક્ષક તથા શિક્ષકોની જરૂરિયાત પુરી પાડનાર એકજ સ્થળ છે તે તમે જાણો છો ? કે જ્યાં પઝલ બોક્ષ, કીન્ડરગાર્ટન, મોન્ટેસરી-મેથડ, ભૂગોળ, ખગોળ, પદાર્થપાઠ, ડ્રોઇંગ તથા અવાજ, પ્રકાશ, ગરમી, આકર્ષણ, ચિત્ર તથા વિજ્ઞાનને લગતા સાધનો કેમીકલ્સ એસીડ, તોલવાના કાંટા, ક્રિકેટ, ટેનિસ, [illegible], ફુટબોલ વગેરે મળી શકે છે. તે સરનામું નોંધી લો

ગાંધી એન્ડ કું. સુરત.

તૈયાર છે.

'ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ'

કર્તા—રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી.

પ્રસિદ્ધકર્તા—મેસર્સ મેકમિલન અને કંપનિ, હોર્નબિ રોડ, મુંબઇ.

કિંમત રૂ. ૩-૮-૦

પૃષ્ઠ—લગભગ ૬૦૦, ૪૦ પ્રકરણમાં ભાષા—તેનો વિકાસ, ઐતિહાસિક અને અન્ય રીતે તેના વિભાગ, ભાષાનો ઇતિહાસ, વ્યાકરણનાં તમામ વિષયોનું શાસ્ત્રીય વિવરણ, વ્યુત્પત્તિ, શબ્દસિદ્ધિ, ગુજરાતી સાથે આર્ય દેશી ભાષાઓનો મુકાબલો, ભાષા શૈલી, જોડણી, પ્રબંધરસ, ગુણ અલંકાર વૃત્ત, વિચાર વગેરેનું સંપૂર્ણ વિવેચન કરવામાં આવ્યું છે.

ગુજરાતી ભાષાના શાસ્ત્રીય વ્યાકરણની ખામી દૂર કરનાર આ પ્રથમ પુસ્તક છે શિષ્ય શિક્ષક વર્ગને, સાહિત્ય પ્રેમીઓને અને શુદ્ધ ભાષા જાણવાની ઇચ્છા ધરાવનારાઓને તે અત્યંત ઉપયોગી થઇ પડશે.

* * *

"શિક્ષણ સાહિત્યો."

આ કાર્યાલયમાં શાળાઓ અને કૉલેજોને ઉપયોગી ભૂગોળ, ખગોળ, પદાર્થ વિજ્ઞાન, રસાયણ, ગણિત, કસરત, કવાયત, રમત, કિન્ડરગાર્ટન મોન્ટેસરી અને સ્લોઈડ સિસ્ટમ વગેરે તમામ પ્રકારના સાહિત્ય જેવાં કે સૂર્યમાળા, પૃથ્વીના ગોળા, ચંદ્રની ક્ષયવૃદ્ધિ, નકશા, રીલીફ, મૅપ્સ, યંત્ર, શક્તિઓનો સેટ. સંગ્રહસ્થાનનાં ધોરણવાર બોર્ડ્ઝ, ઑબ્જેક્ટ લેસન બોર્ડ્ઝ, ધંધાના હથિયારની પેટીઓ, પઝલ બોક્સીઝ વગેરે વેચવામાં આવે છે, વિશેષ હકીકત માટે અમારૂં પ્રાઇસ લિસ્ટ મફત મંગાવી વાંચો. કારખાનું દહેગામ (રેલ્વે સ્ટેશન)ના સામે બંધાવ્યું છે. અમદાવાદથી રેલ્વે ભાડું ૦-૩-૦ છે.

કાશિભાઇ છગનદાસ પટેલ.
શિક્ષણસાહિત્ય કાર્યાલય.
દહેગામ, અમદાવાદ **પ્રાંતીજ** રેલ્વે.

નીશાળમાં ચાલતી સઘળી જાતની બુકો,
સ્ટેશનરી મળવાનું જાણીતું ને જુનું
ઠે. ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો.
રતનપોળના નાકે—અમદાવાદ.
વી. પી. થી મોકલવામાં આવશે.

---

૧. સરળ દેશીનામાની પદ્ધતિ—ટેક્સ્ટ બુક આ. ૨૯ મી. ૦-૪-૬, સરલ ગુજરાતી બાળ વ્યાકરણ—લાઇટ બુક, ઘણે ઠેકાણે ટેક્સ્ટ, આ ૨૩ મી ૦-૪-૬, ૩ સરલ વ્યુત્પત્તિ જ્ઞાનપ્રકાશ (૫-૬-૭ મી ચોપડીના પાઠવાર શબ્દોના કોષ સહિત) લા. પ્રા. બુક, આ બીજી ૦-૬-૦, ટ્રે. કો. આ ૫ ના ઉમેદવારોને ખાસ ઉપયોગી: ૪. નવું સરળ મુખગણિત (બાળવર્ગથી ચો. ૫ સુધી એકજ બુકમાં) ઘણે ઠેકાણે ટેક્સ્ટ, આ. ૯ મી. ૦-૨-૬; ગુજરાત પ્રાંતની ભૂગોળ વિદ્યા—આ. ૮ મી, ૦-૧-૩. કમિશન સારૂં મળશે. મુખ્ય એજન્ટ અમદાવાદ, એસ. બી. શાહની કંપની, રાજકોટ, બહેચરભાઈ મેઘજી. ભાવનગર, અબદુલેહુસેન આદમજી. ધોરાજી, એસ. ટી વાડેર જામનગર. હેમરાજ જાદવજી. જુનાગઢ, વૃંદાવન દામોદર. મુંબઇ, એન એમ ત્રિપાઠી. કચ્છ—માંડવી લાલજી શંકરલાલ ગોંડળ, નીલાલ ટાકરશી કોઠારી ઇત્યાદિ.

મેમચંદ કરમચંદ શાહ.
માજી. એ. ઇ ગોંડળ સ્ટેટ, મુ કપડવણજ.

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૫૯ મું. મે સને ૧૯૨૦ અંક ૫ મો.

ગુજરાતી સાહિત્યપરિષદ.

ગયા એપ્રિલ માસમાં આ પરિષદની છઠ્ઠી બેઠક આ શહેરમાં તા. ૨-૩-૪ ને રોજ ભરાઈ હતી તેની ટુંક હકીકત દર્શાવનારી નોંધ તેજ માસના આ પત્રના અંકમાં અમે આપી છે. સવિસ્તર સમાલોચના આ અંકમાં આપીએ છીએ.

પરિષદના ત્રણ દિવસના કાર્યના બહોળા વિભાગ પાડીએ તો (૧) કેટલાક અધિકારપદેથી અપાએલાં ભાષણો, અન્ય સુપ્રતિષ્ઠિત વિદ્વાનોનાં પરિષદને સ્થળે થએલાં, તેમજ અન્ય સ્થળે અપાએલાં સામાન્ય ભાષણો (૨) કેટલાક લેખોનું વાચન તથા ચર્ચા અને (૩) કવિવર ડૉ. રવીન્દ્રનાથ ટાગોરનું અત્રે થએલું આગમન, તેમજ તેમનો પરિષદે કરેલો સત્કાર, એ મુખ્ય વિભાગો પાડી શકાય. આ પરિષદે જુની પરિષદથી એક બાબતમાં ભિન્ન માર્ગ સ્વીકાર્યો છે. લેખોનું વાચન ત્વરાથી અને અનુકૂળતાથી થાય માટે પરિષદમાં વાંચવાના લેખોના ત્રણ વિભાગ પાડયા હતા, જેમકે સાહિત્ય, ઇતિહાસ અને વિજ્ઞાન. પરિષદમાં એકત્ર થએલા પ્રેક્ષકોની સંખ્યા જોતાં પરિષદ સંપૂર્ણ રીતે સફળ થઈ એમ માની શકાય. કેટલાકનો આ બાબત મતભેદ હશેજ. કવિવર ડૉ. રવિન્દ્રનાથને નિમંત્રણ કરી અત્રે બોલાવ્યા, પોતે તેનો સ્વીકાર કરી પધાર્યા, અને તેમના જ્ઞાન તથા મુખમુદ્રાનો પ્રત્યક્ષ લાભ લેવા માટે પ્રેક્ષકોની સંખ્યા પુષ્કળ એકઠી થઈ હતી એમ કેટલાક માને છે. પરિષદ તેથી કેટલેક અંશે સાહિત્ય મટી ટાગોર પરિષદથી ઓળખાઈ અને મનાઈ. આ બાબત બે શબ્દો કહેવા આવશ્યક છે. પરિષદમાં કવિવરની પ્રત્યક્ષ હાજરી અલ્પસમયની હતી. બાકીના દિવસોમાં પરિષદે સાહિત્યનોજ કાર્યક્રમ જાળવ્યો છે. સાહિત્યના ખરા ઉપાસક અને વિશ્વબન્ધુ કવિશ્રીનું સાહિત્ય પરિષદને આંગણે આગમન થાય, અને સોળ વર્ષ પછી યુવાવસ્થા ભોગવનાર સંસ્થાને આવા સાત્વિક, સાહિત્યપ્રેમી સજ્જન

આશીર્વાદ આપે એથી વિશેષ ઇષ્ટ વસ્તુ શી હોઈ શકે? માટેજ અમે પરિષદને કવિશ્રીના નિમન્ત્રણ માટે ધન્યવાદ આપીએ છીએ.

પરિષદના ખરા સ્વરૂપ વિષે કેટલોક મતભેદ પ્રવર્તે છે કેટલાક આવા મહાન સમારંભવાળી પરિષદને પરિષદ કહેતાજ નથી; રા. બ. રમણભાઈએ પોતાના ભાષણનો પ્રથમ ભાગ આજ ઉદ્દેશનો લખ્યો છે. ધાખળ પરિષદને અંગે "નજ જોઈએ એમ પોતે ભાર દઈ દર્શાવ્યું હતું. પરિષદ વિષે અમે પણ બે શબ્દો લખવા યોગ્ય ધારીએ છીએ પ્રાચીન સમય, એટલે કે સંસ્કૃત ભાષાના જીવન કાળનો સમય વિચારીએ તો પરિષદનું સ્વરૂપ તથા કર્તવ્ય કેવા હતાં તે વિચારવા જેવું છે પરિષદનો સામાન્ય અર્થ સભા છે, પણ તે પદમાં રહેલું અર્થગૌરવ અતિ ગૂઢ છે વિદ્વાનો પરિષદ ભરતા; ધર્મ, ન્યાય, તત્વજ્ઞાન, કાવ્ય, ગદ્ય ઈત્યાદિ વિષયોને લગતા અગત્યના પ્રશ્નોની ચર્ચા કરતા. વાદ તે વીખવાદ નહિ, જ્ઞાનવાદ જોઈએ એજ ઉદ્દેશ સચવાતો હતો. યુવાન કે શિષ્યવર્ગ શાન્ત ચિત્તથી વિવાદોનું શ્રવણ કરતો. મિથ્યા વાદવિવાદ કે નિર્માલ્ય ભાષણોને સ્થાન ન મળતું. એ દષ્ટિબિન્દુથી વિચારતા ગઈ પરિષદમા થએલી વિદ્વાનોની ચર્ચા ઘણી ઉપયોગી માલમ પડી હતી પરિષદ માત્ર લેખોજ મગાવે, અને તે પણ સાહિત્યના પ્રદેશમાં જેણે ઉંડો અભ્યાસ કે મનન કર્યાં નથી તેમના તરફથીજ આવે, તો પરિષદનું કાર્ય સર્વાંશે સફળ થયું ન મનાય પરિષદના કાર્યવાહકોએ પ્રૌઢ અને સુપ્રતિષ્ઠિત વિદ્વાનોના લેખોનો પણ લાભ શ્રોતૃવર્ગને આપી પરિષદને યોગ્ય સ્વરૂપવાળી બનાવી હતી.

આ પરિષદના મુખ્ય કાર્યક્રમનો વિચાર કરીએ. પ્રથમ દિવસે મંગળાચરણ તથા આવકાર ગીત ગવાયા બાદ સ્વાગતમંડળના પ્રમુખ રા આણંદશંકરભાઈએ પોતાનું ભાષણ વાંચ્યું હતું ભાષણ સુન્દર અને મનોહર શૈલીવાળું, તેમજ મનન કરવા યોગ્ય વિચારોથી પરિપૂર્ણ હતું તેમનો મુખ્ય વિષય સાહિત્યનું ખરૂં સ્વરૂપ કયું હોય તેને લગતો હતો હાલનો સમય પ્રત્યેક તરેહની પ્રવૃત્તિથી અંકિત છે, તેને પ્રસંગે સાહિત્ય એકદેશી ન જોઈએ, સર્વદેશી જોઈએ, તેને એકાન્તવાદના બન્ધનમાંથી મુક્ત રાખવું એ મુખ્ય ઉલ્લેખ પોતે કર્યો હતો. આને અંગે કવિની જરૂર પડશે અને તે પણ "યુગપ્રકાશક અને યુગપ્રવર્તક ઉભયવિધ જોઈશે" એમ પોતે દર્શાવ્યું હતું. કવિ જમાનાને અસર કરે છે માટે કવિની જરૂર છે એમ.

કરી દલીલોનું સમર્થન કર્યું હતું, પછી છેવટે કેટલીક સૂચનાઓ કરી હતી, અને હાલના સાહિત્યમાં મહાન કોષ, વ્યાકરણ તથા ઇતિહાસના લેખોના અભાવ માટે ખેદ પ્રદર્શિત કર્યો હતો. એક મુખ્ય સૂચના ગુજરાતી કોલેજ સ્થાપવા વિષે વિદ્વાન ભાષણકર્તાએ કરી હતી. તે વિષે બોલતાં પોતે કહે છે કે તે કોલેજ "દેશી ભાષાની ટ્રેનિંગ કોલેજો અને પંડિતોની પાઠશાળા જેવી "નિર્માલ્ય અને કાલાતીત નીવડવાના ભયમાંથી મુક્ત રહેવી જોઈએ" દેશી ભાષાની ટ્રેનિંગ કોલેજ વિષેનો ભાષણકર્તાનો મત કંઈક અંશે ઉતાવળથી માની લીધેલો જણાય છે. એ કોલેજો દેશી ભાષાની ખીલવટ કે વૃદ્ધિ અર્થે યોજાએલી નથી. એ કોલેજો શિક્ષકો કેળવી તૈયાર કરે છે. દેશી ભાષા માત્ર સાધન રૂપેજ બહુધા પ્રવર્તે છે, તેનું શિક્ષણ પ્રધાનપદે હોતું નથી. અમે માનીએ છીએ કે આ કોલેજો દેશી ભાષાનીજ હોય, એટલે કે માત્ર ભાષાશિક્ષણનીજ હોય તો તે સંસ્થાઓ "નિર્માલ્ય કે કાલાતીત" નીવડેજ નહિ. આ સૂચન આવશ્યક હોવાથી આપ્યું છે. ભાષણ એકંદર ઉપયોગી હતું.

પ્રમુખનું ભાષણ.—પ્રમુખપદે નિયુક્ત થએલા રા૦ બ૦ હરગોવિન્દદાસ કાંટાવાળાની યોગ્યતા સર્વ સ્વીકારે છે. પોતે ગુજરાતી સાહિત્યના સાચા સેવક છે, હજી પણ સાહિત્યના અભ્યાસમાં પોતાનો સમય ગાળે છે; તેજ તેમની યોગ્યતાનું કારણ છે. તેમનું ભાષણ પુષ્કળ વિસ્તારવાળું હતું. ગુજરાતી ભાષાનો ઉદય કેવી રીતે તથા ઉદયકાળ ક્યારે થયો, તેનું સાહિત્ય પદ્યાત્મકજ હતું કે ગદ્ય પણ ઉપલબ્ધ થાય છે, એ પ્રશ્નો પ્રથમ ચર્ચી હાલની ગુજરાતી ભાષાનું શબ્દભંડોળ ચાર પ્રકારનું છે એમ સૂચવ્યું હતું. તેમના મતે તે તત્સમ, તદ્ભવ, દેશ્ય અને વિદેશી શબ્દોનું બનેલું છે. પછી પોતે પ્રાચીન તથા અર્વાચીન ગદ્ય તથા પદ્ય સાહિત્યનો અહેવાલ દૃષ્ટાંતો તથા વિદ્વાનોના અભિપ્રાયો ટાંકીને આપ્યો હતો. ભાષા તથા સાહિત્યના એક ઇતિહાસની દૃષ્ટિએ વિચારતાં પ્રમુખ સાહેબનું ભાષણ એક વિશાળ ખજાનો માની શકાય, પરંતુ એક બાબત વર્ણવી પડે છે. પ્રેમાનન્દનાં નાટકો તેમની દેખરેખ નીચે પ્રસિદ્ધ થયાં છે, રા૦ નરસિંહરાવે તે નાટકો પ્રેમાનન્દનાં નથી એમ સૂચવનારો એક લેખ અગાઉની એક પરિષદમાં વાંચ્યો હતો. આહ્વાન આપ્યું પણ છે. પ્રમુખસાહેબ તે પ્રશ્ન પરત્વે પ્રકાશ પાડશે, શુભ પ્રમાણો પ્રકાશમાં મૂકશે, ઘણા સમયની શંકાસ્થાનની વાત નિર્ણીત કરશે

સંસ્કૃત કે ફારસી શબ્દો યોજવાની વિરુદ્ધ દલીલો આપી હતી. વિજ્ઞાનની કેળવણી સ્વભાષાદ્વારા અપાવી જોઈએ એ વિષે પણ વિચારો દર્શાવ્યા હતા. ભાષણ એકંદર બહુ ઉપયોગી હતું. વિજ્ઞાન હાલની પ્રગતિના યુગનો મુખ્ય વિષય છે એમ અમે માનીએ છીએ. તેથી તેનું જ્ઞાન જેમ વિશેષ સ્વરૂપમાં આપી શકાય તેમ આપવા સાધનો અને સરળતા થવી જોઈએ એ વાત સત્ય છે.

કવિવર ડૉ. રવીન્દ્રનાથ ટાગોરના પ્રત્યક્ષ દર્શનનો લાભ અપાવવા બદલ પરિષદના સભ્યોનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. આ સુજ્જન અને સાત્વિકતાની પ્રતિમાના આગમનથી પરિષદના ગૌરવમાં વૃદ્ધિ થઈ હતી એમ નિઃશંક કહી શકાય. સ્વભાષાના સાહિત્યની ખરા દીલથી સેવા કરનાર વ્યક્તિ આ નગરમાં આવે તો પ્રાચીન આર્યપદ્ધતિએ અર્ઘ્ય પાદ્યથી સત્કાર થવો જોઈએ એ મુજબ એક માનપત્રરૂપી અર્ઘ્ય અર્પી તેમનો સત્કાર તથા તેમના આગમન માટે ઉપકાર પરિષદે દર્શાવ્યો હતો. કવિશ્રીએ ઉત્તમ વિચારો પ્રદર્શિત કરનારી સચોટ અને અનુકરણીય શૈલીમાં લખેલું ભાષણ ઉત્તરરૂપે સુંદર અને આકર્ષક રીતે વાંચ્યું હતું. કવિશ્રીની મુખમુદ્રામાંથી નીકળતા ઉદ્ગારોનું શ્રવણ કરવા, અને તેમના બોધક શબ્દોનું પાન કરવા પ્રેક્ષક વર્ગ એકચિત્ત તથા આતુર હતો. પરિષદ પરત્વે સંકુચિત દૃષ્ટિથી નીરખનાર પુરુષો ભલે આ આગમન પરત્વે અરુચિ દર્શાવે; તેને નિન્દે, પણ ગુજરાત ને હવે ગુજરાત નહિ મનાય સમસ્ત હિન્દ એકતા ધારણ કરે છે તે સમયે તેના ગમે તે ભાગમાં વસતી મહાન વ્યક્તિ પોતાના પ્રાન્તની નથી એમ ગુજરાતીઓ માની લે તો એ ચાલશે નહિ. તેવી વ્યક્તિને દરેક સ્થળે સ્વજન ગણી માન આપવું એ હિંદવાસીની ફરજ છે. પરિષદની શોભામાં વિશેષતા અર્પનાર બીજી મહાન વ્યક્તિ તે કર્મવીર ગાંધીજી હતા. તેમને સર્વે ઓળખે છે તેથી વિશેષ કહેવાની જરૂર રહેતી નથી. તેમની પવિત્રતાની અને સત્ય પ્રતિ પ્રેમની અસર પરિષદને પરોક્ષરૂપે ઉપયોગી હતી. આ બન્ને મહા પુરુષોએ સામાન્ય ભાષણો આપી સાહિત્યને લગતા વિચારો શ્રોતાજનને સમજાવ્યા હતા.

પ્રદર્શન—પરિષદની અંગીભૂત યોજનારૂપે આ વર્ષે પણ એક સાહિત્ય અને કળાનું પ્રદર્શન ભોળાનાથ લેડીઝ ઇન્સ્ટિટ્યુટના મકાનમાં ભરવામાં આવ્યું હતું. પ્રદર્શન માટે મેળવેલી અગર મોકલાએલી ચીજો ચિત્ર-

કળા, શિલ્પકળા, ફોટોગ્રાફી વગેરે વિભાગોમાં ગોઠવી હતી. પ્રદર્શન જોનારને ખ્યાલ આવ્યો હશે કે મોટે ભાગે તે કળાનું હતું. સાહિત્યને લગતી વસ્તુઓ, ગ્રન્થો (છાપેલા કે હસ્તલિખિત) તામ્રપત્ર કે ભૂર્જપત્રનાં લખાણો બહુ ઓછી સંખ્યામાં પ્રદર્શિત થયાં હતાં. આનું મુખ્ય કારણ અમને તો એમ લાગે છે કે તેના વ્યવસ્થાપકો બહુધા કળાના શોખીન હશે અથવા તો સાહિત્યને લગતી વસ્તુઓ પ્રાપ્ત કરવાના તેમના પ્રયાસ નિષ્ફળ નીવડયા હશે. આમ છતાં એકંદર સ્વરૂપે પ્રદર્શન સુંદર, સુશોભિત અને સુવ્યવસ્થિત રીતે ગોઠવાયું હતું આ પ્રદર્શન ખુલ્લું મૂકવાની ક્રિયા પ્રાચીનકળા તથા સિક્કા અને અન્ય સાધનોનો સંગ્રહ કરવામાં તીવ્ર ઉત્સુકતા અને રસ ધરાવનાર ગ. શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજીએ કરી હતી. તેમણે તે ખુલ્લુ મૂકતાં પહેલાં એક ભાષણ આપ્યુ હતું. જેમાં કળા—ચિત્ર તથા શિલ્પની—અગાઉ હિંદમાં હતી કે નહિ તેનું દિગ્દર્શન કર્યું હતું; જુદા જુદા દેશોની કળાનો ઇતિહાસ આપી હિંદની કળા હિંદનીજ છે, વિદેશીય નથી એમ દર્શાવ્યું હતું; આને લગતા ઐતિહાસિક પુરાવા લેખી સ્વરૂપના ઉપલબ્ધ નથી થતા. સંસ્કૃત સાહિત્યના ગ્રન્થોમાં મકાનો, સ્થળો, દુર્ગ ઇત્યાદિના વર્ણનોથી સિદ્ધ થાય છે કે હિંદુ શિલ્પ તેમજ ચિત્રકળામાં પ્રાવીણ્ય માટે વિખ્યાત હતા આમ કહી ભાષણ સમાપ્ત કર્યું હતું.

આ ઉપરાંત સામાન્ય વર્ગના પુરુષોના લાભાર્થે સામાન્ય ભાષણોની યોજના નવી દાખલ કરી હતી આ ભાષણો બહુજ આકર્ષક નીવડયાં હતાં.

પરિષદની આ યોજના મુજબ અપાએલાં સાર્વજનિક ભાષણો પૈકી અમે આપેલા એક ભાષણમાં સૂચવેલી બાબતોનું ફરી અહીં સૂચન કરવા રજા લઈએ છીએ ભાષણનો વિષય "આધુનિક ગુજરાતી સાહિત્ય અને તે ઉપરથી ઉપજતા વિચારો" એ હતો એ ભાષણનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતી સાહિત્યમાં હાલ શી ન્યૂનતા દૃષ્ટિગોચર થાય છે તે હતો. કેટલાક પ્રાચીન તથા અર્વાચીન પદ્ય કે ગદ્યના ઉત્તમ ગ્રન્થો ઉપલબ્ધ થતા નથી, નર્મકોષ, નવગ્રન્થાવલિ જેવાં બીજાં કેટલાક પુસ્તકોની આવૃત્તિ નવી થઇ નથી. બાળસાહિત્ય તો કૌમાર અવસ્થામાં છે, ઉંચાં અને નીતિમય નાટકો બહુ થોડાં લખાય છે, રા. બ. કમળાશંકરભાઈએ હમણાંજ બૃહદ્ વ્યાકરણ પ્રસિદ્ધ કર્યું છે, તે અગાઉ આવાં ગ્રન્થની પણ ન્યૂનતા હતી. શાસ્ત્રીય રીતે લખાએલાં આવાં વ્યાકરણો કે શબ્દકોષ છેજ નહિ ભાષણના અંતભાગમાં

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટિ તેમજ સાહિત્યપરિષદને આ બાબત વિજ્ઞપ્તિ કરી છે. નવું પરિષદ મંડળ આ ખોટ પુરી પાડવા યથાશક્તિ પ્રયાસ જારી રાખશે તો ગુજરાતી સાહિત્યની વૃદ્ધિ વિશેષ થશે.

પરિષદ ત્રણ દિવસના કાર્યક્રમ પછી વિસર્જન થઈ હતી. મહાન સમારંભ થયો હતો. પ્રેક્ષકોની મોટી સંખ્યા હાજર હતી, વિદ્વાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ બધું વાસ્તવિક છે, છતાં પરિષદે એક બાબત લક્ષમાં રાખવી જોઈએ કે પ્રત્યેક સમેલનમાં પૂર્ણ કરતાં કંઈક અધિક સંગીન કાર્ય થવું જોઈએ. સાહિત્યપરિષદ માત્ર ત્રણ દિવસ જાગ્રત્ અવસ્થા ભોગવી સુષુપ્ત સ્વરૂપ દીર્ઘકાળ ભોગવે એ દોષમાંથી સત્વર મુક્ત થાય એ માટે નવા પરિષદ મંડળે નવું ઉપયોગી અને કિંમતી કામ આદરવું જોઈએ ગુજરાતી સાહિત્યને વિશેષ ઉચ્ચ, પ્રૌઢ, પ્રતિભાશાળી અને સમૃદ્ધિવાળું તે બનાવશે એવું ઇચ્છી આ સમાલોચના સમાપ્ત કરીશું.

રેશમ બનાવનારા કીડા–જંગલી તથા ઉછેરેલા.

રેશમ બનાવર કીડા વિષે ભાષણો આપનાર પ્રો૦ લેફ્રોયના મત પ્રમાણે કેટલાક કીડા જગલી હોય છે, તો કેટલાક પાળી શકાય એવા હોય છે ચાર જાતના કીડા ચાર પ્રકારનું રેશમ બનાવે છે, અને આમાંના ત્રણ જંગલમાં સ્વતત્ર જીવન ગાળે છે

જંગલી કીડામાંથી બનતા ઉત્તમ પ્રકારના રેશમને ટાસાર રેશમ કહે છે. આ જાત ચીન, જાપાન તથા હિંદુસ્થાનમાં જથાબંધ જણાય છે. હિંદુસ્તાનમાં શુમારે ૧,૭૦,૦૦૦ લોકો આ ઉદ્યોગમાં જોડાએલા છે કીડા જંગલના ઝાડથી પોતાનું ગુજરાન ચલાવે છે, પાંદડા ખાઈ જવાની ક્રિયા પુરી થયા પછી રેશમના તાંતણે તાંતણા કાઢી ગુંછળારૂપે વળી જાય છે. છેવટે ઇંડા આકારનો તે બને છે, જેને 'કકુન" કહે છે. આમાથી કીડા બહાર આવે છે તે બન્ને જાતના હોય છે. (નર તથા માદા.)

લોકોને રેશમ ઉપયોગમાં લેવાની ઇચ્છા હોય ત્યારે કીડાને કોશેટાની સ્થિતિમાં મારી નાખવો પડે છે. તેમ ન થાય તો બહાર નીકળતી વખતે રેશમને બગાડી નાખવાનો ડર રહે છે. જેટલા કીડા રેશમ બનાવે છે તે

બધાને મારી નાખવાની જરૂર હોતી નથી. થોડાક જીવતા રાખવામાં આવે છે. માદાના વર્ગના કીડાને બહાર કાઢી ઝુંપડાના છાપરા ઉપર રેશમનો ઉદ્યોગ કરનારા મૂકે છે. આ છાપરા ઉપર માદા ઇંડા મૂકે છે, જેને એકઠાં કરી પાંદડા ઉપર મૂકવામાં આવે છે. આના કીડા બને છે, જેમાંથી કોશેટા થાય છે

બીજી એક "મ્યુગા," નામની જંગલી કીડામાંથી બનતા રેશમની જાતનું રેશમ બીજી તરહેના કીડા બનાવે છે. તે જાત આસામના જંગલોમાં બહુ ઉત્પન્ન થાય છે.

ત્રીજા પ્રકારનું રેશમ 'એરી' નામથી ઓળખાય છે એક રમુજી હકીકત આને અંગે એ છે કે આ રેશમ બનાવનાર કીડાના ગુજરાનનું સાધન દીવેલીનાં પાંદડાં છે. આ કીડાઓને સ્વાદ પણ નવાઈ ઉપજાવનારો હોવા જોઈએ.

આ ત્રણમાંથી ગમે તે એકને ચીરવામાં આવે તો જણાશે કે તેનું આખું શરીર રસીથી ભરેલી નાની નળીઓનું બનેલું છે અને આ રસી સુકાય ત્યારે રેશમરૂપે બને છે. આ રસી એક જાતનો કઠણ પદાર્થ છે, પાંદડાંના રેસા તથા લાકડામાં નજરે પડતો એક જાતનો પ્રવાહી રસ છે. મનુષ્ય તેને પાચન કરી શકતો નથી. અને નાના સુંવાળા કીડા તે રસને પાંદડાં સાથે ખાઈ જાય છે, તેને પાચન કરે છે, અને પ્રવાહી રૂપે બન્યા પછી રેશમ બનાવવા માટે નાની નળીઓમાં સંઘરી રાખે છે.

થોડાંક વર્ષો ઉપર એક રસાયન શાસ્ત્રીએ આ પ્રવાહી રસ બનાવવાની રીત શોધી કાઢી. તેમાંથી બનતું કૃત્રિમ રેશમ કુદરતી રેશમ જેવુંજ હોય છે, છતાં કીડામાંથી મળતું રેશમ વધારે ઉંચી જાતનું હોય છે.

ઉછેરી શકાય એવા કીડા જે રેશમ બનાવે છે તે રેશમ પુષ્કળ મળે છે, અને તે ઘણું ઉપયોગી હોય છે આને "મલબેરી રેશમ" કહે છે, કેમકે એ રેશમ ગનાવનાર કીડામાં એક એવી આદત હોય છે કે મલબેરી ઝાડ (શેતુર)નાંજ પાંદડાં તે ખાય છે

આ રેશમનો ઉદ્યોગ ફ્રાન્સ, ઇટલિ, હિંદુસ્તાન, બર્મા, ચીન, અને જાપાનમાં બહુ ચાલે છે પુષ્કળ માણસો તે ખાતે કામમાં રોકાયલા હોય છે પ્રો. લેફ્રોયની ગણતરી પ્રમાણે ૭૦૦,૦૦૦ માણસો એકલા હિંદુસ્તાનમાં આ ધંધો કરે છે.

ફ્રાન્સ, ઈટલિ તથા કાશ્મીરમાં કીડા મલબેરી (શેતુર) ઝાડ ઉપર પોતાનો ગુજારો કરે છે. પાંદડાં ઝાડથી વીખુટાં પડે ત્યારે કીડા ઉછેરવાની ક્રિયા બંધ કરવામાં આવે છે, પરંતુ બર્મા તથા હિંદુસ્તાનના કેટલાક ભાગમાં ટોપલીઓમા આ પાંદડાં મૂકી તેમાં કીડાને ઉછેરે છે. આ પાંદડાં આખું વર્ષ મળી શકે છે, માટે ઇંડાં સેવવાની ક્રિયા વર્ષમાં ૪–૫ વાર થાય છે.

હિંદુસ્તાન, બર્મા, અને ચીનમા રેશમ કાંતવાની ક્રિયા ઘણા સાદા તેમજ અસલી સાધન વડે થાય છે છતાં યુરોપના સંચાકામની મદદથી તૈયાર થતા રેશમ કરતાં આ વધારે બારીક હોય છે, અને નાજુક તાંતણા તૈયાર કરવાનું કામ ઘણે ભાગે છોકરાંઓ કરે છે આમ રેશમ તૈયાર થાયછે.

(ટીચર્સ 'એઈડમાંના એક લેખનો અનુવાદ)

* * *

પદાર્થપાઠનું શિક્ષણ.

નીચલાં ધોરણોમાં શિક્ષણ આપવાનું કામ અનુભવી શિક્ષકોજ સહજ અને સુવ્યવસ્થિત રીતે કરી શકે છે આમા પણ બાળવર્ગનું શિક્ષણ આપનાર શિક્ષકનામા ઘણા ગુણ તથા પુરતી લાયકાત હોવાં જોઈએ એ સર્વને વિદિત છે બાળક એ ઈશ્વરે સર્જેલું રમુજી રમકડું છે તેની સાથે આનન્દ ઉત્સાહ અને પ્રીતિથી કામ લેવાનું હોય છે નિર્દોષતાથી પરિપૂર્ણ, તેમજ ઈશ્વરની સમીપ વસનાર એટલે કે સારા લક્ષણોવાળાં આ બાળકો છે, માટે તેમનાં સ્વાભાવિક લક્ષણો લક્ષમા રાખી તેમને કેળવવાં જોઈએ એ કિંડરગાર્ટન-પદ્ધતિનું મહાન સૂત્ર છે. આથી બાળવર્ગની કેળવણીનો મોટો ભાગ ઇન્દ્રિયોના સંસ્કારો સાથે સંબધ ધરાવે છે. ફ્રોબેલ તેમજ ડૉ મોન્ટેસોરીની પદ્ધતિઓ આજ સૂત્રોને અવલંબી રચાએલી છે નીચલાં ધોરણો, અને, ખાસ કરીને બાળવર્ગો, અનટ્રેન્ડ શિક્ષકોને હસ્તગત થવાથી ઘણાં વિપરીત પરિણામ ઉદ્ભવે છે ટ્રેન્ડ તેમજ અનુભવી શિક્ષકોને આ કામ સોંપાય છે ત્યારેજ આવી આનન્દ આપનારી વ્યક્તિઓ જેનો સહવાસ પ્રાપ્ત કરનાર પુરુષોને મહા કવિ કાલિદાસે 'ધન્ય' ગણ્યા છે, તેમના જીવનના જ્ઞાનનો પાયો સારો રચાય છે, અને બાળકોને તે શિક્ષકોનો સહવાસ પ્રિય થઈ પડે છે. બાળકોને શિક્ષણ આપવું એ પણ એક કળા છે ઘણી વખતે જુની [illegible] ઉપજાવનારી રીતે શિક્ષણ અપાય છે, અને માત્ર હકીકત કહેતાં

હોય એમ શિક્ષકો કામ કરે છે. ઇન્દ્રિયોદ્વારા શિક્ષણ આપી માનસિક શક્તિઓનો ક્રમશઃ વિકાસ કરવો જોઈએ એ વાત ભૂલી જાય છે; વાર્તા કહી જવી એથી કાર્ય બસ થતું નથી. વાર્તા કહેવાનો શો ઉદ્દેશ છે, વાર્તા કહેતી વખતે બાળકોને કેવી અસર થઈ છે, ધ્યાન ખેંચી શકાયું કે નહિ, વગેરે ઝીણી બાબતો ઉપર બહુ લક્ષ દેવાનું છે. બાળખેલ, તથા બાળગીત પણ તેનાંજ ઉપયોગી છે. એકાદ વિષયનો દૃષ્ટાંત લઈએ. પદાર્થપાઠની યોજનાનું ખરૂ સ્વરૂપ લક્ષમાં ન રહેવાથી તે પાઠોમાં શિક્ષક વધારે બોલે છે; અને બાળકોને અવલોકન કે સ્પર્શદ્વારા જ્ઞાન ન આપતાં, જુની રૂઢિએ પોતાનું કર્તવ્ય પરિપૂર્ણ કરે છે. આથી પદાર્થપાઠનું શિક્ષણ કોને કહે તેનું વિવેચન અત્રે કરવુ ઉચિત થઈ પડશે.

પદાર્થપાઠ એ સમસ્તપદજ સૂચવે છે કે પાઠ પદાર્થનો આપવાનો છે. આથી બાળકોને જે વસ્તુઓ તે રોજ નજરે જુએ છે અથવા વાપરે છે (ઉપયોગમાં લે છે) તેને લગતા પાઠ શીખવવા જોઈએ. દૃષ્ટાંત તરીકે ખાવાની, પીવાની તથા પહેરવાની વસ્તુઓ, તથા ઘરમાંનો સરસામાન અને રોજના નજરે પડતા કુદરતી બનાવો, એજ પદાર્થપાઠના વિષયો છે. આ પદાર્થપાઠોને અંગે શિક્ષકોએ બહુજ ઓછા શબ્દો વાપરવા, અને બાળકોને જે પદાર્થનું જ્ઞાન આપવાનું હોય તે પદાર્થોનું પુરૂં અવલોકન કરવા દેવું. પદાર્થ હાથમાં લઈ તેને તપાસવા દો, અને પછી ધીમે ધીમે જાણીતી બાબત ઉપરથી નવી બાબત ઉપર ક્રમે ક્રમે તેમને દોરો. આવા પાઠોમાં બહુ હકીકત કે શિક્ષકનું પદાર્થને લગતું વ્યાખ્યાન નિષ્ફળ નીવડે છે; નિરીક્ષાની કેળવણી કરતાં હકીકત ગૌણપદે હોય છે. બાળકોનો મુખ્ય રસ પદાર્થનેજ લગતો હોવો જોઈએ, હાથ અને આંખ ઉપરાંત સ્નાયુસંવેદનદ્વારા પદાર્થને લગતી હકીકત શોધાવવી. આવા પાઠોમાં પુષ્કળ જુદી જુદી જાતના દૃષ્ટાંતો રજુ કરવા, આમ કર્યાથી તેમને પદાર્થને લગતું જ્ઞાન મનમાં ઠસાવવાની તથા સમજવાની શક્તિ પ્રાપ્ત થશે. દૃષ્ટાંતો પસંદ કરવા તે યોગ્ય સ્વરૂપનાં અને બંધબેસતા જોઈએ. જરૂર પડે પ્રયોગ પણ કરવા. ખાસ નેત્રેન્દ્રિયની મદદથી સરખી તથા ભિન્ન સ્વરૂપની વસ્તુઓનો મુકાબલો કરતાં શીખવવું; આવા પાઠોને અંગે શિક્ષકની ફરજ ભારે હોય છે. તેણે જે પદાર્થનો પાઠ આપવાનો હોય તે વિષે પૂર્ણ વિચાર પ્રથમથી કરી તેને લગતી નોંધ તૈયાર કરવી. પુસ્તકોમાંથી ઉતારી લીધેલી નોંધ નિરુપયોગી નીવડે છે. તેણે

જાણવું જોઈએ કે દરેક પાઠમાં કોઈક મુખ્ય ઉદ્દેશ હોય છે. તેથી વિષયને લગતી હકીકત ક્રમિક સ્વરૂપમાં ગોઠવી તે મુજબ કામ કરવું. આવા પાઠોમાં વસ્તુઓ તથા ચિત્રોનો બહોળો ઉપયોગ કરવો મુખ્ય મુદ્દાઓ જેમ જેમ બાળક તારવી કાઢે તેમ તેમ પાટીઆ ઉપર લખતા જવા, જેથી પાઠને અંતે તે મુદ્દાઓ એકઠા કરી આખા પદાર્થની હકીકત બાળકોને સમગ્ર સ્વરૂપમા રજુ કરી શકાય છેવટે તે મુદ્દાઓના જ્ઞાનની કસોટી પ્રશ્નોદ્વારા કરવી. આ બન્ને બાબતો ચૂકવી નહિ. આથી બાળકોને સાદી ભાષામાં પદાર્થ વિષે હકીકત કહી જવાની હિંમત આવશે, અને ભાષાજ્ઞાન વધશે. આવી પદ્ધતિએ કામ કર્યાથી બાળકોની જિજ્ઞાસા પણ તૃપ્ત થાય છે, અને તેઓ ધ્યાન પણ આપી શકે છે.

આ કેટલીક ચર્ચાથી સમજાશે કે પદાર્થપાઠનો શિક્ષક ઘણી લાયકાત, તથા બહોળા જ્ઞાન, અને ઉત્સાહવાળો હોવો જોઈએ. માનસશાસ્ત્રના નિયમો લક્ષમાં રાખી, દરેક પદાર્થમાં કઈ જ્ઞાનેન્દ્રિયદ્વારા શિક્ષણ આવશ્યક છે તેની સંપૂર્ણ માહીતી ધરાવનાર શિક્ષકો પદાર્થપાઠનું શિક્ષણ, રસિક, અનુકૂળ અને સફળ કરી શકે એ નિર્વિવાદ છે.

શાળાપત્ર ઓફિસ.

વાર્તાનું શિક્ષણ.

(લેખ :—રા. નારણભાઈ વાઘજીભાઈ, આ. મા. પ્રે૦ સ્કૂલ, અમદાવાદ.)

રમુજી વાર્તાઓ કોને સાંભળવી ગમતી નથી? અલબત આબાલવૃદ્ધ સર્વને રસિક વાર્તાઓ સાંભળવી બહુ ગમે છે. વાર્તામાં રહેલી ખુબીઓ, યુક્તિઓ અને વિનોદાત્મક વસ્તુ-ઘટના સાંભળનારનાં ચિત્તને અપૂર્વ બળથી આકર્ષે છે, પરંતુ એનો ઘણો આધાર વાર્તા કહેનારની રસિકતા, વાક્પટુતા અને વસ્તુ સાથેની તન્મયતા ઉપર રહે છે. વાર્તા ગમે તેવી વિનોદાત્મક, રસભરી અને મનોહર હોય, તોપણ તેના કહેનારનું હૃદય તેમાં તરબોળ ન થયું હોય, ત્યાંસુધી તે ચેતન વિનાના હાડપિંજરરૂપ બની નીરસ થઈ પડે છે. રસિક વાર્તાકાર વિષયને અનુસરતી ભભકભરી ભાષા, અને આવશ્યક અંગચેષ્ટાથી શ્રોતાનાં હૃદયને પ્રબુદ્ધ બનાવી, તેમાં તેમને ડૂપવે છે. વળી વાર્તા કહેવાની ઢબ સારી હોય તોપણ પ્રસંગ અને સમ-

જાનારનો અધિકાર એ બંને બાબતો ધ્યાનમાં લઈને યોગ્ય વાર્તા પસંદ કરવાનું કળાવિધાન વાર્તાકારમાં ન હોય, તો તે પોતાના કાર્યમાં સફળ નીવડે નહિ એ ખુલ્લુજ છે.

નાનાં બાળકો માટે પસંદ કરવાની વાર્તાઓ સરળ, રમુજી અને નીતિમય હોવી જોઈએ, અને મોટાઓને માટે પસંદ કરવાની વાર્તાઓ પણ વિનોદાત્મક હોવા ઉપરાંત કલ્પનાપોષક, આશ્ચર્યજનક, ચાતુર્યયુક્ત, અને ચમત્કારથી ભરેલી હોય એ વધારે પ્રશસ્ય છે. નાનાં મોટાં સર્વને માટે વાર્તાઓ સત્ય જોડેલી હોય કે કલ્પિત હોય, પરંતુ તેમાં એ ગુણો અવશ્ય હોવા જોઈએ. કેવળ નીતિધર્મપ્રધાન વાર્તાઓ સર્વ દરજ્જાનાં મનુષ્યોને સરખી રીતે આકર્ષક નથી થતી, પરંતુ અન્ય તત્ત્વો સાથે નીતિધર્મનાં તત્ત્વો જાણ્યે અજાણ્યે શ્રોતાના હૃદયમાં ઠસી જાય એ ઇચ્છવાજોગ છે. વાર્તા અને નીતિના શિક્ષણમાં રહેલો ભેદ ધ્યાનમાં લેતાં આ બાબત સહેલાઈથી સમજાય તેવી છે. વાર્તાનો પ્રધાન હેતુ બાળકોની રસવૃત્તિ પોષી, સ્મરણશક્તિ અને વક્તૃત્વ ખીલવવાનો છે; અને નીતિશિક્ષણનો હેતુ બાળકો સમક્ષ ઉચ્ચ અને અધમ આદર્શો રજુ કરી તુલનાશક્તિ ખીલવી નીતિને ચહાતા કરવાનો, અને અનીતિ તરફ તિરસ્કાર ઉત્પન્ન કરાવવાનો છે.

આપણી શાળાઓમાં વાર્તાનો વિષય બાળવર્ગ અને પહેલા ધોરણમાં શીખવાય છે, અને નીતિનું શિક્ષણ સર્વ વર્ગોમાં અપાય છે. એ ઉપરથી મોટી ઉમરના વિદ્યાર્થીઓને માટે વાર્તાઓ નકામી ઠરતી નથી; પરંતુ છેક નીચલા વર્ગોમાં બાળકોની સ્મરણશક્તિ અને તેમનું વક્તૃત્વ ખીલવવામાં વાર્તા અગત્યનો ભાગ ભજવે છે, અને ઉપલાં ધોરણમાં બીજા વિષયોથી એ શક્તિઓ ખીલવવાનો અવકાશ મળે છે, તથા તેમના વાચનમાં સરળતા આવેલી હોવાથી વાચનપુસ્તકોમાંનો વાર્તારસ તેઓ સહેલાઈથી ઝીલી શકે છે.

બાળશિક્ષણ માટે પસંદ કરવાની વાર્તાઓ રસિક હોય, બોધદાયક હોય, કંઈક કલ્પનાપોષક પણ હોય, તોપણ તેના હેતુની સિદ્ધિનો મોટો આધાર શિક્ષકની કુશળતા ઉપર રહે છે. બાળકોને કઈ વાર્તાઓ વધારે રુચિકર લાગશે, કઈ વાર્તાઓમાં રસની સારી જમાવટ કરી શકાશે, અને કઈ વાર્તાઓથી તેના શિક્ષણના હેતુની સફળતા થશે તે શિક્ષકે ખાસ જાણવું જોઈએ. પશુપક્ષીની, મનુષ્યપ્રાણીની કે દેવદેવીઓની કલ્પિત વાર્તાઓમાં

રસની સારી જમાવટ થાય છે. પંચતંત્ર, હિતોપદેશ, હિકાયતે લતીફ, ઈસપનીતિ, શોર્ટ સ્ટોરીઝ વગેરે વાર્તાના સાહિત્યમાં ઉચ્ચ સ્થાન ભોગવતા ગ્રંથોમાં એવા પ્રકારની કેવળ કલ્પિત વાર્તાઓજ છે. એ વાર્તાઓમાં જેવી વાર્તારસની જમાવટ થાય છે, તેવી ઐતિહાસિક સત્ય બીનાઓમાં નથી થતી; અને એજ કારણથી ઇતિહાસના સત્ય પ્રસંગો વાંચવા કરતાં અર્ધકલ્પિત ઐતિહાસિક નવલકથાઓ વાંચવી વિશેષ રુચિકર લાગે છે. વળી કલ્પિત પ્રસંગોમાં પણ કંઈક ચમત્કારભર્યું કલાવિધાન હોય તોજ તે આકર્ષક નીવડે છે. દાખલા તરીકે “ઉંદર પુંછડી બોળી બોળીને તેલ પી ગયો, અને તેણે આખી શીશી ખાલી કરી મૂકી” એમાં ઉંદરની યુક્તિ વર્ણવેલી છે, પણ એ વિનોદાત્મક નહિ નીવડવાથી નિર્જીવ લાગે છે, પરંતુ એથી ઉલટું “પાંજરામાંથી બહાર કાઢનાર બ્રાહ્મણને ખાઈ જવા માટે તૈયાર થએલા વાઘને શિઆળે પાછો પાંજરામાં સપડાવી બ્રાહ્મણને બચાવ્યો” એમાં વર્ણવાએલી યુક્તિ સફળ નીવડી છે. વળી “કાંકરા નાખીને કુંજામાંનું પાણી પીવામાં’ કાગડાની જે ચતુરાઈ વર્ણવાએલી છે, તેના કરતાં કાગડાનાં વખાણ કરીને એની પાસેથી પુરી પડાવી લેનાર શિઆળની તેમજ “હું તો મારૂં કાળજું ઝાડ ઉપર મૂકીને આવ્યો છું” એમ કહીને મગરના પંજામાંથી છુટી જનાર વાંદરાની ચતુરાઈ વધારે ખુમીદાર અને વિનોદાત્મક નીવડે છે.

હવે વાર્તાને રસિક બનાવનારાં તત્ત્વો વિષે વિચાર કરીએ. વાર્તા રસિક બનવાનાં અનેક કારણો છે —

૧ યુક્તિથી કોઈ પોતાનું કામ કાઢી લે છે, ત્યારે તેની કુશળતાને લીધે વિનોદ મળે છે. દા. દુર્દાંત સિંહને કુવામાં નાખી પોતે બચી જનાર કોહલાની વાર્તા.

૨ કોઈ પોતે ભોળપણને લીધે અન્યથી છેતરાઈ જાય છે, ત્યારે તેની બેવકુફી તરફ હાસ્ય ઉત્પન્ન થાય છે. ઉદા૦ હડકાયા કુતરાના ભ્રમથી બકરૂં ગુમાવી બેસનાર બ્રાહ્મણની વાર્તા.

૩ કોઈ યુક્તિભરેલા બે શબ્દ માત્રથી સામાને ફિક્કો પાડી દે છે, ત્યારે તેની વાક્પટુતાથી હૃદય પુલકિત થાય છે દા. “જહાંપનાહ, એક આનો નહિ પણ બે ગધેડાનો ભાર છે” એમ કહી, મજાક કરનાર બનહને ઠંડોગાર બનાવી દેનાર બીરબલની વાર્તા.

૪ કોઈ પોતે નિર્બળ હોવા છતાં પોતાને પ્રાપ્ત થએલી કુદરતી અનુકૂળતાનો લાભ લઈ સબળનું ફાવતું હાસ્ય કરે ત્યારે નાદાનીથી સાંભળનારને રમુજ પડે છે. દા. વાઘને દાંતીઆં કરી ચીઢવનાર ઝાડની ટોચે બેઠેલા વાંદરાની વાર્તા.

૫ કોઈ પોતાની બુદ્ધિનો ઉપયોગ નહિ કરતાં ખોટી દેખાદેખી કરી ફસાઈ પડે છે, ત્યારે તેની મૂર્ખાઈ તરફ હસવું આવે છે. દા. મીઠું ઓગળી જવાથી પીઠ ઉપરનો ભાર કમી થયો હતો એવા ખચ્ચરની દેખાદેખીથી, પાણીમાં આળોટી લઈ પોતાના ઉપર લાદેલા ઊનનો ભાર વધારી મૂકનાર મૂર્ખ ગધેડાની વાર્તા.

આમ વાર્તામાં રસ જમાવનાર અનેક તત્ત્વો છે. ચતુર શિક્ષક દરેક વાર્તામાં કયું તત્ત્વ છે તે જાણી લઈ, શિક્ષણ આપતી વખતે બાળકો સમક્ષ તેને બહુ સ્પષ્ટ રીતે વ્યક્ત કરી પોતાનો પાઠ રસિક કરી શકે છે.-રસિક અને આકર્ષક રીતે વાર્તા કહેવામાંજ શિક્ષકની ખરી ચતુરાઈ રહેલી છે. બાળક વિદ્યાર્થીઓ સહેલાઈથી સમજી શકે એવાં સરળ અને ટુંકાં ટુંકાં વાક્યો યોજવાં એ બહુ જરૂરનું છે. લાંબાં લાંબાં ક્લિષ્ટ રચનાવાળાં વાક્યોમાં કહેલું તેઓ ગ્રહણ કરી શકતા નથી, અને પરિણામે શિક્ષકનો શ્રમ વૃથા જાય છે. વાર્તા ગમે તેવી સુંદર હોય તોપણ બાળકોની શક્તિનો વિચાર કર્યા વિના તેમની સમક્ષ ગમે તેમ બોલી જવાથી અર્થ સરતો નથી. શાળાઓમાં વિદ્યાર્થીઓને શીખવવાના વિષયો પૈકી ગણિત, વાંચન, ભૂમિતિ વગેરે વિષયોમાં શિક્ષકમાં તે તે વિષયોના સારા જ્ઞાનની અને કંઈક યુક્તિની જરૂર છે, પણ વાર્તા, નીતિપાઠ, ઇતિહાસ, નિબંધ વગેરે વિષયમાં તો તેની ખરી કસોટી થાય છે. એ વિષયોનું શિક્ષણ આપવામાં શિક્ષકના તે વિષયના સારા જ્ઞાન ઉપરાંત વાણીની સુંદરતા, સરળતા અને ભાવસૂચકતા હોવાની અગત્ય છે. એ શક્તિ મેળવવા માટે શિક્ષકમાં બાળસાહિત્યનો અને બાળસ્વભાવનો અભ્યાસ, હસમુખો ચહેરો, બાળકોનાં હૃદય આકર્ષાય એવી છટાથી બોલવાની શક્તિ, કંઈક ચિત્રકળાનો શોખ વગેરે કેટલાક વિશિષ્ટ ગુણો હોવાની જરૂર છે

સંપૂર્ણ.

ગજલ એટલે શું !

(લેખક—રા. દેવશંકર કેશવરામ ભટ્ટ)

આધુનિક સમયમાં સંગીતના શોખીન જનો ગજલ રાગની અલૌકિક ધૂન ગાવામાં એવા તો મશગુલ બને છે, કે તત્સમયમાં તેઓ આ જગતનું તેમજ જીવનનું તમામ ભાન ભૂલી જાય છે. ખરેખર દિલોજાન ગજલ દેવીની આરાધનામાં પોતાનું સર્વ સમર્પણ કરવું એજ એ રાગની અદ્ભુત અવર્ણનીય બલિહારી છે !!! ગુજરાતી વાચનમાળમાં પણ આ દેવીની સ્થાપના કરવામાં આવેલી છે, તો તેના વૃત્તાંતનું નિરૂપણ આ સ્થળે આલેખન કરવાનું ઉચિત ધારૂ છુ.

ગજલ ફારસી ભાષાનો શબ્દ છે. કુરાનેશરીફમાંથી સુફીવાદની ઉત્પત્તિ થઈ છે. સુફીવાદનું રહસ્ય સમજનારાઓને અને વર્તન કરનારાઓને "સુફી" એવા નામથી સંબોધે છે. સુફી આશકો પોતાનો અસ્ખલિત પ્રેમ પ્રવાહ નિરંતર શ્રી સચ્ચિદાનંદ પરમાત્મા તરફ વહન કરાવે છે, એ પ્રેમ-પ્રવાહના ગાણાનું નામજ ગજલ છે. આપણા દેશના પ્રેમધર્મી આર્ય મહાત્માઓએ જેમ અમુક રાગને પસંદ કરી ઇશ્ક પુકાર્યો છે; તેમ ઇસ્લામી મહાત્માઓએ ગજલ શ્રેણીને સ્વીકારી સ્વર્ગના પથો શોધી કાઢ્યા છે. ઇસ્લામી સત્તા ભારતવર્ષમાં દાખલ થઈ તેને લીધે વાઙ્મય સાહિત્ય પર પરોક્ષ અને પ્રત્યક્ષ અસર થઈ તેનું "ગજલ" એ પરિણામ છે. પ્રેમધર્મી આર્યહૃદયોએ પણ ગજલ દેવીને અપૂજ્ય રાખી નથી વળી ફારસી ગજલને ગુજરાતીમાં પહેલવહેલી રજુ કરનાર મસ્ત કવિ બાલ છે.

હવે "ગજલ" એ મૂળ શબ્દોનો શો અર્થ છે તેનુ જરી શોધન કરીએ. એક ફારસી લેખક કહે છે કે "પ્રિયતમની પ્રિયતમા સાથેની પ્રેમવાર્તા" તેનુ નામ ગજલ છે. વળી બીજો લેખક તો એટલે સુધી કહે છે કે—"ઇશ્કના રાહમાં નડતી પારાવાર વેદના" એજ ગજલની પંક્તિઓ છે.

હવે અત્રે "પ્રેમધર્મ" નું વિવરણ કરવાનું ઉચિત ધારૂં છુ, કારણ કે ગજલ એ પ્રેમધર્મની એક અલૌકિક પ્રસાદી છે. "પ્રેમ એજ પરમાત્મા છે."પ્રેમી થયા સિવાય પરમાત્મપ્રાપ્તિ થતી નથી;એવું નરસિંહ,દયારામ અને પ્રધાપિ વગેરે મહાત્માઓ ઉચ્ચારી ગયા છે. પ્રેમભક્તિદ્વારા પ્રભુભક્તિના

પ્રયાસો ભિન્ન ભિન્ન પ્રકારે જાહેર થયેલા જોવામાં આવે છે. શ્રીકૃષ્ણના ભક્તો પોતાને "ગોપીરૂપ" માને છે, અને કૃષ્ણને પુરુષ માને છે. મીરાંબાઈ શ્રી કૃષ્ણને પોતે પ્રિયતમ તરીકે સ્વીકારતાં હતાં, અને પોતે પ્રિયતમા રૂપે પ્રિયતમની લગની લગાડતાં હતાં. વળી ઇરાનના મહાત્માઓ પ્રભુને પ્રેમ–સ્વરૂપ પ્રિયતમા–માશુક માને છે. આવો પ્રિયતમનો પ્રિયતમા સાથેનો સ્નેહ વર્ણવવો એટલે કે ભક્તોએ પ્રેમ સ્વરૂપ પરમાત્માનું હર્ષઘેલા થઈ ચિંતન કરવું, એજ આ પ્રેમ ધર્મનો મહાન ઉદ્દેશ છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે ફારસી સાહિત્યમાં સુફીવાદી મહાત્માઓ પયગંબર પ્રત્યેનાં મુખમાંથી ખરી પડતાં પ્રેમપુષ્પો એજ ગજલની લલિત પંક્તિઓ છે.

હવે ગજલ રાગનું નિરૂપણ પિંગલશાસ્ત્રની દૃષ્ટિએ કરીશું 'મ,–ફા–ઈ–લુન્–મ–ફા–ઇ–'લુન,' એ માપની રચનાને આપણે સામાન્ય રીતે ગઝલ તરીકે ઓળખીએ છીએ; પરંતુ મસ્ત બાલ કહે છે કે ગજલ એ ગાણાનું નામ છે એવું સમજવામાં ભૂલ છે. તે ગાણાનું નામ નથી પણ "કવિતાના વિષય સંબંધી સામાન્ય નામ છે. અને છંદનું નામ તો "હઝૂજ મુસમ્મન" છે, તેની રચના માટે સૂચના કરે છે કેઃ—

" ફારસી પ્રમાણે ચાર ચાર અક્ષરી ચાર ગણ દરેક ચરણમાં આવવા જોઈએ. ગણ પ્રમાણઃ— ઽઽઽ (લ ગુરુગુરુ) છે. આપણી અક્ષરી રીત લાગુ પાડતાં છંદનું પ્રમાણ નીચે પ્રમાણે આવશે:—

–ઽઽ	ઽ–ઽ	ઽઽ	–ઽઽ	ઽ–ઽ	ઽઽ
ય	ર	ગુરુ	ય	ર	ગુરુ

પ્રથમ બે પાદ અંત્યાનુપ્રાસવાળાં હોવાં જોઈએ. ગજલની ઓછામાં ઓછી પાંચથી ૨૦ બેત રાખવાનો સામાન્ય રિવાજ છે. તેની પહેલી લીટી ટેક તરીકે ચાલુ રાખવી જોઈએ; ઈબારત સાદી અને સરળ રાખવી જોઈએ, ગજલ પ્રભુ અને ભક્તની વચ્ચેના સ્નેહને સંબોધીને લખાવવી જોઈએ હાલમાં આ નિયમ પળાતો જોવામાં ઓછો આવે છે.

વાચનમાળાની ચોપડીમાં "ગુજારે જે શિરે તારે" કાવ્ય દાખલ થયું છે તેનું માપ ઉપર પ્રમાણેનું છે. વળી "બહરે રજઝમુસમ્મન સાલિમ" એને પણ ગજલ એવા નામથી સંબોધે છે. તેમાં માત્રા ૨૮ આવે છે. ઉદાહરણ:—

" આ અંગારપી બંગલાનો નિત નિવાસી, ક્યાં ગયો !
વિખુરો પુરો કરી મુજને અળગો કરી અળગો થયો"!

બહરે તવીલ મુસમ્મન = અક્ષર ૧૪, ૨૪ માત્રા.
લગાગા, લગાગાગા, લગાગા, લગાગાગા. (ફારસી રચના)
ઉદાહરણઃ—ખુદા સૌ ખલકના પણ આશીક તમારો છું.
તમારે તો ઘણા જણ પણ પ્રથમ હું અમારો છું.
* (ગુજરાતી ગજલીસ્તાન)

* * *

કાગળની લુગદી.

અનુવાદક—મિ. અમ્બેલાલ સવરામભાઈ દેસાઇ–અડવા.

જગતમાં એવો એક પણ દેશ નથી કે જ્યાં કાગળ કામમાં ન આવતા હોય. જેમ જેમ સભ્યતાની ઉન્નતિ થતી જાય છે તેમ તેમ કાગળનો વપરાશ વધતો જાય છે. હિન્દુસ્થાનમાં કાગળની લુગદી (જેનાથી કાગળ બનાવવામા આવે છે તે) એક જાતના ઘાસમાંથી અને ચીંથરામાંથી બનાવવામાં આવે છે. બીજા કેટલાક દેશોમાં એ લુગદી લાકડામાંથી પણ બનાવવામાં આવે છે ઇંગ્લાંડમાં એ લાકડામાંથી બનેલી લુગદી સ્વીડનથી આવ્યા કરતી હતી, પરન્તુ હાલમાં તે આવતી બંધ થઈ ગઈ છે, એટલે ત્યાંના કારખાનાઓને ઘણી હાનિ પહોંચવાનો સંભવ છે અમેરિકામાં એવાં લાકડાંના જંગલો સમાપ્ત થઈ ચૂક્યાં છે, નવા વૃક્ષો રોપવામાં આવે છે, પણ તેને વધવામાં કેટલાંક વર્ષોનો સમય લાગે છે, તેથી અમેરિકાના કારખાનાંવાળાઓને ભય ઉત્પન્ન થયો હતો, કે કાગળની લુગદી બનાવવાના સાધનના અભાવે કારખાંનાંઓ બંધ કરવા પડશે

કેહે છે કેઃ—"ઇશ્કના રાહમાં નહતી પરિવાર વેદના" એજ રચો અપરિપક્તિઓ છે.

શોધો કર-

હવે અત્રે "પ્રેમધર્મ" નું વિવરણ કરવાનું ઉચિત ધારૂં છું, કારણપરથી કે ગજલ એ પ્રેમધર્મની એક અલૈકિક પ્રસાદી છે. " પ્રેમ એજ પરમાત્મા છે."પ્રેમી થયા સિવાય પરમાત્મપ્રાપ્તિ થતી નથી,એવું નરસિંહ,દયારામ અને સાર્ કદાપિ વગેરે મહાત્માઓ ઉચ્ચારી ગયા છે. પ્રેમભક્તિદ્વારા પ્રભુભક્તિનો છે.

બ્લીચનો (Bleaching Powder) ઉપયોગ કરવામાં આવે છે. અદ્યાપિ એ ઉભય વસ્તુઓ મીઠામાંથી ઘણી સુગમતાથી બની શકે છે, તોપણ તેને બનાવવાનો ઉદ્યોગ આપણા દેશના લોકોએ આરંભ્યો નથી. આજકાલ એ બન્ને વસ્તુઓ વિલાયતથી આવતી બંધ થઈ ગઈ છે, અને કારખાનાના સંચાલકોની દૂરદર્શિતાનું ફળ એ આવશે કે તેઓને મિલો બંધ કરવી પડશે.

અમેરિકન લોકોને જ્યારે લુગદી બનાવવાની સામગ્રીઓ મળવામાં મુશ્કેલી પડવા લાગી ત્યારે તેઓએ સ્વીડનથી લુગદી મગાવી નહિ, પણ ઘણા પરિશ્રમ પશ્ચાત્ લુગદી બનાવવાની એક નવીન યુક્તિ શોધી કાઢી! એવો કયો માણસ છે કે જે રૂને નહિ જાણતો હોય? એવો કયો દેશ છે કે જ્યાં રૂની પેદાશ ન હોય? એજ રૂના છોડવા (કરસાંઠી) એમાંથી લુગદી બનાવવાની હાલમાં શોધ થઈ છે

એ રૂની કરસાંઠીને અત્યારસુધી અમેરિકામાં કોઈ પણ કામમાં લેવામાં આવતી ન હતી, પણ ઉલટી તેને બાળવામાં દર મણે દોઢ આનો ખર્ચ થતો હતો. એક મણ રૂ પાછળ લગભગ પાંચ મણ કરસાંઠી થાય છે એ ઉપરથી સુજ્ઞ વાચકને માલમ પડશે કે એને બાળવામાં કેટલો ધન વ્યય થતો હતો. હાલમાં તે ઘણા ઉપયોગમાં આવે છે હજુ એ કામની શરૂઆતજ થઈ છે, પણ આશા ઉત્પન્ન થાય છે કે ભવિષ્યમાં ઘણી લાભદાયક એ કળા નીવડશે. ગ્રીનવુડ (Greenwood) નગરમાં એક કારખાનું એ કરસાંઠીથી કાગળની લુગદી બનાવવાનું ખોલવામાં આવ્યું છે.

અધિકાંશ એ લુગદી કાગળો બનાવવાના ઉપયોગમાં આવશે. સાધારણ લાકડાના રેસાથી એ કરસાંઠીના રેસા ઘણા મજબુત છે, અને એવું અનુમાન કરવામાં આવે છે કે, બીજી વસ્તુઓથી બનતા કાગળો કરતાં એ કાગળો ઘણા મજબુત બનશે. એ લુગદીને હવે આપણે રૂની લુગદી કહીશું.

રૂની લુગદી માત્ર કાગળો બનાવવાના કામમાં આવશે એટલુંજ નહિ પણ બીજા પણ ઘણા કામમાં તે આવશે; જેનું વર્ણન નીચે પ્રમાણે કરવામાં આવે છે.

ગન કોટન—તેજાબના પ્રભાવથી લાકડાંની લુગદીના રેસા નષ્ટ થઈ જતા હતા. રૂની લુગદીના રેસા મજબુત છે, અને તેજાબની ક્રિયાથી નષ્ટ થતા નથી. એટલે રૂની લુગદીનું ગન કોટન બનાવવામાં આવશે.

નકલી રેશમ—એમાંથી ઘણી સુગમતાથી બનાવી શકાય છે. એ બનાવવાની રીત આ પ્રમાણે છે. લુગદીને આમાઇલ-એસીટેટમાં ગાળવામાં આવે છે, અને તેનાથી કાંતી શકાય છે. જો તે બહુજ બારીક હોય તો તેનાં કપડાં પણ વણી શકાય છે. દરેક પ્રકારનાં કપડાં એનાથી વણી શકાય છે પણ કૃત્રિમ રેશમનાં કપડાં જેટલા તે સ્થાયી રહેતાં નથી.

નકલી ચામડું—એને સ્નિગ્ધ ઘોલથી બનાવવામાં આવે છે. ઘોલથી રંગ દઇ એની ચાદરો બનાવવામાં આવે છે. એવી રીતે સાધારણ ચામડું મગરનાં ચામડાં જેવું બની શકે છે.

કુદરતી ચામડાંમાં કોઈ ભાગ જાડો, અને કોઈ ભાગ પાતળો હોય છે, પણ આ કૃત્રિમ ચામડું સર્વ જગાએ સરખું હોય છે. એવી રીતે એકરૂપતામાં કુદરતી ચામડાં કરતાં એ અધિક ચઢી જાય છે.

એ સ્નિગ્ધ દ્રવ્યથી બનાવેલી પાતળી પટીઓ સીનેમેટાગ્રાફની ફીલમો બનાવવાના કામમાં આવે છે.

પાઇરોક્સીલીન (Pyroxeleno) મદિરા (alcohol) એસીટોન (Acetone) ઇત્યાદિ અનેક રસાયનિક સયોગો (Compounds) એ રૂની લુગદીથી બની શકે છે.

આ નવા ઉદ્યોગથી રૂની કૃષિને પણ ઘણો લાભ થશે. અમેરિકામાં રૂના છોડવાઓ (કરસાંઠી) ને બાળી મુકવામાં આવતી હતી, અને જડ ખેતરોમાં રહી જતી હતી, એ જડમાં એક નાનું જાનવર જેને 'બીવિલી' કહે છે તે એ જડોમાં ઘર કરીને રહેતું હતું, અને ગરમીમા રૂની નવી ખેતીને નાશ કરવા તૈયાર રહેતું હતું. પરન્તુ હવે તો જડ પણ ઉપયોગમાં લઇ શકાય છે, અને તેથી જડને ઉખેડવી એ પહેલાની માફક હવે નિરર્થક ગણવામાં આવશે નહી. પહેલા એને ઉખેડવામાં ધનવ્યય થતો હતો, હવે કરસાંઠીની સાથે લુગદી બનાવવાના કામમાં પણ એ આવી જશે

એવી રીતે બીવિલોનું ઘર તો શું, પણ તેની ભોજનસામગ્રી પણ નષ્ટ કરી નાખવામાં આવશે. તેઓને રૂના ખેતરોનો વ્યય કરવો પડશે અને લોકોને કરોડો રૂપીઆ ફાયદા થશે *

* * *

---

* હિન્દી માસિક "વિજ્ઞાન" ઉપરથી

સાબુની બનાવટ.

મહેરબાન શાળાપત્રના તંત્રી સાહેબની સેવામાં.

વિજ્ઞપ્તિ કરવાની કે જૂન જુલાઈ ૧૯૧૯ના શાળાપત્રમાં "સાબુ ને તેની બનાવટ" વિષે લેખ વાંચી જોયો, પરંતુ તેમાં સાબુ બનાવવા માટે દરેક વસ્તુનું પ્રમાણ બતાવેલું નથી સદરહુ પ્રયોગ સ્કોલર તરીકેની જિંદગીમાં અમારા સાયન્સના માસ્તર સાહેબે કરી બતાવ્યો હતો. પરંતુ કોલેજ છોડયા બાદ તે સંબંધી પુસ્તકો તથા અન્ય ગ્રંથો જાતે ખાત્રી કરતાં નીચેની રીતે સાબુ બનાવવાથી પ્રમાણસર અને સારા બને છે, તો આ લેખને શાળાપત્રમાં સ્થાન આપશો કે શિષ્ય અગર શિક્ષક ઉત્સાહ ધરાવી ઓછા ખર્ચથી બનાવી સ્વાશ્રયી થઈ શકે.

વસ્તુઓ.	વજન.	સાહિત્ય.
કોસ્ટીક સોડા	૧ શેર	૧ કાચની અથવા લોઢાની
		સખોટવાળી રકાબી.
ચોકખું પાણી	૨ શેર.	લાકડાનો તાવીથો
કોપરેલ.	૫ શેર.	૧ ઉપરની જાતની
		રકાબી ગરમી લગાડવાથી
મિઠાઈમાં વપરાતો રંગ.	૦ા તોલો	ન બગડે તેવી, અથવા
સુગંધી (અત્તર)	½ તોલો.	તો કડાઇ લેવી.

બનાવટ. *

પ્રથમ રકાબીમાં કોસ્ટીક સોડાને વાટી નાખીને તેમાં તમામ પાણી ઉપરના માપમાં બતાવ્યું છે તે નાખવું, ને સોડાને ઓગાળી નાખવો; પરંતુ યાદ રાખવું કે તે પાણીમાં આંગળી નાખવી નહિ પણ લાકડાના તાવેથાવડે કામ લેવું. પછી તે મિશ્રણમાં કોપરેલ ધીમે ધીમે રેડતા જવું, અને તાવેથા વડે હલાવતા જવું એવી રીતે તમામ તેલ નાખી [illegible]

---

* શાળાપત્રમાં 'સાબુને તેની બનાવટ' વિષે [illegible] છે તે દરેક આનગ કામ પદ્ધતિએ અને [illegible] આપવામાં આવ્યો છે. તંત્રી.

તેજ રકાબીમાં ૧ દિવસ રહેવા દેવુ, પછી બીજે દિવસે તે મિશ્રણ ઠરી જશે. તેના કકડા કરીને તે બધા કકડા દેવતાપર મૂકેલી કડાઇમાં નાખીને બીજું નવું ૨ શેર પાણી નાખી અગ્નિની સાધારણ આંચ આપવી, અને તાવેથા વડે હલાવતા જવુ - જ્યારે તે મિશ્રણમાંથી ૫૦ ટકા પાણી બળી જાય અને ઉભરો આવવા જેવું થાય, ત્યારે નવટાંક પાણીમાં ૧⁄૪ તોલો રંગ નાખી તે રંગનુ પાણી કડાઇમાં નાખવુ તેથી સાબુ રંગદાર બનશે, અને તરતજ નીચે ઉતારી લેવુ, અને તમામ મિશ્રણને બરાબર હલાવીને એક કરી દેવુ. ત્યારબાદ સુગંધીદાર કરવા માટે ઉંચું અત્તર ૧⁄૨ તોલો નાખવુ કે સુગંધદાર બની શકે, પછી જેવી આકૃતિ પાડવી હોય તેવા બીબામાં અમુક અમુક વજનના કકડા છાપી કાઢવા એટલે બજારમાં વેચાતા વિલાયતી સાબુ જેવો નહાવાનો સુંદર સાબુ બનશે.

ઉપરની બધી વસ્તુઓની કિંમત સારા વખતમાં ૨૧⁄૪ રૂપીયા થાય છે, અને તેટલી કિંમતમાં લગભગ ૭ શેર સાબુ તૈયાર થાય છે. આ પ્રયોગ મે ઘણી વખત અજમાવીને ખાત્રી કરી છે, અને શિષ્ય તથા શિક્ષક લાભ લઇ શકે એવા હેતુથી આ લેખ લખવામાં આવ્યો છે. એજ વિનંતી.

સહી. પોપટલાલ મોનજી યાજ્ઞિક.
પી. આસિ. તાલુકા સ્કુલ. રોજકા,

સુચના.

જૂન જુલાઇનો એક ભેગો છાપવામાં આવશે.

જાહેર ખબર.

મ. ઉ. વિભાગના એ. ઈ. સાહેબના તા. ૧૭-૨-૨૦ નો હુકમ નં. ૧૫૩૯૮.

મ. ડિરેક્ટર સાહેબે પોતાના તા. ૧૨-૨-૨૦ ના હુકમ નં. ૧૬૧૩૬ ઉપરથી નીચેનાં પુસ્તકો પ્રાથમિક શાળાઓ માટે મંજુર કર્યાં છે, તે સર્વે લોકોની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

નંબર.	ચોપડીનું નામ.	જે ભાષામાં પુસ્તક છપાયું હોયતેનું નામ	પુસ્તક શા ઉપયોગ માટે મંજુર થયું છે તે.	કિંમત			ટીકા.
				રૂ.	આ	પા	
	બશિરૂદીન એહમદ, પહેલા તાલુકદાર, રેચુર						
૧	"દુરતે મુઆશીરત"	ઉર્દુ	ઉર્દુ શાળાઓના તથા ઇનામ અને				
૨	"મઠણીસે દુલહત"	"	"				
	ગોડબોલે, એમ. બી. સદાશીવ પેઠ, પૂના સીટી.						
૩	"રપાઝરામીટર"		પ્રાથમિક શાળાઓમાં ઉપયોગ માટે	૨૦	૦	૦	
	જલાલુદીન એમ. એચ. મુખ્ય મોલવી, ગવર્નમેન્ટ હાઈસ્કૂલ, કાનપુર						
૪	"કન્ડ એ ઉર્દુ"	ઉર્દુ	ઉર્દુ નિશાળોમાં ઇનામ તથા લાયબ્રેરિ માટે.	૨	૦	૦	
	લોન્ગમેન્સ ગ્રીન એન્ડ કંપની મુંબઈ.						
૫	"લીટલ લેડી ઓફ ધી સન"	"	ઉર્દુ શાળાઓમાં ઇનામ માટે	૦	૨	૦	
૬	"રામ અને સીતા"	"	"	૦	૨	૦	

૭	મેકમિલન અને કમ્પની મુબઈ "Giants & Fairies of To-day (આજના રાક્ષસો અને અપ્સરાઓ)	,,	ઉર્દુ શાળાઓમાં ઇનામ અને લાયબ્રેરિ માટે	૦	૪	૦
૮	સોમાની વી. એમ. મુબઈ. "ઘરનું નામુ"	ગુજરાતી	ટ્રેનિંગ કોલેજોમાં ચલાવવા માટે	૦	૪	૦
૯	ઉત્તરચંદ કપુર એન્ડ સન્સ, અનારકલી લાહોર "ઉર્દુકા કાઇદા" કર્તા રંગ બીહારીલાલ	ઉર્દુ	ઉર્દુ શાળાઓમાં ચલાવવા માટે તથા ઇનામ માટે.	૦	૧	૦
૧૦	"ઉર્દુકી પહીલી કીતાબ" કર્તા રામદાસ છબરઅલી	,,	,,	૦	૪	૦
૧૧	,, દુસરી ,,	,,	,,	૦	૫	૦
૧૨	,, તીસરી ,,	,,	,,	૦	૬	૦
૧૩	,, ચૌથી ,,	,,	,,	૦	૬	૦

(સહી) B. N. Desai
ડિરેક્ટર ઓવ્ પબ્લીક ઇન્સ્ટ્રક્શનની વતી.

ધન મેળવવાનું ઉત્તમ સાધન

હુન્નર પ્રકાશ.

આ અતિ ઉપયોગી પુસ્તકમાં ૧૦૦૦ હુન્નરો દરેક દરદોના ચમત્કારિક ઈલાજો, સેન્ટો વિલાયતી સાબુઓ, દરેક જાતના રંગ રોગાનો, અત્તરો, અર્કો વગેરે વગેરે બનાવવાની ઘણીજ સહેલી રીતો છે વિશેષ ખાત્રી વાંચવાથી થશે. કિંમત રૂ. ૧, પોષ્ટેજ જુદું.

મુલક મશહુર જામનગરનો પ્રખ્યાત

શુદ્ધ સાચા મોતીનો સુરમો.

આંખોના નામાંકિત ડાક્ટરો, હકીમો અને વૈદ્યોએ અમારા સુરમાને પબ્લીક હોસ્પિટલો, ડિસ્પેન્સરીઓ અને દેશી દવાખાનાઓમાં આંખના જુદી જુદી જાતના અસંખ્ય દરદીઓ ઉપર ઘણીજ ફતેહમંદીથી વાપરી ઉત્તમ સર્ટીફિકેટો આપેલાં છે.

આ સુરમો વાપરવાથી આંખના અસંખ્ય દરદીઓ ફતેહમંદ થયા છે. એક વખત ખાત્રી કરવા અરજ છે.

કિંમત નંબર ૧. તોલા ૧ ના રૂ. ૪) નંબર ૨, રૂ. ૧॥ નંબર ૩ રૂ ૧) અને નંબર ૪ રૂ. ॥.

ફ્રાન્સ અને અમેરીકાના મહાન ડાક્ટરોની નવી શોધ.

નામદાર બ્રીટીશ સરકારમાં રજીષ્ટર કરાવેલ

યુનીવર્સલ બામ.

(નમુનાની ડબીના બે આના.)

ફક્ત બહાર લગાડવાથીજ દરેક જાતનાં દરદો મટી જાય છે.

ગરમી અગર શરદીનો સખત માથાનો દુખાવો, આધાશીશી, માથાનો કહાપે ચટરી, અને ટુંકામાં શરીરના કોઈપણ ભાગના દુખાવા અને દરદો ઉપર લગાડવાથી ફક્ત પાંચ મિનિટમાં આરામ કરી આપે છે.

કિમત શીશી ૧ નો રૂા. ૧-૦-૦

નુરભાઈ ઈસમાલજી અતરીઆ.
ફુલબજાર—જામનગર.

લેખનકળા કોપીબુકો.

ગુજરાતી અને બાળબોધ ૭ નંબરમાં

દરેક નંબર કિંમત બે આના.

કેળવણીખાતાના મે. ડિરેક્ટર સાહેબે મુંબઇ ઈલાકાની ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજુર કરી છે.

૨૦૦ અને તે ઉપરાંત કોપી ખરીદનારને સેંકડે ૧૫ ટકા કમિશન આપવામાં આવશે. પેકિંગ અને રેલ્વે ખર્ચ પણ આપવામાં આવશે, પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખર્ચ આપવામાં આવશે નહિ.

કોપીઓ સાથે બીજાં પુસ્તકો મંગાવનારને સેંકડે એક ટકો હકસાઈ લઈ મોકલી આપવા ગોઠવણ રાખી છે. મળવાનુ ઠેકાણુ—ડાહ્યાભાઈ જગજીવનદાસ એન્ડ સન્સ. લેખનકળા કોપીબુકની ઓફિસ—જુની કાળકાદેવી પોસ્ટ ઓફિસ સામે નંબર ૨૧૭—મુંબઈ.

દસ્કત શિક્ષક કોપી બૂકો.

ગુજરાતી અને બાળબોધ આઠ નંબરમાં, કેળવણી ખાતાના મે૦ ડિરેક્ટર સાહેબે મુંબઇ ઈલાકાની દરેક ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજુર કરી છે. લડાઈને લીધે કાગળના ભાવ બેહદ વધી જવાથી મે૦ ડિરેક્ટર સાહેબના, નં૦ ૧૧૨૪૫ ૧૯૧૭-૧૮ ની સાલના, હુકમથી હાલ થોડા વખત માટે અઢી આના દરેક નંબરની કિંમત રાખી છે ૨૩૦ અને તેથી વધુ કોપી ખરીદનારને હાલમાં સેંકડે (૧૫) ટકા કમિશન ઉપરાંત પેકિંગ અને રેલ્વે ખર્ચ આપવામાં આવશે, પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખર્ચ આપવામાં આવશે નહિ. દસ્કત શિક્ષક કોપી બુકોની સ્ટીલ પેનો દરેક નંબરને બંધ બેસતી, ૧ થી ૮ નંબરની, દરેક બોકસમાં એકજ જાતની, ડા. ૬ કિંમત રૂ. ૦ાા નક્કી.

મળવાનું ઠેકાણું:-

આદરજી કાવસજી માસ્તર.

ઠે. નં૦ ૧૦ ધોબી તલાવ-મુંબઇ

શાળોપયોગી પુસ્તકો.

અમારે ત્યાંથી શાળામાં ચાલતી તમામ જાતની બુકો તથા તેને લગતો સર્વે સામાન, લાલ તથા બ્લુબ્લેક શાહીની ટીકડીઓ વગેરે સેંગુજફાયદાથી મળે છે. માટે જલ્દી ઓર્ડર આપો.

શાહ જેઠાભાઇ રતનસિંહ મોમાયા બુકસેલર,
ઠે. માંડવી મસજીદ પૂલ ઉપર
મુંબઈ પોસ્ટ નં. ૩.

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકોનો કાપી રાઇટ અમે લીધો છે, માટે તે બધાં પુસ્તકો અમારી પાસેથી મળી શકશે, માટે ઓર્ડર મોકલશો.

	કિમ્મત. રૂ. આ. પા.	
ગૃહવ્યવસ્થા	૦—૧૨—૦	ટેક્સ્ટ બુક તરીકે મંજૂર છે.
બાળસ્વભાવ	૦—૩—૦	”
બાળવાર્તા	૦—૩—૦	ઇનામ અને લાઇબ્રેરિ માટે મંજૂર
સચિત્ર વાર્તા વિનોદ	૦—૩—૦	” ”
નવીન આરોગ્ય વિજ્ઞાન	૦—૬—૦	” ”

ઉપર લખેલાં પુસ્તકો કેટલાક સ્ટેટો તથા ઇનામ અને લાયબ્રેરી માટે મંજુર થએલ છે.

ઉષા અથવા એક સુજન જૂની વાર્તા
કર્તા—રા. ન્હાનાલાલ દલપતરામ કવિ ૧—૪—૦

તે સિવાય દરેક જાતનાં મોટાં ગુજરાતી તથા સંસ્કૃત પુસ્તકો અને તમામ પ્રકારની ડ્રોઈંગ બુકો તથા ડ્રોઈંગને લગતો સામાન અમારે ત્યાંથી કિફાયત ભાવે મળી શકશે.

કિંમત રૂ. ૦-૩-૦ } **નવું દેશીનામું** { ધોરણ ૬ અને ૭ માટે
ખુડખુડીઆ અને રાણાકૃત } { ધોરણવાર બનાવેલું.

નામદાર સરકારે ટેક્સ્ટ બુક તરીકે મંજુર કર્યું છે. તદન નવીન અને સરલ પદ્ધતિએ લખાયલું હોવાથી વિદ્યાર્થીઓને અત્યંત ઉપયોગી થઈ પડેલ છે.

માલીક—
ગીરજાશંકર કલ્યાણજી ઓઝા. } બુકસેલર એસ. યુ. માસ્તરની કં.
પરા બજાર—રાજકોટ.

શિક્ષકો અને વિદ્યાર્થીઓને થોડા શ્રમે ઘણું જ્ઞાન મળે એવાં પુસ્તકો.

સચેતકૃત નવી ભૂમિતિનો શિક્ષક—તેમાં વ્યાખ્યાઓ રીતો, સિદ્ધાંતો અને પ્રશ્નોના '૮૪૫' આકૃતિઓ સાથે સંપૂર્ણ ખુલાસા કરવામાં આવ્યા છે આ પુસ્તક ધોરણ ૭, સાત ને ૧૦ ફા૦ ના વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી છે. ટ્રેનિંગ કોલેજના પહેલા વર્ષના વિદ્યાર્થીઓને પણ આમ ઉપયોગી છે. કિં૦ ફક્ત ૦-૧૪-૦

હિંદનો ઇતિહાસ—૧૦ ફા૦ ના તમામ વિદ્યાર્થીઓ આ ઇતિહાસનો ઉપયોગ કરી પાસ થાય છે. તેમાં આજ સુધીના ૧૦ ફા૦ પરીક્ષાના પ્રશ્નો તથા તેના ઉત્તરો આપેલા છે ધોરણ ૬ થી સાત સુધીના તમામ વિદ્યાર્થીઓને આ ઇતિહાસ અતિ પ્રિય થએલો છે કિં૦ ફક્ત ૦-૯-૦.

નીતિ સંવાદો—નીતિનું શિક્ષણ આપી શકાય તેવા સંવાદોની બુક તૈયાર છે આ સંવાદો શાળાઓમાં નીતિપાઠો તરીકે ચલાવી શકાય તથા શાળાઓને લગતા તમામ જાતના ઉત્સવોમાં ભજવી શકાય તેવા છે. કીં. ૦-૨-૦

નીતિવાચનમાળા કિંમત ૦-૫-૦ નીતિની શિખામણો, કિંમત ૦-૨-૦ અને તેવાંજ નીતિને લગતાં બાળશિક્ષણ ઉપયોગી ઇનામ લાયબ્રેરી માટે મંજુર થએલાં પુસ્તકો અમારે ત્યાંથી મળશે.

ઉપરનાં પુસ્તકો ઉપરાંત ગુજરાતી, અંગ્રેજી ઉર્દુ અને સંસ્કૃત શાળાઓમાં ચાલતા તમામ પુસ્તકો, ગણિતના ખુલાસા, ગુજરાત-મુંબાઈ, હિંદુસ્તાન અને એશિઆની ભૂગોળની વીગતવાર નોટો, માનસિકનો શિક્ષક, ધોરણની નોટો, સ્ટેશનરી, કાગળોના રીમ, કોરી અને ચિત્રવાળી ડ્રોઇંગ બુકો, એક્સરસાઇઝો, ડાયરીઓ, નવા ધારા મુજબ છપાવેલા ગણોત પટા, અંગુઠા છાપવાની ડબીઓ વગેરે મળશે. બીજા વેપારીઓ કરતાં અમારે ત્યાંથી માલ કિફાયત ભાવે મળશે, રૂા ૨૫) નો ઓર્ડર આપનારને કમીશન ઉપરાંત સુંદર ભેટ આપવામાં આવે છે

નીતિનું શિક્ષણ આપવા માટે ખાસ તૈયાર કરેલા પુસ્તકો
વિદ્વાનોના ઉંચા અભિપ્રાયવાળાં.

નીતીવાચનમાળા.

કર્તા—ડાહ્યાલાલ વ્રજલાલ પંડિત.

પુસ્તક ૧ લું (ઇ. લા. માટે મંજુર) ૦-૧-૬
પુસ્તક ૨ જું (,,) ૦-૨-૯
પુસ્તક ૩ જું (,, શ્રીયુત છ. હ. પંડયાની પ્રસ્તાવનાસહિત ૦ ૫-૦
પુસ્તક ૪ થું ૦-૬-૦
નીતિ સધારો (બારે રતુના) ૦-૨-૦

સરનામું— **ધી સરસ્વતી બુક ડેપો—નડિઆદ**

શિક્ષકો તેમજ શિષ્યવર્ગમાં પ્રિય થઈ પડેલ.

સૃષ્ટિજ્ઞાન. (ત્રીજી આવૃત્તિ)

ધોરણ ૧-૨-૩-૪-૫-૬ ની વાચનમાળાના ત્રીજા ભાગના વિદ્યાના પાઠોનું પ્રશ્નોત્તર રૂપે સંપૂર્ણ વિવેચન, પ્રે. ટ્રે. કૉ. ના શિક્ષણનો લાભ મેળવેલા એ સિનિયર માસ્તરો પાસે તૈયાર કરાવેલા ઘણા ઉપયોગી અને પ્રશંસાપાત્ર થયા છે જેની ખાતરી ટુંક સમયમાં ત્રીજી આવૃત્તિ બહાર પડી તે છે, તેમજ વ. ફા. અને પ્રાવેશિક પરીક્ષાના ઉમેદવારની ઉપરાઉપરી માગણી થવાથી અમોએ

સૃષ્ટિજ્ઞાન યા વિદ્યાના પાઠો.

ઉપરનાજ શિક્ષકો પાસે સરળ ભાષામાં પ્રશ્નોત્તર રૂપે તૈયાર કરાવી બહાર પાડયા છે. જેમાં સાતમી ચોપડીના વિદ્યાના પાઠોનું સંપુર્ણ વિવેચન કરવામાં આવ્યું છે તથા પરીક્ષામાં પુછતા સવાલોનો પણ સંગ્રહ કરવામાં આવ્યો છે, જેથી એના અભ્યાસ પછી ઉપર જણાવેલી પરીક્ષાઓમાં આ વિષયમાં નાપાસ થવાનો બીલકુલ સંભવ છેજ નહિ. વધારે પ્રશંસાની જરૂર નથી. બુક મંગાવી જોવાથી ખાતરી થશે. કિંમત રૂ ૪-૦-૬ જથ્થા બંધ લેનારને સારૂ કમિશન. ધોરણવાર કિંમત નીચે મુજબ—

બાળોપયોગી પ્રશ્નોત્તર રૂપે સરળ સૃષ્ટિજ્ઞાન	ધો. ૧ લું.	(આ. ૧)	કિંમત રૂ ૦-૧-૬
"	ધોરણ ૨ જું	(આ. ૩)	રૂ. ૦-૧-૦
"	ધોરણ ૩ જું	(આ. ૩)	રૂ. ૦-૨-૦
"	ધોરણ ૪ થું	(આ. ૩)	રૂ ૦-૨-૦
"	ધોરણ ૫ મું	(આ. ૨)	રૂ. ૦-૨-૬
"	ધોરણ ૬ ઠું	(આ. ૨)	રૂ ૦-૨-૬
"	ધોરણ ૭ મું	(આ. ૧)	રૂ ૦-૪-૬
પ્રશ્નોત્તરરૂપ ભરતખંડનો સરળ ઇતિહાસ		(ધો. ૫)	રૂ. ૦-૨-૦
"	"	(ધો. ૬)	રૂ. ૦-૩-૦

કમિશન ટકા ૨૫ આપવામાં આવશે.

પત્રવ્યવહાર નીચેને સરનામે કરો -મણિલાલ મુળજીભાઈ ઉપાધ્યાય
બુકસેલર ઍન્ડ પબ્લિશર મુ. પેટલાદ (વાયા આણંદ)

તા. ક.—આ ઉપરાંત ધોરણવાર નોટો પણ અમોએ પ્રગટ કરી છે.

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની બુકસેલર્સ-કાળબાદેવીરોડ-મુંબઈ.

મુંટી કાઢેલાં ઉપયોગી પુસ્તકો.

ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં ટેક્સ્ટ તરીકે મંજુર થએલ,

ચોથા ધોરણની ભૂગોળ.

૨૦ નકશા સાથેની બીજી આવૃત્તિ.

લખનાર—રા. હિંમતલાલ ગણેશજી અંજારીયા

એમ. એ. એલ; એલ બી.

મૂલ્ય ૦-૮-૦

પતિવ્રતા સતીઓ.

૨૪ સુંદર ચિત્રો સહિત આવૃત્તિ ત્રીજી. મૂલ્ય ૩-૦-૦

રાજા ભોજ અને કવિ કાલિદાસ.

બોધક અને આનંદદાયક વાર્તાઓનો સંગ્રહ.

૧૮ સુંદર ચિત્રો સહિત દ્વિતિયાવૃત્તિ કિંમત રૂ ૪-૦-૦

	રૂ. આ.
સરસ્વતીચંદ્ર, ભાગ ૧, ૨, ૩, ૪	૯—૮
નીલમ માણેક ભાગ ૧ થી ૮	૧૦—૦
ચતુરી ભાગ, ૧-૨ (સચિત્ર	૩—૦
વૈદક વિજ્ઞાનચક્ર, વોલ્યુમ્સ ૧-૨	૧૫—૦
ગુજરાત સર્વ સંગ્રહ... .	૨—૦
આરસીની સાખી, ...	૨—૦
ગુજરાતની જુની વાર્તા „ ...	૧—૦
કમર્શીયલ કેલેન્ડર અને હીંદી વેપારી પચાંગ „ ...	૨—૮
મુંબઈમાં ચાલતા કાચા પાકા તોલના હિસાબની ચોપડી	૨—૦
એંગ્લો સીંધી રૂપુલિક ગાઈડ ..	૧—૮
પોકેટ ગુજરાતી ઇંગ્લીશ ડીક્ષનેરી	૨—૦
સ્ટાર ઇંગ્લીશ ગુજરાતી „	૦—૧૨
વહુને શીખામણ	૧—૦
શીરીન માદામ અને દોલત (અદ્ભુત રસદાયક નવલકથા) (કર્તા જગમોહન મોહનલાલ પટેલ	૨—૦
સાસુસલાહ	૨—૮
દીલ્હીની સુલતાનાનો સ્ત્રીપરિગમ	૧—૮
પ્રેમરતન	૧—૪

	રૂ. આ.
મેડીકલ એસ્ટ્રોલોજી (હોમીયાર કૃત)	૩—૮
અંકગણિત	૧—૦
તેજપ્રભા (નવલ કથા) ...	૧—૧૨
કરણઘેલો...	૧—૧૨
ઇંગ્લાંડનો ઇતિહાસ	૧—૮
વનસ્પતિશાસ્ત્ર	૨—૦
હૃદયવીણા	૧—૦
કુસુમમાળા (નોવેલ)	૨—૮
અનંગ રંગ (સચિત્ર નવલકથા)	૨—૮
માનસશાસ્ત્ર, અથવા મસ્તક વિદ્યા અને મુખ સામુદ્રિક શાસ્ત્ર...	૫—૦
મેડીકલ સાઈકોલોજી (હોમીઆપ કૃત)	૩—૦
મુખશુદ્ધ સાર	૧—૦
કુસુમમાળા...	૦—૧૦
કવિતા પ્રવેશ	૧—૦
કાવ્ય ચાતુર્ય	૧—૧૨
સ્ત્રીઓની મદદગાર	૧—૮
મણી અને મોહન અથવા ભાગ્યહીન બાઈ બ્હેન ...	૧—

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપનિ બુકસેલર્સ, કાલબાદેવી રોડ-મુંબઈ

REGISTERED No B 41

પુસ્તક ૫૯મું.] [અંક ૬-૭

Gujarat School Paper.
ગુજરાત શાળાપત્ર.

જૂન, જુલાઈ, સને ૧૯૨૦.

અનુક્રમણિકા

વિષય.	પૃષ્ઠ.
૧ ગીત	૧૨૧
૨ કવિતા	૧૨૪
૩ [illegible]	૧૨૯
૪ બાળકો તરફ માતાની ફરજ	૧૩૨
૫ [illegible] લેખન	૧૩૬
૬ [illegible]	૧૩૮
૭ નીતિ દૃષ્ટાંત વિચાર	૧૪૦
૮ [illegible] પ્રાચીન ગ્રંથોમાં આવતી હકીકત	૧૪૩
[illegible] ૧૦ ની [illegible] તેમ હકીકત	૧૪૫
૧૦ ગણિત શિક્ષણના કેટલાક પ્રશ્નો	૧૪૭
૧૧ [illegible] શાળાની એક રમત	૧૪૮
૧૨ વાંચનનું શિક્ષણ	૧૫૦
૧૩ અધિકમાસ અને ક્ષયમાસ	૧૫૧
૧૪ અગિયાર માસનું વર્ષ	૧૫૩
૧૫ ગુજરાતી ભાષામાં વપરાતા અરબી, ફારસી શબ્દો	૧૫૪
૧૬ ચર્ચાપત્ર	૧૫૬
૧૭ કેળવણી ખાતાની જાહેર ખબર	૧૬૦

કેળવણી ખાતાના હુકમથી
તંત્રી અને પ્રકાશક (ઓક્ટોબર ૧૯૧૪ થી)
મિ. કેખુશરૂ અરદેશર બાલા, બી. એ.
પ્રિન્સિપાલ, ટ્રેનિંગ કૉલેજ—અમદાવાદ
(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે)

શ્રી સત્યનારાયણ પ્રિન્ટિંગ પ્રેસમાં [illegible] મોતીલાલ કાશીરામે છાપ્યું
[illegible] પાનકોરનાકા [illegible]-અમદાવાદ.

સૂચના.

૧. પત્ર સબંધી લખાણ—એડિટર તરફ મોકલવું. છપાવવા મોકલવાનું લખાણ કાગળની એક બાજુએ ચોકખે અક્ષરે લખવું. છપાવવા યોગ્ય લાગશે તો છપાશે, નહિ પસંદ કરેલો લેખ ટિકિટ મોકલી હશે તો પાછો મોકલવામાં આવશે.

૨. લેખકને ઉત્તેજન—વિષયો લખી મોકલનારની પૈસા લેવાની ખુશી હશે તો પ્રથમથીજ ખબર આપેથી દર છાપેલે પાને યોગ્યતા પ્રમાણે રૂા. ૧) સુધી આપવામાં આવશે. ચર્ચાપત્ર માટે કંઈ આપવામાં નહિ આવે.

૩. લવાજમ—વરસ એકનો રૂ. ૧-૨-૦ ટપાલ ખર્ચ સાથે અગાઉથી. વિદ્યાર્થીઓ માટે ૦-૧૦-૦. છુટક અંકના રૂા. ૦-૨-૦ પોસ્ટેજ રૂા ૦-૦-૬ જુદું

૪. મનિઑર્ડર—કુપન પર ગામ કે શહેરનું ઠેકાણું સ્પષ્ટ લખવું તેમજ ત્યાં એકથી વધારે નિશાળો હોય તો નિશાળનો નંબર તથા શાળાપત્ર ઑફિસ તરફથી અપાએલા સરનામાના લેબલ ઉપરનો નંબર લખવો.

જાહેરખબરના ભાવ.

મુદત.	પેજ.		
	આખું.	અર્ધું.	પા.
આખું વર્ષ.	રૂ. ૬૫	રૂ. ૩૪	રૂ. ૨૦
૭ માસ	રૂ ૩૫	રૂ ૧૮	રૂ ૧૨
ત્રણ માસ.	રૂ ૨૦	રૂ. ૧૦	રૂ ૭

છુટક છપાવવાનો દર.

દર ત્રણ લીટીએ રૂ ૧-૨-૦ રાખ્યા છે.

આ પત્ર સાથે કોઈ પણ હેંડબીલ વહેંચવામાં આવશે નહિ

૫. શાળાપત્રમાં આપેલી ખાનગી જાહેરખબરોમાં જણાવેલી ચોપડીઓ ખાતાએ મંજુર કરેલીજ હોય એમ હમેશ હોતું નથી. માટે દરેકને મંજુર કરેલી તરીકે ગણવી નહિ.

૬. દરેક માસના શાળાપત્રનો અંક તે માસની તા. ૨૫ મી સુધીમાં ન મળે તો તે માસની આખર તારીખ સુધીમાં અમને ખબર આપવી કે જેથી તે અંક મોકલવા ગોઠવણ થાય માસ આખર પછી અંક નહિ મળ્યાની ખબર આપનારને જો અંક સિલકમાં હશે તો છુટક અંક પ્રમાણે કિમત લઈ મોકલવામાં આવશે

૭ શાળાપત્રનું વરસ જાન્યુઆરિથી ડિસેમ્બર સુધી ગણવામાં આવે છે માટે વરસની વચમાં જે ગ્રાહક બંધ થવા માગતા હશે તેમની પાસેથી જેટલા અંક તેમને મળ્યા હશે તેટલાની છુટક અંક લેખે કિમત લેવામાં આવશે

તંત્રી.

ઈએ છે—પાલનપુર સ્ટેટની સ્કૂલો માટે ગુજરાતી તથા ઉર્દુ ટ્રેન્ડ શિક્ષકો ફર્સ્ટ સેકન્ડ અને થર્ડઇયર પાસ થયેલા પગાર ખાલસાના ગ્રેડ મુજબ મળશે. સર્ટિફિકેટની નકલ સાથે લખો નીચે સહી કરનારને:

છોટાલાલ મગનભાઈ એજ્યુકેશનલ ઓફિસર. પાલનપુર.

જોઈએ છે—એક પહેલા વર્ષનો ટ્રેન્ડ શિક્ષક પગાર રૂ. વીસ. દરવરસે યોગ્ય પ્રોમોશન. સર્ટિફિકેટ સાથે નીચેને શિરનામે અરજી કરો.

લાલજી હરજીવન મહેતા

મેનેજર જસરાજ નાગરદાસ. ગુ સ્કુલ બંદરરોડ કરાંચી.

જોઈએ છે—ધ્રાંગધ્રા સ્ટેટની સ્કૂલો માટે રૂ. ૧૫ થી ફર્સ્ટ ઇયર, રૂ. ૨૦ થી સેકન્ડ ઇયર, અને રૂ ૨૫ થી થર્ડઇયર ટ્રેન્ડ શિક્ષકો. પહેલા એને મોંઘાઈ રૂ. ૪, ત્રીજાને રૂ ૩ા મળશે એજ્યુ. સુપરિન્ટેન્ડન્ટને લખો.

જોઈએ છે—ટ્રેંડ, અનુભવી સ્ત્રી તથા પુરુષ શિક્ષકો પગાર લાયકાત મુજબ મળશે. સર્ટિફિકેટ સાથે લખો. મેનેજર ઈ ઈ. ખોજા જમાત સ્કુલ ખોજા જમાત ખાના, ખડક, મુંબઈ.

જોઇએ છે—ટ્રેન્ડ ઉર્દુ શિક્ષક, તથા ગુજરાતી શિક્ષક, ને ટ્રેન્ડ ગુજરાતી સ્ત્રીશિક્ષકો, પગાર લાયકાત પ્રમાણે.

હેડ મા. મનસુખલાલ પ્રભુદાસ.
મ. શા મો તા કપડવંજ

જાહેર ખબર.

અત્રેની ગુજરાતી પ્રાથમિક શાળાઓ માટે ટ્રેનિંગ કોલેજમાં પસાર થયેલા શિક્ષકોની જરૂર છે, માટે ઉમેદવારોએ અસલ સર્ટિફિકેટની નકલ સાથે જાત, ઉમર, રહેવાનું ગામ મળતા પગારના આંકડા સાથે અરજી કરવી.
તા. ૨૧—૭—૨૦

દીવાન સંસ્થાન દેવગડ બારીયા.

બુકસેલર લલ્લુભાઇ નારણદાસ શાહ, લીમડાચોક—સુરત.

અમારી દુકાને શાળામાં ચાલતી તમામ બુકો તથા સ્ટેશનરી કાગળો વગેરે, ઓછે ભાવથી આપવામાં આવશે માટે અમારી દુકાનેથી ખરીદવાની કૃપા કરવી.

સહેલાઈથી અંગ્રેજી શીખવું છે

જો થોડા ખર્ચે અને પદ્ધતિસર અંગ્રેજી શીખવા માગતા હો તો જરૂર 'અંગ્રેજી શિક્ષક' ખરીદો. કિંમત પોસ્ટેજ સાથે ફક્ત આઠઆના છે.

લખો —દયાશંકર ભાઈશંકર શુકલ.
ઠે મોનીફળીઆ—સુરત.

બાળકોનું હિત વિચારશો ?

જો ખરેખર બાળકોનું હિત વિચારતા હો, તો અર્ધાઆનાની ટીકીટ બીડી ખુલાસો મંગાવો શિક્ષકોને અને બુકસેલરોને વિશેષ લાભ મળે તેમ છે લખો —

બાલસાહિત્યપ્રકાશ મંદિર.—મોનીફળીઆ—સુરત.

શંકા તજીને વાપરો—દેશીનામું.

શકાશીલ શિક્ષકોની જાણ માટે લખવાનું કે મુંબાઈ સર. ની આ. ખ નં. ૧૪૯૭ તા. ૨-૯-૧૯૦૦ લગત ઉત્તર વિ. એ. ઇ. નં. ૪૪૩૯ તા. ૧૬-૧-૦૧ થી દેશીનામું નવી ટેક્સ્ટ બુકોમાં મંજુર છે. તે કાયમ છે.

સૌથી પ્રથમ નામા વિષે ચર્ચા કરનાર સ્વતંત્ર પુસ્તક છે. વ્યાવહારિક સિદ્ધાંતોની રચના નવા ધોરણે; ભાષા ઉત્તમ અને સરળ કાગળો ટકાઉ ગ્લેજ છતાં સૌ કરતાં સસ્તુ છે. કીં. ૦-૩-૦ પો. ૦)- ફ સે. ૩૦.

છગનલાલ લલ્લુભાઈ શાહ દેશીનામાવાળા—વડોદરા.

શિક્ષણ તથા શિક્ષકોની જરૂરિયાત પુરી પાડનાર એકજ સ્થળ છે તે તમો જાણો છો ? કે નવાં સ્કેપ બોક્ષ, કીન્ડરગાર્ટન, મોન્ટેસોરી મેથડ, ભૂગોળ, ખગોળ, પદાર્થપાઠ, ડ્રોઇંગ તથા અવાજ, પ્રકાશ, ગરમી, આકર્ષણ, વિદ્યુત તથા વિજ્ઞાનને લગતા સાહિત્યો કેમીકલ્સ એસીડ, તોલવાના કાંટા, ક્રિકેટ, ટેનીસ, હોકી, ફુટબોલ વગેરે મળી શકે છે. તે સરનામું નોંધી લો.

શાસ્ત્રી એન્ડ કું. સુરત.

તૈયાર છે.

'ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ'

—રા. બા. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી.

પ્રસિદ્ધકર્તા—મેસર્સ મેકમિલન અને કંપનિ, હોર્નબિ રોડ, મુંબઇ.

કિંમત રૂ. ૩-૮-૦

પૃષ્ઠ—લગભગ ૬૦૦, ૪૦ પ્રકરણમાં ભાષા—તેનો વિકાસ, ઐતિહાસિક અને અન્ય રીતે તેના વિભાગ, ભાષાનો ઇતિહાસ, વ્યાકરણના તમામ વિષયોનું શાસ્ત્રીય વિવરણ, વ્યુત્પત્તિ, શબ્દસિદ્ધિ, ગુજરાતી સાથે આર્ય દેશી ભાષાઓનો મુકાબલો, ભાષા શૈલી, જોડણી, પ્રબંધરસ, ગુણ અલંકાર વૃત્ત, વિચાર વગેરેનું સંપૂર્ણ વિવેચન કરવામાં આવ્યુ છે.

ગુજરાતી ભાષાના શાસ્ત્રીય વ્યાકરણની ખામી દૂર કરનાર આ પ્રથમ પુસ્તક છે. શિષ્ય શિક્ષક વર્ગને, સાહિત્ય પ્રેમીઓને અને શુદ્ધ ભાષા જાણવાની ઇચ્છા ધરાવનારાઓને તે અત્યંત ઉપયોગી થઇ પડશે.

"શિક્ષણ સાહિત્યો."

આ કાર્યાલયમાં શાળાઓ અને કોલેજોને ઉપયોગી ભૂગોળ, ખગોળ, પદાર્થ વિજ્ઞાન, રસાયણ, ગણિત, કસરત, કવાયત, રમત, કિન્ડરગાર્ટન મોન્ટેસરી અને સ્લોઇડ સિસ્ટમ વગેરે તમામ પ્રકારના સાહિત્ય, જેવા કે સૂર્યમાળા, પૃથ્વીના ગોળા, ચંદ્રની ક્ષયવૃદ્ધિ, નકશા, રાલીફ, મૅપ્સ, યંત્ર, શક્તિઓનો સેટ, અક્ષ-સ્થાનનાં ધોરણવાર બોર્ડઝ, ઑબ્જેક્ટ લેસન બોર્ડઝ, ધંધાના બુધ્ધિપારખની પેટીઓ, પઝલ બોકસીઝ વગેરે વેચવામાં આવે છે. વિશેષ હકીકત માટે અમારું પ્રાઇસ લિસ્ટ મફત મંગાવી લ્યો. કારખાનું દહેગામ (રેલવે સ્ટેશન) ના સામે બદલ્યું છે. અમદાવાદથી રેલવે ભાડું ૦-૩-૦ છે.

કાશિભાઇ છગનદાસ પટેલ.
શિક્ષણસાહિત્ય કાર્યાલય.
દહેગામ, અમદાવાદ પ્રાંતીજ રેલ્વે.

નીશાળમાં ચાલતી સઘળી જાતની બુકો,
સ્ટેશનરી મળવાનું જાણીતું ને જુનું
ઠે: ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો.
રતનપોળના નાકે—અમદાવાદ.
વી. પી. થી મોકલવામાં આવશે.

---

૧. સરળ દર્શીનામાની પદ્ધતિ—ટેક્સ્ટ બુક આ. ૨૯ મી ૦-૪-૬, સરલ ગુજરાતી બાળ વ્યાકરણ-સાઇઠ બુક, ઘણે ઠેકાણે ટેક્સ્ટ, આ. ૨૩ મી ૦-૪-૬, ૩ સરલ વ્યુત્પત્તિ જ્ઞાનપ્રકાસ (૫-૬-૭ મી ચોપડીના પાઠવાર શબ્દોના કોષ સહિત) લા. પ્રા બુક, આ. બીજી ૦-૬-૦; દ્વિ. ક્રા. પ્રા ૫ ના ઉમેદવારોને ખાસ ઉપયોગી; ૪. નવું સરળ સુખગણિત (બાળવર્ગથી ધો. ૫ સુધી એકજ બુકમાં) ઘણે ઠેકાણે ટેક્સ્ટ, આ. ૯ મી ૦-૨-૩; ગુજરાત પ્રાંતની ભૂગોળ-વિદ્યા—આ. ૮ મી, ૦-૧-૭ કમિશન સારૂં મળશે મુખ્ય એજન્ટ અમદાવાદ, એસ. બી. શાહની કંપની, રાજકોટ, બહેચરભાઈ મેઘજી. ભાવનગર, અબ્દુલહુસેન આદમજી પીરાજી, એસ. ટી. વાદેર જામનગર. હેમરાજ જાદવજી. જુનાગઢ, વૃંદાવન દામોદર. મુંબઇ, એન. એમ. ત્રિપાઠી. કચ્છ—માંડવી લાલજી શંકરલાલ ગોંડળ, ચુનીલાલ ટોકરશી કોઠારી ઇત્યાદિ.

મેમચંદ કરમચંદ શાહ.
આસી. એ ઈ. ગોડળ સ્ટેટ, મુ. કપડવણજ.

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૫૯ મું. જૂન-જુલાઈ સને ૧૯૨૦ અંક ૬-૭ મો.

નોંધ.

મુંબઈ કોરપોરેશન અને આરોગ્ય.

મિ. ઉમાભાઈ ઈ. ભરૂચા નામના એક ગૃહસ્થે મ્યુનિસિપલ કોરપોરેશનને ૧૯૧૯ના ઓગષ્ટ માસમાં એક પત્ર લખ્યો હતો. તેમાં લખ્યું હતું કે મુંબઈ શહેરની અંદર દરરોજ મોટા જથ્થામા "હેરકટીંગ સલૂન" નીકળતાં જાય છે. જે બ્રશ તથા બીજી ચીજો કે જેની સલૂનોમા વપરાશ છે, તે ઉપર પુરતુ ધ્યાન નહિ આપવામાં આવે તો ચેપી રોગનો ફેલાવો થવાનો ભય છે. તે રોગોમાંનો એક "હજામની ખસ" એ નામનો છે. જો એકનાં એકજ ઓજારો દરેક માણસને માટે વાપરવામાં આવે તો બીજા ચેપી રોગો એક માણસથી બીજા માણસને વળગે. યુરોપ અને અમેરિકામાં વાળ કાપનારાઓને સરકારે ઓજારો તથા બ્રશ વપરાયા પછી તરતજ ડિસઈન્ફેક્ટ (જન્તુનો નાશ) કરવાની ફરજ પાડી છે. મિ ઉમાભાઈ એમ ભલામણ કરે છે કે યુરોપ અને અમેરિકામાં ચાલતા કાયદા પ્રમાણે આ લોકોને પણ ચંધક કરવાની ફરજ પાડવી જોઈએ, અને દરેક વાળ કાપનારે મ્યુનિસિપાલિટિનો પરવાનો મેળવવો જોઈએ.

આ બાબતમાં મ્યુનિસિપલ કમિશ્નર રિપોર્ટ કરતાં જણાવે છે કે શહેરમાં હજામોની બે જાતની દુકાનો છે

(૧) વાળ કાપવાની અને હજામતની સલૂનો.

(૨) હમામખાના કે જેમાં ઉના તથા ટાઢા પાણીથી નાહવાનુ સાધન હોય છે.

આમાંના ફક્ત થોડાંજ સારી સ્થિતિમાં હોય છે. બાકીનાં બધાં સલૂનો અત્યુંજ ખરાબ છે આને લગતો સુધરાઈ ખાતાનો રિપોર્ટ સૂચવે છે કે મ્યુનિસિપાલિટિએ એ ઉપર દાબ રાખવો, અને દરેક ચીજ સાફ રાખવી

મ્યુનિસિપાલિટિએ ફરજ પાડવી. સુધરાઈ ખાતાની તપાસ પ્રમાણે ઘણાં સલુનો ધૂળ તથા ગંદકીવાળાં જણાય છે. હજામતના બ્રશ તથા સાફ રૂમાલ તેમજ કાંસકા ઘણાજ અસ્વચ્છ તથા ગંદા હોય છે, અને તે માણસોના ઉપયોગ માટે વપરાય છે; હમામખાનાના માલીક મુસલમાન હોય છે. આમા બે કે ત્રણ નાહવાનાં વાસણ હોય છે. દિવાલ ગંદી હોય તથા નાહવાની ગોઠવણ તંદુરસ્તીને બગાડે એવી જણાય તો મ્યુનિસિપલ એક્ટની અમુક કલમથી તેના માલીક સામે કામ ચલાવવુ. પાણીની વાડકામા પણ ગંદવાડ હોય છે. ગદી હોલમા તે પાણી નાખે છે, અને તે પાણીને ગટર સાથે કંઈ પણ સબંધ હોતો નથી. ભેજ સાફ કરવાની વ્યવસ્થા હોતી નથી. વાળ પણ એકઠા કરી રાખવાનું સ્થળ હોતુ નથી. માટે આને કાયદાથી અંકુશમાં મૂકવાની જરૂર છે. પરવાનાની, તેમજ હવા, ઉજાસ, સ્વચ્છતા (કપડાની અને ટુવાલની) તેમજ યત્રોને જંતુવિનાશક દવા લગાડવી વગેરેની ફરજ પાડવી જોઈએ

આ ઉપરાંત બીજા ફેરીઆ હજામો છે, આ લોકો રાહદારી રસ્તાઓ ઉપર બેઠેલા માલમ પડે છે, અથવા તો ઘેર ઘેર ફરે છે. આ લોકો જે રૂમાલ તથા કકડા વાપરે છે તે ધોએલા હોતા નથી; અને એકનો એકજ કકડો મહિનાના મહિના સુધી એમનો એમ ધોયા વગર વાપરવામાં આવે છે. આ લોકોને પણ દરેક ચીજ સાફ રાખવાની ફરજ પાડવાની જરૂર છે. તેમને સ્વચ્છ ટુવાલ, તથા બ્રશ વગેરે વાપરવાની ફરજ પાડવી.

પારિસ શહેરમા નીચેના કાયદાઓ હજામોને પાળવાની ફરજ પાડેલી છે:—

વાળ કાપવાનાં સાધનો એક ટકા કાર્બન તથા સોડાના મિશ્રણમાં ધોવાં પડે છે, અને પછીથી સાફ કોરા કપડાએ લહોવા પડે છે. બ્રશ, કાંસકા અને હજામત કરતી વખતે વપરાતા બીજા ઓજારોને તેમના ઉપર આખા દિવસમાં જે (ચીઝ) તેલી પદાર્થ ચોટેલો હોય તે દૂર કરવા સાંજે એમોનીયાવાળા સાબુના પાણીમાં ધોવાં પડે છે, અને ચરબીવાળો પદાર્થ કાઢી નાખવો પડે છે; ધાતુના ઓજારો વાપરતાં પહેલાં અગ્નિના ભડકામાં (ઝાળમા) ધરી તરતજ કાઢી લેવાં, બ્રશ અને કાંસકાઓ ૪૦ ટકા ફોર્મેલીન જેમા હોય તેવી રકાબીમાં મૂકી સજ્જડ બંધ કરેલી પેટીમાં રાખવાં જોઈએ. તેને ચોખાનટ ફટકડીનો ભૂકો સ્ટૅરીલાઇઝ્ડ કોટન વુલથી લગાડવો ને પછી કાઢી નાખવો. હજામોને પોતાની હથેલી ઉપર અસ્ત્રાઓને ધાર કાઢતા અટકાવવા. હમેશ-

ચના ઘરાકોએ પોતાને માટેજ ખાસ પોતાના ઓજારો રાખવાં; ચામડીના ઘણા રોગો હજામની દુકાનેથીજ બીજાઓને થાય છે.

મુંબઈના મ્યુનિસિપલ કમિશ્નરે હજામ લોકોનો ધંધો મ્યુનિસિપાલિટિની દેખરેખ નીચે ચાલે તેવી સરકારને વિનંતિ કરવા કોરપોરેશનને ભલામણ કરી છે.

(૨) લાકડાના બુચ.

બુચ—એ ભૂમધ્ય સમુદ્રના પ્રદેશોમાં પુષ્કળ ઉગતા એક ઝાડની છાલનો ભાગ છે. ખાસ કરીને સ્પેન તથા પોર્ટુગલમાં તે ઝાડ નજરે પડે છે. ત્યાં ઝાડની છાલ ઉખેડવાનો પ્રયોગ એક મોટો ઉદ્યોગ થઈ પડયો છે. આ કામને માટે ખાસ તૈયાર કરેલી ધારવાળી કુહાડીની મદદથી ઉભા અને આડા કાપ ઝાડમાં કરવામાં આવે છે, અને તે કામ પુરૂ થાય એટલે વાંકા ચપ્પુથી છાલ ઉખાડી લેવામાં આવે છે. આ ચપ્પુઓ બે બાજુએ હાથાવાળાં હોય છે, જેથી કામ એકધારૂં થઈ શકે. કામે લાગેલા માણસો પછી ઝાડોમાંથી પુષ્કળ છાલો ઉતારે છે, અને માલ ભરી રાખવાની ગોદીમાં–ખર્ગમાં–તેના ઢગલા કરે છે આ કામ ઉછરેલાં ઝાડોમાંથી સુમારે આઠ વર્ષે એકવાર કરી શકાય છે. હાલની રીત જુદી છે. છાલ છુટી પાડયા પછી ઝાડ ઉપર કેટલોક સમય તેના રક્ષણ અર્થે રહેવા દે છે નવી છાલ સૂર્યનો તાપ ખમવા લાયક બને ત્યાંસુધી, અગર જીવડાંથી ખવાઈ ન જાય તેવી સખત બનતા સુધી, જુની છાલને ઝાડ ઉપર રાખે છે. છેવટે ઉખાડે છે; તેજ છાલના ટકડા તે શીશીને લગાડવાના બુચ્ છે.

(૩) જાણવાલાયક હકીકત.

(૧) મહાન યુરોપીય વિગ્રહમાં વપરાએલા તાર બધા એકઠા કરી કારખાનાં મોકલી, ગાળી નવા બનાવાય છે. રેતીનાં કોથળા તથા ચિંથરાં (ડાળીના) કાગળ બનાવવામાં વપરાય છે, ભાંગેલા કાચના કકડાનો સન્ડપેપર થાય છે. હર્ડું હાડકાને વાટી ચુરો કરી એક પદાર્થ બનાવવામાં આવે છે જે કાચની ભૂકીને કાગળ ઉપર ચોટાડવાના કામમાં લેવાય છે. કોઈ પણ વસ્તુ આજે નકામી નથી. તેમાંથી કંઈને કંઈ થાય છે.

(૨) અમેરિકાના ખેતીખાતાના એક પ્રવીણ પુરુષે એવી ગણતરી કરી છે. કે જગતમાં જંતુઓથી ખેતીને થતું વાર્ષિક નુકસાન ૧૬૦,૦૦૦,૦૦૦ પૌંડ સુધી પહોંચતું હશે.

(૪) કાગળપરની શાહી કેવી રીતે સુકાઈ જાય છે ?

જ્યારે આપણે શાહીથી કંઈ લખી રહીએ, અથવા તો કાગળના કકડા ઉપર શાહીનો ડપકો પાડીએ છીએ, ત્યારે તે શાહી હવામાં સુકાઈ જાય છે. શાહી ખરું જોતાં પાણીનાં ઝીણાં અણુઓની બનેલી હોય છે, તેમાં કાળા રંગના પદાર્થનાં રજકણો મિશ્રિત થયાં હોય છે; બન્ને તત્વો એવાં બારીક હોય છે કે સૂક્ષ્મદર્શક યંત્રની મદદથી જોતાં પણ મુશ્કેલ પડે છે શાહી જેવી કાગળના સંબંધમાં આવે છે કે તરતજ પાણીનાં ઉપરનાં અણુઓ સાબુના ફીણના પરપોટા માફક ફુલે છે, અને વરાળરૂપે ઉડી જાય છે; શાહીમાંનું પાણી [illegible] ઉડી જઈ છેવટે રંગનાં અણુઓ કાગળ ઉપર છપાએલાં રહે છે.

(અનુવાદ.)

***

ઈશ્વર સ્તવન.

(કર્તા—રા. કાશીરામ લાલજી વ્યાસ)

(એ. ગુજરાતી સ્કૂલ. બાવડી. (કાઠિયાવાડ)

(રાગ અદ્ભુત રચના શી ..)

અધમ ઓધારણ તુ નમીએ. જપીએ...હે અવિનાશી (૨) ટેક.
ચૌદ ભુવનનો તું...જય ભુવનાધારણ કારણ તું
જેનો જગમાં નહિ આધાર, તે સૌનો છો તુંજ આધાર...અધમ ઓ૦
સકળ સૃષ્ટિનો તુંજ કરનાર, સકળ સૃષ્ટિનો તુંજ ભરતાર...અધમ ઓ૦
સદ્વિદ્યાનો તુંજ ભંડાર, દયા રાખવી દે અવાર... અધમ ઓ૦
પૂજ્ય પિતાજી તારાં બાળ, પ્રણામ કરે છે વારંવાર... અધમ ઓ૦
પાપપુંજનો કરી સંહાર, સદ્વર્તન દે અપરંપાર... અધમ ઓ૦
વિદ્યા ભણવે મતિ વધાર, અતિજ્ઞાનમય જીવન બનાવ... અધમ ઓ૦
[illegible] કરી ઓદ્ધાર આનુ ઉન્નતિ નું ઉગમાવ... અધમ ઓ૦

"બાલગીત."

(ભગવાનલાલ રણછોડજી મહેતા, જૈન પાઠશાળા–મુંબઇ.)

ઓ પવિત્ર પ્રેમના ઝરા !
શક્તિમાન ઇશ્વરા...પવિત્ર.

જીવનાધાર સૃષ્ટિપાલ હે દયાનિધે !
રસિકવર. શાન્તિકર, ઓ મૃદુલકરા:—
તું જગદ્ધરા...પવિ૦

ગંજન રંજન ભજન કરી શાન્તિ દે સ્થિરા
શત્રુ મિત્ર વિપત્ત સર્વ હે દયાકરા !
તું કલ્યાણકરા......પવિત્ર.

---

* "બાળ પ્રાર્થના"

(મિ. ભાઇશંકર જીભાઇ શુક્લ, આ. માસ્તર તાલુકા સ્કૂલ રાજકોટ.)

(પદ–રાગ કલ્યાણ ત્રિતાલ.)

વિભુ સદ્‌બુદ્ધિ નિત આપજે,
શુભ કરવા સંકટ કાપજે. (૨)... ... વિભુ.
માત પિતાની સેવા કરવા;
અંતર ઉરમિ લાવજે. (૦).. ... વિભુ
વિદ્યા લેવા વિઘ્ન હરી સૌ;
ચિતગુરુ ચરણ રખાવજે. (૨) .. ... વિભુ.
મન વાણી કાયાથી સરવે;
દુર્મતિ દૂર કરાવજે. (૨)... ... વિભુ.
નીતિ નિર્મળ વૃત્તિ કરી અમ;
દુષ્ટ કરમથી બચાવજે. (૧)... ... વિભુ.
સાર અસાર સમજવા સારૂ;
બાળની વિનતિ સ્વીકારજે. (૨)... ... વિભુ.

*એક માળીને

(મિ. ર. લ. પાઠક)

(મંદાક્રાન્તા.)

માળી વ્હાલા ! તુજ ઉપવને દિવ્ય જે પુષ્પરોપા,
સોંપ્યા તુંને, બહુ હરખથી, તેહને ભૂલતો ના;
સીંચી દેજે, ફરજ સમજી, જોઈતું વારિ તેને,
ફેંકી દેજે, અવર કચરો, રીબવે જેહ એને.

લાગેલા જે, મધુર રસને, ચૂસવા જીવ ભાઈ
નાખી દેજે, નજર પડતા, તેહને દૂર જાઈ,

જો ચુંટે તું, લલિત કુમળાં, રમ્ય એ મોડવાને,
સૂકાશે એ, ફરજ ચૂકશે, મારશે ઉગતાને.

જોશે જ્યારે, કુમળી કળીઓ, આવતી કાંઈ એને,
ખીલે ત્યારે, કુસમ બનશે, રીઝજે જોઈ તેને;
ફેલાવે એ, પરિમળ રૂડો, ઈશની સૃષ્ટિ માંહિ,
ત્યારે વ્હાલા, સફળ ગણજે, તુજ એ જીવવાને

માળી બન્યો, પરમ ઉમંગે, દિવ્ય એ વાટિકાનો,
લીધો ધંધો, સુખદ વિમળો, છોડને સીંચવાનો;

તો તો વ્હાલા, કદી ન મૂકજે, ઉજવળા કાર્યને એ,
એથી વ્હાલા, જરૂર [illegible]ડશે, મુક્તિનું દ્વાર તુંને

વ્હાલાં બાલ !

(લેખક—રા. મનસુખલાલ દયાળજી મેર્ડન સ્કૂલ, મોડાસા,)

બાલ ! તે તો બાલ ! જગમાં બાલપર સૌ વ્હાલ !
માત–તાત હર્ખે હિંડાયાં, ચુમ્મી–ચુમ્મી ગાલ !— ૧

જગમાંનું જીવન બાલુડાં, હૈયાની હીરમાળ !
કાલું કાલું બોલે કેવું, મીઠાં મધુરાં બાલ !— ૨

મૃદુ મનનું બદન રસીલું, કોમળ કોમળ બાલ !
વેરીના હૈયામાં વાસે, તે તો રૂડાં બાલ !— ૩

અંતરમાં ઉપાધિ કંઈ ના, સાચે સાચાં બાલ !
પ્યારથી વન્દન તો દેવાં, દેવદૂત એ બાલ — ૪

---

* શબ્દોની જોડણી પ્રાસ માટે બદલી છે.

*પ્રાથમિકશાળાના શિક્ષકને.

* સત્કારગીત.

(લેખક—રા. સાંકરલાલ પુરુષોત્તમ, શુક્લ ગોધરા.)

કલ્યાણ.

પધારો અમારા મોંઘેરા મેમાન, (૨)
ભાવભર્યાં દઇએ અનેરાં સન્માન.
પુનિત ચરણ આપનાથી, પુનિત થયું સ્થાન આ;
સજ્જનના સંગયુક્ત, ભાગ્યશાળી સ્થાન આ.
દર્શનથી હર્ષપૂર્ણ, હૈયાં છલકાય આ,
દોષરહિત શુદ્ધ સ્નેહ, નયને ઉભરાય આ
સત્કારે, છે સ્નેહે, તે નયને, જણાયે—
સ્વીકારો અમારૂં સાચું એ સન્માન,
ભાવનાના ભૂખ્યા પધારો મેમાન. પધારો.

† મેમાનને સન્માન.

(લેખક—રા. સાંકરલાલ પુરુષોત્તમ, શુક્લ ગોધરા.)

ભૈરવી

આવો મીઠડાં મેમાન,
કરીએ આપનાં સન્માન. (૨)
હૈયામાં વસેલું વહાલ,
ધરીએ આપને મેમાન. આવો
પ્રેમ વિનાનાં માન નકામાં, લૂણવિહોણાં ધાન;
પ્રેમયુક્ત સન્માન મજાનાં, તે દઇએ મેમાન;
ભૂખ્યાં ભાવનાં મેમાન,
કરીએ સ્નેહનાં સન્માન આવો.

---

* પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજમાં તા. ૨૧-૧૧-૧૯ ને રોજ થએલા સત્કાર મેળાવડાને પ્રસંગે ગવાએલું સત્કારગીત.

† ગોધરા ગવર્મેન્ટ ટ્રેનિંગ સ્કૂલ, તા. ૨૪—૧—૧૯૨૦ ને રોજ ખુલ્લી મુકાઈ તે વખતે ગવાએલું સત્કાર ગીત.

ગરબો-સ્ત્રી શૃંગાર.

(રચનાર—રા. ધનેશ્વર હરગોવિંદ જોશી-ગોધરા.)

("પુનમ ચાંદની ખીલી પુરી અંહીરે"—એ રાગ.)

બેની, આવોને ગરબો ગાઈએ સ્નેહથી રે;
સજવા સદ્દગુણના સુદર શણગાર,
સખીઓ સદૈવ એને ચિત્તમા વિચારજો રે.—ટેક.

સાખી.

સાડી સદ્‌ગુણની ધરી, શીલરૂપ કિનાર,
ભાલચંદ્ર દીપાવજો, પાતિવ્રત્ય એક તાર.
પ્રીત પહેરો કંઠે વચનમૃદુના હારને રે;
એથી મળશે સુકીર્તિની લ્હાણ,
લ્હાણ લઈને સદા સુગન્ત સભાળજો રે,—બેની. (૧)

કુલીનતારૂપ કંકણો, પવિત્ર કરમાં ધાર;
કરાંગુલિમાં મુદ્રિકા, શાંતિરૂપજ સાર.
સારાસારનો વિવેક સદા ચિત્ત ધારજો રે;
કાંઈ કરજો જનહિતકારી કર્મ,
કર્મો કરીને ઉભય કુળ દીપાવજો રે—બેની. (૨)

નૂપુર નીતિરૂપ ધરી, ચારૂ ચર્ણ મોઝાર;
પતિને પ્રેમે રીઝવી, થા થાણી સહકાર.
સહકારી થઈને વામા ધર્મ બજાવજો રે;
શ્વશુર પક્ષમાં વધારી સુસંપ,
જીવનયાત્રાના મૂળી મંત્ર વિચારજો રે.—બેની (૩)

ગુણ આભૂષણ વિશ્વમાં, સદા સુંદર ઝળકાય;
મણિમુક્તાદિ તે વિના, ઝાંખાં ઝટ જણાય.
ઈશ્વર ભક્તિમાં એની ચિત્ત લગાડતી રે;
જીવન દીપશે કુંદન મણિ જડિત,
આર્યાવર્તની આર્યા અનુપમ વિશ્વે કહાવજો રે.—બેની (૪)

* * *

વાર્તાનું શિક્ષણ.

(અનુસંધાન પુ. ૫૯, પૃ. ૧૧૧ થી.)

(રા. નારણભાઈ વાઘજીભાઈ—પ્રે. સ્કૂલ—અમદાવાદ.)

હવે આપણે બાળવર્ગ અને પહેલા ધોરણનાં બાળક વિદ્યાર્થીઓ સમક્ષ કહેવા માટે કઈ વાર્તાઓ પસંદ કરવી તે બાબત વિચાર કરીએ. એટલું તો ખરૂં છે કે એકનો એકજ વિષય ઉંચા—નીચા કોઈ પણ ધોરણમાં શીખવી શકાય છે. 'ચોરસ' આકારનું ભાન બાળવર્ગના છોકરાઓને કરાવવામાં આવે છે, અને એજ બાબતનું જ્ઞાન છઠ્ઠા—સાતમા ધોરણના વિદ્યાર્થીઓને પણ આપવામાં આવે છે. તેમજ 'વરસાદ' વિષય ઉપર પહેલા ધોરણનાં બાળકોને શીખવાય છે; અને તેજ વિષય ઉપર સાતમા ધોરણમાં પણ શીખવાય છે. આમાં નીચલા વર્ગોમાં શીખવતાં તદ્દન સ્થૂલ બાબતો તરફ બાળકોનું ધ્યાન ખેંચવામાં આવે છે, અને આગળ વધતાં સૂક્ષ્મ દૃષ્ટિએ અને છેક ઉપલા ધોરણોમાં સૂક્ષ્મતર દૃષ્ટિથી વિષય રજુ થાય છે. પણ આમ કરવામાં શિક્ષકમાં વિષયના સારા અને વ્યવસ્થિત જ્ઞાન ઉપરાંત બાળકોનો અધિકાર સમજવાની શક્તિની જરૂર છે. વાર્તાના સબંધમાં પણ એમજ છે જે વાર્તાઓ પહેલા ધોરણ માટે પસંદ કરીએ, તેજ વાર્તાઓ બાળવર્ગ માટે પણ પસંદ કરી શકાય; પરંતુ બાળવર્ગમાં શીખવતાં વાર્તામાંનો કેટલોક કઠિન ભાગ છોડી દેવો પડે છે, અને કાપકૂપ કરીને વાર્તા જરા સંક્ષિપ્ત કરવી પડે છે; કઈ વાર્તામાં કેટલી કાપકૂપ કરવી એ બાબત તે તે વર્ગ શીખવવાના અનુભવવાળા શિક્ષકને સહેલાઈથી સમજાય તેવી છે.

હવે વાર્તાનું શિક્ષણ આપતાં અનુભવ ઉપરથી મને જે કંઈ વિચારો આવ્યા છે તે અત્ર નોંધી શિક્ષકવર્ગનું ધ્યાન ખેંચવું યુક્ત ધારૂં છું.

૧. એકની એક વાર્તા વારંવાર કહેતાં શિક્ષકના મનને કદાચ કંટાળો આવવાનો સંભવ છે, પરંતુ તેમ નહિ થવા દેતાં વર્ગના ઘણાખરા બાળકોને તે વાર્તા સારી રીતે આવડે ત્યાંસુધી વખતોવખત એકની એકજ ઢબમાં અને લગભગ સરખીજ વાક્યરચનામાં તે વાર્તા કહેવી જરૂરની છે. એમ કરવાથી બધાં બાળકોને બોલવાની હિંમત આવશે. વર્ગના ગણ્યાગાંઠ્યા બે ચાર છોકરાઓને વાર્તા આવડે એટલે તે

છોડી દઈને બીજી વાર્તા કહેવી એ રીત ઈષ્ટ નથી. એમ કરવાથી તો કેટલાક છોકરાઓ વાર્તા નહિ આવડવાથી છેક નાઉમેદ થઈ "નથી આવડતી" કહી માત્ર બેસીજ રહે છે.

૨. વાર્તામાંનો સંવાદરૂપ ભાગ નાનાં બાળકોને સહેલાઈથી સ્મરણમાં રહી જતો નથી, અને વાર્તા આવડતી હોવા છતાં મોઢે કહી જતાં ગુંચવાય છે. માટે બાળવર્ગ માટે પસંદ કરવાની વાર્તાઓમાં જેમ બને તેમ એવી રચનાવાળો ભાગ સરળ હોય તોજ પસંદ કરવો.

૩. સરળ રીતે કહી જવાની વાર્તા કરતાં વાર્તામાંનો ચેષ્ટાયુક્ત ભાગ બાળકોને વધારે રુચિકર થઈ પડે છે, માટે એવા ભાગની વાક્યરચના જેમ બને તેમ ભાવાત્મક કરવા, અને વાર્તા કહેતાં એ ચેષ્ટા યોગ્ય રીતે કરી બતાવવા શિક્ષકે ચૂકવું નહિ

૪. વાર્તામાં એકના એક વિચારની બીજા વાક્યમાં પુનરુક્તિ થતી હોય છે, ત્યારે બાળકો વાર્તાના રસમાં ખેંચાઈને પછીનું વાક્ય છોડી દે છે, દાખલા તરીકે "શિઆળ અને દ્રાક્ષ" એ વાર્તામાં "શિઆળે ઘણા ઠેકડા માર્યા પણ દ્રાક્ષને પહોંચાયું નહિ" એ વાક્ય પછી "ઘણાએ ફાંફા માર્યા પણ દ્રાક્ષ લેવાઇ નહિ ત્યારે......" બોલીએ તો "ઘણાએ ફાંફા માર્યા" એ વાક્ય ખરેખર અર્થસૂચક હોવા છતાં અગાઉના વાક્યમાંનો વિચાર એમાં પુનરુક્ત થએલો હોવાથી બોલવાની ઉતાવળમાં બાળકો તે છોડી દે છે. માટે શિક્ષકે બહુ સંભાળપૂર્વક રચના કરવાની જરૂર છે

રસની લહેરમાં ને લહેરમાં વાર્તા કહી જતાં કેટલાક છોકરાઓ ઘણું અશુદ્ધ બોલે છે, તે તરફ શિક્ષકે પુરતું લક્ષ રાખી આરંભથીજ શુદ્ધ અને પુરેપુરાં વાક્યોમાં બોલવાની ટેવ પાડવી જોઈએ.

કેટલીક વખત બોલાતાં વાક્યો અને ચેષ્ટાનો સંબંધ બાળકો બરાબર સાચવી શકતાં નથી, અને બોલતાં હોય તેનાથી કંઈક જુદીજ (આગળ પાછળનાં વાક્યોમાંના ભાવની) ચેષ્ટા કરે છે. આવું ન બને તેટલા સારૂ જરા ધીમેથી અને સ્પષ્ટ રીતે બોલવા તરફ વારંવાર લક્ષ ખેંચતા રહેવું જોઈએ.

ઘણીક વાર સારી રીતે વાર્તા કહેનાર બાળકો પણ તેમાંનું એકાદ વાક્ય વીસરી જવાથી વચ્ચે અટકી પડે છે. આવે પ્રસંગે શિક્ષક

જાતેજ તેને યાદ દેવડાવવુ જોઈએ. બીજા બાળકને પૂછતાં ઘણી વખત એકમાંથી અનેક પ્રશ્નો ઉત્પન્ન થઈ વાર્તાનો સંબંધ તૂટે છે.

અનુભવી અને વિચારક શિક્ષકોને ઉપરના વિચારોમા ખાસ નવીનતા જેવું લાગશે નહિ, પરંતુ સમાનધર્મી અન્યના વિચાર અને પોતાના વિચારોનું તારતમ્ય કાઢવાનું બની આવે એવા હેતુથી લેખકે આવા સાધારણ વિચાર પણ પ્રદર્શિત કરવાનું યોગ્ય ધાર્યું છે.

હવે વાર્તાની શિક્ષણ[illegible] વિષે વિચાર કરીએ. હાલ આપણી શાળાઓમાં વાર્તાનું શિક્ષણ આપવાની જે પદ્ધતિ પ્રચાર પામી છે, અને જે ઘણે અંશે ઈચ્છવાજોગ પણ છે, તેના મુખ્ય મુદ્દા નીચે પ્રમાણે છે.

૧. પ્રથમ તો બાળકોને કહેવા માટે જે વાર્તા નક્કી કરી હોય તેમાં આવતા પદાર્થોનું અને તેમાંના પાત્રોનું ચિત્ર, મોડેલ, પ્રદર્શન વગેરે સાધનોવડે ઓળખાણ કરાવવું. તેમજ બાળકોને અપરિચિત હોય એવા જે જે શબ્દો વાર્તામાં વપરાવાના હોય તેનું સૂચકપ્રશ્નો અથવા જે કોઈ રીત ફળપ્રદ નીવડે તેવી હોય તેના વડે ભાન કરાવવું. આ પ્રમાણે પાઠના આરભમાં પાત્રપરિચય કરાવવામાં, અને જિજ્ઞાસા જાગૃત કરવામાં ઘણી વખત વાર્તાને લગતુ ભાવાત્મક ચિત્ર વધારે ઉપયોગી થઈ પડે છે. એ ચિત્ર ડ્રોઈંગપેપર ઉપર તૈયાર કરેલું હોય, તો તે શિક્ષકને સંગ્રહ તરીકે રાખવાને ઉપયોગી થઈ પડે; પરંતુ સહેલાઈથી અને થોડા વખતમાં દોરી શકાય એવા ચિત્રો રંગીન પેનો વડે બોર્ડપર દોરીને તેનો ઉપયોગ કરવામાં પણ અડચણ નથી. આ પ્રમાણે અગાઉથી તૈયાર કરેલું ચિત્ર બાળકો સમક્ષ રજુ કરી તેને લગતી કેટલીક વાતચીતથી બાળકોને પાત્ર અને વાર્તાના વસ્તુનો પરિચય સહેલાઈથી કરાવી શકાય છે. માટે શિક્ષકે પોતાની વિવેકબુદ્ધિથી, જ્યાં જે ઘટે તેનો યથાઘટિત ઉપયોગ કરીને બાળકોની જિજ્ઞાસાવૃત્તિ જાગૃત કરવાને ચૂકવું નહિ.

૨. ત્યારપછી સરળપણે અને વાર્તાનો ભાવ જણાય તેવી અંગચેષ્ટા સાથે વાર્તા કહી જવી. વાર્તા કહેતાં ખાસ જરૂર વગર બાળકોને પ્રશ્ન ન પૂછવા, કેમકે પ્રશ્નો પૂછવાથી કેટલીક વખત એકમાંથી અનેક પ્રશ્નો ઉત્પન્ન થઈ વાર્તારસમાં ક્ષતિ થાય છે.

૩. વાર્તા કહેવાઈ રહ્યા પછી તેને લગતા પ્રશ્નો પૂછી તેના સંસ્કાર દૃઢ કરવા. પ્રશ્ન પૂછવામાં કેટલીક વખત વાર્તાના મધ્ય ભાગના કે અંત ભાગના એમ આડાઅવળા ગમે તેમ સવાલો પૂછવામા આવે છે, એમ કરવાથી વાર્તા ક્રમ પ્રમાણે બાળકોને યાદ રહેતી નથી, માટે વાર્તાની હકીકતના અનુક્રમ પ્રમાણેજ પ્રશ્નો પૂછવા કદાચ પ્રશ્ન પૂછવાથી, બાળકોને વાર્તા બરાબર લક્ષમાં રહી નથી એવું જણાઈ આવે, તો તેજ વાર્તા, બીજી વખત મૂળનાંજ વાક્યોમાં કહી જઈ, ફરીથી પ્રશ્નો પૂછવામા વાંધો નથી.

૪. આ પ્રમાણે વાર્તા બાળકોના મગજમાં બરાબર ઠસાવ્યા પછી તેમની પાસે કહેવરાવવી. વાર્તા લાંબી હોય તો એક છોકરા પાસે આખી વાર્તા ન કહેવરાવતાં અધુરેથી બીજા ક્રમે પણ કહેવરાવી શકાય

૫. ત્રણ ચાર છોકરાઓ પાસે વાર્તા કહેવરાવી આવડયાની ખાતરી કર્યા પછી તેમા ખુબી કઢાવવા માટે કેટલાક સવાલો પૂછવા.

* * *

“ *બાળકો તરફ માતાની ફરજ ”

બાળકોની કેળવણીનો મુખ્ય આધાર તેઓની માતાઓ ઉપર છે-એટલા માટે માતા સારી રીતે કેળવાયલા અને સદ્‌ગુણી હોવી જોઈએ. હવે બાળકોને સારી રીતે કેળવવા, અને સદ્‌ગુણી બનાવવા માટે શારીરિક એટલે શરીરને લગતી, માનસિક એટલે મનને લગતી, અને નૈતિક એટલે નીતિને લગતી કેળવણીની ખાસ જરૂર છે માટે એ ત્રણ પ્રકારની કેળવણી લેવાની દરેક માતાની ફરજ છે. જો પોતે એ જ્ઞાન ધરાવતી હશે, તોજ પોતાનાં બાળકોને સારી રીતે કેળવી શકશે, અને પોતાનું કર્તવ્ય બજાવવામાં ફતેહમંદ નીવડી શકશે.

૧. હવે એ ત્રણ પ્રકારની કેળવણીમાંથી પ્રથમ શારીરિક કેળવણી વિષે થોડુંક કહીશ—દરેક માતાએ પોતાનાં બાળકોની જાતે સંભાળ લેવી જોઈએ. એ કામ ચાકર નોકર તથા આયા દાયાને નહિ સોંપતાં ખરી કાળજીથી પોતેજ કરવું જોઈએ. બાળકોને બરાબર નવડાવવાં ધોવડાવવાં,

---

* બલસારા ટ્યૂશન ક્લાસ મુંબઈમાં મિસીસ નાજામાય ફરદુનજી માસ્તરે આપેલું ભાષણ.

સ્વચ્છ કપડાં પહેરાવવાં, તથા પુરતો પુષ્ટિકારક ને હલકો ખોરાક આપવો; તથા દિવસમાં એકવાર બહાર ખુલ્લી હવામાં ફરવા લઈ જવાં. બાળકોને ફરવા લઈ જવાનુ કામ પણ નોકરને ન સોપતાં માતાએ પોતેજ કરવું, કારણ કે નોકર માણસો બાઈ શેઠની ગેરહાજરીમાં ગમે તેમ અપશબ્દો બોલે, તેનું અનુકરણ એટલે નકલ બાળક કરે છે, તેથી તે દુર્ગુણી નીવડે છે. તે સિવાય અંગને નિયમિત કસરત મળે તેવી રમત-ગમતો, આરામ, ઊંઘ વગેરે બાબતોમાં પોતે જાતની કાળજીથી દેખરેખ રાખી પોતાના બાળકોની તંદુરસ્તી સુધારવા તરફ લક્ષપૂર્વક જોવું જોઈએ બીજી બધી કેળવણી કરતાં શારીરિક કેળવણી ઉપર વિશેષ લક્ષ આપવાની જરૂર છે; કારણ કે જો શારીરિક સુખ હોય, તોજ બીજું બધું સુખ ,પ્રાપ્ત કરી શકાય છે, પણ શારીરિક સુખ વગરનું બીજું બધું સુખ નકામું છે

૨. હવે માનસિક કેળવણી વિષેની થોડીક હકીકત જણાવીશ—એ કેળવણીને માટે બાળસ્વભાવના જ્ઞાનની વિશેષ જરૂર છે બાળસ્વભાવનું જ્ઞાન તે શું હશે? ઈશ્વરે બાળકોની અંદર જન્મથીજ માનસિક શક્તિઓ બીજરૂપે મૂકેલી છે. તે માનસિક શક્તિઓને કેવી રીતે કેળવવી, તથા બાળકોનો કુદરતી સ્વભાવ કેવો છે, અને તેમની શી ખાસિયતો છે, તે જાણી માહીતગાર બનવું, તેને બાળસ્વભાવનું જ્ઞાન કહે છે. માળીરૂપી માતા, બાગ રૂપી ઘરમાં, છોડવા રૂપી બાળકોને ઉછેરીને મોટાં કરે છે. એટલે કે એક માળી જમીનમાં બી રોપ્યા પછી છોડવાને કાંઈ પોતે ઉગાડતો નથી, પણ કુદરતની મદદથી તે પોતાની મેળેજ ઉગ્યા કરે છે, તેમ એક માતા ઈશ્વરે બાળકમાં મૂકેલી બીજરૂપ માનસિક શક્તિઓને કેળવીને તેમને સદ્ગુણી બનાવે છે.

હવે માનસિક શક્તિઓ કઈ કઈ છે, અને તેને કેવી રીતે કેળવવી જોઈએ? બાળકોમાં સૌથી ઉત્તમ શક્તિ તે અનુકરણ એટલે નકલ કરવાની છે. બાળકોનો સ્વભાવજ એવો હોય છે, કે જેવું જુએ છે તેવું કરવા મંડી જાય છે; અને તેના સંબંધમાં જે જે માણસો આવે છે, તેનું તે અનુકરણ કરે છે. હવે ખાસ કરીને બાળકના ગાઢા સંબંધમાં ઘણો વખત સુધી તેની માતાજ હોય છે, તેથી તે હમેશાં પોતાની માતાનું અનુકરણ કરે છે. તેટલા માટે માતાનું વર્તન ઉત્તમમાં ઉત્તમ અનુકરણ કરવા લાયક હોવું જોઈએ. ઉપદેશ કરતાં દાખલો ઉત્તમ છે, એટલે બાળકને શિખામણ

દેવા કરતાં જો પોતાનો ખરેખરો દાખલો બાળકની સામે રજુ કરવામાં આવે, તો તેથી બાળકના મગજ ઉપર જે અસર થાય છે, તે લાંબો વખત ટકી શકે એવી હોય છે. માતા પોતાના બાળકને આખો વખત એમ કહે કે "તારે સાચું બોલવુ જોઈએ, પ્રમાણિક થવું જોઈએ," વગેરે શિખામણ કહ્યાં કરે, તેના કરતાં પોતે સાચું બોલી અને પ્રમાણિક રહી પોતાનોજ દાખલો આપે, તો તેની અસર ઘણીજ ઉત્તમ હોય છે. હવે કેટલીક માતાઓ પોતાના બાળકોને હમેશાં અથવા કેટલોક વખત સુધી આયાઓના હવાલામાં સોંપે છે તેથી ઘણુંજ માઠું પરિણામ આવે છે; કેમકે બાળક આયાનું અનુકરણ કરે છે, અને આપણે સાધારણ રીતે જાણીએ છીએ, તેમ આયા કાંઈ કેળવાયલી હોતી નથી, તેથી આયાના દુર્ગુણ બાળકમાં પ્રવેશ થઈ બાળક દુર્ગુણી નીવડે છે.

હવે બાળકોમાં બીજી શક્તિ જિજ્ઞાસાની છે—બાળકને હમેશાં નવું નવું જાણવાની ઇચ્છા હોય છે, તે ઇચ્છાને સંતોષવી જોઈએ. બાળક પોતાની માતાને કંઈ વસ્તુ વિષે પૂછવા જાય, તો તે વેળાએ તેનો સરખો ખુલાસો કરી બાળકને સમજાવવુ જોઈએ. તેને બદલે કેટલીક માતાઓ જ્યારે તેઓનાં બાળકો કાંઈ પૂછવા જાય છે, ત્યારે તેઓને તોડી પાડે છે, ને કહે છે કે ,"શા માટે માથુ ખાયાં કરે છે? તને તે જાણવાની જરૂર નથી. મુંગું મુંગું બેસી રહે" આમ કરવાથી બાળક બિચારૂ નિરાશ થઈ જાય છે, અને તેથી તેની ઈશ્વરે બક્ષેની જિજ્ઞાસાની વૃત્તિ મંદ પડી જાય છે

ત્રીજી શક્તિ અવલોકનની છે. માટે માતાએ બાળક પાસે કાંઈ પણ વસ્તુનું બારીકીથી અવલોકન કરાવવું; અને તે વસ્તુ વિષેનું જ્ઞાન માતાએ પોતે કહી દેવું નહિ; પણ બાળકને માર્ગ બતાવી, તેની પાસેજ શોધી કઢાવવું. આથી તેની શોધકવૃત્તિને ઉત્તેજન મળશે. કાંઈ જોવાનું હોય, તો એમાં શું જોવાનું છે એમ નહિ, પણ છૂટથી જોવા દેવું, કારણ કે તેથી જ્ઞાન ને અક્કલ હોશિઆરીમાં વધારો થાય છે

૩. હવે નૈતિક એટલે નીતિને લગતી કેળવણીનો ખુલાસો કરીશઃ—સત્ય, ઉદારતા, ન્યાય, પ્રેમ, પ્રમાણિકપણું, ખત, એપ, ઉદ્યોગ, સહનશીલતા, ધીરજ, હિંમત, નર્મનતાઈ, દયાળુપણું, દુઃખ અથવા મહેનતની વખતે ટાળવું નહિ, બધાં કામ તરફ માનની નજરથી જોવું, તથા ગુરુને ધીકા-

રવું, સંસારમાં પોતાની ફરજ સારી રીતે બજાવવી, કોઈના ઓશિયાળા રહેવું નહિ, વગેરે નીતિના નિયમો પ્રમાણે ચાલતાં બાળકોને શીખવવું જોઈએ. પણ તે કાંઈ કોઈના દાખલાઓથી, કે બોધ દઈને નહિ, પણ માતાએ પોતાના આબેહુબ દાખલાઓ બાળકની સામે તે પ્રમાણેજ વર્તીને રજુ કરવા; નીતિના નિયમમાં વાણી અને વર્તન બંને એક બીજાને મળતાં હોવાં જોઈએ. એટલે બોલવું કાંઈ, અને કરવું કાંઈ, આમ કરવાથી બાળકો માતાની આજ્ઞા પાળી શકતાં નથી હવે આ ત્રણે પ્રકારની કેળવણી આપવામાં ભય કરતાં પ્રેમનો ઉપયોગ વિશેષ કરવો જોઈએ. એટલે કે તેને ધમકી આપીને, અથવા મારફાડ કરીને શીખવવા કરતાં, પટાવીને અથવા સમજાવી ફોસલાવીને, માયા મમતાથી અથવા રમત—ગમત મારફતે શીખવવું જોઈએ

૪ હવે એ વિષયને લગતી પરચુરણ હકીકત આપીશું—કેટલીક માતાઓ એવું ધારે છે, કે હજી તો બાળક નાનું છે. મોટું થશે ત્યારે શીખ્યા કરશે. આ વિચાર ભૂલભરેલો છે, કારણ કે બચપણમાં પડેલી કુટેવો એવી જડ થઈ બેઠેલી હોય છે, કે મોટપણમાં તે કેમે કરી સુધારી શકાતી નથી. વળી અંગ્રેજીમાં કહેવત છે કે "habit is second nature" એટલે કે ટેવ એ કુદરતી લક્ષણ છે. માટે ભૂલો પાછળથી સુધારવા કરતાં, પ્રથમથીજ ભૂલો કરતાં અટકાવવાં, એ કેળવણીનો હેતુ લક્ષમાં રાખવો જોઈએ. જે માતાએ પોતાનાં બાળકોને દરેક રીતની સારી કેળવણી આપી હોય છે, તેમનાં બાળકો મોટપણમાં પોતાની માતાએ ઉઠાવેલી રજનો સારો બદલો આપ્યા વગર રહેશે નહિ. (આપણે ઘણીકવાર જોઈએ છીએ, કે નેક, ચતુર, તથા અક્કલમંદ માતાનાં બાળકો કુદરતી રીતેજ ડાહ્યાં ને લાયકીવાળાં નીવડે છે; કેમકે તેમને કેટલાક ઉચ્ચ સદ્‌ગુણો વારસામાં મળેલા હોય છે.) એથી ઉલટું અજ્ઞાન માતાનાં બાળકો મૂર્ખ અને દુર્ગુણી નીવડે છે. માતાએ જો પોતાનાં બાળકના ભવિષ્યનું સુખ ઇચ્છવું હોય, તો તેઓ તરફ અણુઘટતો લાડ બતાવવો નહિ, કારણ કે લાડમાં ઉછરેલાં બાળકોની ઉપર જ્યારે પાછળથી સંકટો આવી પડે છે, ત્યારે તેઓ ઘણુંજ ગભરાઈ જઈ દુઃખી થાય છે. પણ જે બાળકો મહેનત અને સંકટો સહન કરતાં ઉછરે છે, તો તેઓ ઉપર જ્યારે આફત આવે છે, ત્યારે તેઓ ગભરાઈ ન જતાં તે ધીરજથી સહન કરે છે. વળી જે

કોઈને એકનું એકજ બાળક હોય છે તો તેની માતા તેને લાડ લડાવવામાં કાંઈજ બાકી રાખતી નથી. જો તે બચ્ચાને કોઈ જરાક ધમકાવે, કે સારી શિખામણ કહે તો તેની માતા તેની સાથે ગુસ્સો કરે છે, ને કહે છે કે "મારૂં એક પુરૂ બચ્ચું છે, તેને ધમકાવવાની તને શી જરૂર પડી? એને લોહીનું પાણી કરી મોટું કર્યું, તે તારા બોલ સમજવા કે!" વગેરે અજ્ઞાનતાને લીધે આવું બોલી, બાળકનું ભવિષ્ય બગાડે છે, આથી બાળક વધારે છકેલ બને છે, અને કોઈ વેળાએ ન મેળવી શકાય, એવી વસ્તુ મેળવવાને હઠ લઈ બેસે છે, કે જ્યારે માતા અને બાળક બન્ને દુખી થાય છે

ઉપલી સઘળી બાબત ઉપરથી એવુ સિદ્ધ થાય છે, કે એક બાળકને સંગીન કેળવણી આપવા માટે દરેક માતા શારીરિક, માનસિક, અને નૈતિક કેળવણીથી માહીતગાર હોવી જોઈએ બાળકને કેળવવાની જવાબદારી શિક્ષક કરતાં માતાને ઘણી વધારે છે કારણ કે બાળક ૭ વર્ષ સુધી માતાની કેળવણીમાં હોય છે, અને પ્રથમથીજ બીજ સારા રોપવાં, એ માતાની ફરજ છે. તેટલા માટે ઘરની કેળવણી ઘણીજ સંગીન હોવી જોઈએ, કે પાછળથી તે ઉપર રચાયલી ઇમારત પણ સગીન નીવડે.

પીંછાની લેખણ.

(લેખક—રા. મહીપતરામ હરજીવન શુક્લ. મહેતાજી,
ખાંભીઆ, બોઈકા–કાઠીઆવાડ)

ગુજરાતી અક્ષર—જુની દફતરની ફાઈલો, જુના ચોપડા અને અન્ય જુનાં લખાણોનો તથા નવા લખાણોનો મુકાબલો કરતાં માલમ પડે છે કે, જુના ગુજરાતી લહીઆઓના અક્ષરો શોભાયમાન જણાય છે. યુરોપીય ફેશનને અવલંબીને હાલના ઘણાખરા ગુજરાતી લખનારા પણ સ્ટીલ પેનથી ગુજરાતી લખાણ કરે છે. ઇંગ્લિશ લખાણ સ્ટીલ પેનથી લખાએલું હોય તો વધુ દીપે છે એ ખરૂં છે, પરંતુ ગુજરાતી લખાણમાં તો ખાસ લેખણ વપરાય તોજ અક્ષરની ઉન્નતિ થાય તેમ છે, ઘણાક સ્ટીલ પેનના અભ્યા[illegible]ઓ લેખણ લઈ લખવા બેસે છે, તો તરત લેખણનો કુચો કરે છે અં[illegible] તો તેને ભાંગી બેસે છે આથી તેઓ મરોડદાર અક્ષરો લખવા માટે

લેખણ-જેવી, કાપિબુક નં. ૭-૮ માં વપરાતી સ્ટીલ પેન વાપરે છે; પરંતુ અનુકૂળ મરોડ લાવવા માટે હાથે ઘડેલી લેખણજ ઉત્તમ સાધન છે. વાંસી, બરૂ અને કાંડાની કલમ બને છે, પરતુ કેટલીક શાહીમાં તે છૂટથી ચાલી શકતી નથી, અને ચોમાસામાં તો તેની લેખણ ઘડાયા પછી તરત તેનાપર કુચો વળી જાય છે; આ બધી મુસીબતોને દૂર કરે એવી એક ચીજ છે, કે જેની લેખણ મરજી મુજબ મરોડવાળી ઘડી શકાય છે. ગમે તે ઋતુ હોય પણ તેનો કુચો થતો નથી ઘણેખરે ઠેકાણે તે ચીજ વિના મૂલ્યે મળી શકે છે. આ ચીજ મોરનાં પીછાં છે. મોરના પિચ્છજૂથ નીચે પાંખની અડોઅડ બદામી રંગનાં, જાડી દાંડીના, લગોલગ સમાન્તર, રૂવાંટી વાળા, વાંકાં અને દોઢ વેંત લાંબાં પીછાં થાય છે તેનો જે ભાગ મોના શરીર સાથે સંબંધ ધરાવે છે તે ભાગપર મરજી મુજબ કલમ ઘડી શકાય છે તે ભાગ એવો ચીકટ હોય છે કે લેખણ ભાંગી જતી નથી કે તેનો કુચો થતો નથી જેવી બારીક લેખણ બનાવવી હોય તેવી તે પીછાંની બની શકે છે. રૂવાટી (બદામી ભાગ—જાડા રેસા) પસંદ ન પડે તો તેને ચપ્પુથી છોલી નાખતાં ધોળા ભૂરા રંગની દાંડી રહે છે. ઉપર થોડો રૂવાટીનો ગુચ્છો રાખવો હોય તો રાખી શકાય છે-આવી છોલેલી લેખણને ગુલાબી, લીલા, જાંબુડીયા કે ગમે તે પાકા રંગમાં બોળી સુશોભિત બનાવી શકાય છે, અથવા પેની ઘડેલી કલમનો દોઢ ઇંચ ભાગ (કે જે પોલો ને અર્ધ પારદર્શક જેવો હોય છે તે) કાપી લઈ હોલ્ડરના ફેન્સી હાથામાં સરેશ વા ગુંદરથી સજ્જડ બેસાડી તેનું સાધું હોલ્ડર બનાવી શકાય છે. પેન્સિલની અણીના સામા છેડાપર તે પોલો કકડો બેસાડી દેતાં લેખણ તથા પેન્સિલ એકત્ર બનાવી શકાય છે. પીછાના ઘાટની કલાઈની, રૂપાની કે બીજી ધાતુની કલમો બજારમાં મળે છે. તેના કરતાં વગર પૈસે પ્રાપ્ત થતી આ પિચ્છલેખિની કાંઈ ખોટી નથી. સાહેબ લોકો પીછાંની ક્વિલ વાપરે છે. આપણે પણ તેનું અનુકરણ કરી દેશી પિચ્છલેખિની વાપરીએ તો કાંઈ ખોટું નથી.

નવેમ્બર-ડિસેમ્બરમાં મોરનાં પીછાં આપોઆપ ખરી પડે છે. આ સમયે જાડાં બદામી પીછાં ઢેર ઢેર મળી આવે છે ગામડામાં તો જેટલાં જોઈએ તેટલાં ભેગાં કરી શકાય છે. કેટલાક લોકો સાહુડીનાં સિસોળીયાંની લેખણ બનાવે છે તેને પણ પિચ્છલેખિની કહી શકાય. સાહુડીનાં સિસોળીયાંની લેખણ કરતાં આ લેખણ ઘણે દરજ્જે સારી થાય છે, સ્હેજ લાવે,

વગર પૈસે, અને સારૂં સાધન મળે તો તેનો ઉપયોગ કરવો એ આર્થિક દૃષ્ટિએ એક લાભ ગણાય છે. આ મોંઘવારીના વખતમાં ઘણે ઠેકાણે હવે આવી લેખણો જોવામાં આવે છે, છતાં કેટલેક સ્થળે પીંછાંના આ ઉપયોગ તરફ જનસમાજનું લક્ષ દોરવાયું નથી. તેથી લાગતાવળગતાની ખાસ જાણને માટે આ લેખ પ્રકટ કરવાની અગત્ય ધારી છે. શહેરી સદ્‌ગૃહસ્થોને કદાચ આ લેખ નિરુપયોગી લાગશે, પરંતુ ગ્રામ્યજનોને અને ઘણાક શિક્ષકબંધુને આમાંથી, કાંઈક ગ્રહણ કરવાનું અવશ્ય મળશે, અને તેથી ઘણાક શિક્ષકબંધુઓ આ હુન્નર અજમાવવાની ઇચ્છા કરી તેને અમલમાં મૂકશે તો કાંઈક અંશે મારા લેખનું સાર્થક થયું ગણાશે.

◆

સ્વચ્છતા.

(જેનબાઈ ભીખાભાઈ પટેલ, મ્યુ ગુ માંડવી કન્યાશાળા—મુંબઈ.)

મહેતીજી—(વર્ગમાં આવીને) બેસી જાઓ. શાંત થાઓ ચાલો હવે કયો વિષય છે.

રતન—બેન, ગણિત છે, અને ઘરનું લેસન તપાસવાનું છે, તેમજ ચાંલ્લા, ચોટલા, રૂમાલ, નખ વગેરેના માર્ક પણ આપવાના છે.

મહેતીજી—ચાલો વારાફરતી બતાવો. બેન માણેક, તમે કેમ ચાંલ્લો નથી કર્યો?

માણેક—બેન, મારે સૂતક છે માટે.

મહેતીજી—ઠીક. તોપણ બધી બેનો ધ્યાનમાં રાખો કે ચાંલ્લો ખાસ યાદ રાખી કરવોજ જોઈએ. ચાંદલો સૌભાગ્યનું ચિહ્ન છે. વળી તે હિંદુ જાતિ દર્શાવે છે, તેમજ મુખ પણ શોભે છે. માટે સવારે માથું ઓળી તુર્ત ચાંલ્લો કરવો. મણીબેન તમે કેમ માથું નથી ઓળાવ્યું?

મણી—બેન, વખત થઈ ગયો, તેથી ઉતાવળે રહી ગયું.

મહેતીજી—રહી ગયું તે કેમ ચાલે! સવારે પ્રથમ માથું ઓળવું જોઈએ. તમે જાણો છો, કે માથું મેલું રહે તો જૂ પડે; લોક ગંદી કહે,

માથું વાસ મારે, ને ખરાબ દેખાય. તેથી વાળ પણ ટુંકા રહે. (સ્વચ્છતાથી વાળ લાંબા થાય છે) માટે દરેકે માથું સાફ રાખવું જોઈએ ચતુરલક્ષ્મી, તમોએ શું કર્યું?

ચતુરલક્ષ્મી—કાંઈ નહિ બેન.

અહેતીજી—તમે કોઈ ભૂલ કાઢશો? મેં વારંવાર સુચના આપી છે માટે કહો જોઈએ? ચતુરલક્ષ્મીએ શી ભૂલ કરી?

અનુ—(ઉભી થઈને) બેન, તેમણે રૂમાલનો ઉપયોગ ન કર્યો, અને છેડાથી મોઢું લુછ્યું.

અહેતીજી—શાબાશ. રૂમાલ રાખવોજ જોઈએ, છેડાથી બધું લુંછીએ તો કપડાં મેલા થાય. કદી છેડામાં ખરાબ ડાઘ પડી જાય છે તો તે જતા નથી, ને ખરાબ દેખાય છે. છેડે લુછવાની ટેવ હોવાને લીધે વાસણ, સ્લેટ, શરીર, ચીમની તેમજ કંઈપણ વસ્તુ એ બધું છેડેથીજ લુછાઈ જાય છે. પછી તેજ છેડો મોઢે ફેરવીએ તો મોઢે મેસ ને આંખે મરચું લાગે છે. માટે એ કુટેવ તજો. રૂમાલનો છૂટથી ઉપયોગ કરો

રૂમાલ એટલે કોઈ પણ સ્વચ્છ કપડાનો કટકો હોય તોપણ ચાલે. હવે અમૃત, પાસે આવો જુઓ તમારા નખ. અરે! આ શું? જાણે અઘોરી બાવો.

અમૃત—બેન, મારાં માસીને જરા ઠીક ન હતું તેથી નથી લીધા.

અહેતીજી—ખોટી વાત છે. તમે આવી મોટી બાળકીઓ થઈ હજી બીજા પર ભરોસો રાખો છો, તમારે તો જાતે સ્વચ્છ રહેવું જોઈએ. આ નખ કોઈને વાગે તો? વળી તેમા ભરાઈ રહેલો મેલ જમો ત્યારે પેટમાં જાય કે નહિ? તેમજ આ કેટલું ખરાબ દેખાય છે! જાઓ કબાટમાંથી ચપ્પુ લાવીને સાફ કરો.

સકીનાબાઈ, તમારી વાત રહી જાય તે ઠીક નહિ તમારી કુડતી ને ઓઢણી તો જુઓ. વળી શરીરપર પડેલા મેલના ડાઘા ઓગરાળા! તમે ક્યારે નાહ્યાં હતાં?

સકીના—બેન અમારે તો હિંદુ માફક રોજ નાહવાનો રિવાજ નહિ. અમે જુમાને રોજ નાહીને કપડાં બદલીએ છીએ.

મહેતીજી—બેનો, મણીનાણુની વાત ખરી છે? મનુ, તમો મણીનાણુને સમજાવી શકશો?

મનુ—બેન મણીનાણુ, હિંદુનો રોજ નાહવાનો રિવાજ છે' એમ તમારૂં માનવું ખોટું છે. દરેક માણસે દિવસમાં એકવાર તો નાહવુંજ જોઈએ રોજ નાહવાથી શરીર હલકું રહે છે. તેમજ ચામડીનાં છિદ્રો ખુલ્લાં રહેવાથી શરીર માંહેનો મેલ છિદ્રવાટે બહાર કાઢે છે.

મહેતીજી—મનુ પછી આગળ સાકરબેન સમજાવશે.

સાકર—કપડાં મેલાં પહેરવાથી ગંધ આવે છે, જૂ પડે છે, શરીર પણ બેચેન લાગે છે તેમજ બીજા આપણી સોબતમાં રહેતાં મેકે થાય છે. શરીર તેમજ કપડાં મેલાં રહેવાથી ખસ, ગુમડાં, દાદર વગેરે ચામડીના રોગો થાય છે તેથી કોઈ વખત ઘણું ખમવું પડે છે. માટે જાતે નાહી ધોઈ રહેવું જોઈએ.

મહેતીજી—દરેક બાળાએ જાતે સ્વચ્છ રહેતાં શીખવું. અને પોતાની નાની બેનોને પણ સાફ રાખવી કેટલીક બાળાઓ આંખે મેસના લપેડા કરી શાળામાં આવે છે તે પણ ખોટું છે. માટે એ પ્રમાણે મો ન બગડવું.

હવે વખત જરા વધુ થયો છે માટે આપણા કામમાં ગુંથાઈએ. આજની વાત બધાં યાદ રાખજો. ફરી કોઈ વખત સ્વચ્છતા માટે વધુ વાત કરીશું

"ત્રીજો અફઘાન વિગ્રહ."

(લેખક.—રા. મણીલાલ બાપુજી ગાંધી. તેલંગ હા. સ્કૂલ, ગોધરા.)

અફઘાનિસ્તાનમાંથી બ્રિટિશ લશ્કર ઈ. સ. ૧૮૮૦ માં પાછું ખેંચી લેવામાં આવ્યું ત્યારથી હિંદુસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે મિત્રાચારી બંધાઈ હતી. હિંદુસ્તાનના વાયવ્ય કોણની સરહદ ઉપર પરદેશી હુમલા કદાપિ થાય તો તેની સ્હામે થવાને અફઘાનિસ્તાનને આપણી સરકાર તરફથી દર વર્ષે ૧૨ લાખ રૂપીઆની ખંડણી મળતી. ગયા ભયંકર યુરોપીઅન વિગ્રહ દરમિઆન આ રકમ લગભગ બમણી કરવામાં આવી. બધા

સુધી અમીર હબીબુલ્લાખાન રાજ્ય કરતો હતો ત્યાં સુધી તેણે દુષ્ટ જર્મનોના કાવાદાવા છતાં પોતાના દેશને તે વિગ્રહમાંથી તટસ્થ રાખ્યો. કિંતુ આ વર્ષની શરૂઆતમા આ ભલા અમીરનું ખૂન થયું, અને તેનો છોકરો અમનઉલ્લા તખ્તનશીન થયો તેના વખતમાં સર્વત્ર અશાંતિ અને અંધાધુંધી ચાલી અને તે અટકાવવાને નવો અમીર અશક્ત નીવડ્યો એવામાં મે માસની ૩જી તારીખે આપણને એવા સમાચાર મળ્યા કે પેશાવરની પશ્ચિમે લન્ડી કોટાલની નજદીકની બ્રિટિશ સરહદ અફઘાનોએ ઓળંગી

ત્રીજો અફઘાન વિગ્રહ આ પ્રમાણે શરૂ થયો. હિંદુસ્તાન સરકાર તો આ સમાચાર સાંભળતાજ આશ્ચર્ય પામી, પણ આ ચડી આવેલા અફઘાનોને હાંકી કાઢવા સત્વર હુકમો કાઢ્યા મે માસની ૯મી અને ૧૧મી તારીખે બે પક્ષ વચ્ચે કેટલીક લડાઈઓ થઈ, અને પરિણામે શત્રુને લૅન્ડીકોટાલમાંથી હાંકી કાઢવામાં આવ્યા. ૧૩મી મે ને દીવસે બ્રિટિશ લશ્કરે ડક્કા સર કર્યું. તા. ૧૬ અને ૧૭ મી મે ના દિવસોએ ડક્કાની પાસેની ટેકરીઓમાં કેટલાંક યુદ્ધ થયા, બ્રિટિશ સેનાની જીતનો ડંકો વાગ્યો; અને ત્યાં અફઘાનો હાર્યા અને વીખરાઈ ગયા.

આપણા હવાઈ વિમાનોએ પણ આ લડાઈમાં સારો ભાગ લીધો; જલાલાબાદમાં બોમ્બ ગોળા નાખ્યા, અને પરિણામે લોકોએ શહેર ખાલી કર્યું કેટલાક વિમાનોએ કાબુલ શહેર ઉપર પણ દેખા દીધી. અફઘાન સરકારને હવે લાગ્યું કે જો બ્રિટિશના આવા બળ આગળ લડાઈ ચાલુ રાખીશું તો તેનાં પરિણામ ઘણાં ગંભીર નીવડશે. છેવટે લડાઈ બંધ રાખવાને અમીરે જાતે વાઇસરોયને અરજ કરી. તદનુસાર જુલાઈની ૮ મી તારીખે યુદ્ધવિશ્રાન્તિ થઈ. સુલેહની શરતો કરવા માટે રાવળપીંડીમાં એક પરિષદ્ મળી જેમાં હિંદુસ્તાન સરકારે પોતાના તરફથી સર હેમિલ્ટન ગ્રાન્ટને નીમ્યા હતા. અફઘાન પ્રતિનિધિઓને પણ આ સભામાં નોતરવામાં આવ્યા હતા.

સુલેહની શરતો:—

૧. બન્ને દેશોની સરહદમાં કોઈ પ્રકારનો ફેરફાર કરવો નહિં.

૨. આપણી સરકાર તરફથી દર વર્ષે અપાતી ખંડણી હમેશને માટે બંધ

થઈ. યુરોપીઅન વિગ્રહમાં રૂશીઆનું રાજ્ય વસ્તુતઃ પાયમાલ થવાથી હવે તે દિશામાંથી કોઈ પણ બળવાન સત્તા હુમલો કરી શકે એમ નથી; તેમજ અફઘાનોએ કોઈ પણ સબળ કારણ શિવાય પોતાનું વચન તોડયું, તો હવે ખંડણી બંધ થવીજ જોઈએ.

૩ છ માસ પછી મિત્રાચારીની સુલેહ અફઘાનિસ્તાન સાથે કરવી; દરમિઆન અફઘાનોની વર્તણુંક સંતોષકારક હોવી જોઈએ.

આ પ્રમાણે ત્રીજા અફઘાન વિગ્રહનો અંત આવ્યો. હિંદુસ્તાન સરકાર સાથે ભાઈચારો રાખવાથી અફઘાનિસ્તાનને અનેક લાભ મળ્યા છે અને મળશે. આપણા દેશમાં આવી તેઓ વેપાર કરવા લાગ્યા છે, અને કેટલાક તો ધનાઢ્ય બન્યા છે. તેઓએ પોતાના દેશને બ્રિટિશની મદદથી આબાદ બનાવ્યો તે દેશની પૂર્વ બાજુએ વસતી કેટલીક તોફાની ટોળીઓ તરફથી અફઘાનોને શાંતિ છે તે ફક્ત બ્રિટિશ લશ્કરને આભારીજ છે.

યુરોપિઅન વિગ્રહે આપણને બ્રિટિશ રાજ્ય તરફ વફાદારી બતાવવાનો પ્રથમ પ્રસંગ આપ્યો હતો. આ વખતે હિંદુસ્તાનને બીજો પ્રસંગ પ્રાપ્ત થયો જે તેણે વધાવી લીધો. અનેક રાજાઓએ અને સરદારોએ પોતાનાં લશ્કર સરકારને મોકલાવી દીધાં. કેટલાકે લડાઈમાં અગ્ર ભાગ લીધો હતો. પતિઆલા, ધોળપુર, રતલામ, અને બારીઆના રાજાઓએ ખુદ લડાઈમાં ભોગ લેવા પોતાની મરજી બતાવી, અને ભિન્ન ભિન્ન પ્રકારની સેવા તેઓએ બજાવી.

જ્યારે વિગ્રહ શરૂ થયો ત્યારે સખ્ત ગરમીના દિવસો હતા. અફઘાનિસ્તાનમા ઉનાળાનો તાપ સખ્ત હોય છે. મહાન વિગ્રહમાથી વિજયમાળા પહેરી બ્રિટિશ સૈનિકો હમણાંજ પાછા આવ્યા હતા; અને આરામ ભોગવવાને સ્વદેશ પ્રતિ પ્રયાણ કરવાની તૈયારીમા હતા, એટલામા તો તેમને આ નવા યુદ્ધમાં જોડાવાનો હુકમ થયો, જે તેમણે એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના હર્ષથી સ્વીકાર્યો, અને ત્યાં બહાદુરીથી પોતાની ફરજ બજાવી બીજી વિજયમાળા પહેરી. હિન્દી લશ્કરને માટે પણ આમજ કહેવાય.

સંસ્કૃત પ્રાચીન ગ્રંથોમાં આવેલા દેશ, પર્વત, નદીઓ, નગર, ગામ વગેરેની હકીકત.

(લેખક—રા. છગનલાલ વિદ્યારામ રાવળ.)

ભરતખંડના પ્રાચીન ઈતિહાસમાં ઘણી વાર જુનાં શહેર, નદીઓ, અને પર્વતો વગેરેનાં નામ આવે છે, પણ તે હાલ છે કે નહી, અને છે તો કયા પ્રાંતમાં કઈ જગાએ છે, ને નથી તો પૂર્વે કયા પ્રાંતમાં ને કઈ જગાએ હતાં, વગેરે જાણવા માટે પુરતાં સાધન જણાતાં નથી, તેથી કેટલીક વાર શિક્ષકોને તે જાણવા માટે અડચણ પડે છે,* અને તેથી વખતે વિદ્યાર્થીઓમાંથી કોઈ તે વિષે પ્રશ્ન કરે છે, તો તેનો મનમાનતી રીતે ખુલાસો આપી શકાતો નથી, અને તેથી (વિદ્યાર્થીના પ્રશ્નનો ઉત્તર ન અપાવાથી) તેના મનમાં શિક્ષકના જ્ઞાન માટે કંઇક શકાશીલ રહેવું પડે છે. તેથી આવી અડચણો ખસેડવા માટે આ નીચે તેનો એક ન્હાનો લેખ આપવામાં આવ્યો છે

હરકોઈ ટુંકી બાબતને લંબાવીને કહેતાં, તેમ હરકોઈ લાંબી બાબતને ટુંક રૂપ આપીને કહેતાં દરેક શિક્ષકને આવડવું જોઈએ, જો તેમનામાં આ શક્તિ નહિ હોય તો શીખવવાનો વિષય, તેમનાથી સંતોષકારક રીતે શીખવી શકાશે નહિ, અને તેથી શીખનાર વિદ્યાર્થીઓને તેમાં રસ પડશે નહિ શીખવેલું ક્યારે ગણાય, કે શીખવેલી બાબત ઘેર વાંચ્યા વગર પણ યાદ રહી, બીજે દહાડે કલાસમાં આવડે કે ઘેર બહુ વાર વાંચવી ન પડે એટલુંજ નહિ, પણ સ્કૂલ છોડયા પછી પણ ઘણી મુદ્દત સુધી તેમના મગજમાં રમી રહે આ કારણથી શીખવવાના વિષયને પદ્ધતિસર ગોઠવવો પડે છે, એટલુંજ નહિ, પણ તેને રસિક કરવા માટે તેને લગતા વિષયનાં બીજાં પુસ્તકો, શિક્ષકને આગલે દહાડે ઘેરથી વાંચી જવા પડે છે, ને તેમ થાય છે ત્યારેજ બાળકોને તે શીખવામાં રસ પડે છે

ક્લાસમાં ટાઈમટેબલ પ્રમાણે શીખવવાના વિષયમાં બાળકોને રમુજ પડે છે કે નહિ, તે સહેલથી સમજાય તેવું છે આખો વર્ગ કંઈ પણ ગડ-

---

* દાખલા તરીકે ઇતિહાસમાં આપેલા કોસલ, રાજગૃહ, ચોલે ને પાંડવ વગેરે કયાં આવ્યાં, તેની વીગતવાર હકીકત જોઈએ તેવી જાણવામાં આવતી નથી.

બંડ કર્યા વગર ધ્યાનપૂર્વક શિક્ષકના સામુ જોઈ રહે, ત્યારે જાણવું કે તેમને તે વિષયમાં મારી રમુજ પડે છે, જ્યારે તેમ નથી હોતું, ત્યારે તેનાથી ઉલટું બને છે, એટલે કે, બળાત્કારે ધાક (દહેશત) ના માર્યા છોકરાઓ, શિક્ષકના સામુ જુએ છે ખરા, પણ તે વખતે તેમનામાંથી કેટલાકનું ચિત્ત ઘેર રમવામાં, કે ખાવા પીવામાં ગયેલુ હોય છે, ને કેટલાક, જાણી જોઈને શિક્ષકને ગુચવવા માટે નકામા પ્રશ્નો પૂંછી પૂછી વખત પુરો થઈ જવાની વાટ જોતા હોય છે. તે વખતે તેમનામાંથી કોઈને પ્રશ્ન પૂછતાં, શુ પૂછ્યુ તે જાણતા નથી, ને તેથી ગભરાઈ જાય છે

આ પ્રમાણે ન બને તેટલા સારૂ દરેક શિક્ષકમાં શીખવવાના વિષયનુ બહુ બહોળુ જ્ઞાન હોવુ જોઈએ, ને તેથી ભણાવવાના દરેક દરેક વિષયનાં ચાલતાં શાલોપયોગી પુસ્તકો સિવાય, બીજા તો તે વિષયનાં બહારનાં પુસ્તકો પણ વાંચવાની તેમને ખાસ જરૂર છે, તેથી આ આપેલો લેખ તેમને પ્રાચીન ઇતિહાસના કામમાં કંઇક ભૂગોળના કામમા કંઈક મદદગાર થઈ પડશે, એવી આશા છે

અમરાવતી—મદ્રાસ ઇલાકામાં ગતુર જિલ્લામાં કૃષ્ણાના કાંઠે આવેલું એક ગામ, તેની પાસે આંધ્ર દેશની ધાન્યકટક નામની રાજધાની હતી. બુદ્ધનું એક પ્રસિદ્ધ સ્તૂપ અમરાવતીમાં હતુ, તેમાથી કંઇક સંગેમરમર પત્થરનું ચિત્ર કામ, મદ્રાસના પદાર્થોના સંગ્રહમા ગોઠવેલુ છે.

અયોધ્યા—ઘોઘ્રા (શરયૂ) નદીના કાંઠા ઉપર, ફૈઝાબાદ જિલ્લામાં, કોસલ રાજ્યની રાજધાનીનુ શહેર, દશરથ રાજાનું સ્થાન. બૌદ્ધ ગ્રંથોમાં સાકેત એ કોસલ રાજાઓની રાજધાની હોવાનુ જણાવેલું છે, અયોધ્યા અને સાકેત એ એકજ છે.

અવંતી-પશ્ચિમ માલવ ઉર્ફે માળવા દેશની રાજધાની. એનેજ ઉજ્જયિની અથવા ઉજ્જની કહે છે. એ પ્રસિદ્ધ સપ્તપુરી, પૈકીની એક પુરી ગણાય છે.

અંગ—ઉત્તર બંગાળામાં મોંગીર અને ભાગલપુર પ્રાંત. એની રાજધાની ચંપા (ભાગલપુર પાસે.)

આર્યાવર્ત—હિમાલય અને વિંધ્ય પર્વતની વચ્ચેનો, પૂર્વ સમુદ્રથી પશ્ચિમ સમુદ્ર સુધીનો દેશ.

આંધ્ર—કૃષ્ણા અને ગોદાવરી નદી વચ્ચેના ભાગમાં આ લોક રહેતા હતા. ઐતરેય બ્રાહ્મણમાં તેમનું નામ મળી આવે છે. આંધ્ર રાજ્ય અશોક રાજાનું માંડલિક રાજ્ય હતું. તે રાજાના મરણ પછી, ત્યાંની સત્તા વધી, તે પશ્ચિમ દિશા ભણી નાશિક સુધી પસરી. તે રાજ્યનો શાલિવાહન વંશ ઘણો પ્રસિદ્ધ હતો, અને તે વંશના રાજાઓ બધા શાતકર્ણી કહેવાતા હતા આ રાજ્ય ઈ. સ. પૂ. ૨૨૦ થી ઈ. સ. ૨૪૦ સુધી ચાલ્યું. અને તેટલા વખતમાં ત્રીસ રાજા થયા.

એક શાખા આંધ્રભૃત્ય નામે હતી. તેનાથી આંધ્ર રાજ્યની સત્તા કમી થવા લાગી, આંધ્રભૃત્ય રાજ્યની પશ્ચિમ દિશાનો ભાગ આભીર લોકના હાથમાં ગયો, અને દક્ષિણ પશ્ચિમ તરફનો ભાગ કદંબ લોકના કબજામાં આવ્યો. આંધ્ર રાજાઓનું મુખ્ય શહેર અમરાવતી, પ્રતિષ્ઠાન અને વૈજયંતી હતાં.

ઇરાવતી—પરુષ્ણી (ઋગ્વેદ) હૈડ્રાઓટિજ (ગ્રીક) ઇરાવતી, (સંસ્કૃત) હાલનું નામ રાવી

ઉજ્જની—ક્ષિપ્રા નદીને કાંઠે છે. અવંતી, પશ્ચિમ માળવાની રાજધાની. આ મૌર્ય અને ગુપ્ત સામ્રાજ્યના સરદારોની રાજધાની હતું. શૂર્પારક (સોપારા) ભૃગુકચ્છ (ભરૂચ) અને શ્રાવસ્તી તરફથી આવનારા મોટા રસ્તાઓ આ ઠેકાણે એકઠા મળતા હતા, તે ઉપરથી તે મોટું વ્યાપારનું શહેર હતું; તેમ વિદ્યા અને શાસ્ત્રનું એક મોટું ધામ હતું. હિંદુ જ્યોતિષીઓ પહેલું રેખાંશ અહિંથીજ ગણતા હતા. (હાલ પહેલું રેખાંશ, લંડન પાસેના ગ્રીનીચ ગામ આગળથી ગણાય છે)

અપૂર્ણ.

ભૂગોળ સંબંધી જાણવાજોગ હકીકત.

(લેખક —મિ. ધનેશ્વર હરગોવિંદ જોશી-ગોધરા)

દુનીઆમાં નીચેની બાબતોમાં જે સર્વ-શ્રેષ્ઠ માલમ પડયાં, તે ભૂગોળના પુનરાવર્તન વખતે શાળામાં ઉપયોગી થાય, એવા હેતુથી આ લેખ અત્રે આપવાનું ઉચિત ધાર્યું છે.

ઇમારત—ઉંચામાં ઉંચી ઇમારત ન્યુયોર્ક શહેરમાં "વુલવર્થ બિલ્ડીંગ" છે, તેની ઉંચાઈ ૭૫૦ ફુટ છે, અને ૫૭ માળ છે.

ઉચ્ચપ્રદેશ—આપણી દુનીઆમાં સર્વથી ઉંચો પ્રદેશ તિબેટ છે.

એરેરો—પારિસમાં ઓપેરા હાઉસ (નાટકશાળા) પકું વિઘા જેટલું છે.

ખાણ—કોલસાની ઉંડામાં ઉંડી ખાણ "લેમ્બર્ટ" બેલ્જીયમમાં છે, તેની ઉંડાઇ ૩૪૦૦ ફુટ છે.

ગુફા—અમેરિકામાં "મે મોથ" ગુફા સર્વથી મોટી છે, તેમાં આંધળાં માછલાં છે

ઘંટ—રશિયાના મોસ્કો શહેરનો "ક્રેમલીન" ઘંટ ૬૮ ફુટ ગોળ અને ૨૧ ફુટ ઉંચો છે, ને વજનમાં ૨૦૦ ટન છે.

જુનામાં જુની પાઠશાળા—સર્વથી જુની પાઠશાળા ઓક્સફર્ડની છે, તે ઈ. સ ૮૭૨ માં સ્થાપવામાં આવી છે.

ઝાડ—સર્વથી ઉંચા ઝાડ ઓસ્ટ્રેલિયામાં યુકલિપ્ટસના છે. તેની ઉંચાઇ ૪૮૦ ફુટ ને વ્યાસ ૨૦૦ ફુટ જોવામાં આવેલ છે.

ઝૂલતો પૂલ—ન્યુયોર્ક અને બ્રુકલીન વચ્ચે ૬૦૦૦ ફુટ લાંબો ને ૮૫ ફુટ પહોળો છે.

ઠંડામાં ઠંડુ શહેર—દુનીઆમાં અતિ ઠંડું શહેર "વર્કોયાન્સ્ક" છે.

ધોધ—નિઆગરા ધોધ સર્વ કરતાં મોટો છે અને તેની શક્તિનો સારો ઉપયોગ કરવામાં આવે છે. ૩૦–૪૦ માઇલ ધોધનો અવાજ સંભળાય છે.

નદી—સર્વ કરતા વધારે પાણી મહાસાગરમાં લાવનારી નદી આમાઝોન છે, તેમાં હરરોજ પૂર આવે છે મહાસાગરને તે નદી મળ્યા પછી ૨૦૦ માઇલ તેનો પ્રવાહ જોવામાં આવે છે, લંબાઇમાં મોટી મિસુરી નદી છે, તેની કુલ લંબાઇ ૪૨૦૦ માઇલ છે.

નહેરની લંબાઇ—અમેરિકાની "ઇરીકેનલ નહેર" ૩૮૧ માઇલ લાંબી છે.

ન્યુસપેપર—દુનીઆમાં અર્ધ કરતાં વધારે ન્યુસપેપર અંગ્રેજી ભાષામાં છપાય છે.

પર્વતનું શિખર—દુનીઆમાં સર્વથી ઉંચું શિખર હિમાલયનું ગૌરીશંકર કે એવેરસ્ટ છે, તેની ઉંચાઇ ૨૯,૦૦૨ ફુટ છે.

પિરામિડ—કેરો શહેરમાં ૧૨ એકર જમીનપર બાંધેલ ને ૪૮૦ ફુટ ઉંચો છે.

પુસ્તકાલય-પારીસમાં "બિબ્લીઓથિક નેશનલ" પુસ્તકાલયમાં ૨૦ લાખ પુસ્તકો, ૩ લાખ ચોપાનીઆં, ૧।। લાખ હસ્તલેખો, ૩ લાખ નકશા, ૧।। લાખ સિક્કા, ૧૩ લાખ પિક્ચરો છે.

મહાસાગર-મોટામા મોટા પાસિફિક મહાસાગર છે.

શહેર-મોટામાં મોટું શહેર લંડન છે, તેની કુલ વસ્તી ૭૦ લાખ જેટલી છે, ને તે શહેર ૧૨૧ ચો. માઇલ જમીનપર છે.

મીઠાપાણીનું સરોવર.—સર્વથી મોટું સુપીરિયર છે, તેનું ક્ષેત્રફળ૪,૨૦૦ ચો. માઈલ છે.

રણ-સર્વ કરતા વધારે,વિસ્તારવાળું સહરાનું રણ છે. તેનું ક્ષેત્રફળ ૨૦,૦૦,૦૦૦ માઇલ છે તેની વધારેમાં વધારે લબાઇ ૩૦૦૦, માઇલ ને પહોળાઇ ૯૦૦ માઇલ છે.

રેલવે-સૌ કરતાં લાંબી-કેનેડામાં "કેનેડીયન પાસિફીક" રેલવે છે.

વરસાદ-સર્વ કરતાં વધારે વરસાદ હિંદુસ્તાનમાં ચેરાપુંજીમાં પ૨૫ ઈંચ પડે છે.

સમુદ્રની ઉંડાઇ-જાપાનના કાંઠા પાસે સમુદ્ર ૨,૯૧,૧૨૦ ફુટ ઉંડો છે.

ગણિત શિક્ષણના કેટલાક પ્રશ્નો.

(પુ ૫૯ના ૧ લા અંકથી ચાલુ.)

(રા રા ભોગીલાલ કેશવલાલ પટવા)

(૪) લઘુતમની ટુંકી રીત.

૧૨,૧૫,૧૮,૨૪,૪૫,૭૨,૯૦ આ રકમનો લઘુતમ સામાન્ય ભાજ્ય કહાડો.

ચાલુ રીત .

૩	૧૨,	૧૫,	૧૮,	૨૪,	૪૫,	૭૨,	૯૦
૨	૪,	૫,	૬,	૮,	૧૫,	૨૪,	૩૦
૩	૨,	૫,	૩,	૪,	૧૫,	૧૨,	૧૫
૫	૨,	૫,	૧,	૪,	૫,	૪,	૫
૨	૨,	૧,	૧,	૪,	૧,	૪,	૧
૨	૧,	૧,	૧,	૨,	૧,	૨,	૧
	૧,	૧,	૧	૧,	૧,	૧,	૧

૩ × ૨ × ૩ × ૫ × ૨ × ૨=૩૬૦ જવાબ.

ગણિત શિક્ષણમાં રીત સરળ, ટુંકી, અને ઝટ થાય અને સમજાય એવી જોઈએ. એક પણ આંક કે અક્ષર નકામા લખી શ્રમ વધારવું નહિ.

આ નિયમથી આ રીત તપાસીએ તો આ રીતમાં ૧૭ એકડા નકામાં લખવા પડયા છે અને રીત પણ ઘણી લાંબી થઈ ગઈ છે તેથી નીચેની રીત સૂચવું છું.

રીત. સમજુતી.

૧૮ | ~~૧૨~~, ~~૧૫~~, ~~૧૮~~, ~~૨૪~~, ~~૪૫~~, ૭૨, ૯૦
૪, ૫

૧૮×૪×૫=૩૬૦ જવાબ.

આપેલી રકમમાંથી ૧૨, ૨૪માં સમાઇ જાય છે એટલે ૨૪ નો લઘુતમ કાઢીએ તેમાં ૧૨ નો આવીજ ગયો, માટે ૧૨ ને હિસાબમાં ગણવાની જરૂર નથી. તેજ મુજબ ૧૫ તથા ૪૫, ૯૦માં અને ૧૮ તથા ૨૪, ૭૨મા સમાઇ જાય છે માટે દાખલો કરવા માંડયા પહેલાંજ જે જે રકમો બીજી રકમોમાં બરાબર સમાઈ જાય છે તે રકમો ઉપર છેકા માર્યા એટલે હવે ફક્ત ૭૨ અને ૯૦ જ રહ્યા. તેમાંથી સામાન્ય ભાજક ૧૮ બહાર લેતાં ૪ અને ૫ અનુક્રમે રહ્યા. ૪ અને ૫ નો કોઈ સામાન્ય ભાજક નથી, માટે હવે આગળ કરવાની જરૂર નથી. અને તેથી ૧૮ તથા ૪ અને ૫નો ગુણાકાર કરી નાખ્યો તો જવાબ આવ્યો: આ રીત ઘણીજ ટુંકી તેમજ સરળ છે.

બીજો દાખલો ૧૫, ૨૭, ૩૬, ૫૪, ૬૦ નો લઘુતમ કાઢો.

૬ | ~~૧૫~~, ~~૨૭~~, ૩૬, ૫૪, ૬૦
૩ | ૬, ૯, ૧૦
૨, ૩, ૧૦

૬ × ૩ × ૨ × ૩ × ૫=૫૪૦ જવાબ

૬૦, ૧૦૫, ~~૩૫~~, ~~૨૧~~, ૧૪૦, ૮૪, ~~૨૮~~
~~૧૫~~, ૧૦૫, ~~૩૫~~, ~~૨૧~~.

૪ × ૧૦૫ = ૪૨૦ જવાબ

આ દાખલામાં ૪ બહાર કાઢયા પછી બીજી લીટીમાં જે રકમો આવે છે તેને પણ ઉપરનો સમાઈ જતા અંક ઉડાવી દેવાનો નિયમ લાગુ પાડયો છે. આ મુજબ દાખલા કરવામાં જ્યારે પણ એક રકમ ઉડી જતી હોય તો તે રકમ ઉડાવી દેવાથી હિસાબ સહેલો થઇ જાય છે.

૪ | ૪૦, ૨૭, ૩૬, ૪૫, ૬૦
૯ | ૧૦, ૨૭, ~~૯~~, ૪૫, ~~૧૫~~
૧૦, ૩, ~~૫~~

૪ × ૯ × ૧૦ × ૩ = ૧૦૮૦ જવાબ.

આંકડાઓની એક રમત.

(લેખક—કાનજીભાઇ ખોડાભાઇ આયર—વીરમગામ.)

ફુરસદની વખતે બેઠા હોઈએ ત્યારે સામા માણસને કોઈ પણ મોટામાં મોટી અથવા નાનામાં નાની રકમ ધારવા કહેવુ, ને પછી તેના અંકોનો સરવાળો કરાવી તે સરવાળો ધારેલી રકમમાંથી બાદ કરાવવો. જે જવાબ આવે તેમાથી ગમ તે એક આંકડો ધારવા કહેવુ, ને બાકી વધે તે આપણને કહે. હવે આપણે તેનો મનમાં ધારેલો આંકડો શોધી કાઢવા માટે આવેલી રકમને ૯ વડે ભાગવા ને ભાગ ચલાવતા પુરો ભાગ ચલાવી શેષમાં શૂન્ય લાવવા માટે જે નવો આંકડો જોડવો પડે તે ધારેલો જાણવો. તે નીચેની રીતથી સ્પષ્ટ સમજાશે

ધારો કે સામા માણસને કોઈ પણ રકમ ધારવા કહી, તો તેણે ૯૪૩૭૬૭૨ ધાર્યા, ને તેના આંકડાઓનો સરવાળો કરવા કહ્યુ તો ૯+૪+૩+૭+૬+૭+૨=૩૮ સરવાળો આવ્યો. તે બાદ કર્યો. તો ૯૪૩૭૬૭૨−૩૮, ૯૪૩૭૬૩૪ આવ્યા, તેમાથી સામા માણસે ૭ મનમાં રાખી બાકીના ૯૪૩૬૩૪ રહ્યા તે આપણને કહ્યા પછી આપણે ધારેલો આંકડો શોધી કહાડવા માટે ૯૪૨૬૩૪−૯ કર્યા ૯૪૩૬૩૪ને નવ વડે ભાગતાં વાર લાગે માટે ૯૪૩૬૩૪ માથી ટુંકામાં ટુંકી રકમ કહાડવા માટે સરવાળો કર્યો તો ૯+૪+૩+૬+૩+૪=૨૯ આવ્યા તેના પણ આંકડાઓનો સરવાળો કર્યો ૨+૯=૧૧ ને તેનો સરવાળો ૧+૧=૨ ટુંકામાં ટુંકી રકમ આવી, તેને ૯ વડે ભાગવાથી ૯) ૨૭ (૩ ૭ નવો આંકડો જોડવાથી પુરો ભાગ

૨૭
૦૦

ચાલી રહ્યો માટે ૭ નવો આંકડો તે ધારેલો આંકડો જાણવો. ઉપરની રીતમાં કોઇ પણ ગમે તેટલી મોટામાં મોટી રકમમાંથી છુપાવેલો આંકડો શોધી કઢાય છે. શિક્ષકોએ સાતમા ધોરણના છોકરાઓને ઉપરની રીત શીખવાડવાથી છોકરાઓને વિશેષ આનંદ થશે

(મે. એ. ઈ. સાહેબનો તા. ૧૩-૫-૨૦ ના હુકમ નં. ૧૯૮૭ ઉપરથી)

ઠરાવ નં. ૧૨૭૯૬

હિંદી સરકાર વેપાર અને ઉદ્યોગખાતાનો
જકાતખાતું.

નં. ૨૫૦ છ યુ દિલ્હી તા. ૨૨-૧૧-૧૯.

૧૮૭૮ ની સાલનો અને ૧૯૧૪ ની સાલમાં સુધારેલો સી કસ્ટમ્સ એક્ટ-દરીઆઈ જકાત-ની કલમ ૧૯ થી મળેલી સત્તાને આધારે નામદાર ગવર્નર જનરલ ઈન-કૌન્સીલ ફરમાવે છે કે એડવર્ડ ગેમન્સ નામના આણમે સાન-ફ્રાન્સીસ્કો નામના શહેરમાં પ્રસિદ્ધ કરેલા "ધી ટ્રેજેડી ઓફ ઈન્ડીઆ" નામના નાના ચોપાનીઆની એક પણ નકલ બ્રિટીશ હિંદુસ્તાનમાં સ્થળ કે જળ માર્ગે લાવવાની મના કરવામાં આવે છે.

(સહી) એ. એચ. લે-
સેક્રેટરિ નિરમત સરકાર.

મ. એ. ઈ. સાહેબનો હુકમ નં ૨૭૮૨ તા. ૨-૬-૨૦

મેસર્સ કરમનદાસ નારણદાસ એન્ડ સન્સ બુકસેલર સુરત.

મિ. જી. એચ. દેસાઈ કૃત "ઘરમાં રમવાની રમતો" અને "નીતિશાસ્ત્રના મૂળ તત્વો ભાગ ૧ લો" જે બન્ને ઈનામ તથા પુસ્તકાલય માટે મંજુર છે. તેની કિંમત આના ચારને બદલે પાંચ આના કરવાની મંજુરી આપી છે આ મંજુરી માત્ર નવી આવૃત્તિ માટે છે.

જાહેરખબર.

નં. ૩૧૩૦

મ. ડિરેક્ટર સાહેબ પોતાના તા. ૪-૬-૨૦ ના નં. ઇ ૨૧૫૯ના કાગળથી જાહેર કરે છે કે નડિયાદ મ્યુનિસિપલ મેઇન વર્નાક્યુલર સ્કૂલના અંટરેશ દાદાભાવા નામના એક વિદ્યાર્થીએ નડિઆદની સરકારી હાઈસ્કૂલમાં દાખલ થવા પોતાને મળેલા ઉપલી સ્કૂલના લીવીંગ સર્ટિફિકેટમાં પોતાની જન્મ તારીખમાં ફેરફાર કર્યો છે. આ કરવાની તેને સત્તા ન હતી, તેથી મ. ડિરેક્ટર સાહેબના હુકમ નંબરની તારીખના દિવસથી એક વર્ષ સુધી સરકારે મંજુર કરેલી કોઈ પણ શાળામાં તેને દાખલ કરવાની મના કરવામાં આવી છે.

અમદાવાદ તા. ૧૦-૬-૨૦
હુકમ નં ૩૧૩૧.

સહી જે. એમ. કાદરી.
એજ્યુકેશનલ ઈન્સ્પેક્ટર
ઉત્તર વિભાગ

(મ. એ. ઈ. સાહેબનો તા. ૩૦–૪–૨૦ નો હુકમ નં. ૧૭૬૯૫)

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ, બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ સુરતનાએ છાપેલી "ભૂગોળવિદ્યાનાં મૂળતત્વો ભાગ ૧ લો" ની આઠમી આવૃત્તિ મ. ડિરેક્ટર સાહેબે પોતાના તા. ૨૫–૪–૨૦ ના હુકમ નંબર ૧૮૮૨૩થી મંજુર કરી છે હવે તે નિશાળો તથા લોકને વેચવા માટે છૂટ છે.

* * *

જાહેર ખબર.

(મ. એ. ઈ. સાહેબના તા. ૨૬–૫–૨૦ ના હુકમ નં. ૭૫૯૭ ને આધારે)

આથી જાહેર કરવામાં આવે છે કે સુધારેલી ગુજરાતી વાચનમાળાના સંબંધમાં મેસર્સ મેકમિલન અને કંપની, મુંબઈ, પાસેથી લેવાતી હકસાઈ તા. ૧ લી એપ્રિલ સન ૧૯૨૦ થી લેવાનું બંધ કરવાનું સરકારે નક્કી કરેલું હોવાથી તે તારીખથી બાળપોથી તથા ૧ લીથી ૭ મી સુધીની ચોપડીઓની કિંમત નીચેના કોઠામાં બતાવ્યા મુજબ ઘટાડવામાં આવી છે –

બાળપોથી કે ચોપડી તથા પુઠાનો પ્રકાર.	વાચનમાળાની જે આવૃત્તિઓ હાલ છે તેની તા. ૧લી એપ્રિલ સન ૧૯૨૦થી લેવાની કિંમત	તા. ૧લી એપ્રિલ સન ૧૯૨૦ પછી પ્રસિદ્ધ થએલી નવી આવૃત્તિઓની લેવાની કિંમત.
	રૂ. આ. પા.	રૂ. આ. પા.
બાળપોથી, કાગળનું પાતળું પુઠું	૦—૧—૬	૦—૧—૦
પહેલી ચોપડી „	૦—૩—૩	૦—૨—૩
બીજી „ „	૦—૩—૩	૦—૨—૩
ત્રીજી „ કાગળનું જાડું પુઠું	૦—૪—૬	૦—૩—૦
ચોથી „ „	૦—૫—૬	૦—૪—૦
પાંચમી „ „	૦—૬—૯	૦—૪—૬
છઠ્ઠી „ „	૦—૭—૦	૦—૫—૬
સાતમી „ „	૦—૮—૦	૦—૬—૬

ડિરેક્ટર ઓવ પબ્લિક ઇન્સ્ટ્ર.
„ ઓફિસ પુના. તા. ૨૨
મે સન ૧૯૨૦. હુકમ નં.

(સહી) જે. જી. કોવનટન.

ડિરેક્ટર ઓવ પબ્લિક ઇન્સ્ટ્રક્શન

નવરોજજી પેસ્તનજી વકીલ સ્કૉલરશિપ્સ.

આથી ખબર આપવામા આવે છે કે અમદાવાદ શહેરમા અગર તેના પરાંઓમાં આવેલી સરકારે મંજુર કરેલી કોઈ પણ શાળાની દેશી કન્યાઓને નવરોજજી પેસ્તનજી વકીલની ચાર સ્કોલરશિપો આપવા માટે સને ૧૯૨૦ ના ઑગષ્ટ માસની ૧૧ મી તારીખને બુધવારે તેમજ તે પછીના દિવસોએ સવારના ૧૧ થી તે સાંજના ૫ વાગતા સુધી અમદાવાદની "છોકરીઓ માટેની હાઈસ્કૂલ" ના મકાનમા હરિફાઈની પરીક્ષા લેવામાં આવશે.

૨ પરીક્ષા ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર લેશે. પરીક્ષામાં બેસવા માટેની અરજીઓ ઉત્તર વિભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરને સરનામે મોકલવી, અને ૧૧મી જુલાઈ ૧૮૨૦ તારીખે અથવા તે પહેલાં તેમને પહોંચાડવી જોઈએ. તે તારીખ પછી કોઈ પણ અરજી સ્વીકારવામા આવશે નહિ.

૩ ઉમેદવારની ઉમર, પરીક્ષાના વિષયો, સ્કોલરશિપની રકમ તથા તે કેટલો વખત ચાલુ રહેશે તે વગેરે હકીકત તેને લગતા ધારાઓમાંથી મળશે.

ઉ. વિ. ના એ. ઇ. ની ઑફીસ.
અમદાવાદ.
તા. ૧૧ મી. મે. ૧૯૨૦

સહી જે. એસ. કાદરી
એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર
ઉત્તર વિભાગ.

જાહેરખબર.

રાવસાહેબ માધવલાલ હરિલાલ સ્મારક ફંડની.

કોઈ નકી કરેલા વિષય ઉપર સૌથી સરસ પાઠ આપવા માટે ભરૂચ અને સુરત જિલ્લા તથા સુરત એજન્સીની કોઈ સ્ત્રી શિક્ષકને માધવલાલ હરિલાલ સ્મારક ઇનામ તરીકે રૂ. ૩૦)માં પુસ્તકો અથવા શિક્ષણના સાધનો આપવાની ગુજરાત વર્નાક્યુલર સોસાઈટિએ ગોઠવણ કરી છે

પરીક્ષા તારીખ ૪ થી ઓક્ટોબર સને ૧૯૨૦ને સોમવારને દિવસે મહાલક્ષ્મી ટ્રેનિંગ કૉલેજ અમદાવાદની પ્રેક્ટિસિંગ સ્કૂલમાં, કૉલેજના લેડિ સુપરિન્ટેન્ડન્ટ અને પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપલ લેશે.

પાઠનો વિષય અને તે જે વર્ગમાં આપવાનો હશે, તે એક કલાક અગાઉ કહેવામાં આવશે.

સઘળી અરજીઓ તારીખ ૧૯ મી સપ્ટેમ્બર સને ૧૯૨૦ સુધીમા પોતાના જીલ્લાના ડેપ્યુટિ એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ મારફત મહાલક્ષ્મી ટ્રેનિંગ કૉલેજના લેડિ સુપરિન્ટેન્ડન્ટ તરફ મોકલવી.

પાંચ વર્ષ ઉપરની અને પંદર વર્ષની અંદરની નોકરીવાળી સ્ત્રી શિક્ષિકો આ ઇનામ માટે લાયક ગણાશે.

મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજ, ફોર વીમેન, }
અમદાવાદ તા. ૧૬-૪-૨૦ }
M. E. Chubb.
લેડિ સુપરિન્ટેન્ડન્ટ.

જાહેર ખબર.

રાજકોટ બાર્ટન ફીમેલ ટ્રેનિંગ કોલેજની સને ૧૯૨૦ ની સાલની પ્રાવેશિક પરીક્ષા.

૧. તમામ નિશાળના માસ્તરો, આસિસ્ટંટો અને સ્ત્રીશિક્ષકોને ખબર આપવામાં આવે છે કે આ કોલેજમાં દાખલ થવાને જે બાઈઓ ઉમેદ રાખતી હોય, તેમની ઉમર, અભ્યાસ વગેરે હકીકતનું પત્રક સને ૧૮૯૩ ની સાલના ગુજરાતશાળાપત્રના પૃષ્ઠ ૨૬૪ મે છાપેલા નમુના પ્રમાણે બનાવી તેમાં માગેલી હકીકત બરાબર પુરી આ જાહેરખબર પહોંચે કે જેમ બને તેમ તાકીદથી અમારી તરફ મોકલવું. તા. ૨૦ મી માહે ઓગસ્ટ સને ૧૯૨૦ પછી આવા પત્રકો લેવામાં આવશે નહિ.

૨. પ્રાવેશિક પરીક્ષા હરકોઈ ઉમરની બાઈ આપી શકશે; પરંતુ જેમની ઉમર પંદર વર્ષથી ઓછી નહિ હશે, તેમજ ૨૫ વર્ષથી વધારે નહિ હશે, તેમને સ્કોલરશિપ મળી શકશે.

૩ પ્રાવેશિક પરીક્ષા કન્યાશાળાના સને ૧૯૦૨ ના જાન્યુઆરિ માસમાં પ્રગટ થએલા ધોરણ ૫ મા પુરાની લેવામાં આવશે. જેઓએ છઠ્ઠા ધોરણનું સર્ટિફિકેટ મેળવ્યું હશે તેમને પણ આ પરીક્ષામાં બેસવું પડશે.

૪ દાખલ થવા ઉમેદ રાખનાર બાઈઓએ સારી ચાલનું સર્ટિફિકેટ સ્કૂલ કમિટિના મેમ્બરોનું અથવા માન જાણીતા ગૃહસ્થોનું ઉપરના પત્રક સાથે મોકલવું. ઉમેદવારમાં શરીર સંબંધી કોઈ પણ જાતની ખોડ હોવી ન જોઈએ.

૫. પ્રાવેશિક પરીક્ષા તારીખ ૬ ઠ્ઠી સપ્ટેમ્બર સને ૧૯૨૦ ને સોમવારને દિવસે સવારના અગિઆર વાગે કોલેજના મકાનમાં શરૂ થશે.

૬. કોલેજમાં દાખલ કરવા યોગ્ય જે બાઈઓ માલમ પડશે, તેમની તંદુરસ્તી બાબતની ખાતરી હરસાલ મુજબ કરવામાં આવશે.

રાજકોટ, }
તા. ૨૮ એપ્રિલ }
સને ૧૯૨૦ }
H. M. Fielding.
લેડિ સુપરિન્ટેન્ડન્ટ કાઠિઆવાડ બાર્ટન
ફીમેલ ટ્રેનિંગ કોલેજ—રાજકોટ.

જાહેર ખબર.

આથી ખબર આપવામાં આવે છે, કે આ કોલેજમાં દાખલ થનાર સ્ત્રીઓની પ્રાવેશિક પરીક્ષા તારીખ ૨૯ મી માહે નવેમ્બર સને ૧૯૨૦ ને. સોમવાર ને રોજ સદહું કોલેજના મકાનમાં સવારના ૧૧ વાગેથી લેવામાં આવશે.

પરીક્ષા કન્યાશાળાના નવા છઠ્ઠા ધોરણ પ્રમાણે લેવામાં આવશે. ૧૫ વર્ષથી ઓછી અને ૨૫ વર્ષથી વધારે ઉમરની સ્ત્રીઓને દાખલ કરવામાં આવશે નહિ.

ઉમેદવારોએ પોતાની અરજ છાપેલા ફોર્મ ઉપર કરી મોકલવી.

છાપેલાં ફોર્મ માગેથી અહીંથી મોકલવામાં આવશે.

ઉમેદવારોએ પોતાની અરજી અમને તારીખ ૨૯ મી માહે ઓક્ટોબર સને ૧૯૨૦ સુધીમાં પહોંચે એવી રીતે મોકલવી.

ફોર્મમાં લાયકાત ને ઉમર સંબંધી હકીકત છે, તે છેલ્લી નિશાળનાં મહેતીજી કે મહેતાજીએ પૂરી ત્યાં પોતાની સહી કરવી.

જે ઉમેદવારના ધણી ટ્રેનિંગ કોલેજમાં ભણતા હોય, અથવા દાખલ થવા માગતા હોય, તેમણે તે બાબતની હકીકત જણાવવી.

ટર્મના વચલા ભાગમાં આવનાર વિદ્યાર્થીને મહેરબાન એજ્યુ. ઇન્સ્પે. સાહેબની પરવાનગી વગર દાખલ કરવામાં આવશે નહિ.

મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજ, ફોર વીમેન,
અમદાવાદ તા. ૧૬–૪–૨૦

M. E Chubb
સહી સુપરિન્ટેન્ડન્ટ.

જાહેર ખબર.

હંટર મેલ ટ્રેનિંગ કોલેજની પ્રાવેશિક પરીક્ષા.

૧ આથી ખબર આપવામાં આવે છે, કે હંટર મેલ ટ્રેનિંગ કોલેજની ચાલુ સાલની પ્રાવેશિક પરીક્ષા તા. ૧૩ માહે સપ્ટેમ્બર સન ૧૯૨૦ સોમવારે સવારના અગિયાર વાગે, અને તે પછીના દિવસોએ રાજકોટ મેલ ટ્રેનિંગ કોલેજના મકાનમાં લેવામાં આવશે. આ પરીક્ષા સાતમા ધોરણમાં થશે, માટે જેમણે સાતમા ધોરણનો અભ્યાસ કર્યો હોય, તેવા વિદ્યાર્થીઓએ હાજર થવું.

૨. સને ૧૮૮૦ ના સપ્ટેમ્બર માસના શાળાપત્રમાં નમુનો છપાયો છે, તે મુજબ મેહેતાજીઓએ સર્ટીફીકેટ આપતાં જણાવવું કે ઉમેદવારની ઉંમર ૧૭ વર્ષથી વધારે. અને ૨૨ વર્ષથી ઓછી છે. તેમ કાંઈ ખોડખાંપણ નથી, ને ચાલચલગત સારી છે. ચાલચલગતની બાબતમાં ખાસ તપાસ કરી પોતાની ખાત્રી કરીનેજ મહેતાજીઓએ સર્ટિફિકેટ આપવું.

૩. સર્ટિફિકેટમાં ઉમ્મરનાં વર્ષ, માસ અને દિવસ લખવાની સાથે અંગ્રેજી અને ગુજરાતી જન્મતિથિ લખવા ચૂકવુ નહિ.

૪ સત્તર વર્ષ કરતાં નાની ઉમરના ઉમેદવારોને પરીક્ષા આપવા સારૂ મન્જૂરી મેળવવાની જરૂર નથી તે પાસ થશે તોપણ તેને કોલેજમાં દાખલ કરવામા નહિ આવે

૫ બાવીસ વર્ષ કરતાં મોટી ઉમરના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા માટે, તેમ પાસ થયા પછી કોલેજમાં દાખલ થવા સારૂ, કાઠિયાવાડ એજન્સીના મેહેરબાન એજ્યુકેશનલ ઓફિસર સાહેબ બહાદૂરની ખાસ પરવાનગી મેળવવી પડશે

૬. જે ઉમેદવારે પરીક્ષા પહેલાં બાર માસમા એક કરતા વધારે મહેતાજી પાસે અભ્યાસ કર્યો હોય, તેમણે તે સઘળાનાં સર્ટિફિકેટ લાવવાં ચાલચલગતની બાબતમા તો પરીક્ષા પહેલા એક માસ અગાઉનું સર્ટિફિકેટ ખાત્રી લાયક ગણાશે.

૭ પરીક્ષા થઈ રહ્યા બાદ લાયક જણાયેલા ઉમેદવારોને શરીર સબંધી તપાસ માટે મેહેરબાન દાકતર સાહેબ પાસે મોકલવામાં આવશે. માટે તેઓને અહીં વધારે વખત રોકાવુ પડશે.

૮ દર વર્ષે પ્રાવેશિક પરીક્ષાની જાહેર ખબર બનતાં સુધી શાળાપત્રમાં પ્રગટ કરવામાં આવશે, પણ પરીક્ષાની તારીખ ઉતાવળે જાણવાની જેની આતુરતા હશે, તેને રાજકોટમાં રહેતા તેના લાગતા વળગતા તરફથી અગર સ્કોલરો તરફથી તે મળી શકશે, કારણ કે, તારીખ મુકરર થયેથી તુર્ત કોલેજના નોટિસ બોર્ડ ઉપર તે જાહેર કરવાનો રિવાજ છે.

રાજકોટ.
તા. ૨૮ માહે એપ્રિલ
સને ૧૯૨૦

B. K. Katrecha.
એ. પ્રિ. હંટર ટ્રેનિંગ કોલેજ.
રાજકોટ.

ધન મેળવવાનું ઉત્તમ સાધન

હુન્નર પ્રકાશ.

આ અતિ ઉપયોગી પુસ્તકમાં ૧૦૦૦ હુન્નરો દરેક દરદોના ચમત્કારિક ઈલાજો, સેન્ટો વિલાયતી સાબુઓ, દરેક જાતના રંગ રોગાનો, અત્તરો, અર્કો વગેરે વગેરે બનાવવાની ઘણીજ સહેલી રીતો છે. વિશેષ ખાત્રી વાચવાથી થશે. કિમત રૂ. ૧, પોસ્ટેજ જુદું.

મુલક મશહુર જામનગરનો પ્રખ્યાત

શુદ્ધ સાચા મોતીનો સુરમો.

આંખોના નામાંકિત ડાકટરો, હકીમો અને વૈદ્યોએ અમારા સુરમાને પબ્લીક હોસ્પિટલો, ડિસ્પેન્સરીઓ અને દેશી દવાખાનાઓમાં આંખના જુદી જુદી જાતનાં અસંખ્ય દરદીઓ ઉપર ઘણીજ ફત્તેહમંદીથી વાપરી ઉત્તમ સર્ટીફિકેટો આપેલાં છે.

આ સુરમો વાપરવાથી આંખના અસંખ્ય દરદીઓ ફત્તેહમંદ થયા છે. એક વખત ખાત્રી કરવા અરજ છે.

કિમત નંબર ૧. તોલા ૧ ના રૂ ૪) નંબર ૨, રૂ. ૧॥. નંબર ૩ રૂ. ૧) અને નંબર ૪ રૂ. ॥.

ફ્રાન્સ અને અમેરીકાના મહાન ડાકટરોની નવી શોધ.

નામદાર બ્રીટીશ સરકારમાં રજીસ્ટર કરાવેલ-

યુનીવર્સલ બામ.

(નમુનાની ડબીના બે આના.)

ફક્ત બહાર લગાડવાથીજ દરેક જાતનાં દરદો મટી જાય છે.

ગરમી અગર શરદીનો સખત માથાનો દુખાવો, આદાશીશી, માથાનો કહાપે ચકરી, અને ટુંકામાં શરીરના કોઈપણ ભાગના દુખાવા અને દરદો ઉપર લગાડવાથી ફક્ત પાંચ મિનિટમાં આરામ કરી આપે છે.

કિંમત શીશી ૧ નો રૂ. ૧-૦-૦

નુરભાઈ ઈસમાલજી અતરીઆ.
ફુલબજાર—જામનગર.

લેખનકળા કોપીબુકો.

ગુજરાતી અને બાળબોધ ૭ નંબરમાં

દરેક નબરની કિંમત અઢી આના.

કેળવણીખાતાના મે ડિરેકટર સાહેબે મુબઇ ઈલાકાની ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજુર કરી છે.

રૂ૫૦ અને તે ઉપરાંત કોપી ખરીદનારને સેકડે ૧૫ ટકા કમિશન આપવામાં આવશે પેકિંગ અને રેહવે ખર્ચ પણ આપવામાં આવશે, પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનુ ખરચ આપવામાં આવશે નહિ

કોપીઓ સાથે બીજા પુસ્તકો મંગાવનારને સેકડે એક ટકો હકમાઈ લઈ મોકલી આપવા ગોઠવણ રાખી છે મળવાનુ ઠેકાણુ—દાદાભાઈ જગજીવનદાસ એન્ડ સન્સ લેખનકળા કોપીબુકની ઓફિસ—જુની કાળકાદેવી પોસ્ટ ઓફિસ સામે નંબર ૨૧૭—મુબઈ.

દસ્કત શિક્ષક કોપી બૂકો.

ગુજરાતી અને બાળબોધ આઠ નબરમા, કેળવણી ખાતાના મે૦ ડિરેકટર સાહેબે મુબઇ ઈલાકાની દરેક ગુજરાતી નિશાળોમા ચાલવાને મંજુર કરી છે. લડાઇને લીધે કાગળના ભાવ બેહદ વધી જવાથી મે૦ ડિરેકટર સાહેબના, નં૦ ૧૯૨૪૫ ૧૯૧૭-૧૮ ની સાલના, હુકમથી હાલ થોડા વખત માટે અઢી આના દરેક નબરની કિંમત રાખી છે ૨૩૦ અને તેથી વધુ કોપી ખરીદનારને હાથમાં સેંકડે (૧૫) ટકા કમિશન ઉપરાંત પેકિંગ અને રેલ્વે ખર્ચ આપવામાં આવશે પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખર્ચ આપવામાં આવશે નહિ દરેક શિક્ષક કોપી બુકોની સ્ટીલ પેનો દરેક નંબરને બંધ બેસતી, ૧ થી ૮ નબરની, દરેક બોકસમાં એકજ જાતની, ડા. ૬ કિંમત રૂ. ૦॥ નક્કી.

મળવાનું ઠેકાણુ:-

આદરજી કાવસજી માસ્તર.

ઠે. નં૦ ૧૦ ધોબી તલાવ-મુબઇ

શાળોપયોગી પુસ્તકો.

અમારે ત્યાંથી શાળામાં ચાલતી તમામ જાતની બુકો તથા તેને લગતો સર્વે સામાન, લાલ તથા બ્લુબ્લેક શાહીની ટીકડીઓ વગેરે ઘણુંજ ફાયદાથી મળે છે. માટે જલ્દી આર્ડર આપો

શાહ જેઠાભાઇ રત્નસિંહ મોમાયા બુકસેલર,
ઠે. માંડવી મસજીદ પૂલ ઉપર
મુબઈ પોસ્ટ નં. ૩

જાહેર ખબર.

નીચે લખેલાં પુસ્તકોનો કોપીરાઇટ અમે લીધો છે, માટે તે બધાં પુસ્તકો અમારી પાસેથી મળી શકશે, માટે ઓર્ડર મોકલશો.

	કિંમત. રૂ આ. પા.	
ગૃહવ્યવસ્થા	૦—૧૨—૦	ટેકસ્ટ બુક તરીકે મંજૂર છે.
બાળસ્વભાવ	૦—૩—૦	"
બાળવાર્તા	૦—૩—૦	ઇનામ અને લાઇબ્રેરિ માટે મંજૂર
ચિત્ર વાર્તા વિનોદ	૦—૩—૦	" "
નવીન આરોગ્ય વિજ્ઞાન	૦—૧—૦	" "

ઉપર લખેલા પુસ્તકો કેટલાક સ્ટેટો તથા ઇનામ અને લાયબ્રેરી માટે મંજુર થએલ છે.

ઉષા અથવા એક સુજન જૂની વાતો
કર્તા—રા. ન્હાનાલાલ દલપતરામ કવિ ૧—૪—૦

તે સિવાય દરેક જાતની અંગ્રેજી ગુજરાતી તથા સંસ્કૃત પુસ્તકો અને તમામ પ્રકારની ડ્રોઇંગ બુકો તથા ડ્રોઇંગને લગતો સામાન અમારે ત્યાંથી કિફાયત ભાવે મળી શકશે.

કિંમત રૂ. ૦—૩—૦ } **નવું દેશીનામું** { ધોરણ ૬ અને ૭ માટે
ખુડખુડીઆ અને રાણાકૃત } { ધારસુધાર બનાવેલું.

નામદાર સરકારે ટેકસ્ટ બુક તરીકે મંજુર કર્યું છે. તદ્દન નવીન અને સરલ પદ્ધતિએ લખાયેલું હોવાથી વિદ્યાર્થીઓને અત્યંત ઉપયોગી થઇ પડેલ છે.

પ્રાપ્તિ—
ગીરજાશંકર કલ્યાણજી ઓઝા. } બુકસેલર એલ. યુ માસ્તરની કં.
પરા બજાર—રાજકોટ.

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની બુકસેલર્સ-કાલબાદેવીરોડ મુંબઈ.
ચુંટી કાઢેલાં ઉપયોગી પુસ્તકો.

ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં ટેક્સ્ટ તરીકે મંજુર થયેલ

ચોથા ધોરણની ભૂગોળ.

૨૦ નકશા સાથેની બીજી આવૃત્તિ.

લખનાર—રા. હિંમતલાલ ગણેશજી અંજારીયા
એમ. એ. એલ. એલ. બી.

મૂલ્ય ૦-૮-૦

પતિવ્રતા સતીઓ.

૨૪ સુંદર ચિત્રો સહિત આવૃત્તિ ત્રીજી મૂલ્ય ૩-૦-૦

રાજા ભોજ અને કવિ કાલિદાસ.

બોધક અને આનંદદાયક વાર્તાઓનો સંગ્રહ.

૧૦ સુંદર ચિત્રો સહિત દ્વિતિયાવૃત્તિ કિંમત રૂ. ૪-૮-૦

	રૂ. આ.
સરસ્વતીચંદ્ર, ભાગ ૧, ૨, ૩, ૪	૬—૮
નીતિમય નાટિક ભાગ ૧ થી ૮	૧૦—૦
મધુરી ભાગ, ૧-૨ (સચિત્ર	—૦
વૈદ્યક વિજ્ઞાનપ્રકાશ,વૈદ્યસુમન ૧-૨	૧૫—૦
ગુજરાત સર્વ સંગ્રહ	૨—૦
ઝાંશીની રાણી .	૨—૦
ગુજરાતની જુની વાતો ,, ...	૧—૦
કમર્શીયલ લેટર રાઈટર વેપારી પ્રચાર . .	૨—૮
મુંબઈમાં ચાલતા કાચા પાકા તોલના હિસાબની ચોપડી	૧—૦
એક્સેલસીયર ગુજરાતી ગાઈડ	૧—૮
પોકેટ ગુજરાતી ઇંગ્લીશ ડીક્ષનરી	૨—૦
સ્ટાર ઇંગ્લીશ ગુજરાતી ,,	૦—૧૨
વહુને શીખામણ .. .	૧—૦
શીરાઝ મહાન અને દૌલત (અદ્ભુત રસાત્મક નવલકથા) (પ્રો. જશભાઈ ગોરધનજી પટેલ	૨—૦
હાતમતાઈ	૧—૮
દીલ્હીની સુલતાના રજીયાબેગમ	૨—૮
પ્રપંચ૦.જી . . .	૧—૪

	રૂ. આ.
પ્રેક્ટીકલ ગાઇનેકોલોજી (હોમી- યાર કૃત) ..	૨—
[illegible] . . .	૧—૦
તેજપ્રભા (નવીન કથા) ..	૧—૧૨
કરણઘેલો	૧—૧૨
ઇસ્લામનો ઈતિહાસ ,	૧—૮
વનસ્પતિશાસ્ત્ર	૧૦—૮
હૃદય લીલા ...	૨—૦
કુસુમકળા (નોવેલ) ..	૨—૮
અનંગ વિષ (સચિત્ર નવલકથા)	૨—૮
માનસશાસ્ત્ર અથવા મસ્તક વિદ્યા અને મુખ સામુદ્રિક શાસ્ત્ર..	૫—૦
મેડીકલ સાઈકોલોજી (હોમી- યાર કૃત)	૩—૦
મુખલક્ષણ શાસ્ત્ર . ..	૨—૦
પ્રેમમાળા ..	૦—૧૨
કવિતા પ્રવેશ . ..	૧—૦
કાવ્ય માધુર્ય .	૧—૧૨
સ્ત્રીઓની મહત્તા ..	૧—૮
મધુ અને મોહન અથવા મા વગરનાં ભાઈ બ્હેન .	૧—૮

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની બુકસેલર્સ કાલબાદેવી રોડ—મુંબઈ

REGISTERED No B. 43.

પુસ્તક ૫૯ મું.] [અંક ૮ મો

Gujarat School Paper.

गुजरात शालापत्र.

ઓગસ્ટ સને ૧૯૨૦.

અનુક્રમણિકા.

વિષય. પૃષ્ઠ.

૧. નોંધ ૧૬૯

૨. વાચનવિષે વિચાર ૧૭૧
(મિ. વ્રજલાલ કલ્યાણજી પારેખ—ભાયાવદર)

૩. લાગા (મિ. કેસનજી મણિલાલ દેશાઈ, સુરત) ૧૭૨

૪. પદાર્થપાઠની નોંધ (બેન શીરીનબાઈ પે. સપીદામ મુંબાઈ) .. ૧૭૩

૫. ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટ્સ ફોર મેન માટેનો અભ્યાસક્રમ ૧૭૮

કેળવણી ખાતાના હુકમથી
તંત્રી અને પ્રકાશક (ઓક્ટોબર ૧૯૧૪ થી)
મિ. કેખુશરૂ અરદેસર બાલા, બી. એ.,
પ્રિન્સિપલ, મેલ ટ્રેનિંગ કોલેજ—અમદાવાદ.

(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે)

શ્રી સત્યનારાયણ પ્રિ. પ્રેસમાં પટેલ મોતીલાલ કાશીદાસે છાપ્યું.
સિવિલ હૉસ્પિટાલ સામે પાનાભાઈની વાડીમાં—અમદાવાદ.

સૂચના.

૧. **પત્ર સંબંધી લખાણ**—એડિટર તરફ મોકલવું. આ મોકલવાનું લખાણ કાગળની એક બાજુએ ચોકખે અક્ષરે લખવું. યોગ્ય લાગશે તો છપાશે નાપસંદ કરેલો લેખ ટિકિટ મોકલી તો પાછો મોકલવામાં આવશે.

૨. **લેખકને ઉત્તેજન**—વિષયો લખી મોકલનારની પૈસાની ખુશી હશે તો પ્રથમથીજ ખબર આપેથી દર છાપેલે પાને યોગ્યતા પ્રમાણે રૂ. ૧) સુધી આપવામાં આવશે. ચર્ચાપત્ર માટે કંઈ આપવામાં નહિ આવે

૩. લવાજમ—વરસ એકનો રૂ. ૧-૩-૦ ટપાલ ખર્ચ સાથે અગાઉથી. વિદ્યાર્થીઓ માટે ૦-૧૦-૦. છુટક અંકના રૂ. ૦-૨-૦; પોસ્ટેજ રૂ. ૦-૦-૬ જુદું.

૪ મનિઓર્ડર—કુપન પર ગામ કે શહેરનું ઠેકાણું સ્પષ્ટ લખવું. તેમજ ત્યાં એકથી વધારે નિશાળો હોય તો નિશાળનો નંબર તથા શાળાપત્ર ઓફિસ તરફથી અપાએલા સરનામાના લેબલ ઉપરનો નંબર લખવો.

જાહેરખબરના ભાવ.

મુદ્દત	પેજ		
	આખું	અર્ધું.	પા.
આખું વર્ષ.	રૂ ૬૫	રૂ ૩૪	રૂ ૨૦
૭ માસ	રૂ. ૩૫	રૂ. ૧૮	રૂ. ૧૨
ત્રણ માસ.	રૂ ૨૦	રૂ. ૧૦	રૂ. ૭

છુટક છપાવવાનો દર.

દર ત્રણ લીટીએ રૂ. ૧-૨-૦ રાખ્યા છે.

આ પત્ર સાથે કોઈ પણ હેંડબીલ વહેંચવામાં આવશે નહિ.

૫. શાળાપત્રમાં આપેલી ખાનગી જાહેરખબરોમાં જણાવેલી ચોપડીઓ ખાતાએ મંજુર કરેલીજ હોય એમ હમેશ હોતું નથી. માટે દરેકને મંજુર કરેલી તરીકે ગણવી નહિ.

૬. દરેક માસના શાળાપત્રનો અંક તે માસની તા. ૨૫ મી સુધીમાં ન મળે તો તે માસની આખર તારીખ સુધીમાં અમને ખબર આપવી કે જેથી તે અંક મોકલવા ગોઠવણ થાય. માસ આખર પછી અંક નહિ મળ્યાની ખબર આપનારને જો અંક સિલકમાં હશે તો છુટક અંક પ્રમાણે કિંમત લઈ મોકલવામાં આવશે.

૭. શાળાપત્રનું વરસ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધી ગણવામાં આવે છે માટે. વરસની વચમાં જે ગ્રાહક બંધ થવા માગતા હશે તેમને માસેથી જેટલા અંકો તેમને મળ્યા હશે તેટલાની છુટક અંક લેખે કિંમત લેવામાં આવશે.

તંત્રી

જોઇએ છે—પાલનપુર સ્ટેટની સ્કૂલો માટે ગુજરાતી તથા ઉર્દુ ટ્રેન્ડ, શિક્ષકો, ફર્સ્ટ સેકન્ડ અને થર્ડઇયર પાસ થયેલા; પગાર ખાતાના ગ્રેડ મુજબ મળશે. સર્ટિફિકેટની નકલ સાથે લખો નીચે સહી કરનારને.

છોટાલાલ મગનભાઈ એજ્યુકેશનલ ઓફિસર. પાલનપુર.

જોઈએ છે—એક પહેલા વર્ષનો ટ્રેન્ડ શિક્ષક, પગાર રૂ. વીસ. દર વરસે યોગ્ય પ્રોમોશન. સર્ટિફિકેટ સાથે નીચેને શિરનામે અરજી કરો.

લાલજી હરજીવન મહેતા.

મેનેજર, જસરાજ નાગરદાસ ગુ. સ્કુલ બોર્ડીંગ **કરાંચી.**

જોઇએ છે—ટ્રેન્ડ ઉર્દુ શિક્ષક, તથા ગુજરાતી શિક્ષક, ને ટ્રેન્ડ ગુજરાતી સ્ત્રીશિક્ષકો, પગાર લાયકાત પ્રમાણે

હેડ મા. મનસુખલાલ પ્રભુદાસ
મ. શા મો. તા કપડવણજ

જાહેરખબર.

અત્રેની ગુજરાતી પ્રાથમિક શાળાઓ માટે ટ્રેનિંગ કોલેજમા પસાર થયેલા શિક્ષકોની જરૂર છે, માટે ઉમેદવારોએ અસલ સર્ટિફિકેટની નકલ સાથે જાત, ઉમર, રહેવાનુ ગામ માગતા પગારના આંકડા સાથે અરજી કરવી

તા ૨૧—૭—૨૦.

દીવાન સંસ્થાન દેવગડ બારીયા

બુકસેલર લલ્લુભાઇ નારણદાસ શાહ, લીમડાચોક—સુરત

અમારી દુકાને શાળામા ચાલતી તમામ બુકો તથા સ્ટેશનરી કાગળો વગેરે, ઓછે ભાવથી આપવામાં આવશે માટે અમારી દુકાનેથી ખરીદવાની કૃપા કરવી.

જાહેર ખબર

દેવગઢ બારિયા સસ્થાનની ગુજરાતી શાળાઓ વાસ્તે શિક્ષક અને શિક્ષિકાઓ જોઈએ છે પગાર તથા મુદતી વધારો નીચે મુજબ —

(૧) વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષા પાસ થયેલા માટે રૂ ૧૬ થી રૂ. ૨૮.

(૨) ટ્રેનિંગ કોલેજની પહેલા વર્ષની, બીજા વર્ષની, અને ત્રીજા વર્ષની પરીક્ષા પાસ થયેલા માટે અનુક્રમે રૂ ૨૦ થી રૂ. ૩૦) રૂ ૨૫ થી ૪૦, રૂ. ૩૦ થી રૂ. ૫૦.

સૂચના.

૧. **પત્ર સંબંધી લખાણ**—એડિટર તરફ મોકલવું. મોકલવાનું લખાણ કાગળની એક બાજુએ-ચોકખે અક્ષરે લખવું. યોગ્ય લાગશે તો છપાશે નાહ પસંદ કરેલો લેખ ટિકિટ મોકલી તો પાછો મોકલવામાં આવશે.

૨. **લેખકને ઉત્તેજન**—વિષયો લખી મોકલનારની પૈસા લેવા ખુશી હશે તો પ્રથમથીજ ખબર આપેથી દર છાપેલે પાને પ્રમાણે રૂ. ૧) સુધી આપવામાં આવશે. ચર્ચાપત્ર માટે કંઈ નહિ આવે.

૩ **લવાજમ**—વરસ એકનો રૂ. ૧-૩-૦ ટપાલ ખર્ચ અગાઉથી. વિદ્યાર્થીઓ માટે ૦-૧૦-૦. છુટક અંકના રૂા પોસ્ટેજ રૂા ૦-૦-૬ જુદું.

૪ **મનિઓર્ડર**—કુપન પર ગામ કે શહેરનું ઠેકાણું સ્પષ્ટ તેમજ ત્યાં એકથી વધારે નિશાળો હોય તો નિશાળનો નંબર તથા શાળાપત્ર ઓફિસ તરફથી અપાએલા સરનામાના લેબલ ઉપરનો નંબર લખવો.

જાહેરખબરના ભાવ.

મુદત	પેજ		
	આખુ	અર્ધું.	પા.
આખુ વર્ષ.	રૂ. ૬૫	રૂ. ૩૪	રૂ. ૨૦
૭ માસ.	રૂ ૩૫	રૂ ૧૮	રૂ. ૧૨
ત્રણ માસ.	રૂ ૨૦	રૂ. ૧૦	રૂ. ૭

છુટક છપાવવાનો દર.

દર ત્રણ લીટીએ રૂ. ૧-૨-૦ રાખ્યા છે.

આ પત્ર સાથે કોઈ પણ હેંડબીલ વહેંચવામાં આવશે નહિ.

૫ શાળાપત્રમાં આપેલી ખાનગી જાહેરખબરોમાં જણાવેલી ચોપડીઓ ખાતાએ મંજુર કરેલીજ હોય એમ હમેશ હોતું નથી. માટે દરેકને મંજુર કરેલી તરીકે ગણવી નહિ.

૬. દરેક માસના શાળાપત્રનો અંક તે માસની તા. ૨૫ મી સુધીમાં ન મળે તો તે માસની આખર તારીખ સુધીમાં અમને ખબર આપવી કે જેથી તે અંક મોકલવા ગોઠવણ થાય. માસ આખર પછી અંક નહિ મળ્યાની ખબર આપનારને જો અંક સિલકમાં હશે તો છુટક અંક પ્રમાણે કિંમત લઈ મોકલવામાં આવશે.

૭ શાળાપત્રનું વરસ જાન્યુઆરિથી ડિસેમ્બર સુધી ગણવામાં આવે છે માટે, વરસની વચમાં જે ગ્રાહક બને થવા માગતા હશે તેમને પાછલા જોઈતા હશે, તેમને મળ્યા હશે તેટલાની છુટક અંક લેખે કિંમત લેવામાં આવશે.

તંત્રી

જોઇએ છે—પાલનપુર સ્ટેટની સ્કુલો માટે ગુજરાતી તથા ઉર્દુ ટ્રેન્ડ, શિક્ષકો, ફર્સ્ટ ગ્રેડ અને થર્ડયઅર પાસ થયેલા; પગાર ખાલસાના ધોર મુજબ મળશે. સર્ટિફિકેટની નકલ સાથે લખો નીચે સહી કરનારને.

છોટાલાલ મગનભાઈ એજ્યુકેશનલ ઓફિસર. પાલનપુર.

જોઈએ છે—એક પહેલા વર્ષનો ટ્રેન્ડ શિક્ષક, પગાર રૂ. વીસ. દર વરસે યોગ્ય પ્રોમોશન સર્ટિફિકેટ સાથે નીચેને શિરનામે અરજી કરો.

લાલજી હરજીવન મહેતા.

મેનેજર, જસરાજ નાગરદાસ. ગુ સ્કુલ બંદરરોડ કરાંચી.

જોઇએ છે—ટ્રેન્ડ ઉર્દુ શિક્ષક, તથા ગુજરાતી શિક્ષક, ને ટ્રેન્ડ ગુજરાતી સ્ત્રીશિક્ષકો, પગાર લાયકાત પ્રમાણે.

હેડ મા મનસુખલાલ પ્રભુદાસ.
મ. શા મો. તા કપડવણજ

જાહેરખબર.

અત્રેની ગુજરાતી પ્રાથમિક શાળાઓ માટે ટ્રેનિંગ કોલેજમાં પસાર થયેલા શિક્ષકોની જરૂર છે, માટે ઉમેદવારોએ અસલ સર્ટિફિકેટની નકલ સાથે જાત, ઉમર, રહેવાનુ ગામ મળતા પગારના આંકડા સાથે અરજી કરવી

તા ૨૧—૭—૨૦.

દીવાન સંસ્થાન દેવગડ બારીયા

બુકસેલર લલ્લુભાઇ નારણદાસ શાહ, લીમડાચોક-સુરત

અમારી દુકાને શાળામાં ચાલતી તમામ બુકો તથા સ્ટેશનરી કાગળો વગેરે, ઓછે ભાવથી આપવામાં આવશે માટે અમારી દુકાનેથી ખરીદવાની કૃપા કરવી.

જાહેર ખબર.

દેવગઢ બારિઆ સંસ્થાનની ગુજરાતી શાળાઓ વાસ્તે શિક્ષક અને શિક્ષિકાઓ જોઈએ છે પગાર તથા મુદતી વધારો નીચે મુજબ—

(૧) વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષા પાસ થયેલા માટે રૂ. ૧૬ થી રૂ. ૨૦.

(૨) ટ્રેનિંગ કૉલેજની પહેલા વર્ષની, બીજા વર્ષની, અને ત્રીજા વર્ષની પરીક્ષા પાસ થયેલા માટે અનુક્રમે રૂ. ૨૦ થી રૂ. ૩૦) રૂ. ૨૫ થી ૪૦, રૂ. ૩૦ થી રૂ. ૫૦.

વર્નાક્યુલર ફાઈનલ પરીક્ષા પાસ કરેલા શિક્ષકોને દશ વર્ષ નોકરી કર્યા પછી વીસ ટકા સુધી ટ્રેનિંગ કોલેજના પહેલા વર્ષની પરીક્ષા પસાર કરેલાની પાયરીમાં મૂકવામાં આવશે અને ટ્રેનિંગ કોલેજની પહેલા વર્ષની, બીજા વર્ષની અને ત્રીજા વર્ષની પરીક્ષા પાસ કરેલા શિક્ષકોને વીસ વર્ષ નોકરી કર્યા પછી દશ ટકા સુધી પસંદગીથી અનુક્રમે રૂ. ૩૫) ૫૦) ૫૫) સુધી લઈ જવામાં આવશે.

સદરહુ નોકરી અખંડિત હશે તો પેન્શન મળવાને યોગ્ય ગણાશે. ઉમેદવારોએ સર્ટિફિકેટની કોપી સાથે અરજીઓ તાકીદે મોકલવી.

દેવગઢબારિયા. } B. L Kaji
તા ૨૦-૭-૧૦ } ઈન્સ્પેક્ટર ઓફ સ્ટેટ સ્કૂલ્સ.

જોઈએ છે—ઉર્દૂ ટ્રેન્ડ અને અનુભવી શિક્ષકો પગાર અનુભવ અને લાયકાત મુજબ કિન્ડરગાર્ટનના અનુભવીઓને સારો ચાન્સ આપવામાં આવશે. પ્રમોશન સારા આપવામાં આવે છે પ્રોવિડન્ટ ફંડ પણ ખોલવામાં આવ્યું છે. શિક્ષકો માટે મકાન તૈયાર થાય છે બે ચાર મહિનામાં તૈયાર થશેથી ને ૫૫ ફી મળશે જેઓની ઇચ્છા હોય તેમણે પોતાની લાયકાતના સર્ટિફિકેટ સાથે તથા પોતાના અનુભવની હકીકત સહિત નીચેના સરનામે અરજી કરવી. હેડ માસ્તર

મદ્રસએ શૌકતે ઇસ્લામ.
વથલી (સોરઠ) (કાઠીઆવાડ.)

જોઈએ છે—બાળકોની મદ્રેસા માટે ઉર્દૂ ટ્રેનિંગ પાસ અને અંગ્રેજી સારું જાણનાર અનુભવી હેડ માસ્તર અને શિક્ષકો સર્ટિફિકેટ સાથે અનુભવીએ અરજી કરવી પગાર લાયકાત મુજબ

લખો—અન્જુમન અનવારુલ ઈ. મ ટરી
ધોરાજી (કાઠીયાવાડ.)

સહેલાઈથી અંગ્રેજી શીખવું છે ?

જો થોડા ખર્ચે અને પદ્ધતિસર અંગ્રેજી શીખવા માગતા હો તો જરૂર 'અંગ્રેજી શિક્ષક' ખરીદો. કિંમત પોસ્ટેજ સાથે ફક્ત દસઆના છે.

લખો—દયાશંકર ભાઈશંકર શુકલ.
ઠે. સોનીફળીઆ—સુરત.

બાળકોનું હિત વિચારશો?

જો ખરેખર બાળકોનું હિત વિચારતા હો, તો અર્ધાઆનાની ટિકિટ ચોડી ખુલાસો મગાવો. શિક્ષકોને અને બુકસેલરોને વિશેષ લાભ મળે તેમ છે. લખોઃ—

બાલસાહિત્યપ્રકાશ મંદિર.—સોનીફળીઆ—સુરત.

શંકા તજીને વાપરો—દેશીનામું.

શંકાશીલ શિક્ષકોની જાણ માટે લખવાનું કે મુંબાઈ સર. ની બ. ખ. નં. ૧૪૯૭ તા. ૨-૯-૧૯૦૦ લગત ઉત્તર વિ એ. ઇ. નં. ૪૪૭૮ તા. ૧૬-૧-૦૧ થી દેશીનામું નવી ટેક્સ્ટ બુકોમાં મંજુર છે. તે કાયમ છે.

સૌથી પ્રથમ નામા વિષે ચર્ચા કરનાર સ્વતંત્ર પુસ્તક છે. વ્યાવહારિક સિદ્ધાંતોની રચના નવા ધોરણે; ભાષા ઉત્તમ અને સરલ કાગળો ટકાઉ ગ્લેજ છતાં સૌ કરતા સસ્તુ છે. કીં. ૦-૩-૦ પો. ૦)- ફ સે. ૩૦

છગનલાલ લલ્લુભાઈ શાહ દેશીનામાવાળા—વડોદરા.

“શિક્ષણ સાહિત્યો.”

આ કાર્યાલયમાં શાળાઓ અને કોલેજોને ઉપયોગી ભૂગોળ, ખગોળ, પદાર્થ વિજ્ઞાન, રસાયણ, ગણિત, કસરત, કવાયત, રમત, કિન્ડરગાર્ટન મોન્ટેસરી અને સ્લોઈડ સિસ્ટમ વગેરે તમામ પ્રકારનાં સાહિત્ય જેવા કે સૂર્યમાળા, પૃથ્વીના ગોળા, ચંદ્રની ક્ષયવૃદ્ધિ, નકશા, ચાલીક, મૅપ્સ, યંત્ર, શક્તિઓનો સેટ, સંગ્રહ-સ્થાનનાં ધોરણવાર બૉર્ડઝ, ઑબ્જેક્ટ લેસન બોર્ડઝ, ધંધાના હથિયારની પેટીઓ, પઝલ બોક્સીઝ વગેરે વેચવામાં આવે છે. વિશેષ હકીકત માટે અમારૂ પ્રાઇસ લિસ્ટ મફત મંગાવી વાંચો. કારખાનું દહેગામ (રેલ્વે સ્ટેશન) ના સામે આવેલું છે. અમદાવાદથી રેલ્વે ભાડુ ૦-૪-૦ છે.

કાશિભાઇ છગનદાસ પટેલ.
શ્રી નાંદોલ શિક્ષણસાહિત્ય કાર્યાલય કંપની લિમિટેડ.
દહેગામ, વાયા અમદાવાદ પ્રાંતીજ રેલ્વે.

નીશાળમાં ચાલતી સઘળી જાતની બુકો,

સ્ટેશનરી મળવાનું જાણીતું ને જુનું

ઠે. ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો.

રતનપોળના નાકે—અમદાવાદ.

વી. પી. થી મોકલવામાં આવશે.

---

૧. સરળ દશીનામાની પદ્ધતિ—ટેક્સ્ટ બુક' આ. ૨ ૦—૪—૬, સરલ ગુજરાતી બાળ વ્યાકરણ—લાધઠ બુક, ઘણે ઠેકાણે ટેક્સ્ટ, આ ૨૩ મી ૦—૪—૬; ૩ સરલ વ્યુત્પત્તિ જ્ઞાનપ્રકાશ (૫—૬—૭ મી ચોપડીના પાઠવાર શબ્દોના કોષ સહિત) લા. પ્રા. બુક, આ બીજી ૦—૬—૦, ટ્રે૦ કો પ્રા ૫. ના ઉમેદવારોને ખાસ ઉપયોગી; ૪. નવું સરળ સુખગણિત (બાળવર્ગથી ધો ૫ સુધી એકજ બુકમાં) ઘણે ઠેકાણે ટેક્સ્ટ, આ. ૯ મી. ૦—૨—૭; ગુજરાત પ્રાંતની ભુગોળ-વિદ્યા—આ. ૮ મી, ૦—૧—૩. કમિશન સારૂ મળશે મુખ્ય એજન્ટ અમદાવાદ, એસ. બી. શાહની કંપની, રાજકોટ, ખેરચંદભાઈ મેઘજી ભાવનગર, અબદુલહુસેન આદમજી. ધોરાજી, એચ ટી વાદેર. જામનગર, ટેમર.જ જાદવજી. જુનાગઢ, વૃ દાવન દામોદર. મુંબઇ, એન એમ ત્રિપાઠી કચ્છ-માંડવી લાલજી શંકરલાલ ગોંડળ, ચુનીલાલ રોકરશી દોશારી ઇત્યાદિ.

પ્રેમચંદ કરમચંદ શાહ.

માજી એ ઇ. ગોંડળ સ્ટેટ, મુ. કપડવણજ.

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૫૯ મું. ઓગસ્ટ સને ૧૯૨૦ અંક ૮ મો.

નોંધ.

(૧) ઉચ્ચતર કેળવણીમા ગુજરાતીને સ્થાન

અત્યારસુધી કેળવણીના વિષયોમા ગુજરાતી ભાષાના વિષયવિશિષ્ટનું સ્થાન ગૌણપદે હતું પ્રાથમિક કેળવણીનું શિક્ષણ ગુજરાતીમાંજ અપાય છે. માધ્યમિક શાળાઓમા ગુજરાતી શીખવાય છે, પરંતુ તે વિષયને સ્કુલ લીવીંગ પરીક્ષાનો વિષય ન ગણવાથી તેનું પરિપૂર્ણ જ્ઞાન મેળવવા માટે લક્ષ દેવામા વિદ્યાર્થીઓ કેટલેક અંશે કાળજી ન રાખે એ સ્વાભાવિક છે. ઉચ્ચતર એટલે કોલેજની કેળવણીમા માત્ર એમ. એ. ની પરીક્ષામાંજ ગુજરાતી વિષયની આવશ્યકતા સ્વીકારાઈ છે. મર્હૂમ જસ્ટિસ રાનાડેના સતત પ્રયત્નોને પરિણામે આ બની શક્યું હતું તે પછી મુંબાઈ યુનિવર્સિટિ સમક્ષ ગુજરાતી ભાષા માધ્યમિક શાળાઓમાં વિશેષ શીખવાય તેવા હેતુથી વારંવાર કેટલીક સૂચનાઓ અને દરખાસ્તો રજુ થએલી હતી પરંતુ તેનો સ્વીકાર થયો નથી. છેક થોડા સમય ઉપર મુંબાઈ યુનિવર્સિટિએ એક અગત્યનો ઠરાવ પસાર કરી ગુજરાતી ભાષાના વિષયને બી. એ. ની પરીક્ષાના વિષયોની યાદીમા સ્થાન આપ્યું છે. આ યોજના ખરેખર સ્તુત્ય છે. ગુજરાતી ભાષા અને તેના સાહિત્યનું જ્ઞાન બી. એ. પાસ થઈ નીકળતા વિદ્યાર્થીઓને આજ સુધી નહિ જેવુંજ મળતું. તેનો પરિચય કે રુચિ પણ ભાગ્યેજ માલમ પડી આવતી. આશા છે કે આથી ગુજરાતી ભાષાના શિક્ષણ માટે યોગ્ય અધ્યાપકો કોલેજોમા નિમાશે, અને ગુજરાતી સાહિત્ય પ્રતિ પ્રેમ અને ભક્તિ વિશેષ ખીલશે. અત્રે મળેલી ગુજરાતી સાહિત્યપરિષદે એક ગુજરાતી કોલેજ સ્થાપવાનો ઠરાવ પસાર કર્યો છે તે કોલેજના પણ મુખ્ય ઉદ્દેશ ગુજરાતી ભાષા તથા સાહિત્યનું જ્ઞાન અને વૃદ્ધિ છે. તે કોલેજ કેવા સ્વરૂપની હોવી જોઈએ તે વિષે કેટલીક ચર્ચા જૂન માસની આખરે પ્રિ. આનંદશંકર-

---

ટીપઃ—સપ્ટેમ્બર ઓકટોબરનો અંક ભેગો પ્રસિદ્ધ થશે.

ભાઈઓ અને બીજા સભ્યોએ અહિં કરી હતી. મુખ્ય ઉદ્દેશ આદર્શમય ગુજરાતી કોલેજ સ્થાપવાનો છે. ગુજરાતી વાઙ્મયની અભિવૃદ્ધિનો વિચાર તેના સંચાલકો રાખે છે. આ કોલેજ સત્વર મૂર્ત સ્વરૂપ ધારણ કરે અને આમ ગુજરાતી સાહિત્યનું ઉત્થાન વિશેષ ફળરૂપ અને સુન્દર બને એમ અમે ઇચ્છીએ છીએ.

(૨) હિંદી સ્ત્રીઓની યુનિવર્સિટિ. (શારદાપીઠ)

સ્ત્રીકેળવણીની અગત્ય વિષે હવે મતભેદ છેજ નહિ. માત્ર મુદ્દાનો મતભેદ કેળવણીના સ્વરૂપ વિષે પ્રવર્તે છે. આપણા ઇલાકામાં સ્ત્રીશિક્ષણ માટે સરકારી નિશાળો ઉપરાંત કેટલેક સ્થળે મહિલાવિદ્યાલય અને વનિતાવિશ્રામ જેવી સંસ્થાઓ પણ છે. આમાં પ્રો. કર્વે નામના એક સ્વાર્થત્યાગી પરહિતૈષી સજ્જને પુનામાં એક વિધવાશ્રમ સ્થાપી વિધવાઓનાં જીવન ઉન્નત તેમજ હિતકર બને એવા પ્રયાસો આદર્યા છે. તેમણે થોડાં વર્ષો ઉપર એક સ્ત્રીઉપયોગી વિદ્યાપીઠની સ્થાપના કરી છે. તેની સાથે એક સ્વતંત્ર રીતની તેમજ સ્ત્રીઓને અનુકૂળ વિષયો જેમાં શીખવી શકાય એવી એક પાઠશાળા પણ સ્થાપી છે. આજના સમયમાં કોઈ પણ સંસ્થા પુષ્કળ પૈસા વિના નભાવવી બહુ ફાવતી નથી. આ સંસ્થાની ઉપયોગિતા કંઈ તેમજ સ્ત્રીઓ ઉચ્ચતર કેળવણી માટે અધિકારી છે એમ સમજી એક ઉદાર ધનાઢ્ય પુરુષ સર. વિઠ્ઠલદાસ ઠાકરશીએ પંદર લાખ રૂપીઆ એ યુનિવર્સિટિને બક્ષીસ કર્યા છે. આ કિમ્મતી મદદ કરનાર સર. વિઠ્ઠલદાસનું અનુકરણ અન્ય ધનાઢ્ય પુરુષો કરશે અને સ્ત્રીકેળવણીની જે સંસ્થાઓ માત્ર આર્થિક કારણોથી નિર્બળ સ્થિતિમાં હોય તેનો સત્વર પુનરુદ્ધાર કરશે. સર વિઠ્ઠલદાસની રકમનો અમુક ભાગ આ શહેરના લાભ અર્થે મળ્યો છે એ આનન્દની વાત છે. અમદાવાદમાં પણ જે કન્યાઓ કે સ્ત્રીઓ સરકારની દેખરેખ નીચે ચાલતી મોટી પાઠશાળામાં જવા નારાજ હશે તેમને આ પાઠશાળામાં ભણવાનો લાભ મળશે. આમ અમદાવાદ પણ સર. વિઠ્ઠલદાસનો જેટલો ઉપકાર માને તેટલો ઓછોજ છે. સ્ત્રીકેળવણીની સંસ્થાઓ અને શાળાઓ આમ ઉત્તર વિકાસ પામે અને સ્ત્રીવર્ગ પોતાને આવશ્યક કેળવણી મેળવી જીવન ઉન્નતતર, સંસ્કારી અને ઉપયોગી બનાવે એથી વિશેષ ઇષ્ટ શું હોઇ શકે?

શાળાપત્ર ઓફિસ.

જાહેર ખબર—મે. રા. ટ્રે. કોલેજની વાર્ષિક પરિક્ષા તા. ૧૮ મી ,, જાનવારથી કોલેજના મકાનમાં શરૂ થશે.

તંત્રી.

વાચન વિષે વિશેષ વિચાર.

(લેખક મિ. વૃજલાલ કલ્યાણજી પારેખ ભાયાવદર–કાઠિઆવાડ.)

(૧) ચોપડીની પ્રસ્તાવના અને તે વિષે સરક્યુલર થયા હોય તે ધ્યાનમાં રાખી તે પ્રમાણે વર્તવું

(૨) શીખવવાના પાઠ શિક્ષકે તૈયાર કરવા જોઈએ, એટલે તેમાં કઈ કઈ વસ્તુ બતાવવાની છે; કયો પ્રયોગ કરવાનો છે; તેના વિષે શી સમજણ પાડવાની છે, અને છોકરાઓને અઘરૂં શું શુ લાગશે તે પ્રથમ વિચારી જવુ જોઈએ.

(૩) વાચનપાઠમા વાચવુ, સમજવુ, અને યાદ રાખવું, એ પણ કામ છે. બધાં ધોરણમાં એ ત્રણે બાબત ઉપર વધતુ ઓછુ નીચે પ્રમાણે ધ્યાન આપવાનુ છે.

પહેલા ધોરણમાં વાચનપર ઘણુંજ, સમજણપર સહેજ, અને યાદ રાખવાપર બીલકુલ નહિ બીજા ધોરણમા વાચનપર ઘણું, સમજણપર સરખુ અને યાદ રાખવાપર થોડું, મતલબ બોલી જા એમ છોકરાઓને કહેવું નહી, પણ પ્રશ્ન પૂછી મતલબ કહાવવી. ત્રીજા ધોરણમાં વાચન ને મતલબપર સરખુ અને સમજપર વધારે. ચોથા ધોરણમાં સમજપર અને મતલબ યાદ રાખવાપર સરખું ને વાચનપર વધારે. પાચમા છઠ્ઠા ને સાતમા ધોરણમા મતલબ યાદ રાખવાપર ઘણું ને વાચનપર સહેજ

(૪) વાચન શુદ્ધ, સરલ, અને રસભર્યું જોઈએ.

(૧) શિક્ષકે લબ મારે વાચી બતાવવું (૨) શબ્દજ્ઞાન બરાબર થાય, અને ઉચ્ચાર સુધર્યા હોય તો શુદ્ધ વંચાય સ્થાનનો, અર્થનો કે વાણીસ્થાનનો, એ ત્રણમાથી જે દોષ જણાય તે દૂર કરવા પ્રયત્ન કરવા (૩) વિરામચિહ્ન મૂક્યા હોય તે પ્રમાણે વિરામ લઈ વાંચે તો સરલતાથી વંચાય ઉતાવળે કે અચકાતાં વાચે તો તે સરલ ન કહેવાય, સંબંધ પ્રમાણે વાક્યના ભાગ પાડી બોલીએ તેમ વાચવુ જોઈએ. (૪) લખાણમાં જેવો ભાવ હોય, તેવો ભાવ પોતાને તથા સાંભળનારને ઉત્પન્ન થાય તેનું નામ રસભર્યું વાચ્યું કહેવાય, રાગડા કાઢીને કે, ડોળ ઘાલીને વાચે એ રસભર્યું ન કહેવાય.

(૫) શબ્દાર્થ, વ્યુત્પત્તિ, વ્યાખ્યા, પદચ્છેદ, અને વાક્યનું વિવેચન વખતે ઠેકાણે કરવાથી વાચનપાઠ સમજાય છે. વાંચેલું મોઢે બોલે ને સમજણ નહિ કહેવાય.

(૬) વારે વારે મતલબ પૂછવાથી ને સ્લેટમાં લખાવી જોવાથી મતલબ યાદ રહે છે. વગર સમજણે ગોખી જવાથી યાદ રહેતું નથી વર્ગની સામાન્ય પરીક્ષા કર્યા પછી છોકરાવાર પરીક્ષા લેવી. જે પાઠની પરીક્ષા કરવાની હોય તેમાંના અઘરા શબ્દો, વાક્ય, અને આખા પાઠનો સાર વર્ગમાં પૂછી જોવાથી શીખવેલું કેટલું આવડ્યું તે સારી રીતે જાણી શકાય છે નબળા છોકરાંની પ્રથમ પરીક્ષા, વખત બચે તો હોશીયારોની, વચ્ચે વચ્ચે સવાલ બધાને પૂછતા રહેવું. એમ નહિ થાય તો બીજાં છોકરાં કંટાળશે, ને બીજામાં મન ઘાલી તમને હરકત કરશે.

લામા *

(મિ. કમનજી મણિભાઈ દેસાઈ નાણાવટ સ્કૂલ ન. ૧૨ સુરત)

લામા એક વિચિત્ર જાનવર છે. એની જન્મભૂમિ દક્ષિણ અમેરિકા છે દુનીઆના બીજા દેશોમાં એ જોવામા આવતા નથી દક્ષિણ અમેરિકાના રહેવાસી પહેલાં એ જાનવરને પાળતા હતા, કારણ કે ત્યાં કોઈ એવું જાનવર ન હતુ કે જેને પાળી લોકો પોતાનુ કામ ચલાવે. ઘોડા, બળદ વગેરે જે જાનવર પળાતા ત્યાં જોવામા આવે છે તે તો હાલ બીજા દેશોમાંથી તેઓ લાવ્યા છે એ દેશમાં મુખ્ય પળાતુ જાનવર કેવળ લામા જ છે.

એ જાનવરમા વિચિત્રતા એ છે કે એના શરીરની બનાવટમાં બીજા જાનવરોના (દેહના) આકારની મેળવણી છે. એનું માથુ અને પગ ઊંટના જેવા છે. ગરદન પણ ઊંટના જેવી છે, પણ દેહ હરણના શરીરને મળતી આવે છે. એ સિવાય એના શરીરના વાળ ઘેટાંના ઊન જેવા હોય છે. તથા એ ઘોડાની પેઠે હણહણે છે

લામાની ચાર જાત છે. લામા, આલપાકા, ગુઆનાકો, ને વીકુના. લામાને દક્ષિણ અમેરિકાના નિવાસી પુરાણા સમયથી પાળતા આવે છે. એ લોકો એને ભાર લાદવા તથા સવારીના કામમાં લેતા હતા. લામાની

---

*હિંદી ઉપરથી.

શરૂઆત

સવારના બિછાના પરથી ઉઠ્યા પછી બાકી રહેલી ઊંઘ અને આળસને દૂર કરવા માટે આપણે શી શી યોજના કરીએ છીએ તે પુછી બાળાઓ પાસે જુદી જુદી ગરમ પીવાની ચીજોનાં નામ કહાવવાં. (ચા, કોફી કોકો) સુધી આ અને કોફીનો ભુકો પરખાવવો.

શીખવવાની બાબત.	શીખવવાની પદ્ધતિ.
મુખ્ય વિષય.	
ઊંઘ અને આળસને દૂર કરવા સાથે શરીરમાં તેજી, કૌવત અને ગરમી લાવવાને માટે, તથા દરદીનો તાવ અટકાવવા માટે કોફી ઉપયોગી છે.	બાળાઓના હાથમાં થોડોક કોફીનો ભુકો આપી તેના ગુણ કહાવવા. આ સાથે કોફીની સરખામણી.
કોફી એ એક જાતના છોડના બીઆને સુકવી શેકીને તૈયાર કીધેલા બીઆનો ભુકો છે.	કોફીનો છોડ બતાવવો. ચિત્રની ઓળખ કહાવવી
શેકેલા બીઆનો રંગ ઘેરો તપખીરીઓ છે, અને તેનો આકાર લંબગોળ ઇંડાના જેવો છે. આ બીઆને આપણે બુંદદાણા કહીએ છીએ.	બાળકોના હાથમાં શેકેલા તથા શેક્યા વગરના બુંદદાણા આપી બન્ને વચ્ચેનો ફરક કહાવવો, અને આપણે જે ભુકો જોયો તે સેકેલા દાણાનો તૈયાર કીધેલો ભુકો છે, જેનો આપણે કોફીનું પીનું તૈયાર કરતી વેળા ઉપયોગ કરીએ છીએ તે કહાવવું.
એના છોડવા બારે માસ લીલા રહે છે.	દાણાને મળતા આકારનું ચિત્ર માંડી બતાવવા કહેવું, અને તેઓ પાસે કહાવવું કે આ દાણા તે ઝાડનાં બીઆં છે, જેને રોપવાથી બારે માસ લીલા રહે એવા છોડવા ઉગે છે.

છોડનું વર્ણન—

બુદદાણાના છોડ ગરમ દેશોમાં ઉગે છે; તેઓ આસરે ૬ થી ૮ ફુટ ઉંચા હોય છે. તેના પાંદડાં લાંબા, અણીદાર, ચળકતા લીલા રંગના હોય છે, અને ફૂલ ચપેલીના જેવાં સફેદ હોય છે. ફૂલના ઝુમખા ડાળી ફુટેલી હોય છે તેની નજદીકમાં ઉગે છે. ફૂલો એકી વેળા જથાબંધ ઉગવાથી દેખાવ ખુશનુમા લાગે છે. એનાં ફૂલ જેટલી ઝડપથી ઉગે છે તેટલી ઝડપથી સુકાઈ ને તે ખરી પડે છે. પાંખડી ખરી પડયા પછી ફૂલોની જગાએ નાના ઘેરા લાલ રંગના ફળો ઝુમખામાં નજરે પડે છે

દરેક ફળમાં માવાદાર ભાગની વચ્ચે બે બીઆ એકેકને વળગીને પડેલાં છે; આ બીઆં તે છે કે જેને આપણે કાચા બુદદાણા કહીએ છીએ. કાચા બુદદાણામાં સ્વાદ કે સોડમ જેવુ કંઈ નથી.

બુદદાણાનો છોડ ઘણું કરીને ચાના છોડની માફક ડુંગરના ઢોળાવ પર રોપવામાં આવે છે.

કોફીના છોડ માટે નવાઈ જેવુ છે કે જો તેને સપાટ ભીનાશવાળી જમીનપર રોપવામાં આવે તો તેના પર ફળ ઘણા મોટા જથામાં ઉગે છે,

બું'દાણાનો છોડ યા ચિત્ર બતાવી બાળાઓ પાસે તેનાં પાંદડાં તથા ફૂલનું વર્ણન કઢાવવુ.

છોડની ઉંચાઈની સરખામણી બાળાઓની પોતાની ઉંચાઈ સાથે કરાવવી, અથવા તો તેટલી ઉંચાઈ ભીતપર મપાવવી.

ફૂલ ખરી પડયા પછી ફળ ઉગે છે એ બાળાઓ પાસે કઢાવવું.

ચિત્રમાથી ફળ અને બીઆં દેખાડાવવા કહેવુ

બાળાઓને કાચા શેકયા વગરના અને શેકેલા બુદદાણા આપી સુંઘ કઢાવવા (ચખાડીને) કાચા દાણાની શેકેલા દાણા સાથે સરખામણી કરાવવી.

બુદદાણાના છોડ ઢોળાવવાળી જગામાં ઉગાડવામાં આવે છે તે કહેવું, અને તેનું કારણ કઢાવવું. ચાના છોડ માટે પણ એવીજ જગા પસંદ કરવામાં આવે છે તે જણાવવું.

સપાટ જગામાં ઉગાડેલા છોડ વિષે કંઈક જણાવવું.

ખરાં, પણ ગુણમાં તેઓ ઉતરતા હોય છે. જ્યારે ઢોળાવવાળી જમીનપર રોપવાથી જો કે ફળોનો જથો ઓછો થાય છે તોપણ ગુણમાં તે વધારે ચઢિયાતો છે

નાના છોડવાને શરૂઆતમાં ઘણીજ કાળજીથી વારંવાર પાણી આપવામાં આવે છે. બે વર્ષના છોડ થયા પછી ફળ આપે છે, અને લગભગ અઢારથી વીસ વર્ષ સુધી ફળ આપવાનું ચાલુ રાખે છે. ઘણું કરી મે માસમાં એનાં ફળ પાકી તૈયાર થાય છે; ફળની બહારની છાલ જ્યારે પાકીને ચીમળાવવા માંડે છે, ત્યારે ખેડુતો છોડની નીચે કપડું પાથરી ધીમેથી છોડને હીલવે છે તેથી તૈયાર થએલાં ફળો નીચે કપડાં પર ખરી પડે છે આ ફળોને કેટલાક દિવસ તડકામાં સુકવીને પછી તેને ૧ચરાવડે છડીને (અથવા ચરઆમાં પીલીને છોતરા ઉખેડે છે.

બુંદ દાણા શેકવાની રીત.

આવી રીતે મેળવેલાં બીઆને કેટલાક દિવસ તડકામાં સુકવી, સહેજ ઘી લગાડી લોઢીમાં ભુંજે છે. શેકતી વેળા તેને વારંવાર ફેરવવાની તથા દાણો બળી ન જાય તેની ખાસ સંભાળ રાખવાની ઘણી જરૂર છે.

નાના છોડવા પર ઘણી કાળજી શા માટે રાખવામાં આવે છે તેનું કારણ કહાવવું.

છોડ બે વર્ષના થયા પછી ફળ આપે છે અને લગભગ અઢારથી વીસ વર્ષ સુધી ફળ આપવાનું ચાલુ રાખે છે, અને મે માસમાં ફળ પાકી તૈયાર થાય છે એ બાળાઓને જણાવવું.

છોડપરથી ફળ મેળવવાની વીગત સમજાવવી

બની શકે તો કોફી શેકવાની ક્રિયા તો ચિત્ર બતાવી વીગત સમજાવવી અને બાળાઓના મન પર ઠસાવવું કે શેક્યા પછીજ બુંદદાણામાં આપણે જોયો તેવો સ્વાદ અને સોડમ આવેછે.

શેકીને તૈયાર કરેલા દાણાને દળવાથી આપણે વાપરીએ છીએ તેવો ભુકો બને છે જેને હમેશા બંધ દાબડામા રાખવાની જરૂર છે.	દળવાને બદલે આખા શેકેલા બુંદદાણા વાપરવાથી શા ગેરફાયદા થાય તે બાળાઓ પાસે કહાવવું.
કાફીના તૈયાર કીધેલા ભુકામા ચીકરી નામે એક છોડના મૂળીયાને સુકવી તેનો બારીક ભુકો ભેળવવામાં આવે છે. આ ભુકો ભેળવવાથી કાફી વધારે રંગદાર થાય છે; અને વળી કિમતમા પણ સસ્તી પડે છે.	ચિત્રમાથી દળવાની ઘંટી બતાવવી, દળેલી કાફીને શા માટે બંધ દાબડામાં રાખવામાં આવે છે તે કહાવવું. બની શકે તો ચીકરીનું મુળીઉં યા તો તેનું ચિત્ર દેખાડી વીગત સમજાવવી અને તે શા માટે ભેળવવામાં આવે છે તેનું કારણ કહાવવું.
હિંદુસ્તાનમાં કાફીની પેદાશ.	
હિંદુસ્તાનમાં કાફી હિમાલયની તળેટીમાં, માઇસોર, મદ્રાસ, મલબાર અને સિલોનમાં ઉગાડવામા આવે છે. પ્રથમ કાફીનો છોડવો અરબસ્તાનથી લાવીને મદ્રાસ ઇલાકામાં રોપવામાં આવ્યો હતો.	હિંદુસ્તાન દેશમાં કાફી ક્યા ક્યા ભાગમાં ઉગાડવામાં આવે છે તે નકશામાંથી જણાવવું. તથા પ્રથમ કાફી હિંદમાં કેમ આવી તે બાળાઓને જણાવવું.
ગેરફાયદા	કોઈ પણ વસ્તુનો હદ બહાર ઉપયોગ કરવાથી તે નુકસાન કરે છે તેમ કાફીનો પણ અતિશય ઉપયોગ કરવાથી તે પાચનશક્તિને નબળી કરે છે તે બાળાઓને જણાવવું.

પુનરાવર્તન—શીખેલી બાબતોનું પુનરાવર્તન કરાવી મુખ્ય વીગતો કાળા પાટીઆપર લખવી.

કાળા પાટીઆની નોંધ.

કોફી એ છોડના બીયાં છે. એના પાંદડા લાંબા, અણીદાર, ચળકતા લીલા રંગના હોય છે. ફૂલ સુગંધીદાર સફેદ ચંપેલી જેવાં છે. કાચા બીયાંને સુકવી સેકીને દળવામાં આવે છે. કોફીના ભુકામાં ચીકરીના છોડનું મૂળીઉં સુકવી તેનો ભુકો ભેળવવામા આવે છે.

("એપ્લીકેશન")—બીજી વખતે નવો પાઠ આપતી,વખતે કોફીનું પીણું તૈયાર કરતા શીખવવુ.

કોફીના છોડનું ચિત્ર દોરતાં શીખવવું, તથા કોફી તૈયાર કરવાનું કારખાનું જોવા માટે બાળાઓને લઈ જવું.

ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યૂટસ ફોરમેન માટેનો અભ્યાસક્રમ.

ગ. ડિરેક્ટર સાહેબના કાગળ નં ૪૭૫૧, તા. ૨-૭-૨૦

૧લું વર્ષ.

વિષય—(૧) શિક્ષણપદ્ધતિ અને નિશાળવ્યવસ્થા

(અ) બાળકોના માનસિક તથા શારીરિક વિકાસને લગતા નિયમોના અભ્યાસ ઉપરથી નીકળતા કેળવણીને લગતા સામાન્ય સિદ્ધાંતો, તથા પ્રાથમિક શાળાનાં ધોરણ ૪ સુધી (૪થુ, ગણવુ) ના શિક્ષણ તથા વ્યવસ્થાને લગતુ સવિસ્તર પ્રાયોગિક જ્ઞાન મહેતાજીઓનો ધારાસંગ્રહ તથા સરકારી દફતર અને પત્રકો.

(બ) પરીક્ષકની રૂબરૂમા કથિતપાઠ આપવો.

(ક) વર્ગમાં શિક્ષણ. (આખા વર્ષનું કામ.)

(૨) ભાષા—

(અ) સરકારી વાચનમાળા પુસ્તક ૧ થી ૫ સુધીના સામાન્ય વિષયોના પાઠો (ગદ્ય તથા પદ્યના); પાઠોની હકીકતના જ્ઞાન સાથે શબ્દો અને શબ્દસમૂહની સમજુતી તથા અર્થ. કવિતાની ૨૦૦ લીટીનો મુખપાઠ.

(બ) કોઇ શિષ્ટ લેખકના રચેલા ગ્રન્થમાંથી ગદ્યનાં ૫૦ પાનાં.

(ક) વ્યાકરણના મૂળતત્વો, અને વ્યુત્પત્તિ.

(ડ) નિબંધ (અક્ષર ઉપર ધ્યાન દેવામાં આવશે.)

(૩) ગણિત—વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષા માટે નિર્ણીત થએલો ભાગ સિદ્ધાન્ત સાથે.

(૪) ઇતિહાસ—હિંદુસ્તાનનો ઇતિહાસ; મરાઠા સમય પુરો થાય ત્યાં સુધીનો. પ્રાંતના ઇતિહાસના ખાસ જ્ઞાન સાથે.

(૫) ભૂગોળઃ—

(अ) હિંદુસ્તાન અને એશિઆની ભૂગોળ.

(ब) રાજકીય વિભાગો સહિત હિંદુસ્તાનનો નકશો દોરવો

(क) પ્રાકૃતિક ભૂગોળ—પૃથ્વી. તેનુ કદ, આકાર, અને ગતિ.

(૬) વિદ્યાઃ—

(अ) ૧ વાચનમાળા પુસ્તક ૧ થી ૪ માના પદાર્થપાઠો.

૨. વાચનમાળા પુસ્તક ૫, ૬, ૭ માંના-નીચે લખેલા વિદ્યાના વિષયોને લગતા પાઠો.

(૧) પદાર્થ, પદાર્થના રૂપ, પદાર્થનાં લક્ષણ હવા, વાયુ અને વરાળ હવાનું દબાણ, પાણી ખેંચવાનો પંપ, અને વાયુભારમાપક યંત્ર, ગરમી અને ઠંડી પારો અને ઉષ્ણતામાપક યંત્ર (થર્મોમીટર), ગરમીનું વહન, અને નયન, કિરણરૂપે ફેલાવો.

(૨) તત્વો અને મિશ્રણો. હવા શેની બનેલી છે? હવામાંના પદાર્થોના ગુણ, પાણીનું બંધારણ.

(૩) માણસની પાસેનાં રસો. માણસનો સુધારો.

(ब) આરોગ્ય અને તાત્કાલિક ઉપાય—

(૧) શરીરની સામાન્ય રચના; અસ્થિ, સાંધા, સ્નાયુઓ, હૃદય અને લોહીનું ફરવું, લીમ્ફેટિક સિસ્ટમ, (લીમ્ફ નામના રસની નળીઓ) શ્વાસોચ્છ્વાસની ક્રિયા, એલિમેન્ટરિ સીસ્ટમ (ખોરાક નળી), એક્સ્ક્રીટરી સીસ્ટમ (મલોત્સર્ગક્રિયા), નર્વસ સીસ્ટમ (મજ્જાતંતુ); ચામડી, કાન, આંખ અને દાંત.

(૨) તંદુરસ્તી તથા કસરત. આરોગ્યના ચિહ્નો, આરોગ્ય, કામ, આરામ, ઊંઘ તથા કસરતના મુખ્ય નિયમો, ફેફસાં, લોહીનું ભ્રમણ, સ્નાયુ અને નસો ઉપર થતી કસરતની અસર, કસરત કરવાનું પ્રમાણ.

(૩) ખોરાક, ખોરાકના સામાન્ય સિદ્ધાંત જુદી જુદી જાતના ખોરાક અને તેની ઉપયોગિતા વનસ્પતિનો ખોરાક, માંસાહાર; દૂધ, દૂધની [illegible] ભાગ, અને દૂધ ઉકાળવાના લાભ, દૂધમાં ભેળ, તે શી રીતે પારખવો?

ખોરાક રાંધવાના હેતુ રાંધવાની એટલે ઉભગવાની, તળવાની, શેકવાની વગેરે રીતથી પાચનને થતા લાભ

દરેક માણસ સ્ત્રી તથા બાળકને રોજ જોઈતો ખોરાક, ખોરાક કમી અગર વધારે લેવાથી તંદુરસ્તીને થતી અસરો.

ખોરાક લેવાનો વખત અને તેની નિયમિતતા

ઘર આગળ ખોરાકનું માખીઓ ગંદકી વગેરેથી રક્ષણ કરવું અયોગ્ય અને અયોગ્ય ખોરાકથી થતા રોગ મિશ્ર ખોરાક

(૪) પીવાની ચીજો—પાણી તેનાં મૂળ (વરસાદ, ઝરા, સરોવર કૂવા, તળાવ) ભારે તથા હલકું પાણી (નરમ અને કઠણ)
પાણીનો ઉપયોગ, તેની અસ્વચ્છતા, અસ્વચ્છતાની અસર,
પીવાનું પાણી, અને તેને સ્વચ્છ કરવાની રીત
રોજ પીવાના પાણીનું પ્રમાણ પાણી દ્વારા ફેલાતા રોગ.
સ્થિર પાણીની માઠી અસરો, પાણી કેવી રીતે ભરી રાખવું
ટાંકીના પાણીને રોગ ફેલાવવાનું કારણ બનવામાંથી કેવી રીતે રોકવું?
પુરું પાણી ન મળવાથી થતી અસર.
નિશાળમાં છોકરાંને માટે ખાસ સગવડ
બીજાં પ્રવાહી—ચહા, કૉફી, કોકો, આલ્કોહલ (દારૂ)
તેનાં લક્ષણ તથા ખરાબ અસરો.

(૫) જાતનું આરોગ્ય—સ્વચ્છતા.
ચામડી, નખ, મોં અને દાંતના કર્તવ્ય પરત્વે આપવાનું ધ્યાન.
સાબુનો ઉપયોગ અને હેતુ
ધોવું, નહાવું, વાસ, રહેઠાણ.
માનસિક સ્થિતિ, અંગત ટેવો, બીડી પીવી, પાન ચાવવું.

તાત્કાલિક મદદ.

(अ) રક્તસ્રાવ, ધોરી નાડીઓ અને શિરાઓ, બંધ (Ligatures) અને ગાદી વાળા બંધ (Tourniquets)

(ब) હાડકાનું ભાગવું, સાદું અને સંયુક્ત; પાટીઆં (Splints)

(क) સાપનું કરડવું ચીરો કરી દવા મૂકવી, ઘાને બાળી નાખવો; પરમેન્ગેનેટ.

(ड) ઝેર ચડવું, ક્ષોભક અને અક્ષોભક ઝેર. ઉલટી કરાવનાર ચીજો (વામક.)

(इ) ડુબી જવું. કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ.

(क) દાઝવું. પાટા.

૭ ચિત્રકામ (ડ્રોઇંગ)

(अ) કુદરત અને બીજા સાધારણ પદાર્થોને કાગળ પાટીઆ ઉપર ચીતરવા

(ब) સીસાપેન કે કલમથી ચીતરવું, રંગ પુરવો; ઉપરના જેવાજ પદાર્થોના ચિત્રો સીસાપેન કે કલમથી કાગળ ઉપર પાડવાં અને રંગ પુરવો.

(क) પદાર્થોના માપના પ્રમાણોની નજરથી અટકળ કરવામાં, તથા સાદા પદાર્થોનું ખરેખરું માપ લેવાની કેળવણીમાં સાદાં ડ્રોઇંગનાં સાહિત્યો વાપરવાની કેળવણી.

ટીપ —अ તથા ब માં સૂચવેલા વિષયોમાં સ્મૃતિથી ચિત્ર કાઢવાનો વારવાર મહાવરો પાડવો.

૮ સૃષ્ટિજ્ઞાન અને નિશાળમાં બાગકામ.

પ્રાથમિક શાળાઓ માટે નક્કી કરેલા અભ્યાસક્રમમાં દર્શાવેલો નિશાળનો બગીચો તૈયાર કરવા માટે શિક્ષકો કેળવી લાયક બનાવવા માટે, અને અભ્યાસક્રમની સમજુતી અર્થે ઉપયોગમાં લેવાય એવું આ વિષયનું શિક્ષણ અને પ્રયોગને લગતું કામકાજ હોવાં જોઈએ.

(૧) **વનસ્પતિ જ્ઞાન.**

(અ) છોડના અંગ અને તેના ઉપયોગ. મૂળ, જુદા જુદા આકાર અને કર્તવ્ય.

થડ; જુદા જુદા આકાર અને કર્તવ્ય.

પાન, સાદા અને સંયુક્ત સાદાં પાનના આકાર અને નસોની રચના અને પાનનાં કર્તવ્ય.

(બ) ફૂલ: ભાગ અને કર્તવ્ય.

ફલીકરણ

ફળની વૃદ્ધિ.

(ક) બી: રચના અને બીજોદ્ભવ ક્રિયા.

(૨) પ્રાથમિકશાળાનાં ચાર ધોરણના અભ્યાસક્રમ શીખવવા પુરતુ પ્રાણિ જ્ઞાન

(૩) પ્રાથમિક શાળાનાં ચાર ધોરણના અભ્યાસક્રમ શીખવવા પુરતું આકાશ, સૂર્ય, ચંદ, તારા, વરસાદ, ખડક અને જમીન વગેરેનું જ્ઞાન.

૯ **કસરત** હિંદી અંગકસળની સાદી કસરતો, દોડવું, કૂદવું, અને દેશી રમતો, નિશાળની ડ્રિલ, જેમાં (૧) આજ્ઞા આપવી, (૨) સહાધ્યાયીને શીખવવું, અને (૩) બાળકોના વર્ગને શીખવવું તથા દેશી રમતો શીખવવાની રીતનો સમાવેશ કરવો.

૧૦ સ્લોઈડ હુન્નરકળા શિક્ષણ (ઐચ્છિક)-(કામચલાઉ-અભ્યાસક્રમ)

(અ) સિદ્ધાંત ભાગ—સ્લોઈડનો ઉદ્દેશ અને પ્રાથમિકશાળાના શિક્ષણના અભ્યાસક્રમમાં સ્લોઈડની અગત્ય, સિદ્ધાંતો અને પેપર (કાગળનું) સ્લોઈડ પદ્ધતિ અને તેનો પ્રાથમિક શાળાના બીજા વિષયો સાથે કેવી રીતે સંબંધ જોડવો તે.

(બ) પ્રાયોગિક—"એન રીચ"ના "પેપર સ્લોઈડ ફોર પ્રાયમરી ગ્રેઇડસ" (પ્રાથમિક ધોરણો માટે સ્લોઈડના કાગળના નમુનાને લગતુ પુસ્તક) એ નામના પુસ્તકમા બતાવેલો ક્રમિક અભ્યાસક્રમ અનુસરવો

ટીપ—દરેક ૮૦ મિનિટનો એવા ૩૨ પીરિયડ, અથવા દરેક ૪૦ કે ૪૫ મિનિટનો હોય તો ૬૪ પીરિયડ આખા વર્ષમા આ વિષય શીખવવા માટે ઓછામાં ઓછા મળવા જોઈએ; અને ૮૦ મિનિટનો એક અથવા ૪૦

કે ૪૫ મિનિટના બે પીરિયડ લઈ સરાસરી એક સારો નમુનો પુરો થવો જોઈએ. વિસ્તારપૂર્વક લખાણવાળી નમુનાની સમજુતીની નોંધોની જરૂર નથી.

બીજું વર્ષ.

૧ શિક્ષણ—શિક્ષણપદ્ધતિ અને નિશાળવ્યવસ્થા.

પહેલા વર્ષના અભ્યાસક્રમના अ વિભાગમા સૂચવ્યા ઉપરાંત કેળવણીને લગતા સિદ્ધાંતોનુ વધારે વિસ્તૃત જ્ઞાન, પ્રાથમિક શાળાના પાંચમા ધોરણ સુધીના શિક્ષણ અને વ્યવસ્થાનુ સવિસ્તર પ્રાયોગિક જ્ઞાન.

(ब) પરીક્ષક રૂબરૂ પાઠ આપવો.

(क) વર્ગમા શીખવવુ. (આખા વર્ષનુ કામ.)

ભાષા—

(अ) ગુજરાતી વાચનમાળા ૬ ઠ્ઠી અને ૭ મીના સામાન્ય વિષયોના પાઠો (ગદ્ય તથા પદ્યને લગતા) વિષયના જ્ઞાન સહિત. શબ્દો અને શબ્દસમૂહના અર્થ તથા સમજુતી.

(ब) કોઈ શિષ્ટ લેખકના ગ્રન્થમાંથી ગદ્યનાં ૭૫ પાનાં. તેવાજ ગ્રન્થમાથી ૫૦૦ લીટીની કવિતા, અને ૨૦૦ લીટીઓનો મુખપાઠ.

(क) વ્યાકરણ:—વિશેષ જ્ઞાન. પિંગળ તથા વ્યુત્પત્તિ.

(ड) નિબંધ—(અક્ષર ઉપર ધ્યાન દેવામા આવશે)

(૩) ગણિત:—

(अ) અંકગણિત.—પુનરાવર્તન.

(ब) ભૂમિતિ—વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષા માટે મંજુર કરેલો અભ્યાસક્રમ.

(क) દેશીનામુ. રોજમેળ અને ખાતાવહી લખવાની રીત.

(૪) ઇતિહાસ,—હિંદુસ્તાનનો ઇતિહાસ—પુનરાવર્તન, અને બ્રિટિશ સમય.

(૫) ભૂગોળ—

(अ) યુરોપ અને આફ્રિકાની ભૂગોળ.

(ब) હિંદુસ્તાનનો નકશો દોરવો, જમીનનો આકાર, વરસાદ, પેદાશ બતાવવાં

(क) પ્રાકૃતિક ભૂગોળ—જમીન અને પાણી.

વિદ્યા:—

(અ) વાચનમાળાનાં પુસ્તક ૫, ૬, ૭ માંના નીચે બતાવેલા વિજ્ઞાનને લગતા પાઠો.

(૧) ન્યૂટનનો ગુરુત્વાકર્ષણનો નિયમ ગુરુત્વમધ્યબિન્દુ પ્રવાહીનું દબાણ, અને ફુવારો આર્કિમિડિઝનો નિયમ. કેશાકર્ષણ ગુપ્ત ગરમી. હવામાનો ભેજ. ગરમીનો સિદ્ધાન્ત વાયુનું પ્રસરણ.

(૨) કાર્ય અને કાર્યશક્તિ ઉચ્ચાલન. ગરગડી અને રેંટ. બળ તથા બળોનું સમતોલપણું. ટોળાવ (ઢાળ), ફાચર અને પેચ. યન્ત્ર અને યાન્ત્રિક ફાયદો.

(૩) દ્રાવણ. પહેલદાર વસ્તુઓ. રસાયન પ્રીતિ, રસાયન આકર્ષણ. તેજાબ, અલ્કલી, ક્ષાર. કાર્બન અને કાર્બોનિક એસિડ. દહન અને શ્વાસોચ્છ્વાસ કોલસો અને કોલગેસ. ફોસ્ફરસ અને દિવાસળી

(ચ) આરોગ્ય:—

૧ કપડાં, (વસ્ત્રો)—સંપૂર્ણ સ્વરૂપનાં વસ્ત્રો માટે વપરાતી ચીજોના ગુણ, સુતર, ફ્લેનલ, શણ, ઊન આરોગ્યની દૃષ્ટિએ દરેકની ઉપયોગિતા, બીનજરૂરી કપડાની નુકસાનકારક અસર; રમત, તથા કસરત માટેના કપડા, કપડાની સ્વચ્છતા, તેને લગતી સૂચના.

૨ રહેવાનાં મકાનો માટેની ઘરની સ્થિતિ, (ઉંચાઈ, દેખાવ). ભેજનાં કારણો તથા અટકાવ. રહેવાના મકાનની પસંદગી, ઓરડાનું માપ, સુવાના ઓરડા, ઘરની સાફસુફ, માખીઓ તથા મચ્છરોથી રક્ષણ; નિશાળની સાફસુફ, આરોગ્યની સગવડ.

૩ હવા અને ઉજાસ—હવાનું બંધારણ, દરેક પુરુષને જોઈતી તાજી હવા. ઘનફુટ જગા; હવા બગડવી (બળવું, પદાર્થનું કોહવું, ધૂળ અને જન્તુઓ). બગડેલી અથવા દુર્ગંધ હવા શ્વાસમાં લેવાથી થતી અસર, હવાના સામાન્ય નિયમો. ગીચ વસ્તીની અસર, રહેવાના મકાનોની હવા, નિશાળમાંની હવા. મકાનો તથા શાળાના ખંડનો ઉજાસ.

ઝાડો તથા મેલા પાણીનો નિકાલ, કચરો તથા અસ્વચ્છ વસ્તુઓ ખસેડવી; ઘરનો કચરો એકઠો કરવા તથા ખસેડવા વિષે.

૫ સામાન્ય જાતના, એક બીજાને લાગુ પડે એવા રોગનો અટકાવ, જેવા કે કોલેરા, ક્ષય વગેરે રોગનાં જંતુઓ, માખી, મચ્છર ચાંચડ.

૭ ડ્રોઇંગઃ—

(अ) વિશેષ અઘરા દાખલા સાથે પહેલા વર્ષના વિષયો જારી રાખવા.

(ब) કુદરતી અને બીજા પદાર્થોનું ચાક અથવા પીંછી વડે રંગકામ.

(क) સ્કેલ (માપ) પ્રમાણે ચીતરવું.

ટીપ—૧ લા વર્ષના અભ્યાસ પ્રમાણે સ્મૃતિથી ચિત્ર પાડવું.

૮ સૃષ્ટિજ્ઞાન અને નિશાળમાં બાગકામ.

૧ વનસ્પતિ જ્ઞાન—

(अ) એકદળ અને દ્વિદળ વનસ્પતિનાં મૂળ, થડ, પાન અને ફૂલમાં તફાવત,

(ब) બીનો ફેલાવો.

(क) અપુષ્પ વનસ્પતિનું નિરીક્ષણ.

(ड) જુદા જુદા સ્થાન પ્રમાણે વનસ્પતિનો અભ્યાસ.

(इ) વનસ્પતિના વર્ગીકરણના સિદ્ધાન્ત

(फ) નીચેના છોડના વર્ગની વનસ્પતિનો અભ્યાસઃ—

વાલ, કપાસ, રાઈ, સૂર્યમુખી, કાકડી, રીંગણી, નારંગી, તાડ, કેળ, દાડમ, ખજૂર.

૨. પ્રાથમિક શાળાના પાંચ ધોરણોનો અભ્યાસક્રમ શીખવવા પુરતું પ્રાણિજ્ઞાન

૩. પહેલા વર્ષના અભ્યાસક્રમ ઉપરાંત, પ્રાથમિક શાળાના સૃષ્ટિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા પુરતું આકાશી પદાર્થો, ધુમ્મસ, ઝાકળ, કરા, વરસાદ અને હવામાનના માપ સંબંધી જ્ઞાન

૧ લા તથા બીજા વર્ષ માટે ટીપ—કોલેજના વિદ્યાર્થી ચોક્કસ અને ખરૂં જ્ઞાન મેળવે એ જરૂરનું છે કેમકે તેથી પોતાના શિક્ષક તરીકેના ભવિષ્યના જીવનમાં વિદ્યાર્થીને ખોટું જ્ઞાન ન આપે એવું જોતા રહે; આથી આ જ્ઞાન પાયારૂપે માની લેવાનું છે. ટ્રેનિંગ કોલેજના સૃષ્ટિજ્ઞાનના વિષયના

શિક્ષકનું મુખ્ય કર્તવ્ય એ છે કે પ્રાથમિકશાળાને લગતા અભ્યાસક્રમનું શિક્ષણ આપવામાં અનુસરવાની શિક્ષણપદ્ધતિનું જ્ઞાન આપવુ આ અભ્યાસક્રમનો ખાસ અભ્યાસ અને પુષ્કળ પ્રયોગ પાઠો ઉપર ધ્યાન દેવામાં આવશે બધા અભ્યાસક્રમનું જ્ઞાન બે વર્ષમાં પુરૂ કરવુ જોઈએ.

૧ લા તથા બીજા વર્ષ માટે ટીપ—વાર્ષિક પરીક્ષા માટેના પ્રશ્નપત્રો ટુકા આવશે વિષયના મુદ્દાને બદલે તે શીખવવાની પદ્ધતિ ઉપર વિશેષ ધ્યાન આપવામાં આવશે. પરીક્ષાનુ પરિણામ નક્કી કરવામાં આખા વર્ષની દરેક વિદ્યાર્થીના કામની નોધ ધ્યાનમાં લેવાશે.

૯ કસરત—સ્કૂલડ્રિલનો વિસ્તૃતક્રમ. (૧) આજ્ઞા આપવી, (૨) સહાધ્યાયીને શીખવવું, (૩) છોકરાઓના વર્ગને શિખવવુ અને દેશી રમતોનો સમાવેશ આમાં કરવો.

૧૦ સ્લોઈડ-હસ્તકળા શિક્ષણ—(ઐચ્છિક, કામચલાઉ, અભ્યાસક્રમ)

(અ) સિદ્ધાંતભાગ, વુડ સ્લોઈડને લગતા લાકડાના વિભાગ માટે જોઈતાં સાધનો, ઓજારો, માહિતિ વગેરે, અને પ્રાથમિકશાળાના બીજા વિષયો સાથે તેનો સંબંધ કેવી રીતે જોડવો તે.

બ) પ્રાયોગિ :—ગુસ્તાફ લાર્સનનું " સ્લોઇડ ફોર ધી પ્રાયમરી ગ્રેડસ " (ત્રણ ઉપલા પ્રાથમિક શાળાના ધોરણો માટે સ્લોઇડ) નામના પુસ્તકમાં બતાવેલી સામાન્ય પદ્ધતિ પ્રમાણે નીચેના નમુના બનાવવા.

(૧) પેન્સીલ શાર્પનર-(પેન્સીલને ઘસી અણીદાર બનાવવાનું પાટીઉં)
(૨) પાઘડી ભરાવવાનું ખીંટીઉં
૩) કબોર્ડ-કુચીઓ, લટકાવવાની પટ્ટી.
(૪) પેન હોલ્ડર
(૫) હથિઆર મૂકવાની ખોઈવાળી છાજલી
(૬) પાટલો
(૭) સાઈન બોર્ડ (નામ ચીતરવાનું પાટીઉં
(૮) ખાનાવાળી પેટી

ત્રીજું વર્ષ.

શિક્ષણપદ્ધતિ અને નિશાળની વ્યવસ્થા.

(અ) પહેલા અને બીજા વર્ષના અ વિભાગમાં દર્શાવેલા કેળવણીના સિદ્ધાંતોનું પરિપૂર્ણ જ્ઞાન. પ્રાથમિક શાળાના સાત ધોરણ સુધીના શિક્ષણ અને વ્યવસ્થા પરત્વે સવિસ્તર પ્રાયોગિક જ્ઞાન.

(બ) પરીક્ષકોની રૂબરૂ પાઠ આપવો.

(ક) વર્ગમાં શીખવવું. (આખા વર્ષનું કામ.)

ટીપ.—ત્રીજા વર્ષમાં નીચેની બાબતો પરત્વે ખાસ ધ્યાન દેવું.

(ક) બાળવર્ગમાં નાનાં બાળકોને શીખવવાની રીત.

(ખ) બાળવર્ગમાં શિક્ષણ આપવા માટે જરૂરી સાદાં સાધનો તૈયાર કરવાની અને બનાવવાની ચતુરાઈ.

(ગ) છેક ઉપલા ધોરણો માટે કાળા પાટીઆ ઉપર લખાણ, અને ચિત્રકામ,

ભાષા:—

(અ) ગદ્યના પ્રમાણભૂત કોઈ ગ્રન્થના ૧૦૦ પાનાં; તેવાજ કાવ્યના ગ્રન્થમાંથી ૫૦૦ લીટીની કવિતા, ૨૦૦ લીટીની કવિતાનો મુખપાઠ.

(બ) વ્યાકરણ—વ્યુત્પત્તિ અને પિંગળનું સંપૂર્ણ જ્ઞાન.

(ક) નિબંધ (અક્ષર ઉપર ધ્યાન દેવામાં આવશે.)

(૩) ગણિત —

(અ) અંકગણિત તથા ભૂમિતિનું પુનરાવર્તન.

(બ) દેશીનામું

(૪) ઈતિહાસ.—

હિંદુસ્તાનનો ઈતિહાસ પુનરાવર્તન, (સિંધ સિવાય) બધે સ્થળે પ્રાચીન સમયની હકીકત પરત્વે ખાસ લક્ષ આપવું. બ્રિટિશ હિંદની રાજ્ય વ્યવસ્થાની હકીકત સાથે બ્રિટિશ સામ્રાજ્યના ઈતિહાસનો ટૂંક અહેવાલ.

(૫) ભૂગોળઃ—

(अ) દુનિઆની સામાન્ય ભૂગોળ, બ્રિટિશ સામ્રાજ્યના ખાસ જ્ઞાન સહિત.

(ब) ઇંગ્લાંડ અને વેલ્સનો નકશો દોરવો.

(क) સામાન્ય પ્રાકૃતિક ભૂગોળ.

(૬) વિદ્યાઃ—

(अ) (૧) વાચનમાળા પુસ્તક ૫, ૬, ૭ માંથી વિદ્યાને લગતા નીચેના વિષયો.

(૧) પ્રકાશ અને તેનો ફેલાવો. પ્રકાશનુ પરાવર્તન અને વક્રીભવન પ્રકાશના ગુણ અવાજ અને તેનો ફેલાવો; પડઘો. ફોનોગ્રાફ (સ્વરપ્રવાહક યંત્ર) વિદ્યુત અને વીજળી. લોહચુંબક અને હોકાયંત્ર. ટેલિગ્રાફ (તાર)-

(૨) સૂર્ય અને ચંદ્ર અંદરના ગ્રહો. બહારના ગ્રહો નિહારિકા અને નિહારિકાવાદ.

(૨) પૃથ્વીનો ઈતિહાસ.

(ब) આરોગ્ય

(૧) શરીરનો પ્રતિરોધ—અલગ રહેવું ચેપી તથા ફેલાય તેવા સામાન્ય રોગો; તેના કારણો તથા અટકાવ.

ચેપી રોગવાળાને અલગ રાખવા, રોગની અસર દૂર કરવાની વ્યવહારુ રીતો.

શરીરની જુવાત, જુવાતવાળાં માથાં અને જુવાતવાળા કપડાં ખાઠણુ, દરાજ, અને બીજા ચામડીના રોગ.

(૨) નિશાળનું આરોગ્ય—નિશાળ માટે જગા, ઉજાસ, હવા, પાણી પુરુ પાડવુ, આરોગ્યને લગતી વ્યવસ્થા અને સાહિત્ય, સ્વચ્છતા, આરોગ્ય માટે નમુનારૂપ (પદાર્થપાઠની ગરજ સારનાર) નિશાળના ખંડ, બેસવાની સ્થિતિ, શારીરિક કસરત, નિશાળનુ કામ, ઘેર કરવાનું કામ. માનસિક થાક વગેરે.

(૭) ડ્રોઇંગ—

(અ) પહેલા તથા બીજા વર્ષ કરતા વધારે મુશ્કેલ નમુનાઓ લઈ કાળા પાટીઆ ઉપર ચાકથી અને કાગળપર પેન્સીલ કે પેનથી ચિત્ર પાડવાનો અભ્યાસ જારી રાખવો.

(બ) નિશાળોના પાઠમા આવતા સાદા દેખાવો તથા બનાવો સમજાવનારૂં સાદું ચિત્ર પાડવું.

ટીપઃ—આગળ મુજબ સ્મૃતિથી ચિત્ર પાડવું

(૮) શારીરિક કેળવણી—સ્કૂલ ડ્રિલને લગતો વિશેષ વિસ્તૃત અભ્યાસક્રમ, (૧) આજ્ઞા આપવી, (૨) સહાધ્યાયીઓને શીખવવું અને છોકરાઓના વર્ગને શીખવવાના કામ ઉપરાંત દેશી રમતો.

ટીપ—જે વિદ્યાર્થીની ઇચ્છા હશે તે કસરત વધારાના વિષય તરીકે શીખશે, સાથે કુસ્તી અને મલખમના ઉપયોગને ઉત્તેજન આપવું.

૯ સ્લોઇડ—દસ્તકળાશિક્ષણ (ઐચ્છિક) (કામચલાઉ અભ્યાસક્રમ.)

(અ) સિદ્ધાંત ભાગ બીજા વર્ષ માટે કહ્યો છે તે;

(બ) પ્રયોગ વિભાગ—ગુસ્તાફ લાર્સનના પ્રાથમિક શાળાના અને ઉપલા ધોરણ માટે સ્લોઈડ નામના પુસ્તકમાં બતાવેલી સામાન્ય પદ્ધતિ પ્રમાણે નીચેના નમુના તૈયાર કરાવા

(૧) બ્રેડ બોર્ડ (આડણી)
(૨) કોટ ભરાવવા માટે વાંકીઉ (ખીંટી)
(૩) પેનરેક (કલમદાન)
(૪) બે કરતાં વધારે ખાનાવાળી પેટી.
(૫) કલમ અને ખડીઓ મૂકવાની સોઇવાળી પાટલી.
(૬) છબીનું ચોકઠું.
(૭) કાગળ કાપવાની લાકડાની છરી.
(૮) કાગળો મૂકવાનું ખોખું.

(ટીપ.—બધાડા ઉપરના નમુના.)

(૯) આંકણી.
(૧૦) કાનસ નાખવાનો હાથો.
(૧૧) ચેરીઆનો હાથો.
(૧૨) ફરસીનો હાથો
(૧૩) મેલેટ—મોગરી
(૧૪) દેશી મગદળીઆ.

સામાન્ય ટીપઃ—વાર્ષિક પરીક્ષાને માટેના પ્રશ્નપત્રો જુદા હોવા જોઈએ વિષયના મુદ્દા કરતાં વિષય શીખવવાની રીત સાથે વધારે સંબંધ ધરાવતા હોવા જોઈએ પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવશે, અને પરીક્ષાનું પરિણામ નક્કી કરતી વખતે દરેક વિદ્યાર્થીએ કરેલા આખા વર્ષના કામની નોંધ ધ્યાનમાં લેવામાં આવશે.

પહેલું બીજું અને ત્રીજું વર્ષ.

૧૧ માટીના નમુના. (ઐચ્છિક) ભૂગોળ ચિત્રકામ, પદાર્થપાઠ, સૃષ્ટિજ્ઞાન વગેરે વિષયોમાં આવતા પદાર્થોના માટીના બનાવેલા નમુના.

---

* ભાષા—ત્રણે વર્ગમાં નિર્ણીત કરેલાં પાનાની સંખ્યા ઓછામાં ઓછી વિભાગોની સમજવી. ટ્રેનિંગ કોલેજના અધિકારી ડિસ્ટ્રિક્ટ ટ્રેનિંગ સ્કૂલોના અધિકારીની સમ્મતિથી પાનાની સંખ્યામાં વધારો કરી શકશે, પસંદ કરેલા શિષ્ટ ગ્રન્થોની કઠિનતા ઉપર આધાર રાખીને આમ કરશે.

ટીપ—ગુજરાતી સાહિત્યના પાઠો અને વ્યાકરણ, વ્યુત્પત્તિ, પિંગળ ને લગતા શિક્ષણમાં ગુજરાતી ભાષાના સંસ્કૃત કે ફારસી ભાષા સાથેના સંબંધ ઉપર યોગ્ય ધ્યાન આપવું

ઇતિહાસ અને ભૂગોળ.

ટીપ.—સરકારી વાચનમાળામાં આપેલા ઇતિહાસના પાઠો દરેક વર્ગમાં ઉપલા અભ્યાસક્રમમાંના ઇતિહાસના વિષયમાં શીખવવા.

સરકારી વાચનમાળામાં આપેલા ભૂગોળના પાઠો દરેક વર્ગમાં ઉપર લખેલા અભ્યાસક્રમમાં ભૂગોળના વિષય સાથે શીખવવા.

પરીક્ષાના વિષયો	લેખી પરીક્ષા.			મોઢાની અથવા પ્રયોગની પરીક્ષા.		
	૧લું વર્ષ	૨ જું વર્ષ.	૩ જું વર્ષ.	૧લું વર્ષ.	૨ જું વર્ષ.	૩ જું વર્ષ
ફરજિઆત વિષયો						
(૧) પદ્ધતિ અને શાળાની વ્યવસ્થા.						
(अ) શિક્ષણના સિદ્ધાંત અને પ્રયોગ	૧૦૦	૧ ૦	૧૦૦			
(ब) પરીક્ષકોની રૂબરૂમાં વર્ગ શીખવવો.				૧૦૦	૧૦૦	૧૦૦
(क) આખા વર્ષનું નિશાળનું કામ				૧૦૦	૧૦૦	૧૦૦
(૨) ભાષા.						
(अ) નિબંધ	૫૦	૫૦	૫૦			
(ब) સાહિત્ય વ્યાકરણ વગેરે.	૧૨૫	૧૨૫	૧૨૫			
(क) વાચન અને મુખપાઠ				૨૫	૨૫	૨૫
૩. ગણિત.						
(अ) અંકગણિત.	૧૦૦	૫૦	૫૦	૫૦		
(ब) ભૂમિતિ.		૨૫	૨૫			
(क) દેશીનામું		૨૫	૨૫			

૪. ઇતિહાસ.	૧૦૦	૧૦૦	૧૦૦	૧૦૦		
૫. ભૂગોળ.	૧૦૦	૧૦૦	૧૦૦			
૬. વિદ્યા.						
(અ) વિદ્યાનાં મૂળતત્વો	૫૦	૫૦	૫૦			
(બ) આરોગ્ય અને તાત્કાલિક મદદ	૫૦	૫૦	૫૦	૧૦૦	૧૦૦	૧૦૦
૭. ચિત્રકામ.				૫૦	૫૦	
૮. નઈતાન તથા બાગકામ						
૯. શારીરિક કેળવણી.	૫૦	૫૦		૧૦૦	૧૦૦	૧૦૦
ઐચ્છિક વિષયો:						
૧૦* સ્લોઈડ.	૫૦	૫૦	૫૦	૫૦	૫૦	૫૦
૧૧ *માટીના નમુના				૧૦૦	૧૦૦	૧૦૦
	૭૭૫	૭૭૫	૭૨૫	૬૭૫	૬૨૫	૫૭૫

---

*સ્લોઈડ અગર માટીના નમુનાના વિષયમાંથી ગમે તે એક દરેક વર્ષે વિદ્યાર્થી પસંદ કરી શકશે. ખાસ કરીને કયો ઐચ્છિક લેવો તેનો નિર્ણય ગામ્યાને મળેની સગવડો લક્ષમાં રાખી ઇન્સ્પેક્ટરની મંજુરીથી . ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યૂશનના ઉપરિઓ નક્કી કરશે જ્યાં સગવડો મળી શકે એમ હોય ત્યાં બને ઐચ્છિક વિષયો શીખવી શકાશે પણ તેમાં સંસ્થાના ઉપરી અને ઇન્સ્પેક્ટરની મંજુરી લેવી. સર્ટિફિકેટ માટેની પરીક્ષા આપવા બેઠેલા બહારના વિદ્યાર્થીઓને ઐચ્છિક વિષયમાં પરીક્ષા આપવાની ન

ધન મેળવવાનું ઉત્તમ સાધન

હુન્નર પ્રકાશ.

આ અતિ ઉપયોગી પુસ્તકમાં ૧૦૦૦ હુન્નરો દરેક ધન્દાના ચમત્કારિક ઇલાજો, સેન્ટો વિલાયતી સાબુઓ, દરેક જાતના રંગ રોગાનો, અત્તરો, અર્કો વગેરે વગેરે બનાવવાની ઘણીજ સહેલી રીતો છે. વિશેષ ખાત્રી વાંચવાથી થશે કિંમત રૂ. ૧, પોસ્ટેજ જુદું.

મુલક મશહુર જામનગરનો પ્રખ્યાત

શુદ્ધ સાચા મોતીનો સુરમો.

આંખોના નામાંકિત ડાકટરો, હકીમો અને વૈદ્યોએ અમારા સુરમાને પબ્લીક હોસ્પિટલો, ડિસ્પેન્સરીઓ અને દેશી દવાખાનાઓમાં આંખના જુદી જુદી જાતનાં અસંખ્ય દરદીઓ ઉપર ઘણીજ ફત્તેહમદીથી વાપરી ઉત્તમ સર્ટીફીકેટો આપેલાં છે.

આ સુરમો વાપરવાથી આંખના અસંખ્ય દરદીઓ ફત્તેહમંદ થયા છે. એક વખત ખાત્રી કરવા અરજ છે.

કિંમત નંબર ૧. તોલા ૧ ના રૂ. ૪) નંબર ૨, રૂ. ૧॥ નંબર ૩ રૂ ૧) અને નંબર ૪ રૂ. ॥.

ફ્રાન્સ અને અમેરીકાના મહાન ડાકટરોની નવી શોધ.

નામદાર બ્રિટિશ સરકારમાં રજીસ્ટર કરાવેલ

યુનીવર્સલ બામ.

(નમુનાની ડબીના બે આના)

ફક્ત બહાર લગાડવાથીજ દરેક જાતનાં દરદો મટી જાય છે.

ગરમી અગર શરદીનો સખત માથાનો દુખાવો, આધાશીશી, માથાનો કડાપો ચક્કરી, અને ટુંકામાં શરીરના કોઇપણ ભાગના દુખાવા અને દરદો ઉપર લગાડવાથી ફક્ત પાંચ મિનિટમાં આરામ કરી આપે છે.

કિંમત શીશી ૧ નો રૂા. ૧-૦-૦

નુરભાઇ ઇસ્માલજી અતરીઆ.
ફુલબજાર—જામનગર.

લેખનકળા કોપીબુકો.

ગુજરાતી અને બાળબોધ ૭ નંબરમાં

દરેક નંબરની કિંમત અઢી આના.

કેળવણીખાતાના મે. ડિરેક્ટર સાહેબે મુંબઇ ઇલાકાની ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજુર કરી છે.

૨૫૦ અને તે ઉપરાંત કોપી ખરીદનારને સેંકડે ૧૫ ટકા કમિશન આપવામાં આવશે પેકિંગ અને રેલ્વે ખર્ચ પણ આપવામાં આવશે, પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખરચ આપવામાં આવશે નહિ

કોપીઓ સાથે બીજાં પુસ્તકો મંગાવનારને સેંકડે એક ટકો હકસાઈ લઈ મોકલી આપવા ગોઠવણ રાખી છે મળવાનું ઠેકાણું—ડાહ્યાભાઈ જગજીવનદાસ એન્ડ સન્સ. લેખનકળા કોપીબુકની ઓફિસ—જુની કાળકાદેવી પોસ્ટ ઓફિસ સામે નંબર ૨૬૭—મુંબઈ.

દસ્કત શિક્ષક કોપી બુકો.

ગુજરાતી અને બાળબોધ આઠ નંબરમાં, કેળવણી ખાતાના મે૦ ડિરેક્ટર સાહેબે મુંબઇ ઇલાકાની દરેક ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજુર કરી છે. લડાઇને લીધે કાગળના ભાવ બેહદ વધી જવાથી મે૦ ડિરેક્ટર સાહેબના, નં૦ ૧૧૨૮૫ ૧૯૧૭-૧૮ ની સાલના, હુકમથી હાલ થોડા વખત માટે અઢી આના દરેક નંબરની કિંમત રાખી છે ૨૦૦ અને તેથી વધુ કોપી ખરીદ કરનારને હાલમાં સેંકડે (૧૫) ટકા કમિશન ઉપરાંત પેકિંગ અને રેલ્વે ખર્ચ આપવામાં આવશે, પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખર્ચ આપવામાં આવશે નહિ. દસ્કત શિક્ષક કોપી બુકોની સ્ટીલ પેનો દરેક નંબરને લાયક બેસતી, ૧ થી ૮ નંબરની, દરેક બોક્સમાં એકજ જાતની, નં. ૬ કિંમત રૂ ૦ા નક્કી.

મળવાનું ઠેકાણું:-

આદરજી કાવસજી માસ્તર.

ઠે. નં૦ ૧૦ ધોબી તલાવ—મુંબઇ

શિક્ષણ તથા શિક્ષકોની જરૂરિઆત પુરી પાડનાર એકજ સ્થળ છે તે તમે જાણો છો, કે જ્યાં પઝલ બ્લોક્ષ, કિન્ડરગાર્ટન, મોન્ટેસરી-મેથડ, ભૂગોળ, ખગોળ, પદાર્થપાઠ, ડ્રોઈંગ તથા અવાજ, પ્રકાશ, ગરમી, આકર્ષણ, વિદ્યુત તથા વિજ્ઞાનને લગતા સાહિત્યો, કેમીકલ્સ, એસીડ, તોલવાના કાંટા, ક્રિકેટ, ટેનીસ, હોકી, ફુટબોલ વગેરે મળી શકે છે તે સરનામું નોંધી લો.

શાસ્ત્રી એન્ડ કું. સુરત.

જાહેરખબર.

નીચે લખેલાં પુસ્તકોનો કોપીરાઇટ અમે લીધો છે, માટે તે બધાં પુસ્તકો અમારી પાસેથી મળી શકશે માટે ઑર્ડર મોકલવા.

	કિમ્મત. રૂ. આ. પા.	
ગૃહવ્યવસ્થા	૦—૧૨—૦	ટેક્સ્ટ બુક તરીકે મંજૂર છે.
બાળસ્વભાવ	૦—૮—૦	" "
બાળવાર્તા	૦—૩—૦	ઇનામ અને લાઇબ્રેરિ માટે મંજૂર.
સચિત્ર વાર્તા વિનોદ	૦—૩—૦	" "
નવીન આરોગ્ય વિજ્ઞાન	૦—૬—૦	" "

ઉપર લખેલાં પુસ્તકો કેટલાક સ્ટેટો તથા ઇનામ અને લાઇબ્રેરી માટે મંજુર થયેલ છે.

રાજકવી નથુરામકૃત તમામ પુસ્તકો મળશે
ઉષા અથવા એક સુજન જૂની વાર્તા.
કર્તા—રા. ન્હાનાલાલ દલપતરામ કવિ ૧—૪—૦

તે સિવાય દરેક જાતનાં અંગ્રેજી ગુજરાતી તથા સંસ્કૃત પુસ્તકો અને, તમામ પ્રકારની ડ્રોઈંગ બુકો તથા ડ્રોઈંગને લગતો સામાન ઘણાજ સસ્તી કિફાયત ભાવે મળી શકશે.

કિંમત રૂ. ૦-૩-૦ } **નવું દેશી નામું** { ધોરણ ૬ અને ૭ માટે
ખુડખુદીઆ અને રાણાકૃત } { ધોરણવાર બનાવેલું.

નામદાર સરકારે ટેક્સ્ટ બુક તરીકે મંજુર કર્યું છે. તદ્દન નવીન અને સરલ પદ્ધતિએ લખાયલું હોવાથી વિદ્યાર્થીઓને અત્યંત ઉપયોગી થઇ પડેલ છે.

માલીક—
ગીરજાશંકર કલ્યાણજી ઓઝા. } બુકસેલર એલ યુ માસ્તરની કું. પરા બજાર—રાજકોટ

શિક્ષકો અને વિદ્યાર્થીઓને થોડા શ્રમે ઘણું જ્ઞાન મળે એવાં પુસ્તકો.

સમેકૃત નવી ભૂમિતિનો શિક્ષક—તેમાં વ્યાખ્યાઓ રીતો, સિદ્ધાંતો અને પ્રશ્નોના '૩૪૫' આકૃતિઓ સાથે સંપૂર્ણ ખુલાસા કરવામાં આવ્યા છે. આ પુસ્તક ધોરણ છ, સાત ને વ૦ ફા૦ ના વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી છે. ટ્રેનિંગ કોલેજના પહેલા વર્ષના વિદ્યાર્થીઓને પણ ખાસ ઉપયોગી છે. કિં૦ ફક્ત ૦-૧૪-૦

હિંદનો ઇતિહાસ—વ૦ ફા૦ ના તમામ વિદ્યાર્થીઓ આ ઇતિહાસનો ઉપયોગ કરી પાસ થાય છે. તેમાં આજ સુધીના વ૦ ફા૦ પરીક્ષાના પ્રશ્નો તથા તેના ઉત્તરો આપેલા છે ધોરણ ૬ થી સાત સુધીના તમામ વિદ્યાર્થીઓને આ ઇતિહાસ અતિ પ્રિય થએલો છે કિં૦ ફક્ત ૦-૮-૬.

નીતિ સંવાદો.—નીતિનું શિક્ષણ આપી શકાય એવા સંવાદોની બુક તૈયાર છે. આ સંવાદો શાળાઓમાં નીતિપાઠો તરીકે ચલાવી શકાય તથા શાળાઓને લગતા તમામ જાતના ઉત્સવોમાં ભજવી શકાય તેવા છે કીં ૦-૨-૦

નીતિ વાચનમાળા કિંમત ૦-૫-૦ નીતિની શિખામણો, કિંમત ૦-૨-૦ અને તેવાંજ નીતિને લગતાં બાળશિક્ષણ ઉપયોગી ઇનામ લાયબ્રેરી માટે મંજુર થયેલાં પુસ્તકો અમારે ત્યાંથી મળશે.

ઉપરનાં પુસ્તકો ઉપરાંત ગુજરાતી, અંગ્રેજી ઉર્દૂ અને સંસ્કૃત શાળાઓમાં ચાલતાં તમામ પુસ્તકો, ગણિતના ખુલાસા, ગુજરાત-મુંબાઇ, હિંદુસ્તાન અને એશિઆની ભૂગોળની વીગતવાર નોટો, પ્રાથમિક શિક્ષક, ધોરણની નોટો, સ્ટેશનરી કાગળોનાં રીમ, કોરી અને ચિત્રવાળી ડ્રોઇંગ બુકો, એક્સરસાઇઝો, ડાયરીઓ, નવા ઘાટના ફેન્સી છપાવેલા મહોત પટા, અંગુઠા છાપવાની કળો વગેરે મળશે ખંત વેપારીઓ કરતાં અમારે ત્યાંથી માલ કિફાયત ભાવે મળશે, રૂા. ૨૫) ના ઓર્ડર આપનારને કમીશન ઉપરાંત સુંદર ભેટ આપવામાં આવે છે.

નીતિનું શિક્ષણ આપવા માટે ખાસ તૈયાર કરેલાં પુસ્તકો
વિદ્વાનોના ઉંચા અભિપ્રાયવાળાં

નીતિવાચનમાળા.

કર્તા—અંબાલાલ વ્રજલાલ પંડિત.

પુસ્તક ૧ લું (ઇ. લા. માટે મંજુર)	૦-૧-૬
પુસ્તક ૨ જું (,,)	૦-૨-૯
પુસ્તક ૩ જું (,, શ્રીયુત જી. ઇ. પંડ્યાની પ્રસ્તાવનાસહિત)	૦-૫-૦
પુસ્તક ૪ થું	૦-૯-૦
નીતિ સવારો (બારે ઋતુના)	૦-૨-૦

ઠેકાણું— ધી સરસ્વતી બુક ડેપો–નડિઆદ

શિક્ષકો તેમજ શિષ્યવર્ગમાં પ્રિય થઈ પડેલ

સૃષ્ટિજ્ઞાન. (ત્રીજી આવૃત્તિ)

ધોરણ ૧–૨–૩–૪–૫–૬ ની વાચનમાળાના ત્રીજા ભાગના વિદ્યાના પાઠોનું પ્રશ્નોત્તર રૂપે સંપૂર્ણ વિવેચન, પ્રે. રા. ટ્રે. કૉ. ના શિક્ષણનો લાભ મેળવેલા એ સિનિયર માસ્તરો પાસે તૈયાર કરાવેલા ઘણા ઉપયોગી અને પ્રશંસાપાત્ર થયા છે. જેની ખાતરી ટુંક સમયમાં ત્રીજી આવૃત્તિ બહાર પડી તે છે, તેમજ વ. ફા. અને પ્રાવેશિક પરીક્ષાના ઉમેદવારોની ઉપરાઉપરી માગણી થવાથી અમોએ

સૃષ્ટિજ્ઞાન યા વિદ્યાના પાઠો.

ઉપરનાજ શિક્ષકો પાસે સરળ ભાષામાં પ્રશ્નોત્તર રૂપે તૈયાર કરાવી બહાર પડ્યા છે. જેમાં સાતમી ચોપડીના વિદ્યાના પાઠોનું સંપૂર્ણ વિવેચન કરવામાં આવ્યું છે તથા પરીક્ષામાં પુછાતા સવાલોનો પણ સંગ્રહ કરવામાં આવ્યો છે, જેથી એના અભ્યાસ પછી ઉપર જણાવેલી પરીક્ષાઓમાં આ વિષયમાં નાપાસ થવાનો બીલકુલ સંભવ છેજ નહિ. વધારે પ્રશંસાની જરૂર નથી બુક મંગાવી જોવાથી ખાતરી થશે કિમત રૂ. ૪–૬ જથ્થાબંધ લેનારને સારૂં કમિશન ધોરણવાર કિમત નીચે મુજબ—

બાળોપયોગી પ્રશ્નોત્તર રૂપે સરળ સૃષ્ટિજ્ઞાન ધો. ૧ લું.	(આ ૧)	કિમત રૂ ૦–૧–૬
,, ધોરણ ૨ જું	(આ. ૩)	રૂ. ૦–૧–૦
,, ધોરણ ૩ જું	(આ. ૩)	રૂ. ૦–૨–૦
,, ધોરણ ૪ થું	(આ ૩)	રૂ ૦–૨–૦
,, ધોરણ ૫ મું	(આ. ૨)	રૂ. ૦–૨–૬
,, ધોરણ ૬ ઠું.	(આ. ૨)	રૂ. ૦–૨–૬
,, ધોરણ ૭ મું	(આ ૧)	રૂ. ૦–૪–૬
પ્રશ્નોત્તરરૂપ ભરતખંડનો સરળ ઇતિહાસ	(ધો. ૫)	રૂ. ૦–૨–૦
,, ,,	(ધો. ૬)	રૂ. ૦–૩–૦

કમિશન ટકા રૂપે આપવામાં આવશે

પત્રવ્યવહાર નીચેને સરનામે કરો–મણિલાલ મુળજીભાઈ ઉપાધ્યાય,
બુકસેલર એન્ડ પબ્લીશર, મુ. પેટલાદ (વાયા આણંદ)

તા. ક.—આ ઉપરાંત ધોરણવાર નોટો પણ અમોએ પ્રગટ કરી છે.

IST ED No . 43,

પુસ્તક ૫૯ મું.] [અંક ૯-૧૦ મો.

Gujarat School Paper.

ગુજરાત શાળાપત્ર.

સપ્ટેમ્બર-ઓકટોબર સને ૧૯૨૦.

અનુક્રમણિકા.

વિષય. પૃષ્ઠ.

૧ આમંત્રણ ૧૯૩
૨. કવિતપાઠ આપતી વખતે લક્ષમાં રાખવા યોગ્ય બાબતો ૧૯૮
૩. ગુણાકારની એક નવાઈ જેવી રીત ૨૦૦
૪. પ્રાથમિક શાળામાં આવતા વિદ્યાના પાઠોના પ્રયોગનાં સાધનોની યાદી. ૨૦૨
૫. કેળવણીખાતાની જાહેરખબરો ૨૨૧
૬ ગ્રંથાવલોકન ૨૩૯
૭. શુદ્ધિપત્ર ૨૪૦

કેળવણી ખાતાના હુકમથી.

તંત્રી અને પ્રકાશક (ઓકટોબર ૧૯૧૪ થી)
મિ. કેખુશરૂ અરદેશર બાલા, બી. એ,
પ્રિન્સિપાલ, મેલ ટ્રેનિંગ કોલેજ—અમદાવાદ

(સરકાર તરફ સ્વાધીન ગણ્યા છે).

શ્રી સત્યનારાયણ પ્રિ. પ્રેસમાં પરસોતમદાસ કાળીદાસે છાપ્યું,
ઠેકાણું: ધીકાંટા સામે પાનાભાઈની વાડીમાં—અમદાવાદ

નિશાળમાં ચાલતી સઘળી જાતની બુકો,
સ્ટેશનરી મળવાનું જાણીતું ને જુનું
ઠે. ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો
રતનપોળના નાકે—અમદાવાદ.
વી. પી. થી મોકલવામાં આવશે.

---

૧. સરળ દેશીનામાની પદ્ધતિ—ટેક્સ્ટ બુક આ. ૨૯ મી ૦—૪—૬, સરલ ગુજરાતી બાળ વ્યાકરણ-લાધુ૦ બુક, ઘણે ઠેકાણે ટેક્સ્ટ, આ. ૨૩ મી ૦—૪—૬; ૩ સરલ વ્યુત્પત્તિ જ્ઞાનપ્રકાશ (૫—૬—૭ મી ચોપડીના પાઠવાર શબ્દોના કોષ સહિત) લા. પ્રા. બુક, આ. બીજી ૦—૬—૦; ટ્રે. કો. અ. પ. ના ઉમેદવારોને ખાસ ઉપયોગી; ૪. નવું સરળ મુખગણિત (બાળવર્ગથી ધો. ૫ સુધી એકજ બુકમાં) ઘણે ઠેકાણે ટેક્સ્ટ, આ. ૯ મી. ૦—૨—૩; ગુજરાત પ્રાંતની ભુગોળ-વિદ્યા—આ. ૮ મી, ૦—૧—૩ કમિશન સારૂં મળશે. મુખ્ય એજન્ટ, અમદાવાદ, એસ. બી. શાહની કંપની, રાજકોટ, બહેચરભાઈ મેઘજી ભાવનગર, અબદુલહુસેન આદમજી. ધોરાજી, એલ. ટી વાદેર જામનગર. હેમરાજ જાદવજી. જુનાગઢ, વૃંદાવન દામોદર. મુંબઇ, એન એમ ત્રિપાઠી કચ્છ—મોરબી લાલજી શંકરલાલ ગોંડળ, રતનલાલ ટોકરશી દોશી ઇત્યાદ.

મેમચંદ કરમચંદ શાહ.
માજી એ. ઇ. ગોંડળ સ્ટેટ, મુ. કપડવણજ.

गुजरात शाळापत्र.

પુસ્તક ૫૯ મું. સપ્ટેંબર-ઓકટોબર સને ૧૯૨૦ અંક ૯-૧૦ મો.

૧ અગ્રલેખ.

(૧) હિંદુસ્તાન અને કેળવણી.

ગયા ઓગસ્ટ માસમાં મુંબાઈ યુનિવર્સિટિ તરફથી ગ્રેજ્યુએટોને ડિગ્રિએનાયત કરતી વખતે વાઇસ ચેન્સેલર સર ચીમનલાલ સેતલવાડે, ઉપલા વિષયને લગતું એક વિસ્તૃત, વિદ્વત્તાભર્યું ભાષણ આપ્યું હતું કલકત્તા યુનિવર્સિટિ કમિશન તરફથી પ્રસિદ્ધ થએલા સેડલર રિપોર્ટમાંની ઘણી અગત્યની બાબતો વિષે તેમણે ઉલ્લેખ કર્યો હતો. તે રિપોર્ટ બંગાળાની કેળવણીને લગતો હોવાથી ત્યાંની અને મુંબાઈ ઇલાકાની કેળવણીની હાલ કેવી સ્થિતિ છે તેનું સૂચન યોગ્ય હોવાથી આ સ્થળે નોંધ લઈએ છીએ.

ભાષણકર્તાના કહેવા મુજબ બંગાળામાં ૧૯૧૭ માં યુનિવર્સિટિના વિદ્યાર્થીઓની સંખ્યા ૨૬૦૦૦ ની હતી; જેમાંના ૨૨૦૦૦ બી. એ. તથા

* * *

ગ્રાહકોને વિજ્ઞપ્તિ.

ચાલુ વર્ષમાં અમારા માસિકનું વાર્ષિક લવાજમ રૂ. ૧-૩-૦ હતી ભરાવી જોતાં જણાયું છે કે છાપવાના દર વધતા જાય છે અને કાગળોની અછતને લીધે તેની કિંમત પણ અતિશય વધી છે, તેથી વર્ષ આખર આ માસિકને આર્થિક નુકશાન વેઠવાનો સંભવ છે. આથી લાચારીથી અમે અમારા માસિકનું વાર્ષિક લવાજમ તા. ૧-૧-૨૧થી રૂ. ૧-૩-૦ને બદલે રૂ ૧-૮-૦ (દોઢ રૂપીઓ) ટપાલ ખર્ચ સાથે રાખવાનું નક્કી કર્યું છે. ઉત્તર ભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબે તા. ૨૯-૯-૨૦ ના હુકમ નંબર ૮૭૫૦ થી તે વધારો કરવાની મંજુરી આપી છે. અમારા ગ્રાહકો જે મદદ આપતા આવ્યા છે તે જારી રાખશે એવી આશા છે.

તંત્રી.

ટીપઃ—નવેમ્બર ડીસેંબરનો અંક ભેગો પ્રસિદ્ધ થશે.

બી. એસ. સી. ના વર્ગોમાં ભણતા હતા. મુંબાઈ ઇલાકામાં આખુ વર્ષે કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૦૦૦ થી થોડીક વધારે છે. સંખ્યાની દૃષ્ટિએ કલકત્તા યુનિવર્સિટિને પ્રથમ સ્થાને મૂકી શકાય. કુલ ૩૬ કૉલેજો તે ઇલાકામાં આવેલી છે, જેમાંની ૧૧ એકલા કલકત્તામાંજ અને ૨૫ બીજાં સ્થળોએ છે; ઘણી કૉલેજો ખાનગી દેખરેખથી ચલાવવામાં આવે છે. કલકત્તામાં ખાનગી સાહસથી ચાલતી કૉલેજોના અધ્યાપકોનો સરાસરી પગાર માસિક રૂ. ૧૪૦) નો હોય છે. પગારો ઘણા ઓછા હોય છે, અને કમિશનનો રિપોર્ટ વાંચતાં જણાય છે કે રૂ. ૫૦, ૬૦ અને ૭૫ ના માસિક પગારોથી કેટલીક કૉલેજોમાં અધ્યાપકો કામ કરે છે. આ પગાર ઘણો ઓછો છે અને નિયમિત કે પુરેપુરો ન મળવાથી બંગાળાની કૉલેજોમાં વિદ્યાર્થીઓને સંગીન જ્ઞાન ન મળે એ સ્વાભાવિક છે.

બંગાળા ઇલાકામાં ૮૫૪ હાઈસ્કૂલો છે, જેનું પ્રમાણ બ્રિટિશ હિંદુસ્તાનની હાઈસ્કૂલોની સંખ્યાના અડધા ભાગ જેટલું છે. ટ્રેન્ડ શિક્ષકોની સંખ્યા પ્રમાણમાં ઘણી ઓછી છે, અને સરકારની દેખરેખ નીચેની ઉત્તમ હાઈસ્કૂલોમાં પગારનું પ્રમાણ રૂ. ૨૫ થી ૨૦૦ સુધીનું માસિક પડે છે. ખાનગી શાળાઓમાં તે પ્રમાણે રૂ. ૫ થી ૭૮ સુધીનું છે. છોકરા દીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૧૮ પડે છે, જ્યારે મુંબાઈ ઇલાકામાં રૂ. ૩૮ છે. કમિશન સમક્ષ એક સાક્ષીએ કહ્યું હતું કે, "બંગાળાની શાળાઓમાં અપાતી કેળવણી સોંઘી છે કેમકે તે ખરાબ છે, અને ખરાબ છે કેમકે તે સોંઘી છે." એ વાસ્તવિક છે. બંગાળાઓનો મોટો ભાગ વેપારી વૃત્તિવાળો ન હોવાથી નોકરી તરફ લક્ષ રાખે છે, અને તેથીજ ત્યાં કેળવણી લેનારની સંખ્યા ઘણી છે. સર ચીમનલાલે આગળ બોલતાં દર્શાવ્યું હતું કે આપણી કેળવણીની ખામીનું મૂળ કારણ સેડલર રિપોર્ટમાં દર્શાવ્યું છે તેજ છે. કમિશન સૂચવે છે કે કેળવણી વિશાળ અને નિશ્ચિત સ્વરૂપની જોઈએ. વ્યક્તિ પરત્વેની શક્તિઓને અનુકૂળ, તેમજ વધતી જતી રાષ્ટ્રીય માગણીઓને પણ અનુકૂળ હોવી જોઈએ. કેળવણીનો એવો અભ્યાસક્રમ નક્કી કરવો કે જેથી પ્રત્યેક માનસિક શક્તિનો વિકાસ થાય. ટુંકામાં તે બાળસ્વભાવની બાબત સાથે સંબંધ ધરાવતી જોઈએ; તેના દરેક અનુભવને સ્પર્શે, અને જીવનનો હેતુ ઉચ્ચ સ્વરૂપનો બને તે માર્ગે દોરનારી જોઈએ. ઉપરાંત ચારિત્ર સુધારનાર પણ હોવી જોઈએ. કમિશન માને છે કે હાલની

કેળવણીથી વિદ્યાર્થી ઉત્પન્ન થાય એ માલુમ નહિ. માત્ર પરીક્ષા પસાર કરાવવી એજ ઘણી શાળાઓનો હેતુ છે; હાલના જીવનની જરૂરિઆતો કે ઉદ્યોગો માટે લાયક બનાવવા તરફ લક્ષ અપાતું નથી. હાઈસ્કૂલોની કેળવણી આવી હોવાથી કૉલેજોને પણ નુકસાન પહોંચે છે. પરિણામે કૉલેજમાંથી મનુષ્યત્વ જતું રહ્યું છે અને માત્ર ભાષણો કરવાનાં સ્થળ તે બન્યાં છે. આથી કમિશન સૂચવે છે કે કૉલેજોની સ્થિતિ સુધારવા હાઈસ્કૂલો સુધારવી જોઈએ. તેને વાસ્તે કમિશન કેટલીક વ્યવહારૂ યોજનાઓ રજુ કરે છે, અને એક અગત્યની બાબત એ સૂચવે છે કે શિક્ષકો ટ્રેન્ડ-કેળવાએલા જોઈએ.

શિક્ષકો પોતાનો ધંધો ઉત્સાહથી કરે, તેને વળગી રહે, અને પોતાના કાર્ય માટે પુરતું જ્ઞાન અને લાયકાત મેળવે તેને માટે પણ સૂચનાઓ કરી છે. આમ શિક્ષકો, પરીક્ષાઓ અને શાળાઓ વિષે વિચારો દર્શાવી નવા ગ્રેજ્યુએટોને છેવટના ઉપદેશનો બોધ કરી ભાષણ સમાપ્ત કર્યું હતું. આ ભાષણ કેળવણીના વિષય પરત્વે બહુજ ઉપયોગી હતું. આધુનિક કેળવણી કેવી છે, કયા દોષો છે, તે કેવી જોઈએ અને શારદાપીઠની તેને અંગે શી ફરજો છે એ બધી વીગતોથી ભાષણ પરિપૂર્ણ હતું. કેળવણી લેનારની સંખ્યા ઘણી વધે તેના કરતાં કેળવણી યોગ્ય સ્વરૂપની અને યોગ્ય હેતુવાળી અપાય તો તે વિશેષ ફળદાયક નીવડશે એમ અમે માનીએ છીએ.

મહિલા પાઠશાળાની સ્થાપના.

અમદાવાદમાં એક મહિલા પાઠશાળા સ્થાપવાની યોજનાનું સૂચન ગયા અંકમાં અમે કર્યું છે. સર વિઠ્ઠલદાસ ઠાકરશી તરફથી મળેલી પંદર લાખ રૂપીઆની ભેટનો અમુક ભાગ પુનાની ભારતવર્ષીય શારદાપીઠના સંચાલકો પાસેથી મેળવવા અહીંની ગુજરાત કેળવણીમંડળ નામની સંસ્થા ભાગ્યશાળી નીવડી છે. આ મંડળ કેળવણીના પ્રશ્નો વિચારે છે, ચર્ચે છે અને વ્યવહારૂ રૂપમાં મૂકી પ્રયોગો પણ કરે છે; તેની શાખારૂપે એક સ્ત્રીકેળવણી મંડળ પણ છે, જે સ્ત્રીઓની કેળવણીના પ્રશ્નો સરળ કરવા પ્રયાસ કરે છે. એ મંડળ તરફથી એક "મહિલા પાઠશાળા" ખોલવાનો સમારંભ ગયા માસની આખરે આ શહેરમાં વડોદરાના દિવાન સાહેબ રા. મનુભાઈ નન્દશંકર મહેતાના પ્રમુખપણા હેઠળ થયો હતો. શહેરના સુપ્રતિષ્ઠિત ગૃહસ્થોએ તેમાં હાજરી

આપી હતી. મંગળ ગીત ગવાયા બાદ કેટલાક સહાનુભૂતિના સંદેશા વાંચી બતાવવામાં આવ્યા હતા. બાદ તે શાળાના અધિષ્ઠાત્રી સૌ. શારદા બેને ગત વર્ષનો હેવાલ તથા સ્ત્રીકેળવણીને ઉપયોગી કેટલુંક વાંચી સંભળાવ્યું હતું. સ્ત્રીકેળવણી દેશમાં પચાસ વર્ષથી દાખલ થઈ છે, તેમ છતાં તેનાં ફળ કે ભણનારની સંખ્યાના પ્રમાણમાં સંતોષકારક વધારો નજરે પડતો નથી એમ કહી જનસમાજની રૂઢિ આમાં દોષપાત્ર છે એમ ન સ્વીકારતાં કેળવણીજ આપણી પરિસ્થિતિને અનુકૂળ નથી એવું દર્શાવ્યું હતું. પુરુષો અને સ્ત્રીઓનો કાર્યપ્રદેશ ભિન્ન છે માટે કેળવણીનું સ્વરૂપ તથા તેનાં સાધનો પણ તદ્દન જુદાં જોઈએ. સ્ત્રીવર્ગને ઉપયોગી નીવડે એવું જ્ઞાન પ્રાપ્ત [illegible] નવો [illegible] કર્યા છે એમ કહી ભાષણ કર્તાએ [illegible] કે કેળવણીનો પ્રશ્ન આપણે ઉકેલવાનો છે. આ વાત અમે પણ ખરી માનીએ છીએ. સ્ત્રીકેળવણી સ્વતંત્ર દેખરેખમાં રહેવી જોઈએ. સ્ત્રીવર્ગ [illegible] લે અને પોતાની જરૂરિયાતો પોતેજ પુરી પાડે એ માર્ગે કેળવણી યોજવી જોઈએ. આ દિશામાં એક મહિલા વિદ્યાલય [illegible] અને [illegible] સ્થપાયાં છે. અહીંની શાળાની પરીક્ષામાં ત્રણ બાળાઓ ઉત્તીર્ણ થઈ છે અને તે આ પાઠશાળામાં જોડાશે. હાલ તો આ સંસ્થા પુનાની વિદ્યાપીઠ સાથે જોડેલી છે. અભ્યાસક્રમ પણ ત્યાંનો [illegible] આ કેટલીક હકીકત વર્ણવ્યા પછી સૌ. શારદા બેને દર્શાવ્યું હતું કે પોતાનું ભાવિ સ્વપ્ન આવી પાઠશાળા આ શહેરમાં સ્થપાય એવું સ્વપ્ન મૂર્ત સ્વરૂપ આજે ધારણ કરે છે એ એક અતિ હર્ષનો પ્રસંગ છે. માત્ર પાઠશાળા સ્થાપવાથી સંતોષ ન માનતાં અમે ઇચ્છીએ છીએ કે તે શાળામાં ભણનારી બાળાઓની સંખ્યા વધે, અને ભવિષ્યમાં ગુજરાત પોતાની વિદ્યાપીઠ સ્થાપી અન્ય સ્થળોએ પાઠશાળાઓ સ્થાપે એવી સ્થિતિ સત્વર પ્રાપ્ત કરે. સૌ. શારદાબેન મહિલા વિદ્યાલયનું કાર્ય [illegible] કરે છે એમ [illegible] કરવા પ્રયાસ કરશે. એમનું ભાષણ પૂરું થયા પછી કેળવણીમંડળના મંત્રીએ પણ આ પાઠશાળા કેવા સંજોગોમાં સ્થાપવાનું પ્રાપ્ત થયું છે તે દર્શાવ્યું હતું. પછી પ્રમુખ સાહેબે એક લાંબું, મનન કરવા યોગ્ય અને વિદ્વત્તાવાળું ભાષણ અંગ્રેજીમાં વાંચ્યું હતું. જાપાનમાં સ્ત્રીકેળવણીનો ફેલાવો કેવી રીતે થયો, તે તથા વડોદરા રાજ્યમાં કેળવણીનું પ્રમાણ ૫૦ ટકા છે તે વાત સૂચવી

હિંદુસ્તાનના પ્રાચીન આર્ય સમયથી શરૂ કરી અત્યાર સુધીની સ્ત્રી કેળવણીનો ઇતિહાસ આપ્યો હતો. શારીરિક નિર્બળતા શોચનીય છે એમ દર્શાવી સ્ત્રી કેળવણીની આ બાબત તરફ પણ લક્ષ આપશે એમ સૂચવી ભાષણ પુરૂં કર્યું હતું. છેવટમાં એટલુંજ કહીએ છીએ કે 'આવી પાઠશાળાની સ્થાપના અમદાવાદમાં થાય છે એ આનન્દની વાત છે. અમદાવાદનો ધનાઢ્ય તથા શિક્ષિત વર્ગ આ સંસ્થાને આશ્રય આપશે તોજ તે કાળક્રમે વૃદ્ધિ પામશે.

વિવિધ સમાચાર.

(૧) પ્રાચીન યાહુદીઓમાં કેળવણી ઘણા ઉત્તમ સ્વરૂપની અપાતી. શાળાનાં મકાનો ઉંચાઇવાળાં અને હવા ઉજાસની છૂટવાળાં રાખવામાં આવતાં. વર્ગમાં ભણનાર શિષ્યોની સંખ્યા વધારેમાં વધારે ૨૫ રાખવામાં આવતી. રમત માટે વિશાળ ખુલ્લી જગા માટે તેમજ નહાવા અને તરવાની મઝા માટે જળાશયો બંધાવવાની ફરજ સરકારની મનાતી. છોકરાં રોજ નહાય અને શરીર સ્વચ્છ રાખે એ ફરજ માતાને શિર હતી. પોતાનાં બાળકો ઘેર અધ્યયન કરે અને નિશાળમાં નિયમિત હાજરી આપે તે તરફ પિતાને લક્ષ દેવું પડતું. આવી રીતે પ્રાચીન સમયમાં યાહુદી બાળકોને કેળવણી અપાતી.

અબરખ.

આ પદાર્થનો ઉપયોગ ઘણી બાબતોમાં થાય છે. તેનો ભૂકો કલિકો (એક જાતનું કાપડ) બનાવવામાં વપરાય છે. ધોબીઓ તે ભૂકો કપડાંને ચળકાટ આપવાના કામમાં લે છે. ફાનસના કાચને બદલે અથવા કેટલીક વસ્તુઓમાં જાળીની ગરજ સારવા માટે તેનો ઉપયોગ પણ થાય છે. બારીઓના કાચ કેટલીક વખતે અતિશય ગરમી અથવા સામસામી અથડાવાથી ફુટી જાય છે, તે નુકશાન દૂર કરવા તેને બદલે અબરખ વપરાય છે. ચિત્રકામ, માટીકામ અને આરસીના કાચ પાછળ ચોઢવામાં પણ તે કામમાં લેવાય છે. હિંદમાં વૈદો તેને દવાના ઉપયોગમાં લે છે. તે કિંમતી છે, પૌષ્ટિક છે.

કલ્પિતપાઠ આપતી વખતે લક્ષમાં રાખવા યોગ્ય બાબતો.

લેખક:-બ્હેન મુક્તાગૌરી મગનજી સિનિયર સ્કોલર ટ્રેનિંગ કૉલેજ રાજકોટ.

૧ તૈયારી. ક્લાસમાં પાઠ આપતાં પહેલાં પાઠની તૈયારી કરવાની ખરેખરી જરૂર છે. તે વિના કદી પણ સારો પાઠ આપી શકાતો નથી. ખરા શિક્ષક પણ જો તૈયારી કરે તો તેમનો પાઠ ઉમદા થાય છે. શિખાઉ શિક્ષક તો તૈયારી કર્યા વિના કદી પણ રહેવું ન જોઈએ. તૈયારી વિના તેનો પાઠ તદ્દન નકામો ને નીરસ નીવડશે. છોકરાંઓને જે જ્ઞાન આપવું હોય તે કરતાં ઘણું વધારે જ્ઞાન પાઠ આપનાર શિક્ષકમાં હોય, તોજ તે પોતાના પાઠમાં અજવાળું પાડી શકે છે, અને છોકરાઓનાં ચિત્તમાં વિષયને બરાબર ઉતારી શકે છે તૈયારી કરવાથી નબળા શિક્ષકોમાં પણ પાઠ આપવાની શક્તિ આવે છે. તેમનામાં પાઠ આપવાની હિંમત વધે છે, અને તેમના પાઠનો દેખાવ પણ ઠીક થાય છે. જેમ જેમ તે વધારે તૈયારી કરતા જાય છે, તેમ તેમ તેઓનામાં પાઠ આપવાની શક્તિ વૃદ્ધિ પામે છે

૨ સાધનો પાઠમાં જોઈતાં સાધનો એકઠાં કરવાં તે પણ એક તૈયારીનો પેટા ભાગ છે. સાધનો વગર કોઈ પણ પાઠ સફળ થતો નથી. વસ્તુ સાથે જ્ઞાન આપવાથી બાળકોના અંતઃકરણમાં જે અસર થાય છે તે સદા વખત ટકી રહે છે. વસ્તુઓ, નમુના, ચિત્રો વગેરે સાહિત્યો પાઠ આપવામાં બહુજ લાભકારક થાય છે. છોકરાઓને તે જોવાં અને તપાસવાં ગમે છે. પાઠની સાથે તેઓનું મન એકાકાર કરવાને એ સાધનો ઘણાં કિંમતી થઈ પડે છે.

૩ પાઠ આપનાર શિક્ષકનો પોશાક. પોશાક સ્વચ્છ અને મોભાદાર હોવો જોઈએ, એટલે કે શિક્ષકને છાજે તેવો હોવો જોઈએ. શિક્ષકના પોશાક પરથીજ શિષ્યોમાં પણ સ્વચ્છ અને જેવો જોઈએ તેવો પોશાક પહેરવાની ટેવ પડે છે.

૪. શિક્ષકનો દેખાવ બાળકો તરફના પ્રેમભાવથી અને આનંદની સાથે ક્લાસમાં પાઠ આપવાને ઉભા રહેવું જોઈએ. બાળકો શિક્ષકને ચાહે તેવો તેનો દેખાવ હોવો જોઈએ. શિક્ષક તેનું ભલું કરનાર છે એવો ભાસ તેઓના મનમાં થવો જોઈએ. તેનો ચહેરો સહાસ્ય ને સ્વભાવ આનંદી જોઈએ.

૫. પાઠની શરૂઆત. પાઠનો પ્રારંભજ પ્રફુલ્લિત ચિત્તેથી થવો જોઈએ. જો સાવ ધીમેથી અથવા તો ઉદાસ ચહેરાથી શરૂઆત કરી હશે તો શિષ્યો પણ સાવ તેવા ઉદાસ દેખાશે. શિક્ષક તેવા શિષ્યો—જેવા શિક્ષક તેવા પોતાના શિષ્યો દેખાય છે. જો શિક્ષક આનંદી હશે તો શિષ્યો પણ તેવા દેખાશે. વળી બહુ ધીરે કાઢીને બોલવું નહિ, કારણ કે શિક્ષકે પોતાના વર્ગને સંભળાવવાની જરૂર છે, માટે તેવી ઘાટી હંમેશાં રાખવી. ઉત્સાહથી શરૂ કરેલો પાઠ ઉત્સાહથી પૂર્ણ કરવો જોઈએ. પાઠનું ફળ વખાણવા લાયક આવે તે વાત નિઃસંશય છે.

૬. શિક્ષકની દૃષ્ટિ. શિક્ષકની નજર તમામ શિષ્યો પર પડે એવી હોવી જોઈએ. દરેક શિષ્ય એમ જાણે કે મારા પર શિક્ષકની નજર છે. આપણામાં કાકદૃષ્ટિની સ્તુતિ કરેલી છે. શિક્ષકની દૃષ્ટિ પણ તેવી હોવી જોઈએ. પાટીઆનો ઉપયોગ કરતી વખતે દરેક શિષ્યપર ધ્યાન આપવું જોઈએ. એક શિષ્ય સાથે વાત કરતા હોઈએ ત્યારે તેના પર ધ્યાન હોય અને બીજા શિષ્યો ગમે તેમ કરે તોપણ તે તરફ ધ્યાન ન હોય એમ ન જોઈએ. શિક્ષકમાં દૃષ્ટિની ચંચળાઈ અવશ્ય હોવી જોઈએ.

૭. પ્રશ્ન પૂછવાની ચતુરાઈ. શિષ્યોને પ્રશ્ન પૂછતી વખતે પ્રશ્નો સાવ ચોખ્ખા અને સ્પષ્ટ બોલવા. વળી દ્વિઅર્થી પ્રશ્નો પૂછવા ન જોઈએ. શિક્ષકમાં સચક રીતે પ્રશ્ન પૂછવાની શક્તિ હોવી જોઈએ. વળી પ્રશ્નો પૂછતી વખતે વાક્યો શિષ્યોની ઉમર અને જ્ઞાન પ્રમાણે વાપરવાં. બાળવર્ગના શિષ્યો હોય તો મોટાં મોટાં વાક્યો વાપરી પ્રશ્ન પૂછવાથી કદી લાભ થવાનો નથી. વળી પ્રશ્નો એકદમ ઉતાવળથી ન બોલી જવા જોઈએ. આમ કરવાથી શિષ્યો કંઈ સમજ્યા નહિ હોય તેથી તેનો જવાબ શિક્ષકને મળી શકવાનો નથી. પ્રશ્નો નંબરવાર નહિ પણ ગમે તે નંબરને પૂછવા. એટલુંજ નહિ પણ નબળા શિષ્યોને વધારે પૂછવા. આથી બાળકોનું ધ્યાન ખેંચી શકાય છે, અને પાઠમાં કાયમ રખાવી શકાય છે.

૮ પાટિઆનો ઉપયોગ; સારા શિક્ષકો હંમેશાં પાટિઆનો ઉપયોગ કરે છે. મુદ્દાની વાતો પાટિઆમાં લખવીજ જોઈએ. ગણિતના દાખલા પાટિઆમાં ગણાવ્યા વગર કોઈ દિવસ શિષ્યોને આવડતા નથી. દરેકે દરેક વિષયમાં પાટીઆનો ઓછોવત્તો ઉપયોગ કરી શકાય છેજ. પાટિઆના ઉપયોગથી

શિષ્યોને શીખવાના વિષયો આંખ આગળ તરી રહે છે, અને તેમનાથી તે ભુલાતા નથી. પાટિઆમાં જે લખાવું લખવું તે સ્પષ્ટ અને ચોખા મોટા અક્ષરથી લખેલું હોવું જોઈએ.

૯ રસ. મોટા માણસો પણ જે બાબતમાં પોતાને રસ પડે છે, તેમાં ધ્યાન આપે છે, તો પછી નાના બાળકોને પાઠમાં રસ ન પડે તો કદી તેમનું ધ્યાન પાઠમાં રહેવું નથી અને ધ્યાન પાઠમાં ન રહે તો તે પાઠ નિષ્ફળ જાય છે. પાઠમાં ખાસ રસ લાવવાની શિક્ષકને અગત્ય છે. રસિક શિક્ષક હમેશાં પોતાના પાઠને રસમય બનાવે છે રસ ઉત્પન્ન થવાથી શિક્ષકનું કામ ઘણે અંશે સફળ થએલું સમજવું.

ગુણાકારની એક નવાઈ જેવી રીત.

લેખક—રા બી. કે. પટવા બી. એ. અમદાવાદ

બે રકમનો ગુણાકાર કરવો હોય તો તે બેમાંની એકને બે એ ભાગો, અને જે જવાબ આવે તે નીચે મૂકો જો શેષ એક વધે તો શેષ હિસાબમાં નહિ ગણતાં ફક્ત ભાગાકારજ લખવો. એજ મુજબ આવેલા જવાબને પાછા બે વડે ભાગી નીચે મૂકતા જાઓ આ પ્રમાણે છેવટે ૧ આવે ત્યાં સુધી કરો પછી બીજી રકમ હોય તેને બેએ ગુણો, અને પહેલી રકમના જવાબની સામે લખતા જાઓ. એ પ્રમાણે દરેક પહેલી રકમના જવાબ સામે બીજી રકમના જવાબ લખતા જાઓ. પછી પહેલી રકમમાં બેકી રકમો હોય તેની સામેની બીજી રકમના જવાબો છેકી નાખો અને બાકી રહેલી રકમોનો સરવાળો કરો એટલે જવાબ આવશે.

આ રીતમાં ફક્ત બેએ ગુણતાં અને ભાગતાં આવડવું જોઈએ. વધુ. આંક કે આવડતની જરૂર નથી.

રીતનો ખુલાસો

(૧) ૪૬ × ૬૪

૬૪ × ૨=૧૨૮
૬૪ × ૪=૨૫૬
૬૪ × ૮=૫૧૨
૬૪ × ૩૨=૨૦૪૮
૬૪ × ૪૬=૨૯૪૪

(૨) ૨૭×૩૫

૩૫ = ૩૫ × ૧
૭૦ = ૩૫ × ૨
૨૮૦ = ૩૫ × ૮
૫૬૦ = ૩૫ ×૧૬
૯૪૫ = ૩૫ ×૨૭

શાળાપત્રના જૂન જુલાઈના અંકમાં સુધારો.

પાનું ૧૪૮ ૧

બીજો દાખલો.

ચોથી લીટી ૨: ૩,૧૦
પાંચમી લીટી ૬×૩×૩×૧૦=૫૪૦ } જવાબ જોઈએ

વાચનમાળામાં આવતા વિજ્ઞાના પાઠોના પ્રયોગના સાધનોની યાદી નં. ૪.

વાચનમાળા પુસ્તકોનો નંબર તથા પાઠ		શી હકીકત સાબીત કરે છે?	પ્રયોગનો ક્રમ	અંગ્રેજી દુકાનો અથવા નડિયાદ શિક્ષણ સાહિત્યકાર્યાલય મારફત મળતાં સાહિત્યો, તેમજ જાતે બનાવી શકાય તેવાં, અગર સ્થળ પરત્વે તૈયાર કરેલાં	અંગ્રેજી દુકાનોએથી અગર નડિયાદથી ખરીદ કરવાની વસ્તુઓની કિંમત.	જાતે બનાવી શકાય તેવાં અગર સ્થાનિક સાધનોથી બનાવી શકાય તેવાની કિંમત	સૂચના.
પુસ્તકનો નં	પાઠનો નંબર						
				રસાયન.	રૂ. આ. પા.	રૂ. આ. પા.	
૫	૭૮	ક્ષાર ગેસ તૈયાર કરવાની રીત.	૧	નં ૪ તથા ૪ અ વાળા પ્રયોગમાં દર્શાવેલું કોઈ પણ સાહિત્ય વાપરવું.			
૧	૫૪	કાર્બોનિક ઍસિડ ગૅસની બનાવટ.	૨	ફ્લાસ્ક-મુખવાળી, નાળચાવાળી કાચની નળી.			
૭	૬૩	,, ,, ,,	૨ અ	ફ્લાસ્કને બદલે મુખવાળી કાચની શીશી ચાલશે.			
			૨. બ.	એક માટીની ઝારીમાં ચાક નાખી નાળચા સાથે હુકાની ગુંચળાવાળી નળી અથવા રબરની નળી જોડી દઈ મોં બંધ કરી દેવતામાં તપાવવી.			
૬	૭૭	મીણબત્તી બળે છે ત્યારે મીણનો નાશ થતો નથી, પણ સીઓ૨ તથા એચ૨ ઓ બને છે.	૩	મોળા કાચની શીશી, મીણબત્તી, અને તેની પકડ, પ્યાલો, ચૂનાજળ.			

		ચૂર્ણજળની બનાવટ	૩	ગરણીના કાગળ, કળીચૂનો, કળીચુના ઉપર પાણી રેડો, અને ચાર કલાક સુધી વાસણ બંધ કરી રાખો. પછી નીતર્યું પાણી લઈ તેને ગરણીથી ગાળી નાખો			
૬	૯૪	ઓક્સિજનની બનાવટ.	૪	સોડાના પતરાની રિકાબી, પાણી ભરવાનું વાસણ.	બીજી ચીજો માટે સામાન્ય વપરાશની ચીજોનું પાનું જુઓ. ૬ ૫) ૪)		
			૪ અ.	માટીની ઝારી. તેનું મો માટીથી બીડી દેવું, સાંધા ઉપર માટી ચોપડી દેવી. નળીને બદલે દિવેલીના પાંદડાનું ડીટું ચાલશે પાણીના વાસણ (ન્યુમેટિક ટ્રફ) માટે કોઈ પણ મોટું વાસણ પાણી ભરવા માટે લેવું.			
૭	૮૬	રસાયનની સંયોગથી ગરમી ઉત્પન્ન થાય છે, કોઈક વખત ગરમી તથા પ્રકાશ બન્ને.	૫	કળીચુનો, પાણી, ટેસ્ટટ્યૂબ (કસોટીની નળી) લોખંડનો વ્હેર, તાંબાની જાળ, ગંધક, ટેસ્ટટ્યુબની (કસોટીની નળીની) પકડ, મધાઈ દીવો. લોખંડના વ્હેર કરતાં લોખંડનો બારીક ભુકો ઠીક કામ કરે છે.	૦–૨–૦		
૭	૯૦	એસિડ, એલ્કલી અને ક્ષાર.		સુરાખારનો તેજાબ નવટાંક, (૨ ઔંસ), કોસ્ટિક પોટાશ,			

			લીટમસ કાગળ, મુરેખાર, કળીચુનો, લિકર એમોનિઆ, ત્રણ કાચના પ્યાલા. વાદળી લીટમસ રગ ધોળો સાહીચૂસ કાગળ, (ધોળા માહીચૂસ કાગળની કા લીઓ કરી તેને વાદળી લીટમસ રગનું પાણી કરી તેમાં બોળવી અને સુકવવી. આ વાદળી લીટમસ કાગળ તરીકે ચાલશે) આ વાદળી કાપલીઓને કોઈ પણ એસિડની વરાળમાં ધરવાથી અથવા તેના પાણી ભેળવી નબળા બનાવેલા મિશ્રણમાં બોળવાથી લાલ રંગની બનશે. લીંબુ, આંબલી (કોકમ), દાડમનો રસ, તથા દહી, છાશ, સોડા કાર્બોનેટ, કાચાં ખાટાં ફળ અને કળીચૂના, આ બધાં એસિડ ને એલ્કલીનાં ઉદાહરણ તરીકે વાપરી શકાશે. મોગરીની કચૂમબ, ઉપર લીંબુના રસની અસર પણ બતાવાશે.	૧-૮-૦	

			અજવાળી બાજુમાં આરસીના [illegible] એક નાનો [illegible] જોઈએ. સ્પર્શ ૧ આકાર બાજુમાં [illegible] સહેજે આવે ધિરો પાસે, અને મધ્યથી દરેક બાજુએ ન્હી જુદી જાડી પટી આંકેલા લેખા		૦-૪-૫
૬ ૮૯ ૭ ૮૪	વક્રીભવન. ગ્ર.	૨ ફ.	સમાન્તર આરસા (નોરિસમાં મળે છે તે)	૧-૮-૦	
		—	નળાકાર આરસા (નોરિસ)	૨-૦-૦	
		૩	વક્રીભવનનું યંત્ર (નોરિસ)	૧-૦-૦	
		૩ જો.	સાધારણ [illegible] પાસાદાર કાચ		૦-૨-૦
		૩ સ.	[illegible] બહિર્ગોળ અને અંતર્ગોળ ટુકડાએ	૪-૦-૦	
		૦ શી.	સમપાર્શ્વ કાચ (નોરિસ)	૧-૪-૦	
		૩ સુ.	દૂરબીન (નોરિસ)	૨-૮-૦	
			પ્રકાશ અને રંગ		
૧ ૪૯ ૨ ૫૯	મિશ્રરંગની બનાવટ.		મોટી લાકડીઓ નંગ ૪ પોચા બાજુની ત્રણ મૂળ રંગના [illegible] ત્રણ કાગળે [illegible]		૧-૧૦-૦
		૧	એક લાકડી સાત ભાગે [illegible] કાગળની [illegible] ના [illegible] રંગ બનશે (જુઓ [illegible])		
		૨	ધોળો [illegible] ને [illegible] કાગળ [illegible] લીલું તો [illegible] રંગ બનશે.		

				મૂકવાનું ખાનું ફેરવવું. આ પ્રયોગમાં જોઇતી ધાડાઈવાળા રંગના કાચ મળી શકતા નથી તેથી આ પ્રયોગમાં નિષ્ફળ થવાય છે.		
				હાઈડ્રોસ્ટેટિક્સ (જળચલન)		
૫	૭૯	પાણી જેટલી ઉંચાઈ-થી આવે છે તેટલીજ ઉંચાઈએ ચઢે છે,	૧	પિત્તળની કિનારીવાળો કાચનો ફુવારો.	૨-૦-૦	
		” ”	૧ અ.	બાજુમાં ભુંગળીવાળો પતરાનો ડબ્બો રબરની નળી, ચાંચવાળી કાચની સળી.	/	૦-૮-૦
		” ”	૧ ધ.	માટીની પૂતળી. પાટણમાં વેચાય છે તે એક બીને માથે બેડાં મૂકેલાં હોય છે તે આકારની.		૦-૬-૦
		” ”	૧ ફ.	ફુવારો ન ૧ નો (નાદિલ)	૧-૪-૦	
૫	૭૯	હવાના દબાણથી ઉડતો ફુવારો.	૨	ફુવારો ન ૨ (નાદિલ)	૨-૦-૦	
”	”	હવાનું દબાણ બતાવનાર ચંબુ.	૨ અ.	હવાના દબાણનો ચંબુ (નદિલ)	૦-૮-૦	
”	”	” ”	૨ વ.	પાટણમાં વેચાય છે તે માટીનો ચંબુ.		૦-૨-૦
”	”	જળ ચકી	૩	જળચકી. (નાદિલ.)	૧-૪-૦	

		ફળ થઈ છે.		[illegible]	૪-૦-૦	
″	″	″ ″	૪ અ.	પાસતેલ કાઢવાનો લોઢાના પતરાનો પપ.		૦-૪-૦
″	″	આગ હોલવવાના બંબાની રચના, દબાણુંબાજુ બતાવવા ગેરે પાણી આપેલા દબાણથી ઝ્યું ચડે કે પ્રવાહીની સરખા મપાટી બતાવવી.	૫	આગેના જોરથી પ્રવાહીને ઉંચે ચઢાવવાનો નમુનો	૭-૦-૦	
૭	૭૮		૬	૨ ઘાકનું સપાટીદર્શક યંત્ર (નારોલ.)	૧-૦-૦	
″	″	″ ″	૬ અ.	લાકડાની પેટીમાં જડેલી ને બંધ કરેલી નાની કસોટીની નળી.		૦-૬-૦
″	″	પ્રવાહીનું દબાણ સપાટીના પ્રમાણમાં થાય છે	૭	બે રબરની દડીઓ લેવી. એકમાં એક કાણું અને બીજીમાં જુદા જુદા કદના ઘણા સ્હાર પાડવા.		૦-૮-૦
″	″	″ ″	૭ અ.	આકાર જળસોચયંત્રનો નમુનો.	૪-૮-૦	
″	″	સાઈફન (બકનળી)	૮	એક છેડે વાળેલી લાંબા ટુંકા છેડાની ૨૦ ઇંચની કાચની નળી.	૦-૬-૦	
″	″	″ ″	૮ અ.	બક નળી. સાધારણ કાચની નળીને મશાલના દીવા ઉપર તપાવી ધીમે ધીમે વાળવી. રબરની નળીથી પણ આ કામ થઈ શકશે, એરંડા અથવા પપૈઆના પાંદડાનું ડીટું પણ કામમાં આવશે.		
″	″	વાસુદેવ પ્યાલો.	૮ બ.	માટીના હાથીનો નમુનો. પાટણમાં વેચાય છે તે.		૦-૨-૦

				ફિલિપ્સની ગેનીકન નામની ચોપડી આડું અને ઉભું કાપેલું મગજ.	૫-૦-૦ ૧૮- -૦		
				યંત્રશાસ્ત્ર.			
૩	૭૨	ઉચ્ચાલનનો નિયમ સાબીત કરે છે	૧	ત્રાજવું (દાંડી, નાના હુક, ચહાના કપ્પાના ટાંકણાનાં બનાવેલાં પલ્લાં.)		૮-૪-૦	કિંમત બારે.
૫ ૬	૭૭ ૭૮ ૭૯ ૮૦	જુદી જુદી યાંત્રિક શક્તિઓ કામ કરે છે.	૧ અ	વજન યાંત્રિકશક્તિઓનો એક જથો. જેમાં બધી જાતનાં સાધનો હોય છે. (નાદિલ.)	૧૨-૬-૦		કિંમત બારે.
"	"	" "	૧ વ.	છુટી છુટી યાંત્રિક શક્તિઓ.		૧-૮-૦	
				લોહચુંબકાકર્ષણ.			
૬	૮૩			લોહચુંબકના ગુણવાળો પથરો.	૩-૮-૦		
				લોહચુંબકનો સળીઓ.	૨-૪-૦		
				લોહચુંબકની સોય.	૧-૮-૦		
				હોકાયંત્ર.	૧-૮-૦		
				ઉપલા બધાની ગરજ એક વધારે શક્તિવાળા મોટા લોહચુંબકથી સરશે.	૨-૧-૦		

૨	નાળચાવાળી નળીઓ કાચની	૧-૮-૦
૬	નાના મોટા માપના કાચના પ્યાલા.	૦-૬-૦
૬	સાધારણ કાચની શીશીઓ	૦-૧૨-૦
૧	પાણીની ગીંડી, નાની એનેમલ્ડ.	૦-૧૦-૦
	ચાક ૧ પૌંડ, (૦-૧-૦) પોટેશિયમ ક્લોરેટ ાા શેર (રૂ ૨-૦-૦) મેંગેનીઝ ડાયૉક્સાઈડ ાા શેર. (૦-૬-૦) ગાડીના કોલસા શેર ૫ (૦-૩-૦), કળીચુનાના કકડા (૦-૦-૬) પોટાશ બાઈકાર્બોનેટ શેર ાા (૧-૧૨-૦)	૪-૬-૦

ટીપ

ગુજરાતી વાંચનમાળા પુસ્તક ૪,૫,૬, અને તેમાંના વિજ્ઞાનનાં પાઠોને સમજાવવાના વર્ગના પ્રયોગોના અભ્યાસ માટે, તેમજ તેની સાથે મળતા ઘરગતુ ખાસ પ્રયોગો જે વસ્તુઓ સાથે [illegible] ને સામાન્ય વપરાશની ચીજો, એ બંને ચીજોની યાદી છેડે આપેલી છે. [illegible] આસનમાં જે વસ્તુઓ માટે કિમતી રકમો લખ્યા હોય તે મંગાવવી નહિ.

મ. એ. ક. સાહેબના તા. ૧૪-૪-૨૦ ના હુકમ નં. ૭૫૨૬.

જૂન ગુજરાતીનો	પૃ૦	અશુદ્ધ	શુદ્ધ
અંક	૧૬૩	વ્યકટેશ	વખતસીંગ.
		દાદાભાના	દાદાભાવા.

હાથે બનાવી શકાય અથવા દેશી બનાવટમાં તૈયાર મળી શકે તેવી વસ્તુઓની યાદી. આ યાદીના ત્રીજા આસનમાં આપેલા આંકડા માટે યાદી નં. અ નું ચોથું આસન જોઈ લેવુ.

વાચનમાળાનું પુસ્તક તથા પાઠ.	શાને વિષે છે?	યાદી અ માં આપેલા મુજબ પ્રયોગનો નંબર.	પ્રયોગનું વર્ણન.
૧લી ૪૪મો.	ઓક્સિજન તૈયાર કરવા વિષે.	૪ અ	રસાયન. નાળચાવાળું માટીનું વાસણ (ઝારી) લો. તેની અંદર ફસીલ ઓ ૩ અને મનઓ ૨ નું મિશ્રણ નાખી મોં ઉપર લાકડીનો દાટો મુસલમાન લોકો વાપરે છે તેની હોકાને લગાડવાની નળી સરખી તેવી નળીનો એક છેડો નાળચાની અંદર બેસાડો. ઝારીનું મોં અને નળીનો ઝારીમાં નાખેલા છેડાને નીચેના મિશ્રણ વડે બાંધી લો. દેશી પ્લાસ્ટર નં. ૧ { ચીકણી પીળી માટી. ૨ ભાગ. ઘોડાનો લીંડો. ॥ ભાગ. ખડી ૧ ભાગ. ચીકું. ½ ભાગ.

			લેપ બન છ ત વડ બાડી લો એક કલાક તેને સુકાવા દઈ વાસણને દેવતામાં મૂકો ન્યુમેટિક ટ્રફને બદલે આ યાદીમાં બતાવેલી ગીંડી (કુંડી કે તપેલું) ચાલશે.
૫ મી ૭૮.	કોલ ગેસ તૈયાર કરવા માટે.	૧	ઓક્સિજન માટે ઉપર બતાવેલી રીતે આને તૈયાર કરો. વાસણમાં કોલસાનો ભુકો નાખો. જેમાં તેલી ભાગ વધારે હોય તેવા ગાડીના કોલસામાંથી કોલ ગેસ વધારે નીકળે છે.
૬ ઠ્ઠી. ૫૪ ૭ મી ૯૩	કાર્બોનિક એસિડ ગેસ બનાવવાની રીત.	૨ ય.	એક માટીની ઝારીમાં ॥ શેર ચાકનો ભુકો નાખવો. મો ઉપર એક ડોટીઉં દાટો, અને નાળચામાં વાળી શકાય તેવી ઠોકાની નળી, અથવા રબરની નળી ખોસો. ઝારીનું મો અને નાળચુ બન્ને જગાએ હવાને રોકવા નં. ૧ નો લેપ લગાડી દો, અને નળીનો બીજો છેડો થોડુંક ચૂર્ણજળ નાખેલી કાચની ધોળી શીશીમાં પાણીમાં બુડે તેમ મૂકો.
૬ ઠ્ઠી. ૮૭મો	ચૂર્ણજળની બનાવટ.		કળીચુનાનો ગાંગડો પાણી ભરેલા વાસણમાં નાખી ॥ કલાક સુધી રહેવા દો. પછી એક વખત બધું પાણી ઉડાળી નાખી ચાર પાંચ કલાક સુધી વાસણને ઢાંકી રાખો. ત્યાર બાદ નીતર્યું પાણી કાંઈ કાગળની ગરણીએ ગળીને બુચવાળા શીશામાં ભરી રાખવું.

ફી.૯૦મો.	વીજળી ઉત્પન્ન કરવા માટે.	• ૧
„	„	૧ સ

ચોપડીના આકારમાં બાંધો. લીટમસ નામે રંગના ગાંગડા તૈયાર વેચાય છે તેને પાણીમાં ઓગાળી જાડું મિશ્રણ બનાવો. તેમાં ધોળા કાગળની એક નાની ચોપડીને અર્ધો કલાક સુધી બોળી રાખી પછી તડકે સુકવો. આ ચોપડી વાદળી લીટમસ કાગળ તરીકે ખપમાં આવે. આવી કેટલીક ચોપડીઓ તૈયાર કરી રાખવી. આવી એક વાદળી લીટમસ કાગળની ચોપડીને ગંધકના કે સુરોખારના જળમિશ્ર તેજાબમાં અથવા લીંબુના રસના પાણીમાં બોળી કાઢો વાદળીને બદલે રાતો રંગ થઈ જશે આ ચોપડી રાતા લીટમસ કાગળ તરીકે વપરાશે.

◆

વીજળી.

સમળીના પીછાં ભેગાં કરી તડકામાં સુકવો, ગમે તે પક્ષીનું પીછું પણ ચાલશે. કાગળની ઝીણી કરચો કરી તડકામાં સુકવો. સુકાં પીછાંને માથાના વાળ સાથે ખુબ ઘસીને કટકાથી થોડે ઉંચે ધરો. કાગળના કટકા ઉડી ઉડીને એટલે [illegible] તેને વળગશે અને પાછા પડશે.

ધોળા કાચના સળીઆને અથવા લાખી કાચની શીશીને

			તડકે તપાવી સફેદ ગજીઆણીના સુકા કડકા ઉપર અથવા તો પણ સુકા રેશમી કડકા ઉપર ઘસવાથી હાથ ઉપર 'પોઝીટીવ વીજળી ઉત્પન્ન થએલી દેખાશે. તેજ પ્રમાણે લાખના સળીઆને સુકા ઊનના કડકા ઉપર ઘસવાથી લાખ ઉપર નેગેટીવ વિદ્યુત ઉત્પન્ન થએલી માલમ પડશે. બાજરી અથવા જન'ના જાડા સુકા સાંઠાના ગલના કડકાને ગોળ ઘસીને "પીથબોલ્સ" તરીકે વાપરવા.
ઊમી ૮૫.	વીજળી ઉત્પન્ન કરવા માટે.	૨ અ.	મોરથુથાની બેટરી નીચેની રીતે હાથે બનાવી શકાય. તેને માર બહારનું વાસણ ચીનાઈ માટીનુ, જસત અને તાંબાના ગોળ કડકા, લાકડાનો વ્હેર, તાંબાનો જાડો સળીઓ અને વાળા, આટલા સાધનો જોઈશે. ચીનાઈ વાસણને તળીએ તાંબાનો ગોળ કડકો મૂકો. તેના ઉપર મોરથુથાનો ભુકો પાથરો તેના ઉપર ગોળ શાહીચૂસ કાગળ મૂકો, પછી તે વાસણને કાનાથી ત્રણ ઈંચ નીચેના ભાગ સુધી લાકડાના વ્હેરથી ભરો. તેના ઉપર જસતનો ગોળ કડકો મૂકો. છેક નીચેના ત્રાંબાના કડકાની સાથે પ્રથમથી તાંબાનો સળીઓ એક બાજુએ જડી લો. તે સળીઆનો બીજો છેડો વાસણના કાના સુધી બહાર રહે એટલો લાંબો રાખો. પછી તે આખા વાસણને પાણીથી ભરી કાઢો. ૧૪ દિવસ કે તેમાં વીજળી ઉત્પન્ન થતી માલમ પડશે. પણ જો જલદી ઉત્પન્ન કરવી હોય તો ગંધકનો થોડો તેજાબ પાણીમાં ઉમેરવો.

૪થી ૭પમો.	ઘન પદાર્થો ગરમીથી ફુલે છે.	૧ અ	**ઉષ્ણતા.** લોટાના કે ત્રાંબાના બે ફુટ લાંબા, ¼ ઇંચ જાડા સળીઆને દેવતામાં લાલચોળ તપાવવાથી તરતજ તપાસતાં લંબાઈમાં ¼ ઇંચ વધેલો જણાશે.
”	પ્રવાહી પદાર્થો ગરમીથી ફુલે છે.	૨.	પાણીથી અધી ભરેલી કસોટીની નળીને મદ્યાર્કના દીવા ઉપર તપાવવાથી બે મિનિટ જેટલા વખતમાં પાણીનું કદ વધેલું જણાશે.
”	”	૨ આ.	કોઇ પણ ઉષ્ણતામાપક યંત્રને તડકામાં મુકવાથી પારો ચડતો માલમ પડશે.
૪થી ૭પમો ૭ મી. ૮૧	ગરમીથી વાયુરૂપ પદાર્થો ફુલે છે.	૩ અ	કોઇ પણ પ્રાણીની જિહીની એક કોથળી બનાવવી. આનો ¼ ભાગ જેટલો ભાગ હવાથી ભરો, અને પછી તેનું મો દોરીવતી સખત બાંધી દેવું.
”	”	૩ આ.	મેળામાં છોકરાઓને માટે વેચાય છે તેવા રબરના ફુગ્ગાને ઉપરની માફક ભરીને તૈયાર કરવાથી એજ પ્રયોગ કરી બતાવાશે.
૧લી ૧૭મો.	પ્રકાશ સીધી લીટીમાં જાય છે.	૧ અ.	**પ્રકાશ.** નવ ઇંચ લાંબી, એક ઇંચ પહોળી અને એક ઇંચ જાડી લાકડાની એક પટી લો. તેની મધ્યમાં એક સીધી લીટી પેન્સીલ

			વતી રેશે. લાકડાની પહોળાઇમાં ત્રણુ ત્રણુ ઈંચને છેટે અર્ધો ઈંચ ઉંડી ચાર ખોભણો પાડો ચાર સરખા કદના કાગળના પત્તા લઈ તેમાંના ત્રણુમાં મધ્ય ભાગે ટાંકણીતી ઝીણા સ્હાર પાડો. બધા પત્તાને ખોભણુમાં ગોઠવો. વગર સ્હારેલાને છેલ્લી ખોભણુમાં મૂકો. પહેલા સ્હારમાંથી વચલા બેની આરપાર છેલ્લા પત્તાનો રંગ જુઓ. ત્રણ્યના રગ કરતાં ચોથું પત્ત જુદા રગનું રાખવુ. તે જુદો રંગ પહેલા સ્હારમાંથી આરપાર દેખાશે.
[illegible] ૮૮મો.	પરાવર્તન પતન અને પરાવર્તન ખુણા સમાન થાય છે તે બતાવવાને માટે.	૨ બ.	અર્ધવર્તુલ આકારની કાર્ડબોર્ડની પેટી બનાવો વ્યાસની બાજુના મધ્યમાં આરસીના કાચનો એક નાનો કકડો ગોઠવો. અર્ધ વતુલ બાજુના મધ્યબિન્દુથી સરખે અન્તરે બન્ને બાજુએ કાણાં સ્હારો મધ્યમાંથી શરૂ કરી બન્ને બાજુએ જુદા જુદા રગની શાહીથી કાણાંની અંદરની અને બહારની બન્ને બાજુએ નંબર લખો એક નંબરના કાળા કાણામાંથી આરસામાં જોતાં તેની અંદર રાતા રગનો એક નંબર વંચાશે. આથી સાબીત થાય છે કે બન્ને ખુણા સમાન છે.
૨૭. ૫૯મો.	મિશ્ર રંગોની બનાવટ.	૧, ૨, ૩.	પ્રકાશ અને રગ મધ્યમ કદની ત્રણુ લાકડાની ભમરડીઓ લો. તેમાંની દરેક ઉપર બે જુદા જુદા રંગના કાગળો ચોડી ફેરવતાં (૧) રાતો અને પીળો રગ નારંગી દેખાશે (૨) રાતો અને વાદળી જાંબુડીઓ દેખાશે અને (૩) પીળો અને વાદળી લીલો દેખાશે,

૬ઠી ૮૪મો.	બધા મૂળ રંગના મિશ્રણથી બનતો રંગ	૫.	(૪) લાલ, પીળો, અને વાદળી ગતિમાં હોય ત્યારે રાખોડી ધોળો રંગ દેખાડે છે.
„	„	૬ અ.	ઉપલા એક, બે, ત્રણ પ્રયોગમાં વપરાએલા મૂળ રંગોના કાચ લાવો. એક બીજાને સાથે જોડી અંદરથી જોતાં ઉપરની માફક (૧,૨,૩ માં લખ્યા મુજબ) દેખાશે. પણ ત્રણે જુદા જુદા કાચને ભેગા કરી આરપાર જોવાથી કાળો રંગ દેખાશે. કારણકે નં. ૪ ની વીગત પ્રમાણે તે ગતિમાં નથી.
૭ મી ૮૪.	પૂરવણી રંગ.	૭	એક સાધારણ ફાનસ બનાવો તેની ત્રણ બાજુએ ટીનનું પતરૂ જડી લો. ચોથી બાજુમાં એકી વખતે બે કાચ દાખલ કરી શકાય એવી બે ખોબણો કરાવો. મધ્યમાં મીણબત્તી મૂકવાનું ખાનું જડાવો. અંધારામાં એનો પ્રયોગ કરી જુઓ. ટીપ.—આ પ્રયોગોમાં કાચના રંગોનું ઓછું વત્તું ઘેરાપણું હોય ત્યારેજ પ્રયોગ થઈ શકે, પણ તેવા કાચ મેળવવાની મુશ્કેલી હોવાથી પ્રયોગ થઈ શકતો નથી.

હાઈડ્રોસ્ટેટિક્સ—જળચલન વિદ્યા.

૫મી ૭૯	ફુઆરો.	૧ અ.	બાજુમાં ભુંગળીવાળો એક નાનો પતરાનો ડબ્બો બનાવી તેમાં પાણી ભરો. તેમાં બાજુની ભુંગળીમાં રબરની નળી ખોસો. રબરની નળીને બીજે છેડે અણીવાળી કાચની નળીઓ અથવા

ભુંગળી ખેંચો ઠઓ આર પાંચ ફુટ ઊંચે મૂકશે.

,,	,,	૨ આ.	બાટલામાં પૂતળીના આકારનું માટીનું એક રમકડું વેચાય છે. પૂતળીને માથે બે પોલાં વાસણ હોય છે. અને તેના પગ આગળ ચીપીઆ પેરે વાળી નળી હોય છે. એકામાં એકદમ રેડેલું પાણી નીચેની નળીમાથી ઉંચું ઉડેછે.
પગી ૭૯	જાદુઈ કારક. (સંચુ) હતાનુ ક્યાળ	૨ આ.	બાટલામાં એક માટીનો ચંબુ વેચાય છે તેને એક કાણું હોય છે, તે બંધ કરી ઉંધો વાળવા છતાં પાણી ઢોળાતું નથી.
પગી ૮૧	જળજોગો—નોટરંપ	૪ આ.	ઘાસતેલના ડબ્બામાંથી કેરોસીન તેલ કાઢવાનો પંપનો નમુનો
છમી ૭૮	પાણી સપાટીના પ્રમાણમાં ક્યાળ કરેછે.	૭.	રબરની બે દડીઓ લઈ એકમાં એક કાણું અને બીજીમાં જુદા જુદા કદના ઘણાં કાણાં પાડો. રબરના દડાને પાણીની અંદર લઈ જઈ દાબીને મુકી દેવાથી તેમાં પાણી ભરાશે. પછી તેને બહાર કાઢી દાબવાથી જુદા જુદા બ્હેની સપાટીના પ્રમાણમાં પાણીની ધારા બહાર આવે છે.
,,	સાઈફન. (એક નળી	૮ આ.	આશરે વીસ ઈંચ લાંબી કાચની નળીને એક છેડેથી ૭ ઈંચને છેટે મશાલના દીવા ઉપર ધરો. કાચ ઓગળે ત્યારે કુંકા ઉપને [illegible] કાટખૂણા જેટલે વાળો. આ એક નળીનું કામ કરશે.

			રબરની નળી અથવા દિવેલી કે પપૈયાના પાંદડાના ડીંટાથી પણ (ટીપું હોય ત્યારે) સાઈફનનો પ્રયોગ કરી બતાવશે.
,,	,,	૮ ગ.	પાટણમાં વેચાય છે તે માટીનો હાથી.
,,	વાસુદેવ પ્યાલો બકનળીનાં મૂળ તત્વો બતાવવા માટે.	૮ ફ.	બકનળીનાં મૂળતત્વો બતાવનાર પ્યાલો, પાટણમાં વેચાતો માટીનો પ્યાલો. (વાસુદેવ પ્યાલો.)
૭મી ૭૯મો	આર્કિમિડિઝના નિયમો	૯ ફ	આર્કિમિડિઝના નિયમોનાં મૂળતત્વો સાબીત કરવામાં વિલાયતી ત્રાજવાં અને કાટલા કિમતમાં ભારે હોય છે, માટે સોની અને ચોકસીઓ વાપરે છે તેવા સાધારણ કાંટા અને કાટલાથી પણ પ્રયોગ થઈ શકશે.
		•	**અવાજ**—(બોલેલું દૂર સંભળાય તેવું યંત્ર.)
૬ઠ્ઠી ૮૦મો		૨.	ટેલિફોનનાં મૂળતત્ત્વ બતાવવા માટે કાર્ડબોર્ડની બે ભુંગળીઓ બનાવો. તેના એક એક મોંને કાગળ વડે બંધ કરી લો. એક લાંબી દોરીનો એક છેડો બે ભુંગળીઓના કાગળમાં આરપાર પરોવી બાંધી-સાંધો. ભુંગળીઓનો વ્યાસ આશરે ત્રણ ઇંચ અને ઉંચાઈ છ [illegible] રાખવી.

પાની ૮૧મો	હવાનું ઉપરથી તરફનું દબાણ બતાવવા માટે	૧.	ન્યુમેટિક્સ અને વાયુ [illegible] એક કાચના પ્યાલાને છલોછલ પાણીથી ભરો. એક કાગળના કકડાને પ્યાલાના મોં ઉપર મૂકી તેના ઉપર હથેળી દાબી રાખીને પ્યાલાને ઉંધો વાળો. પછી ધીમેથી હથેળી ખસેડી લો. કાગળ પડી ન જતા પાણીનું વજન ખમે છે કારણ કે કાગળ ઉપર નીચેની હવા દબાણ કરે છે
"	"	૧ અ.	હાંડલી ઉંધી પાડવાનો પ્રયોગ લુગડાના કકડામાં થોડી રેત કે ધુળ નાખી તેની પોટલી બાંધો. ગાંઠના છેડાઓને તેલમાં બોળી સળગાવો. અને પેટ ઉપર મૂકો કાચના મોટા પ્યાલાને દીવા ઉપર ઉંધો થોડીવાર ધરો. તેની અંદરની હવા તપીને પાતળી થશે. ત્યાર પછી તેને પેટ ઉપર મુકી દો. પેટ ઉપર તે ચોટી જશે ટીપ —ગ્લાસનો પ્યાલો દીવા ઉપર તપી ન જાય તેની ખાસ સંભાળ લેવી, તેમજ કાનાની કોર ધારવાળી ન હોવી જોઈએ
પાની ૮૨મો	નળીમાંથી હવા ચૂસી લઈએ તો બહારની હવા પ્રવાહીને ઉપર ધકેલે છે.	૨.	એક કાચની નળીને છેડે સ્ટોપકાક બેસાડો. આ કામ પ્લાસ્ટર ઓફ પારિસ અથવા ફટકડીના રસથી કરવુ. તે નળીનો એક છેડો પારાની અંદર મૂકો. સ્ટોપકાકને ઉઘાડો અને મોં વડે તેમાંની હવા ચુસી લો. પારો ઉંચો ચઢે છે, પણ મોં કાઢી લેતા પાછો પડી જાય છે. ફરીથી હવા ચોષી લો, અને પારો ઉંચો

			ચઢે એટલે રબરપટાક બંધ કરી દો, તો પારો નળીમાંથી નળીને બહાર કાઢી લેતાં છતાં નીકળી પડશે નહિ.
ઉષ્ણ (ગરમી)	ગરમ થએલી હવા ઉંચી ચઢે છે.	૮.	સ્થાનિક બનાવટના કાગળનું બલુન અંદરની હવા ગરમ કરવાથી ઉંચું ચઢે છે. તેની કિંમત ચારથી છ આના સુધી પડે છે.
"	"	૮. अ.	સળગતી ચીમની ઉપર કાગળની ઝીણી કરચો ઉંચેથી નાખો, તો તે કરચો અંદર પડવાને બદલે બહાર ઉડી જશે.
			બીજું યંત્ર.
	વરસાદ માપવાના યંત્રની બનાવટ.	૨. अ.	એક સાધારણ શીશો લો જસત કે ટીનના પતરાનું એક નાળચું પ્રમાણભૂત ગણેલા વરસાદ માપવાના યંત્રના નાળચાના વ્યાસ જેવડુંજ બનાવરાવો. (અંદરનો વ્યાસ પાંચ ઇંચ.) અને શીશાની ઉપર મૂકો જો પ્રમાણભૂત પ્યાલો મળી શકે તેમ ન હોય તો ½ ઇંચ વ્યાસની એક સરખી પહોળાઇની કસોટીની નળી કે શીશીમાં જોખીને ૨૭॥ તોલા પાણી એક શીશીમાં રેડો અને તેની ઉંચાઇના ઉપર પ્રમાણે સરખા સો ભાગ પાડો. વરસાદ માપવાના પ્યાલાને માટે બધેથી સરખી પહોળાઇની પહોળા મોંની કસોટીની નળી અથવા સાંકડી શીશી લો. તેમાં પ્રમાણભૂત માપના પ્યાલામાં માપીને એક ઇંચ પાણી તેમાં રેડો,

અને તે પાણીની ઉંચાઈના સરખા સો ભાગ

	રેનગેજ-વરસાદ માપવાનું યંત્ર	૨. ૦. ૦	બધેથી સરખી પહોળાઇના પતરાના વાસણમાં. તળીએ એક ભુચ મૂકો. તેના મધ્ય બિંદુમાં હલકી બરની સળી ખોસો. વાસણના કાના સુધી સળીનો જે ભાગ આવે ત્યાં શૂન્ય લખો. તે વાસણમાં એક ઇંચની ઉંચાઈનું પાણી રેડો. ઉપરનો સળીનો શૂન્યવાળો ભાગ કાનાની સપાટીથી કેટલો ઉંચો ગયો તે નક્કી કરી તેના સરખા પાડી શકાય તેટલા ભાગ પાડો. પછી એક એક ઇંચ પાણી વાસણમાં વધારતા જાઓ. અને [illegible] ઉપર વધારે વધારે ભાગ પાડતા જાઓ. આમાં વાસણ તે વરસાદ આપવાનું યંત્ર અને સળી તે માપવાની ગરજ સારશે. આ માપ અડસટ્ટે નીકળશે.
	અસ્થિશાસ્ત્ર શીખવાના હાડકાંઓનો સંગ્રહ		**અસ્થિશાસ્ત્ર અને શરીરશાસ્ત્ર** જિલ્લાની સિવિલ હોસ્પિટાલનો ભંગી મડદાં દાટવાનું કામ કરે છે તેની મારફત મનુષ્ય શરીરના સઘળાં હાડકાં સ્વચ્છ કરેલાં મગાવો આ હાડકાં સુમારે બે રૂપીઆમાં મળશે.
૨૭ ૭૨મો	દોટડાડીનું નાળચું સમજવાનો પ્રયોગ		**યંત્રશાસ્ત્ર** લાકડાનો તૈયાર એક ફુટ લઈ દરેક છેડે એક એક હુક, લગાડો ત્યાર એક એક ઇંચને છેડે બીજા બે બે હુક લગાડો મધ્યમાં દોરી બાંધો સામાન્ય જાતનાં પલાં વાપરો, અથવા બનાવો. અને તે વડે જોખો

જાહેરખબર

(મે ડિરેક્ટર ઓફ પબ્લીક ઇન્સ્ટ્રક્શનના હુકમ નં. ૪૧૪૩ તા. ૧૦-૫-૨૦ તથા
મે એ ઈ સાહેબના હુકમ નં. ૨૨૮૦ તા ૧૯-૫-૨૦ ઉપરથી)

પ્રાથમિક શાળાઓ માટે મંજુર કરેલી ચોપડીઓની નીચેની યાદી સર્વેની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

નંબર	ચોપડીનું નામ	જે ભાષામાં છપાયું હોય તે	શાને માટે પુસ્તક છપાયું છે?	કિંમત.		
	હાફીઝ મુઝફ્ફરદીન. ઇસ્લામીઆ સ્ટીમ પ્રેસ, લાહોર					
૧	મૌલવી અબદુલખાન ફૂલ ઉર્દૂકી પેહલી કિતાબ,	ઉર્દૂ	ઉર્દૂ નિશાળોમાં પાઠય પુસ્તક તરીકે તથા ઇનામ અને લાયબ્રેરિના ઉપયોગ માટે.		૮	૬
૨	„ દુસરી „	„		૦	૮	૦
૩	„ તીસરી „	„	„	૦	૯	૬
૪	„ ચોથી „	„	„	૦	૬	૦

	એમ. મેહદી, દિલ્હી.					
૫	તેહરીરલ-અસનાત	ઉર્દૂ	ઉર્દૂ નિશાળોમાં ઇનામ તથા લાયબ્રેરિ માટે	૦	૧૫	૦
૬	ફવાઈદ-તેહરીરલ-અસવાત	”	”	૦	૭	૦
	મુનશી ગુલામ હૈદર સાહેબ હેડમાસ્તર, ઉર્દૂ મ્યુનિસિપલ સ્કૂલ, કરાંચી.			૦	૧૦	૦
૭	તવારીખે ઇન્કલાબાતે સિંધ, ૧૯૧૫	ઉર્દૂ	”			
	સુરજમાલી લાલ વર્મા પરગણે કત્રા, અલ્હાબાદ.					
૮	જૌહર-એ-જુગ્રાફીઆ	ઉર્દૂ	ઉર્દૂ નિશાળોમાં લાયબ્રેરિ માટે.	૦	૩	૦

ડિરેક્ટર ઓફ પબ્લિક ઇન્સ્ટ્રક્શનની ઓફિસ
પૂના ૧૩-૫-૨૦

Sd/ B. N. Desai.
ડિરેક્ટર ઓવ પબ્લિક ઇન્સ્ટ્રક્શનની વતી.

(મે. ઉ. ભા. એ. ઈ. સાહેબના તા. ૧૩–૭–૨૦ ના
હુકમ નં. ૪૬૧૭ ઉપરથી.)

મુંબાઈ સરકાર.

મહેસુલ ખાતું હુકમ નં. ૧૨૦૬

જજિરે મુંબાઈ તા. ૧૫–૪–૨૦

લીન. એ. ઈ. ગેલે મેક્સિકામાં પ્રસિદ્ધ કરેલું માસિક " Gale's Journal of Revolutionary Communism " ની કોઈ પણ નકલ દરિયા માર્ગે કે સ્થળ માર્ગે બ્રિટિશ હિંદુસ્તાનમાં લાવવાની દરીઆઈ જકાતના ૧૮૭૮ નો કાયદો જેમાં ૧૯૧૪ ના કાયદા પ્રમાણે સુધારો કરવામાં આવ્યો છે તેની રૂએ હિંદુસ્તાનની સરકારે મનાઈ કરી છે.

(સહી) એચ. એફ. નાઈટ.

મુંબાઇ સરકાર.

ન્યાય ખાતું હુકમ ન ૪૫૯૭

જજિરે મુંબાઇ તા. ૧૮–૫–૨૦

સંયુક્ત પ્રાન્તોના તા ૨૬–૪–૨૦ના હુકમ ન. ૬૮૫–૮–૧૩૮ મુજબ તા. ૧૯ મી માર્ચ ૧૯૨૦ને રોજ લખનૌની મસિદમાં ખિલાફત માટે કરવામાં આવેલી પ્રાર્થનાની બધી નકલો, ઉર્દુમાં છાપેલી અગર તેના તરજુમા જ્યાં મળી આવે ત્યાં જપ્ત કરવાનુ જાહેર કરવામા આવે છે.

(સહી) એ. એફ. કિંડરસ્લી.
એ. ડે. સે. ટુ ગવર્નમેન્ટ.

મુંબાઈ સરકાર.

ન્યાયખાતું હુકમ નં. ૪૭૨૭

જજિરે મુંબાઇ તા ૨૨–૫–૨૦

કોઈ સુલેમાન તહીર નામના પુરુષના તંત્રીપણા નીચે ઉર્દુમાં છપાતુ "નીદાએ ધરેમ" નામના છાપાની બધી નકલો કે તેમાંની થોડી કે બધી હકીકતવાળા બીજાં લખાણો ઇન્ડીઅન પ્રેસ એક્ટની રૂએ દિલ્હીના ચિફ કમિશ્નર સાહેબ પોતાના તા ૧૧–૫–૨૦ ના હુકમ નં. ૨૯૭૮ થી જપ્ત જાહેર કરે છે.

(સહી) W. Wilberforce Bell
સે. નિસબત સરકાર

મુંબાઇ સરકાર.

ન્યાયખાતું હુકમ નં. ૪૯૩૭.

જંજિરે મુંબાઇ તા. ૨૫-૫-૨૦

સયુક્ત પ્રાંતોની સરકારે તા. ૧૯-૫-૨૦ના જાહેરનામા નં. ૫૧૯-૮-૧૮૨ પ્રમાણે મુનશી એહશાનઉલ હકે પ્રસિદ્ધ કરેલી, જૈનીલાલ છાપખાનામાં ઉર્દુમાં છાપેલા "ઔરંગી ખલીફાત" ની બધી નકલો પ્રેસ એક્ટની રૂએ જપ્ત કરી છે.

(સહી) એ. ડબલ્યુ. વીલપ્રોર્મ-બેલ

મુંબાઈ સરકાર.

ન્યાયખાતું હુકમ નં. ૫૨૭૦

જંજિરે મુંબાઈ તા. ૯-૬-૨૦

૧ લી મે. ૧૯૨૦ ને રોજ ફૈઝાબાદમાં મળેલી ખિલાફત પરિષદમાં શેખ મુશીર હુસેન કીડવાઇ, ગડીઆના તાલુકદારે ઉર્દુમાં કરેલા ભાષણની બધી નકલો કે ભાગો અને તરજુમા જ્યાં મળી આવે ત્યાં પ્રેસ એક્ટની રૂએ સંયુક્ત પ્રાંતોની સરકાર તા. ૨૦-૫-૨૦ ના હુકમ નં. ૯૨૮-૮-૧૯૧થી જપ્ત જાહેર કરે છે.

(સહી) એચ. વીનમન્ડોર્ફ.

મુંબાઇ સરકાર.

ન્યાયખાતું.

હુકમ. નં. ૧૯૩૦ તા. ૨૬-૨-૧૯૨૦.

હિંદુસ્તાનની સરકારના વેપાર અને ઉદ્યોગ ખાતાના તા. ૨૧-૧-૨૦ હુકમ નં. ૪૦૬ ઠ ઉપરથી હિંદુસ્તાનમાં પરદેશથી આવતા વાંધા ભરેલા સાહિત્ય ઉપર જાપ્તો રાખવાનો આ ખાતાનો તા. ૧૬-૧૧-૧૪ નો ઠરાવ નં. ૮૫૬-૮૬૧-૪૪ પાછો રદ કરવામાં આવે છે.

(સહી) એ. મોન્તગોમરી

મુંબાઇ સરકાર.

ન્યાય ખાતું

હુકમ ન ૨૯૮૨.

કિલ્લે મુંબાઈ. તા. ૨૪-૭-૨૦.

બંગાળાની સરકાર તા. ૧૩-૩-૨૦ ના જાહેરનામા નં. ૩૨૦૭ 'ઘ ઉપરથી બંગાળીમાં લખાએલું અને જેનું મથાળું અરબી અને બંગાળીમાં નીચે પ્રમાણે કરવામાં આવ્યું છે, "બીસમીલ્લા હીર રહેમાન નીર રહીમ," (અરબી) અખી જનાબ (બંગાળી) અસ્સલામો અલઈકુમ (અરબી)" નામનું ચોપાનીયું પ્રેસ એક્ટની રૂઇએ જપ્ત કરવામાં આવે છે.

(સહી) એ. મોન્તગોમરી.

(ઉ ભા. ના મે. એ. ઇ. સાહેબના તા. ૧૩-૭-૨૦ ના હુકમ નં. ૪૫૯૫ ઉપરથી.)

વર્નાક્યૂલર ફાઇનલ પરીક્ષા.

ઉત્તર વિભાગ.

ન ૭૮૮૯.

તા ૨૪ મી જૂન ૧૯૧૫ ના મુંબાઇ ગવર્નમેન્ટ ગેઝેટ ભાગ પહેલાના ૧૬૭૧-૧૬૭૪ મે પૃષ્ઠે તા. ૧૪ મી જૂન ૧૯૧૫ ની કેળવણી ખાતાની જાહેરખબર ન. ૧૭૩૮ ગ, જેમાં તા. ૨૬ મી ડિસેમ્બર ૧૯૧૮ ના ગવર્નમેન્ટ ગેઝેટના ભાગ પહેલાના ૨૪૧૪ મે પૃષ્ઠે તા ૨૬ મી ડિસેમ્બર ૧૯૧૮ ની કેળવણી ખાતાની જાહેરખબર નં. ૨૪૭૮ પ્રમાણે સુધારો કરવામાં આવ્યો છે તે પ્રમાણે સને ૧૯૨૧ ના એપ્રિલ મહિનામાં લેવાની વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષા માટે નીચે જણાવેલી ચોપડીઓ મુકરર કરવામાં આવી છે.

૧. ભૂમિતિ.

ગુજરાતી શાળાઓ માટેની ખાતાની નવી ભૂમિતિઃ—પ્રાયોગિક ભૂમિતિનો ખંડ પૂરો. સિદ્ધાંત ભાગ—ખંડ ૨ અને ૩ પૂરા. પ્રયોગો અને કૃત્યોને લગતા સહેલા પ્રશ્નો સાથે.

૨. ગુજરાતી.

अ. ખાતાની સાતમી ચોપડી (છેલ્લી આવૃત્તિ).

ब. ખાતાની સાતમી ચોપડીમાંના ૭, ૧૧, ૧૯, ૩૨, ૩૬, ૪૪, ૪૮, ૫૧, અને ૫૫ મા પાઠોમા આવેલી કવિતાઓની ૩૦૦ લીટીઓ (છેલ્લી આવૃત્તિ)

૩. ઉર્દુ.

अ. ઉર્દુ મિડલ કોર્સ ભાગ ૨. પંજાબ સિરિઝ—પૃષ્ઠ ૮૫ થી ૧૮૭

ब "મુસદ્દસેહાલી" ૫૦ કુકરા (બંધ) અથવા ૩૦૦ મીસરા [illegible] કુકડીથી શરૂ કરીને.

(સહી) J S. Kadri
એડયુકેશનલ ઇન્સ્પેકટર ઉત્તર ભાગ.

જાહેરખબર

નીચે લખેલી છોકરીઓને તા ૧-૮-૨૦ ને રોજ લેવાએલી નવરોજજી પેસ્તનજી વકીલ સ્કોલરશીપ પરીક્ષામાં પસાર થવાથી સ્કોલરશિપ આપવામાં આવે છે.

નં.	નામ	ઉમર	નિશાળનું નામ	રકમ
	વર્ગ अ.			રૂ.
૧	ઇન્દુમતી ચીમનલાલ	૧૩	છોકરીઓની હાઇસ્કૂલ અમદાવાદ	૪
	વર્ગ ब			
૨	પેરીના એલીસ	૧૪	„	૫
	વર્ગ क.			
૩	સરલા સુમન્તભાઈ	૧૫	„	૬
	વર્ગ ड.			
૪	સુમન હર્ષદરાય	૧૬	„	૭

અમદાવાદ. (સહી) જે. એસ. કાદરી
૩૦-૮-૨૦ એડયુકેશનલ ઇન્સ્પેકટર. ઉત્તર ભાગ.

(મ. એ. ઇ. સાહેબના હુકમ નં. ૫૫૬૭ તા. ૩-૮-૨૦ ઉપરથી)

" મે. ડિરેક્ટર ઑફ પબ્લિક ઇન્સ્ટ્રક્શન સાહેબે પોતાના લાયબ્રેરિ નં. ૬૫૪૧ તા ૨૯-૭-૨૦ ઉપરથી રા બ. રમણભાઇ મહીપતરામ નીલકંઠને " રાઇનો પર્વત " નામની ચોપડીની કિમત રૂ ૧-૦-૦થી વધારી રૂ. ૧-૮-૦ કરવાની રજા આપી છે. કિંમતમાં વધારો ફક્ત નવી આવૃત્તિ માટેજ છે.

(મ. એ. ઇ સાહેબના હુકમ નં. ૫૬૫૩ તા. ૪-૮-૨૦ ઉપરથી.)

ઠરાવ નંબર.	શાળાપત્રનું પાનું	ટીકા.
૧૫૩૯૮ તા. ૧૭-૨-૨	૧૧૯ મે ૧૯૨૦નું	"શામાટે પુસ્તક મંજુર કરવામાં આવ્યું છે" એ ખાનામાં નીચેની ચોપડીઓ — (૧) "હમને માશાઅત" અને (૨) " ઇખ્વાન દુલહાન " માટે " ઉર્દૂ શાળાઓના તથા ઇનામ અને " છાપવામાં આવ્યું છે તે સુધારી લઇ "ઉર્દૂ શાળાઓના ઉપયોગ તથા ઇનામ અને લાયબ્રેરી માટે" વાંચવું.

મુંબાઇ સરકાર.

ન્યાયખાતું હુકમ નં ૧૮૭૭.

બંદિરે મુંબાઇ તા. ૨-૨-૧૯૨૦

બંગાળાની સરકાર છાપખાનાના કાયદાની રૂએ પોતાના હુકમ નં. ૧૭૪૭ પી તા. ૯-૨-૧૯૨૦ તથા હુકમ નં. ૨૦૦૫ પી. તા ૧૦-૨-૧૯૨૦ ઉપરથી અરબી ભાષાના મથાળાવાળા 'યાહો માનાલી જુબ્બુ કદાહ અહ્લા' અને "એક ગુનેહગાર" એવી સહીવાળા તથા બંગાળીમાં છપાએલા અને " જહદ જહદ " શબ્દોથી શરૂ થતા-એમ અનુક્રમે બે નાનાં પાનિઆ બ્રિટિશ સરકાર સામે તિરસ્કાર ઉત્પન્ન કરે એવાં હોવાથી જપ્ત થએલાં જાહેર કરે છે.

સહી. એ. મોન્ટગોમરી.

* * *

જાહેરખબર,

તા. ૫-૮-૨૦ નો હુકમ નં. ૫૬૮૭.

મેસર્સ મેકમિલન એન્ડ કંપનિ તરફથી પ્રસિદ્ધ થએલી સરકારી ગુજરાતી વાચનમાળાની ચોપડીઓ થોડી સંખ્યામાં પુરી પાડવામાં આવે છે એને લગતી ફરિયાદો થોડા સમય ઉપર વર્તમાનપત્રોમાં છપાઈ છે. વળી એમ કહેવામાં આવે છે કે ચોપડીઓ વેચનારા સરકારે મંજુર કરેલી કિંમત કરતાં પુષ્કળ વધારે કિંમત ચડાવે છે; આટલી ભારે કિંમત આપતે પણ બાળકોને તે પુસ્તકો પુરતી સંખ્યામાં મળતાં નથી. જે અગવડની ફરિયાદો થાય છે તેની તપાસ માટે યોગ્ય અને વેળાસર પગલાં ભરવામાં આવે તથા તે દૂર થાય એ હેતુથી લોકની જાણ માટે જાહેર કરવામાં આવે છે કે આને અંગે કોઈને ખરેખરી (પાયાદાર) ફરિયાદ કરવાની હોય તો તેણે નીચે સહી કરનારને મોકલી આપવી તેની સાથે પુસ્તકો પુરતી સંખ્યામાં મળતાં નહિ અથવા અનીતિથી વર્તનાર પુસ્તકો વેચનારા મંજુર કરેલી છુટક નકલની કિંમત કરતાં વધારે કિંમત માગે છે તે વિષે સંગીન પુરાવા રજુ કરવા.

વળી સુચના કરવાની કે બની શકે ત્યાં સુધી ચોપડીઓ મંગાવવાના હુકમો પરભાર્યા મેકમિલન કંપનીને મોકલવા તે કંપનિ પ્રસિદ્ધ કરેલી કિંમતે નિયમિત રીતે ચોપડીઓ પુરી પાડશે, અને રિવાજ મુજબ ડિસ્કાઉન્ટ કાપી આપશે જો તે કંપનિને કરેલી માગણી ન સ્વીકારાય તો તે બાબત નીચે સહી કરનારની જાણમાં લાવવી.

(સહી) જે એસ. કાદરી
એજ્યુકેશનલ ઇન્સ્પેકટર.
ઉત્તર વિભાગ.

ઇનામપત્રક.

અમદાવાદ—

વસાઈ તા. દક્ષિણદસ્ક્રોઈ—ગામ લોક રૂ. ૨૫॥) સ્કૂલ જમાડી વાગડ તા. ધંધુકા—સ્કૂલ કમિટિના મેમ્બરો, બીજા ગામ લોકો, શાહ નારણદાસ મથુરદાસ. રૂ. ૧૪) મગજના લાડુ. દાહોદ—ગોવનજી જેરામ રૂ. ૧૨) મિઠાઈ. સુળધરાઈ—સ્કૂલ કમિટિના મેમ્બરો. રૂ ૬) મિઠાઈ. ગાંફ—ગાંફ સ્ટેટ તરફથી રૂ ૨૦) ઇનામ તથા મિઠાઈ. સોભાસણ—ગામલોક રૂ. ૫૦) સ્કૂલ જમાડી. કુટથલ—ગામલોક રૂ. ૬૭) સ્કૂલ જમાડી. ક્રેન્ટ—ગામ લોક રૂ. ૫૫) સ્કૂલ જમાડી. સાળંગપુર—ગામ લોક રૂ ૨૪) સ્કૂલ જમાડી પીલારપુર—પોપટલાલ છગનલાલ રૂ ૧૧ ઇનામ કોચરબ—વિઠ્ઠલભાઈ મથુરભાઈ રૂ. ૨૦) સ્કૂલ જમાડી. ચદરવા—ગામ લોક રૂ ૨૭) સ્કૂલ જમાડી વાગડ—સ્કૂલકમિટિના મેમ્બરો રૂ ૧૩) ઇનામ વહેંચ્યું વાસણા—ગામલોક રૂ. ૮૫) સ્કૂલ જમાડી. ગોરૈયા—ગામલોક રૂ. ૧૫) ઇનામ ગોરૈયા—દરબાર દોલતસિંહજી રૂ. ૩૫) સ્કૂલ જમાડી ઝુંડાલ—ગામલોક રૂ. ૩) ઇનામ. ધુમા—ગામલોક રૂ. ૪૮) ઇનામ. વલાદ—ગામલોક. રૂ. ૧૧) ઇનામ. રીબડી—સ્કૂલકમિટિના મેમ્બરો રૂ. ૨૫) સ્કૂલ જમાડી. રીબડી—મુખી રૂ. ૨૦) ઇનામ. કુંડાલ—મોતી આશા; શીવા આશા રૂ. ૬૦) સ્કૂલ જમાડી. ખસ—ગામ લોક સ્કૂલ જમાડી. બદરખા, સદ્‌ગૃહસ્થો. રૂ ૧૫ ઇનામ. જેતલપુર—આગેવાન લોક રૂ. ૭૮) જમણ આપ્યું. જેતલપુર—આગેવાન લોક રૂ. ૩૫) સ્કૂલ જમાડી (કન્યાશાળા) ગાગડ—ઠાકોર સાહેબ રૂ. ૭૦) સ્કૂલ જમાડી. ઉખલોડ—સદ્‌ગૃહસ્થો ૫) ઇનામ.

ખેડા—

આંબલીઆરા—તા. કપડવંજ. સુથાર શિવાભાઈ કાનદાસ રૂ ૧૫) સ્કૂલ જમાડી કંજોડા—તા નડિઆદ પા. દુલભાઈ રણછોડભાઈ રૂ. ૭) મિઠાઈ, ધનાભાઈ જમનાભાઈ રૂ. ૬) ઘડિઆળ. શા મનસુખ હાથીદાસ વગેરે (વંઠોલ—તા ઠાસરા. પા. સોમાભાઈ રણછોડભાઈ રૂ. ૧૫) સ્કૂલ જમાડી. વરતાલ—તા નડિઆદ ધર્મધુરંધર આચાર્ય શ્રીપતિપ્રસાદજી રૂ. ૫૧) ઉર્દુ સ શેઠ ગેમાભાઈ હંસાભાઈ રૂ ૫૧), મોહનલાલ છગનલાલ ૧૫) વહોરા રહીમભાઈ નથ્થુભાઈ રૂ. ૫) શા ઠાકોરભાઈ દોલતચંદ રૂ ૨)

સંપૂર્ણ.

શુદ્ધિપત્ર.

પુસ્તક	પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૫૯	૮૬	૨૯	મુલમ	મુસ્લા
	૧૫૪	૬	અ૦	(ફા) મુસલ્માન
		૭	મુસ્લિકેરમાન	મુસ્લિમનમાન
		૧૦,૧૧,૧૨,૧૩	મુસલમાન	મુસલ્માન
		૧૫	મુશાફર	મુસાફિર
		૧૬	શઠ	શાઠે
		૧૯	મુમીકીમ	મુસ્તકીમ
	૧૫૫	૪	ફેમસલાનો	ફેમલાનો
		૧૩	અતિયિ	અતિથિ
		૨૩	મદબુમ	મહબૂમ
		૧૪	મહેમીન	મિદમીજ

અમીરમિયાં હમ્દુમિયાં.

* * *

વિનંતી.

૧ એક સૂચના એ કરવાની કે ગ્રાહકોને પત્રવ્યવહારનો પ્રસંગ કંઈ મજોગોથી ઉપસ્થિત થાય તો દરેક પત્રમાં પોતાનો લેખન, નંબર લખવાનુ લક્ષમાં રાખશે કેટલીક વખતે તે શોધી કાઢવામાં અમારે ઘણો સમય નકામો ગાળવો પડે છે.

૨ ચાલુ વર્ષથી આ માસિકનું લવાજમ ૧-૩-૦ કર્યું છે. જે ગ્રાહકોએ ૧) મોકલ્યો હોય તે સવડે ૦-૩-૦ મોકલી આપશે એવી આશા છે. પોસ્ટેજ સ્ટેમ્પ મોકલશે તો ચાલશે

ગ્રાહકોને વિનંતી.

ચાલુ સાલની શરૂઆતથી અમારૂ માસિક કેટલાંક અનિવાર્ય કારણોને લીધે વખતસર પ્રસિદ્ધ થઈ શકતુ નથી આ ખાતે અમે લાચાર છીએ. વર્ષની શરૂઆતમાં છાપખાનું બદલવુ પડ્યુ હતુ, અને અમે આશા રાખતા હતા કે અંકો વખતસર બહાર પાડી શકીશુ. આ ધારણા નિષ્ફળ જવાથી ફરી છાપખાનુ બદલ્યુ છે. આ સમયમાં છાપખાનાની મુશ્કેલી તેના, સચાલકોજ જાણે છે કામ કરનારાની તાણને લીધે પોતે નિયમિતપણાની પ્રતિષ્ઠા જાળવી શકતા નથી આથી ગ્રાહકોને વિનંતી કરવાની કે અંકો મોડા મળે તો દર ગુજર કરશે બનતા પ્રયાસે અંકો ત્વરાથી નિયમિત કરવા ધારીએ છીએ

ધન મેળવવાનું ઉત્તમ સાધન

હુન્નર પ્રકાશ.

આ અતિ ઉપયોગી પુસ્તકમાં ૧૦૦૦ હુનરો દરેક દરદોના ચમત્કારિક ઈલાજો, સેન્ટો વિનાયતી સાબુઓ, દરેક જાતના રગ રોગાનો, અતરો, અર્કો વગેરે વગેરે બનાવવાની ઘણીજ સહેલી રીતો છે. વિશેષ ખાત્રી વાંચવાથી થશે કિંમત રૂ. ૧, પોસ્ટેજ જુદું.

મુલક મશહુર જામનગરનો પ્રખ્યાત

શુદ્ધ સાચા મોતીનો સુરમો.

આંખોના નામાંકિત ડાક્ટરો, હકીમો અને વૈદ્યોએ અમારા સુરમાને પબ્લીક હોસ્પિટલો, ડિસ્પેન્સરીઓ અને દેશી દવાખાનાઓમાં આંખના જુદી જુદી જાતનાં અસંખ્ય દરદીઓ ઉપર ઘણીજ ફતેહમંદીથી વાપરી ઉત્તમ સર્ટીફિકેટો આપેલાં છે

આ સુરમો વાપરવાથી આંખના અસંખ્ય દરદીઓ ફતેહમંદ થયા છે. એક વખત ખાત્રી કરવા અરજ છે.

કિંમત નંબર ૧. તોલ ૧ ના રૂ. ૪) નંબર ૨, રૂ. ૨ાા નંબર ૩ રૂ ૧) અને નંબર ૪ રૂ. ાા.

ફ્રાન્સ અને અમેરીકાના મહાન ડાક્ટરોની નવી શોધ.

નામદાર બ્રિટિશ સરકારમાં રજીસ્ટર કરાવેલ

યુનીવર્સલ બામ.

(નમુનાની ડબીના બે આના)

ફક્ત બહાર લગાડવાથીજ દરેક જાતનાં દરદો મટી જાય છે.

ગરમી અગર શરદીનો સખત માથાનો દુખાવો, આધાશીશી, માથાનો કડાપો ચક્કરી, અને ટુંકામાં શરીરના કોઈપણ ભાગના દુખાવા અને દરદો ઉપર લગાડવાથી ફક્ત પાચ મિનિટમાં આરામ કરી આપે છે.

કિંમત શીશી ૧ નો રૂ. ૧-૦-૦

નુરભાઈ ઈસમાલજી અતરીઆ.
ફુલબજાર—જામનગર.

લેખનકળા કોપીબુકો.

ગુજરાતી અને બાળબોધ ૭ નંબરમાં

દરેક નંબરની કિંમત અઢી આના.

કેળવણીખાતાના મે. ડિરેક્ટર સાહેબે મુંબઇ ઇલાકાની ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજુર કરી છે.

૨૫૦ અને તે ઉપરાંત કોપી ખરીદનારને સેંકડે ૧૫ ટકા કમિશન આપવામાં આવશે. પેકિંગ અને રેલ્વે ખર્ચ પણ આપવામાં આવશે, પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખરચ આપવામાં આવશે નહિ

કોપીઓ સાથે બીજાં પુસ્તકો મંગાવનારને સેંકડે એક ટકો હકસાઈ વગર મોકલી આપવા ગોઠવણ રાખી છે મળવાનું ઠેકાણું—દાદાભાઈ જગજીવનદાસ એન્ડ સન્સ. લેખનકળા કોપીબુકની ઓફિસ—જુની કાળબાદેવી પોસ્ટ ઓફિસ સામે નંબર ૨૧૭—મુંબઈ.

દસ્કત શિક્ષક કોપી બૂકો.

ગુજરાતી અને બાળબોધ આઠ નંબરમાં, કેળવણી ખાતાના મે૦ ડિરેક્ટર સાહેબે મુંબઇ ઇલાકાની દરેક ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજુર કરી છે. લડાઇને લીધે કાગળના ભાવ બેહદ વધી જવાથી મે૦ ડિરેક્ટર સાહેબના, નં૦ ૧૧૨૪૫ ૧૯૧૭-૧૮ ની સાલના, હુકમથી હાલ થોડા વખત માટે અઢી આના દરેક નંબરની કિંમત રાખી છે. ૨૩૦ અને તેથી વધુ કોપી ખરીદનારને હાલમાં સેંકડે (૧૫) ટકા કમિશન ઉપરાંત પેકિંગ અને રેલ્વે ખર્ચ આપવામાં આવશે, પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખર્ચ આપવામાં આવશે નહિ દસ્કત શિક્ષક કોપી બુકોની સ્ટીલ પેનો દરેક નંબરને બંધ બેસતી, ૧ થી ૮ નંબરની, દરેક બોક્સમાં એકજ જાતની, ઘ ૧ કિંમત રૂ. ।। નક્કી.

મળવાનું ઠેકાણું:-

આદરજી કાવસજી માસ્તર.

ઠે. નં૦ ૧૦ ધોબી તલાવ-મુંબઈ

શિક્ષણ તથા શિક્ષકોની જરૂરિયાત પુરી પાડનાર એકજ સ્થળ છે તે તમે જાણો છો, કે જ્યાં પ્રત્યક્ષ બોક્ષ, કિન્ડરગાર્ટન, મોન્ટેસરીએયડ, ભૂગોળ, ખગોળ, પદાર્થપાઠ, ડ્રોઇંગ તથા અવાજ, પ્રકાશ, ગરમી, આકર્ષણ, વિદ્યુત તથા વિજ્ઞાનને લગતા સાહિત્યો, કેમીકલ્સ, એસીડ, ખેલવાના કેરા, ક્રિકેટ, ટેનીસ, હોકી, ફુટબોલ વગેરે મળી શકે છે. તે સરનામું નોંધી લો.

શાસ્ત્રી એન્ડ કું. સુરત.

જાહેરખબર.

નીચે લખેલાં પુસ્તકોનો કોપીરાઇટ અમે લીધો છે, માટે તે બધાં પુસ્તકો અમારી પાસેથી મળી શકશે માટે ઓર્ડર મોકલશો.

	કિમ્મત. રૂ. આ. પા.	
ગૃહવ્યવસ્થા	૦-૧૨-૦	ટેક્સ્ટ બુક તરીકે મંજૂર છે.
બાળસ્વભાવ	૦—૮—૦	"
બાળવાર્તા	૦—૩—૦	ઇનામ અને લાઇબ્રેરિ માટે મંજૂર
સચિત્ર વાર્તા વિનોદ	૦—૪—૦	" "
નવીન આરોગ્ય વિજ્ઞાન	૦—૬—૦	" "

ઉપર લખેલાં પુસ્તકો કેટલાક સ્ટેટો તથા ઇનામ અને લાઇબ્રેરી માટે મંજુર થયેલ છે.

રાજકવી નથુરામકૃત તમામ પુસ્તકો મળશે.
ઉષા અથવા એક સુજન જૂની વાર્તા.
કર્તા—રા. ન્હાનાલાલ દલપતરામ કવિ ૧-૪-૦

તે સિવાય દરેક જાતનાં અંગ્રેજી ગુજરાતી તથા સંસ્કૃત પુસ્તકો અને તમામ પ્રકારની ડ્રોઇંગ બુકો તથા સ્કુલને લગતો સામાન અમારે ત્યાંથી કિફાયત ભાવે મળી શકશે.

કિંમત રૂ ૦-૪-૬ } **નવું દેશી નામું** { ધોરણ ૬ અને ૭ માટે
ખુડખુડીઆ અને શાસ્ત્રીકૃત } { ધોરણવાર બનાવેલું.

નામદાર સરકારે ટેક્સ્ટ બુક તરીકે મંજુર કર્યું છે. તદ્દન નવીન અને સરલ પદ્ધતિએ લખાયલું હોવાથી વિદ્યાર્થીઓને અત્યંત ઉપયોગી થઇ પડેલ છે.

માલીક—
ગીરજાશંકર કલ્યાણજી ઓઝા. } બુકસેલર એન્ડ ધ ભારતની કં.
પરા બજાર—રાજકોટ

જાહેરખબર

શિક્ષકો અને વિદ્યાર્થીઓને થોડા શ્રમે ઘણું જ્ઞાન મળે એવાં પુસ્તકો.

સંશોધિત નવી ભૂમિતિનો શિક્ષક—જેમાં વ્યાખ્યાઓ રીતો, સિદ્ધાંતો અને પ્રશ્નોના '૩૪૫' આકૃતિઓ સાથે સંપૂર્ણ ખુલાસા કરવામાં આવ્યા છે. આ પુસ્તક ધોરણ ૭, સાત ને વ૦ ફા૦ ના વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી છે ટ્રેનિંગ કોલેજના પહેલા વર્ષના વિદ્યાર્થીઓને પણ ખાસ ઉપયોગી છે. કિ૦ રૂપા ૦-૧૪-૦

હિંદનો ઇતિહાસ—વ૦ ફા૦ ના તમામ વિદ્યાર્થીઓ આ ઇતિહાસનો ઉપયોગ કરી પાસ થાય છે તેમાં આજ સુધીના ૭ ફા૦ પરીક્ષાના પ્રશ્નો તથા તેના ઉત્તરો આપેલા છે ધોરણ ૪ થી સાત સુધીના તમામ વિદ્યાર્થીઓને આ ઇતિહાસ અતિ પ્રિય થએલો છે કિં૦ રૂપા ૦-૬-૦.

નીતિ સંવાદો:—નીતિનું શિક્ષણ આપી શકાય તેવા સંવાદોની બુક તૈયાર છે આ સંવાદો શાળાઓમાં નીતિપાઠો તરીકે ભણાવી શકાય તથા શાળાઓને લગતા તમામ જાતના ઉત્સવોમાં ભજવી શકાય તેવા છે. કિં ૦-૨-૦

નીતિ વાચનમાળા કિંમત ૦-૫-૦ નાનીની શિખામણો, કિ. ૦-૨-૦ અને તેવાજ નીતિને લગતાં બાળશિક્ષણ ઉપયોગી ઇનામ લાયબ્રેરી માટે મંજુર થયેલાં પુસ્તકો અમારે ત્યાંથી મળશે

ઉપરનાં પુસ્તકો ઉપરાંત ગુજરાતી, અંગ્રેજી ઉર્દુ અને સંસ્કૃત શાળાઓમાં ચાલતા તમામ પુસ્તકો, ગણિતના ખુલાસા, ગુજરાત-મુંબાઇ, હિંદુસ્તાન અને દુનિયાની ભૂગોળના નકશાઓ નાના, અમેરિકનો શિક્ષક, ધોરણવાર નોટો, રજીસ્ટરો, કાગળોનાં રીમ, કોરા અને લીટીવાળા ડ્રોઇંગ બુકો, એક્સરસાઇઝો, કલરીંગો, નવા ધોરણ મુજબ છપાયેલા ગણિતના પટા, મહોરો છાપવાના રબરો વગેરે મળશે ખાસ ઓર્ડરો કરતાં અમારે ત્યાંથી ઓછી કિંમતે મળી શકશે, રૂ ૨૫ ના ઓર્ડર આપનારને કમીશન ઉપરાંત સુંદર ભેટ આપવામાં આવે છે

નીતિનું શિક્ષણ આપવા માટે ખાસ તૈયાર કરેલાં પુસ્તકો.
વિદ્વાનોના ઉંચા અભિપ્રાય મળ્યા.

નીતિવાચનમાળા.

કર્તા—ગલાભાઇ જગનલાલ પંડિત

પુસ્તક ૧ લું. (ઇ. ૧લા માટે મંજુર) ૦-૧-૬
પુસ્તક ૨ જું (" ") ૦-૨-૬
પુસ્તક ૩ જું. (" શ્રીયુત ઇ. હ. પંડ્યાના પ્રસ્તાવનાસહિત) ૦-૫-૦
પુસ્તક ૪ થું. ૦-૬-૦
નીતિ સંવાદો (બારે ઋતુના) ૦-૨-૦

સરનામું:— **ધી સરસ્વતી બુક ડીપો—નડિઆદ**

શિક્ષકો તેમજ શિષ્યવર્ગમાં પ્રિય થઈ પડેલ

સૃષ્ટિજ્ઞાન. (ત્રીજી આવૃત્તિ)

ધોરણ ૧-૨-૩-૪-૫-૬ ની વાચનમાળાના ત્રીજા ભાગના વિદ્યાના પાઠોનું પ્રશ્નોત્તર રૂપે સંપૂર્ણ વિવેચન, પ્રે. રા. ટ્રે. કો. ના શિક્ષણનો મેડલ મેળવેલા બે સિનિઅર માસ્તરો પાસે તૈયાર કરાવેલા ઘણા ઉપયોગી અને પ્રશંસાપાત્ર થયા છે. જેની ખાતરી ટુંક સમયમાં ત્રીજી આવૃત્તિ બહાર પડી તે છે, તેમજ વ. ફા. અને પ્રાવેશિક પરીક્ષાના ઉમેદવારની ઉપરાઉપરી માગણી થવાથી અમોએ

સૃષ્ટિજ્ઞાન યા વિદ્યાના પાઠો.

ઉપરનાજ શિક્ષકો પાસે સરળ ભાષામાં પ્રશ્નોત્તર રૂપે તૈયાર કરાવી બહાર પડ્યા છે, જેમાં સાતમી ચોપડીના વિદ્યાના પાઠોનું સંપૂર્ણ વિવેચન કરવામાં આવ્યું છે તથા પરીક્ષામાં પુછાતા સવાલોનો પણ સંગ્રહ કરવામાં આવ્યો છે, જેથી એના અભ્યાસ પછી ઉપર જણાવેલી પરીક્ષાઓમાં આ વિષયમાં નાપાસ થવાનો બીલકુલ સંભવ રહેજ નહિ. વધારે પ્રશંસાની જરૂર નથી. બુક મંગાવી જોવાથી ખાતરી થશે. કિંમત રૂ. ૪-૬ જથ્થાબંધ લેનારને સારૂં કમિશન. ધોરણવાર કિંમત નીચે મુજબ—

બાળોપયોગી પ્રશ્નોત્તર રૂપે સરળ સૃષ્ટિજ્ઞાન ધો. ૧ લું.	(આ. ૧)	કિંમત રૂ. ૦-૧-૬
" ધોરણ ૨ જું	(આ. ૩)	રૂ. ૦-૧-૦
" ધોરણ ૩ જું	(આ. ૪)	રૂ. ૦-૨-૦
" ધોરણ ૪ થું	(આ ૩)	રૂ. ૦-૨-૦
" ધોરણ ૫ મું.	(આ. ૨)	રૂ. ૦-૨-૬
" ધોરણ ૬ ઠું.	(આ. ૨)	રૂ. ૦-૨-૬
" ધોરણ ૭ મું.	(આ. ૧)	રૂ. ૦-૪-૬
પ્રશ્નોત્તરરૂપ ભરતખંડનો સરળ ઇતિહાસ	(ધો. ૫)	રૂ. ૦-૨-૦
" "	(ધો. ૬)	રૂ. ૦-૩-૦

કમિશન ટકા ૨૫ આપવામાં આવશે.

પત્રવ્યવહાર નીચેને સરનામે કરો:-મણિલાલ મુગટભાઇ ઉપાધ્યાય.
બુકસેલર એન્ડ પબ્લીશર, મુ. પેટલાદ (વાયા આણંદ)

તા. ક.—આ ઉપરાંત ધોરણવાર નોટો પણ ખપમાં પ્રગટ કરી છે.

એન. એમ ત્રિપાઠી ઍન્ડ કંપનિ, બુકસેલર્સ–કાળબાદેવીરોડ–મુંબાઈ.
ચુંટી કાઢેલાં ઉપયોગી પુસ્તકો.
ગુજરાતી પ્રાથમિક શાળાઓમા ટેક્સ્ટ તરીકે મંજુર થયેલ

ચોથા ધોરણુની ભૂગોળ.

૨૦ નકશા સાથેની બીજી આવૃત્તિ.
લખનાર—રા. હિંમતલાલ ગણેશજી અંજારીયા
એમ એ એલ. એલ બી
મૂલ્ય ૦-૮-૦

પતિવ્રતા સતીઓ.

૨૪ સુંદર ચિત્રો સહિત આવૃત્તિ ત્રીજી મૂલ્ય ૩-૦-૦

રાજા ભોજ અને કવિ કાલિદાસ.

બોધક અને આનંદદાયક વાર્તાઓનો સંગ્રહ.
૧૦ સુંદર ચિત્રો સહિત દ્વિતીયાવૃત્તિ કિંમત રૂ. ૪-૦-૦

શાળોપયોગી નિબંધસંગ્રહ.

પ્રાથમિક શાળાઓના ધોરણ ૫, ૬ અને ૭, ગુજરાતી વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષા અને મેલ તથા ફિમેલ ટ્રેનિંગ કોલેજો માટે

કર્તા—ઉસમાન બચલ ખુડખુડીયા.
અને
ગોકુળનૃસિંહજી મોતીભાઈ રાણા.

૨૫૦ પાનાનું દળદાર પુસ્તક, કિંમત માત્ર રૂ. ૧).

ઇંગ્રેજી તથા ગુજરાતી એ. બી સી, ડીના કાગળો કિંમત એક આનો

ઉદ્યમ કર્મ સંવાદ.

કવિના જીવન ચરિત્ર, શબ્દકોષ મિ હિંમતલાલ ગણેશજી અંજારીયા, એમ.એ.એલ એલ બી ની ટીકા સાથે કિં રૂ. ૦-૧૦-૦

બાળ સદ્બોધ વાર્તા સતર. રૂ ૧—૮—૦
નેપોલીયન બોનાપાર્ટનું ચરિત્ર. રૂ. ૨—૦—૦
(પાકું પૂંઠું) રૂ. ૨—૮—૦

REGISTERED No B 43.

પુસ્તક ૫૦ મું.] [અંક ૧૧-૧૨ મો

Gujarat School Paper.

ગુજરાત શાળાપત્ર.

નવેમ્બર-ડિસેમ્બર સને ૧૯૨૦.

અનુક્રમણિકા.

વિષય પૃષ્ઠ.
૧. ગુજરાતી કન્યાશાળાઓ માટેનાં ધોરણો ૨૪૧-૨૫૯
૨. આરોગ્ય... ... . ૨૬૩
૩. સ્ત્રીકેળવણી ૨૬૫
૪. દેશાટનની ભૂગોળની શરૂઆત ૨૬૯
૫. [illegible] પાઠ સંબંધી સૂચના ... ૨૭૦
૬. પુસ્તકોનો સ્વીકાર... ... ... ૨૭૨
૭. પ્રશ્નોના ઉત્તર ૨૭૩
૮. રિપોર્ટોનો સ્વીકાર... ... ... ૨૭૫
૯. [illegible] ટુચકા ૨૭૭
૧૦. કેળવણીખાતાની જાહેરખબરો ... ૨૮૮

કેળવણીખાતાના હુકમથી.

તંત્રી અને પ્રકાશક (ઓક્ટોબર ૧૯૧૪ થી)
મિ. કેખુશરૂ અરદેશર [illegible], બી. એ.,
પ્રિન્સિપલ, [illegible] ટ્રેનિંગ કોલેજ—અમદાવાદ.

(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે).

[illegible] પ્રેસમાં [illegible] છાપ્યું.
ઠે. [illegible] સામે [illegible]—અમદાવાદ.

સૂચના.

૧. પત્ર સંબંધી લખાણ—એડિટર તરફ મોકલવું. છાપવા મોકલવાનું લખાણ કાગળની એક બાજુએ ચોકખે અક્ષરે લખવું. છાપવા યોગ્ય લાગશે તો છપાશે, નહિ પસંદ કરેલો લેખ ટિકિટ મોકલી હશે તો પાછો મોકલવામાં આવશે.

૨. લેખકને ઉત્તેજન—વિષયો લખી મોકલનારની પૈસા લેવાની ખુશી હશે તો પ્રથમથીજ ખબર આપેથી દર છાપેલે પાને યોગ્યતા પ્રમાણે રૂ. ૧) સુધી આપવામાં આવશે. ચર્ચાપત્ર માટે કંઈ આપવામાં નહિ આવે.

૩. લવાજમ—વરસ એકનો રૂ. ૧-૩-૦ ટપાલ ખર્ચ સાથે અગાઉથી. વિદ્યાર્થીઓ માટે ૦-૧૦-૦. છુટક અંકના રૂ. ૦-૨-૦; પોસ્ટેજ રૂ. ૦-૦-૬ જુદું.

૪. મનિઓર્ડર—કૂપન પર ગામ કે શહેરનું ઠેકાણું સ્પષ્ટ લખવું; તેમજ ત્યાં એકથી વધારે નિશાળો હોય તો નિશાળનો નંબર તથા શાળાપત્ર ઓફિસ તરફથી અપાએલા સરનામાના લેબલ ઉપરનો નંબર લખવો.

જાહેરખબરના ભાવ.

મુદત.	પેજ.		
	આખું.	અર્ધું	પા.
આખું વર્ષ.	રૂ ૬૫	રૂ. ૩૪	રૂ. ૨૦
૭ માસ.	રૂ. ૩૫	રૂ. ૧૮	રૂ. ૧૨
ત્રણ માસ.	રૂ ૨૦	રૂ. ૧૦	રૂ. ૭

છુટક છપાવવાનો દર.

દર ત્રણ લીટીએ રૂ. ૧-૨- રાખ્યા છે

આ પત્ર સાથે કોઈ પણ હેન્ડબીલ વહેંચવામાં આવશે નહિ.

૫. શાળાપત્રમાં આપેલી ખાનગી જાહેરખબરોમાં જણાવેલી ચોપડીઓ ખાતાએ મંજુર કરેલીજ હોય એમ હમેશ હોતું નથી. માટે દરેકને મંજુર કરેલી તરીકે ગણવી નહિ.

૬. શાળાપત્રનું વરસ જાન્યુઆરિથી ડિસેમ્બર સુધી ગણવામાં આ છે; માટે વરસની વચમાં જે ગ્રાહક બંધ થવા માગતા હશે તે પાસેથી જેટલા અંક તેમને મળ્યા હશે તેટલાની છુટક અંક લેખે કિ લેવામાં આવશે.

બેસતા વરસે બહાર પડશે.

તદ્દન નવીજ ઢબમાં રંગ બેરંગી ચિત્રોથી ભરપૂર, ગુજરાતી ભાષામાં પહેલ વહેલુંજ પ્રગટ થનારૂં, છોકરા તથા છોકરીઓને એક સરખો આનંદ તથા ગમ્મત સાથે જ્ઞાન આપનારૂં માસિક

“ બાલ—જીવન.”

કારતક સુદિ ૧ ને દિને બહાર પડશે. સખત મોંઘવારીને લીધે જરૂર જેટલીજ નકલો છાપવાની હોવાથી અગાઉથી ગ્રાહક થવા માટે આજેજ નામ નોંધાવા લખો (વાર્ષિક લવાજમ રૂ. ૩—૦—૦ છુટક નકલના ૭ આના)

“ બાલ-જીવન ” કાર્યાલય. શેટ બિલ્ડીંગ—લેમિંગ્ટન રોડ
મુંબઈ નં. ૭

પનાગી અંજવાળું નામનું ગુજરાતી પંચાંગ, ગઇ સાલ કરતાં સુધારા વધારા સાથેનું તૈયાર છે. કિ ૦—૨—૦ પો. ૦—૦—૬

દામોદર હીરાલાલ બુકસેલર.
ખંભાત.

ગુજરાતની નકશા ભૂગોળ, ધોરણ ૩ જું.

સુંદર રંગીન ગુજરાતનો નકશો ૧૮॥”×૧૬॥,” રૂ ૦—૨—૦ અને ગુજરાતની ભૂગોળ, વ્યાખ્યાઓ, સ્કેલ અને જુના નકશા સહિત રૂ. ૦—૧—૦ ગુજરાતી ધોરણવાર સુખગણિત—બાળવર્ગ રૂ. ૦)ન, ધો. ૧ લું રૂ. ૦)ન. ધો ૨ જું રૂ ૦)ના; ધો ૩ જું રૂ. ૦)ના અને ધો. ૪—૫ રૂ. ૦)ના. સચિત્ર કિન્ડર ગાર્ટન પદ્ધતિ—સાયમરી મંજુર રૂ. ૦—૮—૦.

મળવાનાં ઠેકાણાં—
મહેતા મોહનલાલ દામોદર, બુકસેલર, રાજકોટ,
બુકસેલર—વડ્ડુલદાસ પુરૂષોત્તમ અનડા, માંડવીની પોળ,
ગોતી પોળ,—અમદાવાદ.

(મિ ઉસમાન અજબ ખુડખુડીઆ ટેકમાસ્તર મુસલીમ હાઇસ્કૂલ પરગણી તરફથી આ જાહેરખબર છાપવા માટે મોકલવામાં આવી છે.)

જોઈએ છે—ઉર્દૂ તેમજ ગુજરાતી ટ્રેન્ડ અને અનુભવી શિક્ષકો. પગાર અનુભવ અને લાયકાત મુજબ. કિન્ડરમાર્ટનના અનુભવીઓને સારો ચાન્સ આપવામાં આવશે. પ્રમોશન સારાં આપવામાં આવે છે. પ્રોવિડન્ટ ફંડ પણ ખોલવામાં આવ્યું છે. શિક્ષકો માટે મકાન તૈયાર થાય છે. બે ચાર મહિનામાં તૈયાર થયેથી તે પણ ફ્રી મળશે જેઓની ઇચ્છા હોય તેમણે પોતાની લાયકાતના સર્ટિફિકેટ સાથે તથા પોતાના અનુભવની હકીકત સહિત નીચેના સરનામે અરજી કરવી. હેડ માસ્તર.

મદ્રસએ શૌકતે ઇસ્લામ
વથલી (સોરઠ.) (કાઠીઆવાડ.)

જોઇએ છે—સિનિઅર રૂ. ૪૫ દરવરસે બબ્બે વધારી રૂ ૬૫ રહેવાનું મફત. ફર્સ્ટઇયર રૂા ૩૦, દરવરસે એકેક વધારી રૂા. ૪૦ રહેવાનું મફત નીચેના સરનામે અરજી કરવી.

શેઠ રામજી આસર વિદ્યાલય સેક્રેટરી.
ઘાટકોપર—(મુંબઈ)—જીલ્લે થાણા

" બ્હેરા મુંગાની શાળા, અમદાવાદ."

ભાષા અને ઉપયોગી હુન્નર મફત શિખવાય છે. બ્હાર ગામના બ્હેર મુગાને શાળામાં રહેવાની અને જમવાની ગોઠવણ છે. ખોરાકીના માસિ રૂ ૯) લેવાય છે. ગરીબ બ્હેરા મુગા છોકરાને, કપડાં અને ખોરાક મફ અપાય છે પૂછો.

પ્રાણશંકર લલુભાઈ દેસાઇ.
હેડમાસ્તર અને મંત્રી.

સહેલાઈથી અંગ્રેજી શીખવું છે ?

જો થોડા ખર્ચે અને પદ્ધતિસર અંગ્રેજી શીખવા માગતા હો તો જરૂર 'અંગ્રેજી શિક્ષક' ખરીદો કિંમત પોસ્ટેજ સાથે ફક્ત દસ આના છે.

લખો—દયાશંકર ભાઈશંકર શુકલ.
ઠે સોનાફળીઆ—સુરત.

બાળકોનું હિત વિચારશો ?

જો ખરેખર બાળકોનું હિત વિચારતા હો, તો અર્ધાઆનાની ટિકિટ બીડી ખુલાસો મંગાવો. શિક્ષકોને અને બુકસેલરોને વિશેષ લાભ મળે એમ છે. લખોઃ—

બાલસાહિત્યપ્રકાશ મંદિર.—સોનીફળીઆ—સુરત.

શંકા તજીને વાપરો—દેશીનામું.

શંકાશીલ શિક્ષકોની જાણ માટે લખવાનું કે મુંબાઇ સર. ની જા. ન. નં. ૧૪૯૭ તા. ૨–૯–૧૯૦૦ લગત ઉત્તર વિ. એ. ૪. નં. ૪૪૩/ તા. ૧૬–૧–૦૧ થી દેશીનામું નવી ટેક્સ્ટ બુકોમાં મંજુર છે. તે કાયમ છે.

સૌથી પ્રથમ નામા વિષે ચર્ચા કરનાર સ્વતંત્ર પુસ્તક છે. વ્યાવહારિક સિદ્ધાંતોની રચના નવા ધોરણે; ભાષા ઉત્તમ અને સરળ કાગળો ટકાઉ ગ્લેઝ છતાં સૌ કરતાં સસ્તુ છે. કીં. ૦–૩–૦ પો. ૦)– ક. સે. ૩૦.

છગનલાલ લલ્લુભાઈ શાહ દેશીનામાવાળા—વડોદરા.

“ શિક્ષણ સાહિત્યો. ”

આ કાર્યાલયમાં શાળાઓ અને કોલેજોને ઉપયોગી ભૂગોળ, ખગોળ, પદાર્થ વિજ્ઞાન, રસાયણ, ગણિત, કસરત, કવાયત, રમત, કિન્ડરગાર્ડન મોન્ટેસરી અને સ્લોઈડ સિસ્ટમ વગેરે તમામ પ્રકારના સાહિત્ય, જેવા કે સૂર્યમાળા, પૃથ્વીના ગોળા, ચંદ્રની ક્ષયવૃદ્ધિ, નકશા, રીલીફ, મૅપ્સ, યંત્ર, શક્તિઓનો સેટ. સંખ્યા-સ્થાનનાં ધોરણવાર બોર્ડ્ઝ, ઍબ્સ્ટ્રેક્ટ લેસન બોર્ડ્ઝ, ધંધાના હથિયારની પેટીઓ, પઝલ બોક્સીઝ વગેરે વેચવામાં આવે છે. વિશેષ હકીકત માટે અમારૂં પ્રાઇસ લિસ્ટ મફત મંગાવી વાંચો. કારખાનું દહેગામ (રેલવે સ્ટેશન) ના સામે બદલ્યું છે. અમદાવાદથી રેલવે ભાડું ૦–૩–૦ છે.

કાશિભાઇ છગનદાસ પટેલ.
શ્રી નાંદોલ શિક્ષણસાહિત્ય કાર્યાલય કંપની લિમિટેડ.
દહેગામ, વાયા અમદાવાદ પ્રાંતીજ રેલ્વે.

નિશાળમાં ચાલતી સઘળી જાતની બુકો,
સ્ટેશનરી મળવાનું જાણીતું ને જુનું
ઠે. ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો.
રતનપોળના નાકે–અમદાવાદ.
વી. પી. થી મોકલવામાં આવશે.

૧. સરળ દેશીનામાની પદ્ધતિ—ટેક્સ્ટ બુક આ. ૨૯ મી ૦–૪–૬, સરલ ગુજરાતી બાળ વ્યાકરણ–લાયક બુક, ઘણે ઠેકાણે ટેક્સ્ટ, આ. ૨૩ મી ૦–૪–૬; ૩ સરલ વ્યુત્પત્તિ જ્ઞાનપ્રકાશ (૫–૬–૭ મી ચોપડીના પાઠવાર શબ્દોના કોષ સહિત) લા. પ્રા બુક, આ. બીજી ૦–૬–૦, ટ્રે. કો. પ્રા. ૫ ના ઉમેદવારોને ખાસ ઉપયોગી; ૪. નવું સરળ મુખગણિત (બાળવર્ગથી ધો. ૫ સુધી એકજ બુકમાં) ઘણે ઠેકાણે ટેક્સ્ટ, આ. ૯ મી. ૦–૨–૩, ગુજરાત પ્રાંતની ભૂગોળવિદ્યા—આ. ૮ મી, ૦–૧–૩. કમિશન સારૂં મળશે મુખ્ય એજન્ટ અમદાવાદ, એમ બી. શાહની કંપની, રાજકોટ, જહેંગરભાઈ મેઘજી ભાવનગર, અબદુલહુસેન આદમજી ધોરાજી, એલ ટી વાદેર. જામનગર, હેમરાજ જાદવજી. જુનાગઢ, વૃંદાવન દામોદર મુંબઇ, એન એમ. ત્રિપાઠી કચ્છ–માંડવી લાલજી શંકરલાલ ગોંડળ, ચુનીલાલ રોકરશી કોઠારી ઇત્યાદિ.

પ્રેમચંદ કરમચંદ શાહ.
માજી. એ. ઇ. ગોંડળ સ્ટેટ, મુ. કપડવણજ.

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૫૯ મું નવેમ્બર-ડિસેમ્બર સને ૧૯૨૦ અંક ૧૧-૧૨ મો.

સને ૧૯૨૦ના માર્ચ મહીનાની ૪ થી તારીખના કેળવણીખાતાને લગતા મુંબઈ સરકારના હુકમ નં. ૧૦૮૩થી મંજુર થયેલાં ગુજરાતી કન્યાશાળાઓ માટેનાં ધોરણો.

ટીપ ૧. નીચેના ધોરણોમાં નીમેલા વિષયો પૈકી દેશી ભાષા, અંકગણિત, ભૂગોળ, આરોગ્યશાસ્ત્ર, અને સોયકામ બધી નિશાળોમાં ફરજિઆત થશે અને તે ઓછામાં ઓછો અભ્યાસક્રમ ગણાશે.

ટીપ ૨. જે વિષય કે બાબતો પર * આવી નિશાની કરેલી છે તે ઐચ્છિક છે.

ટીપ ૩: આ ધોરણો માટે પ્રાથમિક કન્યાશાળાઓના નીચે પ્રમાણે વર્ગ પાડવામાં આવશે —

(अ) આખો અભ્યાસક્રમ પુરો કરવાનું માથે લઈ શકે એવી નિશાળો દાખલા તરીકે પ્રાથમિક ટ્રેનિંગ સંસ્થાઓ સાથે જોડેલી નિશાળો, જેમના મુખ્ય શિક્ષકો અથવા શિક્ષિકા યુરોપીઅન હોય એવી મિશનોના તાબામાંની નિશાળો, અને બીજી રીતે ચલાવાતી પણ પુરતા શિક્ષકો તથા સાધનોવાળી નિશાળો;

(ब) અભ્યાસક્રમનો ઘણોખરો ભાગ પુરો કરવાનો પ્રયત્ન કરવા માટેની યોજના ધરાવતા જેના શિક્ષકો, જગા, અને સાધનો જેમની પાસે હોય એવી નિશાળો, દાખલા તરીકે મોટી અને સારા પાયા પર હોય એવી મ્યુનિસિપાલિટિની અને લોકલબોર્ડની નિશાળો;

(क) ઉપર ટીપ ૧ માં દર્શાવેલા ઓછામાં ઓછા અભ્યાસક્રમ કરતાં વધારે માટે પ્રયત્ન ન કરી શકે એવી નિશાળો.

ટીપ ૪ (૧) હાથના કામની પરીક્ષા બધા ધોરણોમાં ભેગી લેવામાં આવશે અને દરેક બાળકને જુદા દોકડા આપવામાં આવશે નહિ.

(૨) અહીંઆ દર્શાવેલા હાથના કામના નમુના સિવાયના બીજા નમુના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે પસંદ કરેલા હોય તો તે અહીં દર્શાવેલા નમુના ઉપરાંત કે તેમને બદલે લઈ શકાશે.

બાળ વર્ગ.

(આ વર્ગમાં પરીક્ષા એકઠી થશે અને જુદાં જુદાં બાળકોને દોકડા આપવામાં આવશે નહિ)

૧. દેશી ભાષા.

મૂળાક્ષર તથા બારાખડી લખવાં અને વાંચવાં.

નાના જાણીતા શબ્દો બનાવવા.

બાળપોથી અથવા કાળા પાટીઆ પર લટકાવેલા તેના જેવાજ છાપેલા સચિત્ર પટ વાંચવા.

સાદી કવિતાઓ અને ગીતો ગાવાં.

છોકરાંઓને ગમતાં રમકડાં, રમતો, પ્રાણીઓ, અને છબીઓ જેવી રમુજી બાબતો પર સામાન્ય વાતચીત

શિક્ષકે ઘણી સાદી વાર્તાઓ, દંતકથાઓ અથવા પરીઓ કે વનદેવતાઓની વાતો કહેવી.

ટીપ—બાળકોને તેમનાં સૃષ્ટિજ્ઞાન,* ચિત્રકામ,* વાર્તાઓ, છબીઓ, પાઠો, ઉદ્યોગો, ગીતો, વગેરેના સંબંધના પોતાના વિચારો છૂટથી જણાવવાને ઉત્તેજન આપવુ જોઈએ કેટલીક વાતચીત તથા વાર્તાઓમાં થોડીક નમુનારૂપ પરદેશી જાતો તથા પ્રદેશો વિષેની (સાદામાં સાદી) હકીકતનો સમાવેશ કરી શકાય.

૨. અંકગણિત

૯૯ સુધીની સંખ્યા ગણવી, વાંચવી, તથા લખવી.

મોઢાનું કામ પદાર્થોની મદદથી થવુ જોઈએ, અને તેમાં ૧૦ સુધીની સંખ્યાઓના સરવાળા, બાદબાકી, ગુણાકાર* તથા ભાગાકાર* નો સમાવેશ થવો જોઈએ.

*૩. સૃષ્ટિજ્ઞાન અને નિશાળનું બાગકામ.

(અ) સામાન્ય છોડવા તથા પ્રાણીઓ વિષે ખેતરમાં કે બાગમાં વાર્તારૂપ પાઠ.

(બ) બાળકોએ ઘેરથી કોડીઆં, અથવા નાળિએરની કાચલીઓ લાવવી, તેમને માટીથી ભરવી, તેમાં બી વાવવાં, અને તેમની સંભાળ લેવી નિશાળનો સામાન્ય બગીચો અથવા વર્ગોના કયારા નીંદવાનું, અને તેમાંથી પથરા, સુકાં પાંદડાં, વગેરે ભેગાં કરવાનું કામ શિક્ષક સાથે સૌએ મળીને કરવું.

ટીપ—એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટરે મંજુર કરેલા નિશાળના બાગ કામના કોઈ જુદા અભ્યાસક્રમ પ્રમાણે પ્રથમથીજ કામ કરતી નિશાળોને તેમની મરજી હોય તો તે અભ્યાસક્રમને વળગી રહેવાની છૂટ છે.

*૪. ચિત્રકામ.

(૧) છોકરાઓની પ્રાથમિક શાળાઓ માટેનાં ધોરણોમાં જણાવેલી વસ્તુઓનાં ચિત્રો.

(૨) બાળકોની શક્તિને તદ્દન અનુકૂળ કલ્પનાશક્તિનાં ચિત્રો.

(૩) ઉપર (૧) માં જણાવેલી વસ્તુઓ તથા બીજી વસ્તુઓની યાદદાસ્ત પરથી ઉપજાવેલાં ચિત્રો

*૫ હાથનું કામ.

માટીના ઘાટ બનાવવા, કાગળ વાળવા, કાગળ કાપવા, અને સળીઓ ગોઠવવી.

*૬. અંગકસરત અને રમતો,

ધોરણ ૧લું.

૧ દેશી ભાષા.

વાચનઃ—સરકારી વાચનમાળાની પહેલી ચોપડી વાંચવી

કવિતાઃ—સરકારી વાચનમાળાની પહેલી ચોપડીમાંની કવિતા તથા સાદાં ગીતો મોઢે કરવાં તથા ગાવાં.

સાથમાં ગાવું.

નિબંધ—વાંચેલા પાઠ અને કવિતાઓ તથા શિક્ષકે કહેલી વાર્તાઓનો સાર મોઢેથી બોલી જવો, દેખાડેલાં ચિત્રોનું વર્ણન; બાળકોને રોચક દંતકથાઓ, તથા પરીઓ કે વનદેવતાઓની વાતો. કેટલીક વાતચીત અને વાર્તાઓમાં થોડીક નમુનારૂપ પરદેશી જાતો તથા પ્રદેશોની (સાદામાં સાદી) હકીકતનો સમાવેશ કરી શકાય.

લેખન—વાંચેલી ચોપડીમાંથી શિક્ષકની દેખરેખ નીચે ઉતારો કરવો.
૧૦૦ દોકડા.

૨ અંકગણિત

બાળવર્ગના કામનું પુનરાવર્તન ૧૦×૧૦ સુધીના ઘડીઆ આંકડાએ જાણવા તથા મોઢે બોલવા. ૨૦ સુધીના અર્ધા, લીટીઓ, આકૃતિઓ, વગેરેના વિભાગ પ્રત્યક્ષ પાડી બતાવીને તથા કાગળ વાળીને શીખવવા.

રૂપીઓ, અર્ધો રૂપીઓ, પાવલી, બે આની, આની, ઢબુ, પૈસો, અને પાઈ, એ નાણાં ઓળખવાં તથા તેમનાં નામ કહેવાં.

મોઢાનું કામ પદાર્થોની મદદથી કરવું જોઈએ, અને તેમાં ૯૯ સુધીની સંખ્યાઓના સરવાળા, બાદબાકી ગુણાકાર, તથા ભાગાકારનો સમાવેશ થવો જોઇએ

* **લેખી કામ**—૯૯ સુધીની સંખ્યાના સરવાળા તથા બાદબાકીના સાદા દાખલા. ૧૦૦ દોકડા

* * આવી બે નિશાનીઓવાળી બાબતો, પાસેના ઉપલા ધોરણ માટે રાખી મૂકવી

૩ સોયકામ

કોર વાળીને ઓટણ, કાગળ કે કપડાના સાંધા મેળવવા, અને ચોષ-ટ્રિસ. ૧૦૦ દોકડા.

*૪. સૃષ્ટિજ્ઞાન અને શાળાનું બાગકામ.

(અ) ૧ નિશાળના બગીચામાંના કે પાસે આવેલા છોડ સજીવ છે અને વૃદ્ધિ પામે છે એ વિષેની વિદ્યાર્થીઓની ખાતરી કરવા માટે તે છોડની નિરીક્ષા. ભીની રેતીમાં બી વાવવા, કે જેથી કરીને છોડ શી રીતે વધતા

જાય છે તે જોઈ શકાય. ઉગી શકે તેવા છએક છોડની, અને મૂળ, થડ, પાન, ફુલ, અને ફળ જેવા કેટલાક જુદા જુદા ભાગોની નિરીક્ષા.

૨. (૧) ભેંસ અને ગાય કે બળદ, (૨) ઘેટું અને બકરું, અને (૩) પોપટ અને કાગડો, એમની વચ્ચેનું મળતાપણું અને તફાવત બતાવવા.

૩. આકાશ અને તેમાં આપણે જે જોઈએ છીએ તે—આકાશ, વાદળાં, સૂરજ, ચંદ્ર, અને તારા.

વરસાદનું પાણી, તે ક્યાંથી આવે છે, ક્યાં જાય છે, અને શું કામ કરે છે.

(૪) ખરપડીનો ઉપયોગ, અને વર્ણના, ક્યારામાંની પોચી જમીન ખોદવાનો અભ્યાસ. છએક છોડ ઉછેરવા, અને સામાન્ય રીતે શિક્ષકની દેખરેખ નીચે કામ કરવું સામાન્ય રીતે ૧૫થી વધારે વિદ્યાર્થીઓએ સાથે કામ કરવું નહિ. ૧૦૦ દિહાડા

*૫. ચિત્રકામ

(૧) છોકરાઓની પ્રાથમિક શાળાઓ માટેના ધોરણોમાં જણાવેલી વસ્તુઓનાં ચિત્રો

(૨) બાળકોની શક્તિને તદ્દન યોગ્ય કલ્પનાશક્તિનાં ચિત્રો.

(૩) ઉપર (૧) માં જણાવેલા વસ્તુઓના અને બીજી વસ્તુઓના યાદદાસ્ત પરથી ઉપજાવેલાં ચિત્રો.

*૬ હાથનું કામ.

માટીના ઘાટ બનાવવા કાગળ વાળવા અને કાગળ કાપવા.

* અંગકસરતો તથા રમતો.

ધોરણ બીજું.

૧ દેશી ભાષા

વાચન—સરકારી વાચનમાળાની બીજી ચોપડી. વિષયની સમજુતી સાથે, ભાવ જણાય એવી રીતે, માફકસર સરળતાથી વાંચવી.

કવિતા —બીજી ચોપડીમાંની કવિતાઓ સમજવી, મોઢે કરવી અને ગાવી. સાથમાં ગાવું

નિબંધઃ—પહેલા ધોરણના જેવો, પણ જરા ઉંચા પ્રકારનો. રામાયણ, મહાભારત, કે તેમના જેવા બીજા ગ્રંથોમાંની વિદ્યાર્થીને લાયક વાર્તાઓ.

લેખનઃ—બીજી ચોપડીમાંથી શિક્ષકની દેખરેખ નીચે ઉતારો તથા શ્રુતલેખન. ૧૦૦ દોકડા.

૨. અંકગણિત.

૧,૦૦૦ સુધીની સંખ્યા વાંચવી તથા લખવી. સરવાળા, બાદબાકી, ગુણાકાર તથા ભાગાકારના સહેલા દાખલા.

૨૦×૧૦ સુધીના ઘડીઆ વિદ્યાર્થીઓએ બનાવવા તથા બોલવા. માપ લઈને વસ્તુઓ વડે, અથવા કાગળ વાળીને, આપેલી સંખ્યા અથવા પરિમાણ (જથ્થા) ના $\frac{1}{2}$ અને $\frac{1}{4}$ શોધી કાઢવા. ઓરડામાંની ચીજો ફૂટપટીથી માપવી. પ્રવાહી પદાર્થો માપવામાં સ્થાનિક માપોનો અને તોળવામાં સ્થાનિક વજનોનો ઉપયોગ કરવો.

૫૦ સુધીનાં અર્ધાં, તથા ૨૦ સુધીનાં પાયાં દેશી નાણાંનો ઉપયોગ.

ઉપલી સંખ્યાઓનો ઉપયોગ થાય એવું અને બાળકોની રોજની જિંદગીને લગતા પ્રશ્નોનો સમાવેશ થાય એવુ મુખગણિત

૧૦૦ દોકડા.

૩, ભૂગોળ.

(અ) દિશાઓ, વર્ગના ઓરડાનો નકશો નિશાળના મકાનનો અને તેને ફરતી જગાનો નકશો

(બ) આસપાસનાં મકાનો તથા મોહલ્લાઓનો નકશો અથવા નમુનો.

(ક) ગામ કે શહેર—તેની મુખ્ય ભૂતળ રચના, લોકોના ધંધા, અને મુખ્ય સ્થાનિક પેદાશ (સાદામાં સાદું વર્ણન).

(ડ) માટીના નમુનાની મદદથી પર્વતો તથા નદીઓની વ્યાખ્યા શીખવવી.

(ઈ) પૃથ્વી અને તેનો આકાર, અને જમીન તથા પાણીના મુખ્ય વિભાગ (સાદામાં સાદી રીતે શીખવવા). ૧૦૦ દોકડા.

૪. આરોગ્યશાસ્ત્ર.

સ્વચ્છતા, શરીર, ચોકખી હવા, અને ચામડી, દાંત, તથા નખની સંભાળ, એ વિષે સાદી વાતચીત. ૧૦૦ દોકડા.

૫ સોયકામ.

સાંધા મેળવવા અને જાડા કપડાની આશરે ૧૦"×૭" માપની કોથળી બનાવવી અને તેમાં દોરો ભરવાનું અને સાંધા એકઠા કરી મથાળે સીવવાનું કામ બતાવવુ (રંગીન દોરો વાપરવો) ૧૦૦ દોકડા.

* ૬ સૃષ્ટિજ્ઞાન અને શાળાનું બાગકામ.

(અ) ૧. પંદર સ્થાનિક છોડ તથા તેમના મુખ્ય વિભાગોનું અવલોકન કરવું અને તેમને ઓળખવા, દાખલા તરીકે બાજરી, જુવાર, ઘઉં, ડાંગેર, શેરડી, મકાઈ, આંબો, જમરૂખી, દાડમડી, કેળ, ખજુરી, નાળિએરી, લીંબુડી, તુવેર, ચણા, વાલ, વટાણા, મગફળી; ગુલાબ, જુઈ, સુરજમુખી, ગુલમોહોર, ગલગોટા, તુલસી, કાકડી, તડબુચી, દૂધી.

૨. પાંચ સામાન્ય પ્રાણીઓના આકાર અને ખાસીઅતોનું અવલોકન, દાખલા તરીકે બતક, મરઘી, ચકલી, કબુતર, ઘોડું ગધેડું ઊંટ, ગોકળગાય.

૩. સળીઆના પડછાયાની દિશાઓ ધ્યાનમાં લઈને સુરજની જુદી જુદી સ્થિતિઓનું અવલોકન, આકાશમાં સુરજની સ્થિતિ ધ્યાનમા લઈને વખત કહેવો.

પવનની દિશા જોવી.

(બ) વિદ્યાર્થીઓએ નમુનાના ચોરસ કયારાઓમાં શિક્ષકને કામ કરતા જોવા, અને પછી બે વિદ્યાર્થીઓએ પોતાના કયારામાં તેજ કામ કરવું. બનતા સુધી સૃષ્ટિજ્ઞાન માટે જરૂરના તમામ છોડ ઉગાડવા

૧૦૦ દોકડા.

* ૭ ચિત્રકામ.

(૧) છોકરાઓની પ્રાથમિક શાળાઓ માટેનાં ધોરણોમાં જણાવેલી વસ્તુઓનાં ચિત્રો.

(૨) બાળકોની શક્તિને તદન યોગ્ય, કલ્પનાશક્તિનાં ચિત્રો.

(૩) ઉપર (૧) માં જણાવેલી વસ્તુઓ અને બીજી વસ્તુઓનાં યાદદાસ્ત પરથી ઉપજાવેલાં ચિત્રો. ૧૦૦ દોકડા.

* ૮ હાથનું કામ.

માટીના ઘાટ બનાવવા, કાર્ડબોર્ડ કે બ્રાઉનપેપરનાં રમકડાં અથવા નમુના બનાવવા.

* ૯. અંગકસરતો અને રમતો.

ધોરણ ત્રીજું.

૧. દેશી ભાષા.

વાચન.—સરકારી વાચનમાળાની ત્રીજી ચોપડી, વિષયની સમજુતી સાથે, ભાવ જણાય એવી રીતે માફકસર સરળતાથી વાંચવી.

ટીપ—આ ધોરણથી માંડીને વિદ્યાર્થીઓને ઘર આગળ તેમને લાયક પુસ્તકો વાંચવાને ઉત્તેજન આપવું જોઈએ. એવાં પુસ્તકોની યાદી ખાતા તરફથી બહાર પાડવામાં આવશે.

કવિતા—ત્રીજી ચોપડીમાંની કવિતા સમજવી, મોઢે કરવી, અને ગાવી.
સાથમાં ગાવું

નિબંધ—સાદી વસ્તુઓનું મોઢેથી વર્ણન કરવું, અને શિક્ષકે વાંચી બતાવેલી વાર્તા અથવા વર્ણનરૂપ કવિતાનો સાર મોઢેથી કહી જવો. રામાયણ, મહાભારત, અથવા તેમના જેવા ગ્રંથોમાંથી યોગ્ય વાર્તાઓ.

લેખન—વાંચેલી ચોપડીમાંથી શિક્ષકની દેખરેખ નીચે ઉતારો અને શ્રુતલેખન.

ટીપ—જે નિશાળોમાં જોઈતાં સાહિત્યો અને ટ્રેઇન્ડ શિક્ષકો હોય તેમાં આ અથવા કોઈ પણ ઉપલા ધોરણમાં કોપિ બુક લખવાનું દાખલ કરવું

૧૦૦ દોકડા.

૨ અંકગણિત.

૧૦,૦૦૦ સુધીની સંખ્યા લખવી તથા વાંચવી.

પહેલી ચાર સાદી રીતો. બે આંકડા વડે ગુણાકાર તથા ભાગાકાર; (જ્યાં જ્યાં બની શકે ત્યાં ત્યાં ટુંકી રીતો વાપરવા).

દરરોજની વપરાશનાં સ્થાનિક દેશી નાણાંઓનાં કોઠા અને સાદાં દેશી વજનો તથા માપો, અને (ફક્ત નાણાંની) ભાંજણી.

પરિમાણો (ઢગલા) નો અડસટ્ટો કાઢવો અને માપીને તથા તોળીને અડસટ્ટો બરાબર છે કે કેમ તે જોવું ઓરડાની લંબાઈ, બારણાની ઉંચાઈ, વગેરે માપવાના વ્યવહારોપયોગી પ્રયત્નો.

અંગ્રેજી પદ્ધતિ પ્રમાણે બે સંયુક્ત રીતો (સરવાળા તથા બાદબાકી) અને દેશી પદ્ધતિ પ્રમાણે તેજ બે સંયુક્ત રીતો.

૪૦ સુધીના પાયા.

નાણું, વજન, તથા માપનાં કોઠાઓને લગતા સહેલા પ્રશ્નોનો સમાવેશ થાય એટલું મુખગણિત. ૧૦૦ દોકડા.

૩ ભૂગોળ.

(૧) તાલુકો, જિલ્લો, અને પ્રાંત.

(અ) સીમા; (બ) મુખ્ય ભૂતળરચના; (ક) મુખ્ય સ્થળો; (ડ) મુખ્ય પેદાશ; (ઇ) લોકો અને તેમના ધંધા, (ફ) શહેર કે ગામ અને તાલુકા, જિલ્લા, અથવા પ્રાંતના બીજા ભાગોની વચ્ચે વ્યવહાર ચલાવવાનાં સાધનો.

(૨) દુનીયાના મુખ્ય દેશો અને તેમનાં સાપેક્ષ સ્થાન (સાદામાં સાદી રીતે શીખવવાં) ૧૦૦ દોકડા

૪ આરોગ્યશાસ્ત્ર.

નીચેની બાબતો પર સાદી વાત:—

(૧) શરીર—તેના મુખ્ય ભાગ તથા તેમના ઉપયોગો.

(૨) સ્વચ્છતા—વાળ, ચામડી, દાંત, અને નખની સંભાળ; સ્વચ્છ કપડાં તથા બિછાનું; મેલનાં માઠાં પરિણામ; ઓરડી સ્વચ્છ રાખવાની રીત.

(૩) ખોરાક—તંદુરસ્તી બગાડે એવો ખોરાક; કાચાં અથવા બગડેલાં ફળ; ઉતાવળથી ખાવાના અને જરૂર કરતાં વધારે ખાવાનાં માઠાં પરિણામ.

(૪) પીવાના પદાર્થ—ચોકખું પીવાનું પાણી; ચોકખું દૂધ: અને પીવાનાં વાસણની સંભાળ. ૧૦૦ દોકડા.

૫. સોયકામ.

દરેક બાળકે માપ લેવું, વેતરવું, દોરવું, અને પોતાને બેસતો આવે એવો ચણીઓ બનાવવો, અને તેમાં બખીઆ, ઓટણ સીવણ અને ટક દેવા, અને નેફો દેવો, એ કામ બનાવવાં. ૧૦૦ દોકડા

*૬. સૃષ્ટિજ્ઞાન અને શાળાનું બાગ કામ.

(અ) ૧. મૂળ અને તેનો છોડને ઉપયોગ; પુંજમૂળ, સોટી મૂળ ઓળખવાં.

થડ, જુદી જુદી જાતો, જેમકે ઉભું, જમીનપર પથરાઈ જાય એવું, વીંટળાઈને ચઢનાર, અને જમીનની અંદર રહેનાર, અને તેમના ઉપયોગ. કુંડાળાવાળો અથવા કુંડાળાં વગરના થડના આડા કાપેલા ભાગોનો અભ્યાસ. પાન, બાળકોએ પોતે ભેગાં કરેલાં પાન ઓળખાવવા માટે જરુરના તફાવતો બતાવવા તેમને શીખવવું.

૨ છોકરાં જાણતા હોય એવા પક્ષીઓની ખાસીઅતો તથા લક્ષણ રહેઠાણ, ખોરાક, ચાંચ, અને નહોર પ્રમાણે પક્ષીઓનું વર્ગીકરણ

૩. દહાડે દહાડે ચન્દ્રની સ્થિતિ તથા દેખાવમાં થતા ફેરફારોનું અવલોકન.

વાદળાં કેવી રીતે બને છે તથા કેવા પ્રકારનાં હોય છે (ભારે અને હલકા) તે વાદળા ઉપર પવનની અસર ખડકો અને માટી; વહેતા પાણીની તેમના પર અસર.

(બ) જમીન તૈયાર કરવાનું બધાને સાથે શિક્ષણ બની શકે ત્યાં ત્રણ-ત્રણ છોકરીઓની ટુકડીઓએ ૫' × ૬' જેવડા ક્યારામાં સાથે કામ કરવું, અને સૃષ્ટિજ્ઞાન માટે જરૂરના છોડ ઉગાડવા—મૂળ, જેવાં કે મુળા તથા ગાજર; અને થડ, જેવાં કે બટાટા, આદું, હળદર, ડુંગળી અને શકરીઉ; જેનાં પાન ખવાય છે તેવી વનસ્પતિ, જેવી કે મેથી, અળવી. તાદળજો; જેનાં ફળ ખવાય છે તેવી વનસ્પતિ, જેવી કે મરચાં, વેંગણ, ચીભડું.

૧૦૦ દોકડા.

*૭ ચિત્રકામ.

(૧) છોકરાઓની પ્રાથમિક શાળાઓ માટેના ધોરણોમાં જણાવેલી વસ્તુઓનાં ચિત્રો.

(૨) બાળકોની શક્તિને તદ્દન લાયક એવાં કલ્પન શક્તિનાં ચિત્રો.

(૩) ઉપર (૧) માં જણાવેલી વસ્તુઓ તથા બીજી વસ્તુઓનાં યાદદાસ્ત ઉપરથી ઉપજાવેલા ચિત્રો. ૧૦૦ દોકડા.

*૮ હાથનું કામ

માટીના ઘાટ બનાવવા, સરકટનું કામ, કાર્ડબોર્ડ અથવા પાકા પેપર ઈ. રમકડાં અથવા નમુના.

*૯ અંગકસરતો અને રમતો.

ધોરણ ચોથું.

૧ દેશી ભાષા.

વાચન—સરળતાથી, ભાવ સમજાય એવી રીતે, અને વિષયની સમજુતી સાથે કન્યાવાચનમાળાની ૧ લી ચોપડીના ત્રણ વિભાગોનો ઓછામાં ઓછો અર્ધો ભાગ વાંચવો.

કવિતા—વાચેની ચોપડીમાંથી ૪ કવિતાઓ સમજવી, મોઢે કરવી, અને ગાવી.

સાથમાં ગાવું

નિબંધઃ—વાચેના પાઠો તથા શીખેલી કવિતાઓનો મોઢેથી તથા લેખી સારાંશ.

સાદી વાર્તા લખી જવી, સહેલો કાગળ લખવો.

વ્યાકરણઃ—સાદા વાક્યોના ઉદ્દેશ્ય તથા વિધેય એવા ભાગ પાડવા; અને નામ, વિશેષણ, સર્વનામ, ક્રિયાપદ અને ક્રિયાવિશેષણ ઓળખવાં.

લેખન—વાચેની ચોપડીમાંથી શ્રુતલેખન, કાગા પાટીઆપરના નમુના પ્રમાણે દોરી ચોપડીઓમાં લખવું

(ટીપ—બધી જાતના લેખી કામમાં સ્વચ્છ લખાણ તથા શુદ્ધ જોડણી પર ખાસ લક્ષ આપવામાં આવશે.) ૧૦૦ દોકડા.

૨. અંકગણિત.

૧,૦૦,૦૦૦ સુધીની સંખ્યાઓ લખવી તથા વાંચવી આગલાં ધોરણોમાં કરેલા કામનું પુનરાવર્તન

ભાજણી અને અંગ્રેજી પદ્ધતિ પ્રમાણે બાકી રહેલી સંયુક્ત રીતો. અવયવો વડે લઘુતમ સાધારણ અવયવી તથા ગુરુતમ સાધારણ અવયવ શીખવવા, ઘણા સાદા વ્યાવહારિક અપૂર્ણાંક; ચાર રીતો. એકમ પદ્ધતિ, અને તે પરથી ત્રિરાશિ

બાળકોને જાણીતા હોય એવા ઘરમાંના તેમજ બજારમાંના વ્યવહારને લગતા સહેલા પ્રશ્નોનો સમાવેશ થાય એવું મુખગણિત. ૧૦૦ દોકડા

૩ ભૂગોળ.

(૧) ઇલાકો અને હિંદુસ્તાન.

(અ) સીમા; (બ) મુખ્ય ભૂતળરચના; (ક) મુખ્ય વિભાગો, ઘણાજ અગત્યનાં દેશી રાજ્યો, અને તેમાંના મુખ્ય શહેરો, (ડ) મુખ્ય પેદાશ; (ઇ) લોકો તથા તેમના ધંધા; (ફ) શહેર કે ગામ અને ઇલાકાના ચાર વિભાગોનાં મુખ્ય મથકો, મુંબઇ, કલકત્તા, મદ્રાસ, અને દિલ્હી વચ્ચેનો વ્યવહાર ચલાવવાનાં સાધનો, (ગ) રાજ્યવ્યવસ્થા (કલેક્ટર, કમિશનર, ગવર્નર, વાઇસરોય, એમને લગતું સાદામાં સાદું વર્ણન).

(૨) હિંદુસ્તાન અને બ્રિટિશ સામ્રાજ્યના મુખ્ય દેશો વચ્ચેના વ્યવહારનાં સાધનો ૧૦૦ દોકડા

૪. આરોગ્યશાસ્ત્ર

(૧) હવા—શ્વાસ લેવાની પ્રક્રિયા અને તેમને વાપરવાની રીત; શુદ્ધ હવાની આવજા; સુવાના ઓરડામાં સ્વચ્છ હવાની આવજા. અસ્વચ્છ હવાથી આવી પડતું જોખમ, મોઢે માથે ઓઢીને સુવાનાં ખરાબ પરિણામ.

(૨) પાણી—ચોખ્ખું પીવાનું પાણી, પાણી પુરું પાડવાનાં સાધનો અને તે ચોખ્ખાં રાખવાની રીત ઘરમાંનું પાણી બગડતું અટકાવવાની રીત. અસ્વચ્છ પાણી પીવા લાયક બનાવવાની રીત સ્વચ્છતા જાળવવાના સાધન તરીકે પાણીનો ઉપયોગ

(૩) ખોરાક—ખોરાકની જાતો અને તેમનાં ગુણ રાંધવાનાં વાસણ ચોખ્ખાં રાખવાની રીત, ખોરાક વાપરવાની તથા રાખવાની રીત, માખીઓ તરફથી ચેપની ધાસ્તી, અને આ ધાસ્તી ઓછી કરવાના ઉપાય, પાચનક્રિયાની પ્રક્રિયા; કેટલી વખતે અને ક્યારે ખાવું, ચાવવાની જરૂર, રાંધવા વિષે સારી સૂચનાઓ, ગુણકારી પીવાના પદાર્થ, અને તે બનાવવાની રીત.

(૪) સ્વચ્છતા—ચામડીમાંનાં છિદ્રો, નાહવું; ઉષ્ણતામાનમાં એકાએક થતા ફેરફારો, અને શરદી

(૫) કપડાં—જુદી જુદી ઋતુઓ માટે લાયક કાપડ, ઢીલાં કપડાં, ભીનાં કપડાં પહેરવામાં રહેલું જોખમ

(૬) ઘર ચોકખું રાખવાની રીત, તથા કચરાનો નિકાલ. દોકડા ૧૦૦.

*૫. સોયકામ.

(અ) વેતરવું, સીવવું, અને ઝભલું કે બીજું અનુકૂળ કપડું બનાવવું, અને તેમાં નીચેની બાબતો બતાવવી:—દોરો ભરવો, બખીઆ, ગંગાપટ્ટી, આગળની પટ્ટી, ઓરીઆં અને તેમનાં નાકાં. સાંધવું અને થીગડું દેવું.

(બ) કેનવાસ ઉપર સાદો દરાંદો અથવા તેના જેવું બીજું રેશી ગુંથણ અથવા ઓરાડીનું ગુંથણ અથવા બે સોયાનું ગુંથણ. ૧૦૦ દોકડા.

*૬. ઈતિહાસ.

પ્રાંતનો ઈતિહાસ સાદી અને રમુજી વાર્તાઓ મારફતે શીખવવો.
૧૦૦ દોકડા.

*૭ સૃષ્ટિજ્ઞાન તથા શાળાનું બાગકામ

(અ) પ્રકાશ તથા પાણી સાથે પાનનો સંબંધ. ફૂલના ભાગ અને તેમના ઉપયોગ.

ફળો—રસદાર તથા સુકાં, ફળના ભાગ. બીજવહનક્રિયા જેવા સંજોગોમાં થાય છે તેના દાખલા આપવા માટે સાદા પ્રયોગો.

(બ) નિરીક્ષણ માટે ગમેતે કોઈ પણ જંતુ (દાખલા તરીકે પતંગીઆ કે રેશમના કીડાનું તથા દેડકાનું જીવન વૃત્તાંત. માછલી (મળી શકે ત્યારે) પાણીમાં રહેવા માટે કેવી રીતે લાયક છે તે. તેનું વજન, આકાર, ઢાંકણ, ઉષ્ણતામાન તથા હીલચાલ

(ક) સૌથી વધારે ચળકતા તારાના ઝુમખાં, અથવા મરજી હોય તો સીતારા નક્ષત્રો, ઓળખવા.

પાણી, ગરમી, ઠંડી, તથા પવનની ખડકો અને જમીન પર થતી અસર.

ટીપ—આ તથા પંચમા ધોરણ માટે નક્કી કરેલી જુદી જુદી બાબતોના વિભાગ પાડી નિશાળોને ઠીક લાગે તેમ તે ૪ થા, ૫ મા તથા ૬ ઠા ધોરણમાં વહેંચી શકાશે.

(ડ) બગીચાના બી વાવવા માટે લાકડી પેટીઓ કે કુંડાં બનાવવા વિષે એકડું શિક્ષણ. ખાતરનો તથા ખાતર પુરવા વિષેનો અભ્યાસ

નિશાળને લગતા બગીચાની શોભા માટે રાખેલા ભાગ (દાખલા તરીકે ક્યારા અને વાડો) ની સંભાળ. કલમ કરીને, ગાંઠાના કકડા રોપીને, બચ્ચાંઓ બીજે ઠેકાણે રોપીને, તથા છોડને બીજા કુંડામાં રોપીને છોડવાઓનો ફેલાવો ૧૦૦ દોકડા.

*૮. ચિત્રકામ

(૧) છોકરાની પ્રાથમિક શાળાઓ માટેનાં ધોરણોમાં જણાવેલી વસ્તુઓનાં ચિત્રો.

(૨) બાળકોની શક્તિને લાયક એવાં કલ્પનાશક્તિનાં ચિત્રો

(૩) ઉપર (૧)માં જણાવેલી તથા બીજી વસ્તુઓની યાદદાસ્ત પરથી ઉપજાવેલાં ચિત્રો ૧૦૦ દોકડા

*૯. અંગકસરતો તથા રમતો.

ધોરણ પાંચમું.

૧ દેશી ભાષા.

વાચન—કન્યાવાચનમાળાની બીજી ચોપડીના ત્રણ વિભાગોનો ઓછામાં ઓછો અર્ધો ભાગ સરળતાથી, ભાવ સમજાય એવી રીતે, અને વિષયની સમજુતી સાથે વાચવો.

કવિતા—વાચેલી ચોપડીમાંથી ચાર કવિતાઓ સમજવી, મોઢે કરવી, અને ગાવી સાજમાં ગાવું

નિબંધ—વાચેલા પાઠો અને શીખેલી કવિતાનો મોઢેથી અને લેખી સાર

પત્ર લખવો

વ્યાકરણ—સાદાં વાક્યોના ઉદ્દેશ્ય અને વિધેય, તથા ઉદ્દેશ્યવર્ધક અને વિધેયવર્ધક, એવા ભાગ પાડવા, અને બાકી રહેલા શબ્દપ્રકાર તથા જાતિ અને વચન ઓળખવાં.

લેખન—વાચેલી ચોપડીમાંથી શ્રુતલેખન

કાળા પાટીઆ પરના નમુના પ્રમાણે કોરી ચોપડીઓમાં લખવું ૧૦૦ દોકડા.

૨ અંકગણિત.

આગલા કામનું પુનરાવર્તન

વ્યવહારી અપૂર્ણાંક ચાલુ. એકમ પદ્ધતિથી ત્રિરાશિના સહેલા દાખલા તથા સાદું વ્યાજ, મુખગણિતનો સંબંધ ઘરના કામની સાથે જોડવો

૧૦૦ દોકડા.

૩ ભૂગોળ

(૧) એશિયાની સામાન્ય ભૂગોળ

(અ) એશિયામાં હિંદુસ્તાનનું, અને દુનિયામાં એશિયાનું સ્થાન. (બ) સીમા અને કિનારો; (ક) મુખ્ય ભૂસ્તરરચના (ડ) દેશો તથા તેમની રાજધાનીઓ (ઇ) પેદાશ પ્રમાણે ખંડના વિભાગ દર્શાવનાર પ્રદેશો, પેદાશનો આધાર આબોહવા પર શી રીતે રહે છે તેની સમજુતી સાથે, (ફ) લોકો. (ગ) દરેક દેશની રાજ્યવ્યવસ્થા (દાખલા તરીકે રાજસત્તાક કે પ્રજાસત્તાક) નું સામાન્ય સાદું વર્ણન

(૨) બ્રિટિશ સામ્રાજ્યનું સામાન્ય વર્ણન. એટલે દેશો અને રાજધાનીઓ, લોકો તથા પેદાશો, અને રાજવ્યવસ્થા. ૧૦૦ દોકડા.

૪. આરોગ્યશાસ્ત્ર

(૧) આગની સામે સાવચેતી.

(૨) દીવાબત્તિ અને આંખોની સંભાળ.

(૩) અચાનક બનાવો અને અણધાર્યા પ્રસંગો

ડાક્ટર આવવા પહેલાં શું કરવું તે

(૪) ઊડતા અને સ્પર્શજન્ય રોગો, તેમનાં કારણો, તથા અટકાવ. મેલેરિયા અને તેની દવાદારૂ ૧૦૦ દોકડા

૫ સીવણકામ

દરેક છોકરીએ વેતરવું શીખવું, અને પોતાને બેસતી આવે એવી ચોળી અથવા બીજું અનુકૂળ કપડું બનાવવું

સાંધવું અને થીગડું દેવું ચાલુ

અંકોડીનું, બે સોયાનું, અને દેશી ગુંથણ ૧૦૦ દોકડા.

૬ ઇતિહાસ.

પ્રાંતનો અને હિંદુસ્તાનનો ઇતિહાસ (ઓરંગજેબના મરણ સુધીના હિંદુ તથા મુસલમાન સમયના ઇતિહાસમાંના મુખ્ય બનાવો શીખવવા.)

૭ સૃષ્ટિજ્ઞાન અને શાળાનું બાગકામ

(અ) ૧. પવન, જન્તુઓ, વગેરેથી પરાગનું સ્ત્રીકેસર પર પડવું. ૨. ફલીકરણ; ૩. વૃદ્ધિ, ૪. બીજના ફેલાવાની સામાન્ય રીતો; ૫ બીજમાંથી ફણગાનું નીકળવું.

છોડવાઓનાં જુદાં જુદાં રહેઠાણ.

સપુષ્પ અને અપુષ્પ છોડવા. બીજી જાતના દાખલા માટે હંસરાજ, લીલ, અને બિલાડીનો ટોપ લેવાં, આંબો, પરાવલમ્બી વેલ, અને બિલાડીનો ટોપ એમની પોષણ મેળવવાની રીત.

(બ) મધમાખી અથવા કીડી, માખી અથવા મચ્છર, વંદો, અને અળસીઉં, એમનો સામાન્ય અભ્યાસ.

મરઘીના ઇંડાની રચનાનું (જ્યારે કરવા દઇ શકાય ત્યારે)અવલોકન.

(ક) આ ધોરણ માટેની વાચનમાળાની ચોપડીમાં આપેલા આકાશી પદાર્થોનું અવલોકન.

ધુમસ, ઝાકળ, અને કરા કેવી રીતે બને છે તે.

વરસાદ તથા ઉષ્ણતામાનનું માપ લેવું

સ્થાનિક ખડકો તથા જમીનોનું અવલોકન.

ટીપ:—આ અને ચોથા ધોરણ માટે નક્કી કરેલી બાબતોના વિભાગ પાડીને નિશાળ ને યોગ્ય લાગે તેમ તે ૪થા, ૫મા, તથા ૬ઠ્ઠા ધોરણમાં વહેંચી શકાશે.

(ખ) હંસરાજ અને શેવાળ માટે બગીચાના છાંયડાવાળા ભાગોને તૈયાર કરવા, બે વિદ્યાર્થીઓએ ભીંડા, ટમાટા, દુધીનો વર્ગ, વેંગણ, બીટી, કપાસ, તથા શાક ઉછેરવા માટે ૫' × ૬' જેવડાં ક્યારા બનાવવા. બગીચાના સામાન્ય ભાગોમાં સગવડ પ્રમાણે અને સૃષ્ટિજ્ઞાન માટે જરૂરનાં ફળઝાડ હોવાં જોઇએ, આંખ ચઢાવીને તથા ડાળી ચઢાવીને કલમ કરવાની રીતોનું પ્રદર્શન બગીચાના રોગોનો અભ્યાસ, કુંડાઓ બનાવવાની સામાન્ય રીત.

*૮ ચિત્રકામ.

(૧) છોકરાઓની પ્રાથમિક શાળાઓ માટેનાં ધોરણોમાં જણાવેલી વસ્તુઓનાં ચિત્રો.

(૨) બાળકોની શક્તિને તદ્દન લાયક એવાં કલ્પનાશક્તિનાં ચિત્રો.

(૩) ઉપર (૧) માં જણાવેલી વસ્તુઓના અને બીજી વસ્તુઓની યાદદાસ્ત પરથી ઉપજાવેલાં ચિત્રો

(૪) સાદી રચનાકૃતિ (ડીઝાઇન). ૧૦૦ ટકા

*૯ અંગકસરતો અને રમતો.

ધોરણ છઠ્ઠું.

૧ દેશી ભાષા.

વાચન —કન્યાવાચનમાળાની ત્રીજી ચોપડીના ત્રણ વિભાગોનો ઓછામાં ઓછો અર્ધો ભાગ સરળતાથી, ભાવ જણાય એવી રીતે અને વિષયની સમજુતી સાથે વાચવો.

કવિતા —ત્રીજી ચોપડીમાંથી ૬ કવિતાઓ સમજવી, મોઢે કરવી અને ગાવી

સાથમાં ગાવું.

નિબંધ —સામાન્ય રીતે ઉપયોગી વિષયો પર સાદા નિબંધો.

કથનો અને વર્ણનો.

વ્યાકરણ —પુરુષ અને વિભક્તિ ક્રિયાપદો સકર્મક અને અકર્મક, સાદા કાળો, અને ત્રણ સાદા પ્રયોગો

આગલાં ધોરણોમાંના કામનું પુનરાવર્તન.

લેખન —શ્રુતલેખન ૧૦૦ ટકા.

૨ અંકગણિત.

આગલા કામનું પુનરાવર્તન.

ચક્રવૃદ્ધિ વ્યાજના સહેલા દાખલા, અને દશાંશ પદ્ધતિની સમજણ.

ઘરનું નામું.

* રોજમેળ લખવાનો સાધારણ મહાવરો, અને ખતવણી કરવાની માહિતી. ૧૦૦ દોકડા.

૩ ભૂગોળ.

પૃથ્વીની સામાન્ય ભૂગોળ. ૧૦૦ દોકડા.

૪ આરોગ્યશાસ્ત્ર.

બચ્ચાં તથા છોકરાની સંભાળ, તેમનો ખોરાક કપડાં, ઊંઘ, વ્યાયામ અને શરીરની સ્વચ્છતા.

(૨) ઘર આગળની સારવાર—માંદા માણસનો ઓરડો, માંદા માણસની સંભાળ અને સારવાર. માંદા માણસનો ખોરાક અને તે બનાવવાની રીત. ૧૦૦ દોકડા.

ટીપ—(૧) ઉડતા કે સ્પર્શજન્ય રોગથી પીડાતા કોઈ પણ બાળકને નિશાળે ન આવવા દેવાની જવાબદારી મુખ્ય શિક્ષકને માથે છે.

(૨) પોતાના [મુખ્યત્વે કરીને બાળવર્ગ અને ૧લા ધોરણના] વિદ્યાર્થીઓ ચોકખા અને ઠીકઠાક રહે, તેમજ વર્ગના ઓરડા તથા નિશાળ અને તેની આસપાસની જગા સાફસુફ રહે, એ બાબતની સંભાળ લેવાની શિક્ષકોની ફરજ છે.

૫ સોયકામ

દરેક છોકરીએ વેતરવું, સાંધવું, અને પોતાને બેસતું અને એક બદન બનાવવું.

સાંધવું અને થીગડું દેવું ચાલુ.

અંકોડીનું, બે સોયાનું, અને દેશી ગુંથણ ૧૦૦ દોકડા.

૬ ઇતિહાસ.

ઇતિહાસ પુરો પ્રાન્તનો અને હિંદુસ્તાનનો અંગ્રેજી અમલના સમયનો ખાસ જ્ઞાન સાથે અને રાજ્યપદ્ધતિ વિષે કેટલીક માહીતી. ૧૦૦ દોકડા.

* ૭ સૃષ્ટિજ્ઞાન અને શાળાનું બાગકામ.

ટીપ—નિશાળોને યોગ્ય જણાય તેમ ૪થા અને ૫મા ધોરણ માટે નક્કી કરેલી બાબતોના વિભાગ પાડીને તે ૪થા, ૫મા, અને ૬ઠ્ઠા ધોરણમાં વહેંચી શકાશે.

*૮ ચિત્રકામ

(૧) છોકરાઓની પ્રાથમિક શાળાઓ માટેનાં ધોરણોમાં જણાવેલી વસ્તુઓનાં ચિત્રો.

(૨) બાળકોની શક્તિને તદ્દન લાયક એવાં કલ્પનાશક્તિનાં ચિત્રો.

(૩) ઉપર (૧) માં જણાવેલી વસ્તુઓનાં તથા બીજી વસ્તુઓનાં યાદદાસ્ત પરથી ઉપજાવેલાં ચિત્રો.

(૪) સાદી રચનાકૃતિ (ડીઝાઈન). ૧૦૦ દોકડા.

* ૯ અંગકસરતો અને રમતો.

અગ્રલેખ.

(૧) ગણિત શિક્ષણમાં શિક્ષકે લક્ષમાં રાખવાના કેટલાક " નકાર. "

૧ બાળક દાખલો ગણતું હોય તે વખતે તેના કામમાં શિક્ષકે અંતરાય પાડવો નહિ. આથી જિજ્ઞાસા અને ખંતને હાનિ પહોંચે છે.

૨ જે વિદ્યાર્થી દાખલો ખરો ગણી શકે તેને નવરો બેસાડી મૂકવો નહિ. તેને વિશેષ ગણવા આપવા, નબળા હોય તેનેજ ગણી બતાવવો.

૩ વિદ્યાર્થી દાખલા ગણતા હોય ત્યારે શિક્ષકે વારવાર બોલી ઘોંઘાટ ન કરવો, ઠપકો પણ ન દેવો કે સૂચના પણ ન આપવી.

૪ વિદ્યાર્થી આળસુ કે અનિચ્છાવાળો જણાય તો તે શક્તિની ખામી કે જડતા છે એમ ન માનવું વિષયમાં રસ નહિ પડતો હોય તેથી વિદ્યાર્થી આમ વર્તતો હશે એમ સમજવું. "દાખલો નથી આવડતો" એમ વિદ્યાર્થિ કહે એટલે માની લેવું કે તેણે તે ગણવાનો પ્રયત્ન નથી કર્યો

૫ ચાલાક વિદ્યાર્થીના કામમાં નકામી મુશ્કેલી ઉભી ન કરવી

૬ દાખલા બહુ સહેલા ન લખાવવા. શિક્ષકનું કર્તવ્ય એ છે કે બાળકો મુશ્કેલીનું કામ પાર પાડતા શીખે તેવે માર્ગે દોરવાં. એક અઘરો દાખલો કોઈ લગભગ ગણી જાય અને કદાચ ખરો ન હોય તો બાળકની તે ભૂલ ન માનવી. બીજા ખરા કે ખોટા, પણ સહેલા સ્વરૂપના દાખલા કરતાં આ પ્રયાસ વિશેષ હિતકારક નીવડે છે.

ચદે અર્થે છે એમ સ્વીકારીએ તો કેટલીક રૂઢ સંજ્ઞાઓ વાપરી હોત તેમ વિષય વિશેષ સરળ બનત દરેક બાબતમાં મૂળ સંસ્કૃતનેજ અગ્ર ધરીને નિર્ણય કરવાનો નિયમ કેટલીક વખતે અનુકૂળ નથી પડતો. પોતે સ્વીકારેલી શબ્દોની નવી સંજ્ઞા માટે પુષ્કળ કારણો આપી પોતાના મતનું સમર્થન કરી બતાવ્યું છે ધાતુ પ્રકરણમાં ગુજરાતી વ્યાકરણને લગતી હકીકત સંસ્કૃત હકીકત તપાસતા ઓછી નજરે પડે છે. શબ્દોના અર્થ, તેની શક્તિ અને વ્યુત્પત્તિ વિભાગ ઘણોજ સુંદર ચર્ચ્યો છે. દૃષ્ટાંતો આપ્યા વિના પોતે એકપણ બાબત રજુ કરી નથી એજ પુસ્તકની ખુબી છે.

કેટલાક તત્સમ શબ્દો ગુજરાતી ભાષામાં વપરાય છે. ગુજરાતી ભાષાને સંસ્કૃત ભાષા સાથે ગાઢ સબંધ છે એ દૃષ્ટિએ જોતાં સંધિનિયમો, સમાસ અને જોડણીની ચર્ચાને ગ્રન્થમાં યોગ્યજ સ્થાન આપ્યુ છે માત્ર સંસ્કૃત ભાષાનાજ શબ્દો દૃષ્ટાંતરૂપે ન આપતાં ગ્રન્થકારે ફારસી અરબી ભાષાના રૂઢ દૃષ્ટાંતો પણ આપ્યા છે. "આર્ય પ્રાકૃત ભાષાઓ, અને તેમા ગુજરાતીનું સ્થાન" તથા શબ્દસિદ્ધિનાં પ્રકરણો વ્યાકરણ કરતા સાહિત્ય સાથે વિશેષ સંબંધ ધરાવનારાં છે. મૂળ સંસ્કૃત ઉપરથી ક્યા ક્રમે ગુજરાતી શબ્દ સિદ્ધ થાય છે તેની ચર્ચાને ઉદ્દેશી કેટલીક હકીકત આપી છે. ગુજરાતી ભાષાના ઉપાસક તેમજ તેના સાહિત્યના ગ્રન્થ લખનાર સમર્થ વિદ્વાન તેમજ વિદ્યમાન સાક્ષરોમાં જોડણીનો પ્રશ્ન બહુ મતભેદ ધરાવે છે *વિદ્વાનો

---

*ગુજરાતી જોડણીનો મહાન પ્રશ્ન હજી સંતોષકારક રીતે ઉકેલાયો નથી. આજે જુદાં જુદાં પુસ્તકોમાં જોડણીના જુદા જુદા પ્રકાર દૃષ્ટિએ પડે છે; લખનારાઓની જોડણી ભિન્ન ભિન્ન છે એટલુંજ નહિ, પણ એકજ પુસ્તકમાં એકજ શબ્દની જોડણી જુદી જુદી હોય છે પરિણામ એ આવ્યું છે કે શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ ગુંચવાય છે, અને તેમના મનથી જોડણી એક ઉખાણાનું થઈ પડ્યું છે. આને માટે સરકારી કેળવણીખાતાએ ચોક્કસ નિયમો ઘડ્યા છે, અને તે નિયમાનુસાર શાળાઓમાં અને કોલેજોમાં ચાલતાં પાઠ્ય પુસ્તકો લખાય છે આ નિયમોના મતભેદ માટે અત્રે અવકાશ નથી તેથી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી કે ગુ. સાહિત્ય પરિષદ જોડણીના ચોક્કસ નિયમો ઘડી કાઢે ત્યાંસુધી ખાતાએ ઘડેલા નિયમો સામાન્ય રીતે સર્વમાન્ય રખી જાહેર લખનારાઓ અને ગ્રંથકારો લખે તો હાલ જે અરાજકતા જોવામાં આવે છે તે દૂર થાય

ગઈ સાહિત્યપરિષદને પ્રસંગે આપેલા પ્રમુખ ભાષણમાંથી અવતરણ.

તત્સમ શબ્દોની જોડણીનું સ્વરૂપ છિન્નભિન્ન નથીંજ કરતા, પરંતુ કેટલાક સામાન્ય ગ્રન્થકારો અને માસિકોના લેખકો જે જોડણી તત્સમ શબ્દોની અશુદ્ધરૂપે વાપરે છે તે અમારી દૃષ્ટિએ તો ક્ષન્તવ્ય નજ મનાય, તકરારી શબ્દોની જોડણીનો પ્રશ્ન વિદ્વાનો નક્કી કરશે એમ સંભવિત જણાતું નથી. પ્રસ્તુત ગ્રન્થમાં વિરામચિહ્ન અને ભાષાશુદ્ધિના પ્રશ્નો વિષે પણ ગંભીર વિવેચન કરી જોડણીના કેટલાક નિયમો આપ્યા છે, તે અમને મનન કરવા યોગ્ય લાગે છે મતભેદ તો રહેશેજ. છેવટના ભાગમાં કાવ્યવિચારનો વિષય પણ ચર્ચ્યો છે. કેટલાક વિદ્વાનો કાવ્યને કે છન્દને વ્યાકરણના અંગ તરીકે નહિ સ્વીકારે. વેદાંગની વાડી જોતાં વ્યાકરણ અને છન્દ એ જુદા વિભાગ તરીકે મનાય છે, પણ રૂઢિથી છન્દને વ્યાકરણના વિષયમાં સ્થાન અપાય છે. આ વિભાગમાં કાવ્યનાં લક્ષણ, અલંકાર, અને વૃત્તવિચારનું વર્ણન આપેલું છે. આમ ગ્રન્થ ઘણી અગત્યની બાબતોનો સંગ્રહ-ભંડાર છે. ગુજરાતી સાહિત્યના પ્રમાણભૂત ગ્રન્થ તરીકે તેને સ્થાન મળ્યું છે. પોતાના સંસ્કૃત જ્ઞાનને પરિણામે આ વ્યાકરણ ભાષાનો ઇતિહાસ, ભાષાશૈલી, અને બીજી અગત્યની હકીકત પુરી પાડનારો ગ્રન્થ છે. દરેક હકીકત પ્રમાણ તથા દૃષ્ટાંત સાથે ચર્ચી છે. કેટલીક ઝીણી અને વ્યાવહારિક બાબતો, તથા પદચ્છેદ વગેરેની ચાલી આવતી સંજ્ઞાઓ પરત્વે મતભેદ ઉપર કહી ગયા તેમ સ્વીકારવો પડે છે. આમ છતાં આવો મહાન ગ્રન્થ ગુજરાતી ભાષામાં પહેલોજ નજરે પડે છે. સંસ્કૃતમાં જેમ અમુક કાવ્યો "મહાકાવ્ય" કહેવાય છે, તેમ આ વ્યાકરણ પણ એક મહા વ્યાકરણ માનીએ તો તેમાં અત્યુક્તિ નથીજ થતી એમ અમારૂ ધારવુ છે.

" સ્ત્રીકેળવણી "

સાંપ્રત સમય.

(લેખક—લક્ષ્મીબ્હેન મોહનલાલ નાયક હેડમિસ્ટ્રેસ ઉમરસાડી. કન્યા ,તા પારડી.)

પ્રિય બ્હેનો ! ગૃહરાજ્યની, સમાજની, ગામની, અને સમગ્ર ભારત વર્ષની જો આપણે ઉન્નતિ કરવી હોય, સુખી બનવું હોય, દરિદ્રતા અને કંગાલતા દૂર કરવી હોય, તો પ્રથમ આપણે સ્ત્રીકેળવણીનો પાયો મજબુત બનાવવો જોઇએ.

જમાનો એવો આવી પહોંચ્યો છે કે પ્રત્યેક શિક્ષિત સ્ત્રી અને પુરુષ સાથે મળી, સહકારથી, એક બીજા તરફ સહાનુભૂતિ અને પૂજ્યભાવ રાખી, વિચારોની આપ લે કરી, ઉન્નત થાય એવા પ્રયાસો કરવા માટે હિમ્મતથી બહાર પડવું જોઈએ; એમ થશે તોજ ભવિષ્યમાં કેળવણીનાં મિષ્ટ ફળો ચાખવાને આપણે ભાગ્યશાળી થઈશું

હમણાં હમણાં ઉચ્ચ કેળવણી માટે કેટલાંક સ્થળોએ કાર્યો આરમ્ભાર્યાં છે એ બહુ આનંદની વાત છે. આપણી કેળવણી એવી જોઈએ કે જેથી આપણે ઉત્તમ ગૃહિણી, અને પ્રેમાળ માતા બની આપણાં બાળકોને સુસંસ્કારી, તેજસ્વી, અને દેશાભિમાની બનાવી શકીએ કેટલાક સ્વાર્થી અને અનઘડ માણસોએ " સ્ત્રીને ભણવાની શી જરૂર છે, એને ક્યાં નોકરી કરવા જવું છે, ભણેલી સ્ત્રીઓ બગડે છે, વિધવા થતાં નઠારી નીવડે છે," એવી એવી જુઠી, અરે ! શરમભરી વાતો ફેલાવાને પ્રયત્નો કર્યા છે, અને કરે છે, પણ તેમનાં હૃદયો " કુવામાંના દેડકા " જેવાં સંકુચિત અને હલકાં છે અજ્ઞાનતાથી આપણી આવી શોકજનક અને કરુણ દશા થઈ છે નાના ગામડાંમાં રહેતી મારી કેટલીક વહાલી બેનોને પુરૂ સો સુધી ગણતાં પણ આવડતું નથી; ઘરનું કામકાજ કરી પાડોશણો અને સાસુ નણંદો સાથે તકરાર કરી પુરુષને સતાવવામાંજ જીવનનો આનંદ માને છે બાળકો ઉપર પેટની બળતી દાઝ કાઢી તેમને માર મારે છે, અને એવા એવા અનેક કલહોમાં આપણી બેનો મચી રહે છે. તેમને દેશની દેવીઓ કહી શકાશે વારૂ !

પ્રાચીન કાળમાં સીતા, દમયન્તી, રાણા પ્રતાપની પટરાણી, અહલ્યાબાઈ હોલ્કર, તારાબાઈ વગેરે સન્નારીઓએ જે વીરતા, ધીરતા બતાવી અને જે ઉજ્જવળ કર્તવ્યો કર્યાં તે ઉચ્ચ શિક્ષણના પ્રતાપે નથી એમ કોણ કહી શકશે !

જેમ શરીર યોગ્ય કસરત, નિયમસર કામકાજ, તથા આહારથી શક્તિવાળું, આરોગ્યવાળું અને સુંદર થાય છે, તેજ પ્રમાણે મનને ઉન્નત, વિચારશીલ, અને સદ્‌ગુણી કરવાને ઉચ્ચ કેળવણીની ખાસ જરૂર છે. સંસારમાં—સારી દુનિયામાં શારીરિક જડ શક્તિ કરતાં મનોબળ-બુદ્ધિવાળાઓ પુરુષોજ વધુ સારાં કામો કરી શકે છે. તેઓજ અભણ વર્ગને તારી

શકે છે, અને સંસાર તથા સમાજને ઊંચે લઈ જાય છે. વળી એકલી મનની કેળવણીનો અર્થ એવો કરવામાં ન આવવો જોઈએ કે જેવો કેટલીક બેનોએ કર્યો છે અર્થાત કેળવાયા–ભણ્યા–એટલે ગૃહ–કાર્ય ન થાય, હમ્મેશ શરીર સારૂ ન રહે અને શૃંગારપૂર્ણ નોવેલો વાંચવામાં વખત જાય એવી કેળવણી હાનિ કરે છે, કેળવણીથી આપણે એવાં કાર્યો કરવાં જોઈએ કે પતિને આનંદ મળે, માતા પિતાને શાન્તિ મળે, અને બાળકોને આદર્શ નરનારીઓ બનાવી ઉભયકુળની કીર્તિને ઉજ્જવળ કરીએ.

પ્રાથમિક શિક્ષણ કેટલીક જગાએ મફત અને ફરજીઆત બનાવ્યું છે, એ માટે કાંઈક કાળજી લેવાય છે એ પ્રશંસા પાત્ર છે એવાં એવાં અને એને મળતાં અનેક સ્ત્રીકેળવણીનાં યોગ્ય ખાતાંઓ ઠેરઠેર નીકળવાં જોઈએ, અને તેનો દરેક બેન તરફથી પૂરતો લાભ લેવાવો જોઈએ.

આપણાં શાસ્ત્રોમાં સ્ત્રીઓને ઉત્તમમાં ઉત્તમ દેવી જેવી કહે છે મનુ ભગવાન લખે છે કે "ઘરની શોભારૂપ, પૂજ્ય, પ્રજાર્થે સરજાએલી, મહા ભાગ્યવાળી, સ્ત્રી અને લક્ષ્મીદેવતા એ બેમાં કશો ભેદ નથી." ઉત્તમ ગૃહસ્થાશ્રમનો મુખ્ય આધાર સ્ત્રી ઉપર છે, તો બાળાઓને કેળવવા માટે મર્દીલ કાળજી રાખવી, કે મોટપણે તેઓ ઉત્તમમાં ઉત્તમ સન્નારી, ઉત્તમમાં ઉત્તમ ભગિની, ઉત્તમમાં ઉત્તમ પત્ની, અને ઉત્તમમાં ઉત્તમ માતા થવા પામે.

દરેક માતાએ પોતાની વહાલી કન્યાને જે કર્તવ્ય બજાવવાનું છે, અને જેની સાથે આખું જીવન વ્યતીત કરવાનું છે, તેને આનંદ મળે, અને જીવન એક વેઠરૂપ નહિ પણ સ્વર્ગની ફુલવાડી જેવું લાગે, એવી તન મનની ઉચ્ચ કેળવણી આપવાની પોતાની પ્રથમ ફરજ બજાવવી જોઈએ, અને ગૃહસંસારમાં નાખવાની અયોગ્ય ઉતાવળ ન કરતાં પોતાની કન્યાને યથોચિત કેળવણી સાંસારિક, નૈતિક, અને ધાર્મિક મળી શકે તે માટે પૂરો વખત અને અનુકૂળતા આપવા જોઈએ, કે જેથી બુદ્ધિ પ્રમાણે જ્ઞાન મેળવી કન્યાઓ સુશીલ ગૃહિણીઓ અને પૂજ્ય માતાઓ બને અને તેમનો સંસાર શાન્ત અને આનંદમય બની રહે. આપણા એક વખતના પ્રતાપી દેશનું પ્રાચીન ગૌરવ પાછું લાવી ઠેકઠેકાણે અનેક દેવીઓ પ્રગટાવી આ દેશને પુનઃ દિવ્ય દેવભૂમિ બનાવવાનો આ એકજ ઉત્તમમાં ઉત્તમ માર્ગ છે.

ઈલાકાની ભૂગોળની શરૂઆત.

(લેખક-રા. રતનજી પુરુષોત્તમ અનડા. હેડમાસ્તર
જનાના મિ ટ્રે, અમદાવાદ)

શિષ્ય—ગુરુજી, આપે અમને આપણા પ્રાંતની ભુગોળ શીખવી; હવે આપણા પ્રાંતની નજીકના બીજા ભાગોની ભૂગોળ શીખવવા કૃપા કરશો ?

શિક્ષક—ઘણી ખુશીથી શીખવીશ. આજે મારો વિચાર જ હતો. દરમિયાન તમે ઉત્કંઠા બતાવો છો તેથી મને બહુ આનંદ થાય છે.

શિષ્ય—ત્યારે તો અમને બહુ ગમ્મત પડશે.

શિક્ષક—જુઓ ભાઈઓ, તમે ગુજરાત પ્રાંતની ભૂગોળ શીખી ગયા છો, આ ગુજરાત પ્રાંતના નકશાની પાસે હું એક બીજો નકશો ટાંગુ છું. તેમાં આપણો ગુજરાત પ્રાંત પણ છે. તમારામાંથી કોઈ તેમાંથી ગુજરાત પ્રાંત બતાવો.

શિષ્ય—આ નકશામાં ગુજરાત પ્રાંત નાનો કાઢેલો છે તે શા માટે સાહેબ ?

શિક્ષક—આ નકશામાં ગુજરાત ઉપરાંત બીજા ભાગો પણ બતાવ્યા છે, એટલે બધાનો સમાસ કરવા પ્રમાણમાં ગુજરાતને નાનો કાઢવો પડ્યો છે.

શિષ્ય—ગુરુજી, આ નકશો શેનો છે ?

શિક્ષક—ભાઈઓ, ગુજરાતનો નકશો પ્રાંતનો નકશો કહેવાતો હતો, પરંતુ આ ઇલાકાનો નકશો છે.

શિષ્ય—સાહેબ, ઇલાકો એટલે શું તે સમજાવશો ?

શિક્ષક—કેટલાક પ્રાંતો મળીને જે ભાગ બને, અને જેના અધિકારી ગવર્નર સાહેબ હોય તે ઇલાકો કહેવાય.

શિષ્ય—આ ઈલાકો કયા કયા પ્રાંતો મળીને થયો છે ?

શિક્ષક—જુઓ, તે હું તમને બતાવું છું. આ આપણો ગુજરાત, આ સિંધ, આ કચ્છ, આ મહારાષ્ટ્ર ને આ કાનડા એવા પાંચ પ્રાંતો મળીને આ ઈલાકો બનેલો છે.

શિષ્ય—આ ઈલાકાનું નામ શું છે, સાહેબ ?

શિક્ષક—આ ઈલાકાનું નામ [illegible] ઇલાકો છે.

શિષ્ય—આ ઇલાકાનું નામ મુંબઇ ઇલાકો કેમ પડ્યું છે તે કૃપા કરીને કહેશો ?

શિક્ષક—જુઓ, આ ઇલાકામાં મોટું શહેર મુંબઈ છે, ને ઇલાકાના ગવર્નર સાહેબ પણ મુંબઇમાં રહે છે, તેથી આપણા આ ઇલાકાનું નામ મુંબઈ ઇલાકો પડ્યું છે. હવે જુઓ, તમને મુંબઇ ઇલાકાની ચારે તરફની હદ બતાવું છું. તમારે તે ધ્યાનથી જોવી જોઇએ. કેમકે તે હદની બહારનો ભાગ મુંબઇ ઇલાકો કહેવાતો નથી.

શિષ્ય—સાહેબ, તેની હદ તો અમે બરાબર જોઈ, પરંતુ કહેશો કે મુંબઇ ઇલાકામાં ન હોય એવા બીજા ભાગો આમાં શા માટે બતાવ્યા છે ?

શિક્ષક—તમે સારી જિજ્ઞાસા કરી. મુંબઈ ઇલાકાની ચારે તરફ શું શું આવેલું છે તેનું જ્ઞાન તમને થાય માટે બીજા ભાગો બતાવ્યા છે. હવે હું તમને પૂછું છું કે તમે દરેક નકશામાં જોઇને કહો કે તેની ચારે તરફ કયા કયા ભાગો આવેલા છે.

શિષ્ય—સાહેબ, ઉત્તર ને ઇશાન તરફ બલુચિસ્તાન, પંજાબ ને રજપુતસ્તાન; પૂર્વ તરફ મધ્યહિંદ એજન્સિ, મધ્યપ્રાંત, નિઝામનું રાજ્ય, ને મદ્રાસ ઇલાકો; દક્ષિણ તરફ મ્હૈસુર ને મદ્રાસ ઇલાકો; અને પશ્ચિમ તરફ અરબી સમુદ્ર છે.

શિક્ષક—તમે ઇલાકાની ચોતરફના ભાગોના નામ વાંચ્યા તેથી જણાયું હશે કે આપણા ઇલાકાની ત્રણ તરફ જમીન ને એક તરફ મોટો અરબી સમુદ્ર છે.

શિષ્ય—ગુરુજી, આપણો ઇલાકો લાંબો બહુ દેખાય છે, પણ પહોળો થોડો છે. કૃપા કરીને લંબાઈ, પહોળાઈ વગેરે કહેશો ?

શિક્ષક—તમે નકશા ઉપરથી કાઢી શકો છો. જુઓ, આ સ્કેલ ઉપર નંબર ૧ થી ૨૦ માઈલ લખ્યા છે તે ઉપરથી ઇલાકાના નકશાની લંબાઈ માપી કાઢો.

શિષ્ય—લંબાઈ આશરે ૫૪ ઇંચ છે તેથી ૫૪×૨૦=૧૦૮૦ માઈલ થાય. પહોળાઈ જુદે જુદે ઠેકાણે જુદી જુદી છે.

શિક્ષક—તમારું માપ બરાબર છે. પહોળાઈ જુદી જુદી હોવાથી કહેવાની જરૂર નથી.

શિષ્ય—કૃપા કરીને ધડાકાનો વિસ્તાર કહેશો.

શિક્ષક—હવે એ વાત કહેવી જોઈએ, પરંતુ આજે આટલું બસ છે વધારે વાતો બીજે વખતે કરીશું.

(ટીપ—ભૂગોળના વિષયને કેવી રીતે રસિક ને કલ્પનાશક્તિની વૃદ્ધિ કરનારો કરવો તે માટે આ લેખ છે)

સૃષ્ટિજ્ઞાનના પાઠ સંબંધી સૂચના.

પાઠ ૯૧ મો.

ફૉસ્ફરસ અને દીવાસળી.

લેખક—રા. પુરશોત્તમ જી. પંડ્યા આ. માસ્તર પી. આર ટ્રેનિંગ કૉલેજ.)

આ પાઠના મુદ્દા નીચે પ્રમાણે લઈ શકાય.

૧ પીળા ફૉસ્ફરસને ઑક્સિજન સાથે વિશેષ રસાયન પ્રીતિ હોવાથી. પાણીમા રાખવો.

૨ રાતો ફૉસ્ફરસ ઑક્સિજન સાથે પીળા જેટલી રસાયન પ્રીતિવાળો નથી, તેથી હવામાં ખુલ્લો રાખી શકાય છે; અને તેની દીવાસળી જ્યાં ત્યાં ઘસવાથી સળગતી નથી.

આ પાઠમાં જોઈતી સઘળી હકીકત આપી છે વિશેષ જ્ઞાન સારૂ જાણવું જોઈએ કે હવા કાઢી લીધેલા વાસણમાં પીળા ફૉસ્ફરસને મૂકી બહારથી ૨૫૦ સેન્ટિગ્રેડ તાપ આપવાથી પીળાનું રૂપાંતર રાતામા થાય છે

સાદી દીવાસળીની બનાવટમાં પ્રથમ લાકડાં ખાસ કરીને આપણા દેશમાં અરડૂસા અને સામળાના વધારે ઉપયોગી થઈ પડે છે. આ લાકડાંનાં મધા પાંચ સાત ફૂટ લાંબાં કડીઆંને કાપી ઉના ખળખળતા પાણીમાં બફાવા દે છે. તેથી તે લાકડાં પોચાં પડી જાય છે પછી તેને સંચાવડે વહેરી તેની સળીઓ, પેટીનાં ખોખાં તથા ઢાંકણના માપની જોઈએ તેટલી જાડાઈની તૈયાર કરે છે. સળીઓની ઝુડીઓ કરી પીગાળેલા ગંધકના રસમાં એક છેડાથી આશરે અડધા ઇંચ જેટલો ભાગ બોળી કાઢે છે. પીળો ફૉસ્ફરસ, પૉટૅશિયમ ક્લોરેટ અને સરેશનું મિશ્રણ અર્ધ પ્રવાહી

સ્થિતિમા તૈયાર કરેલુ હોય છે, ગધક લગાડેલી સળીઓને લાકડાના એક પાટીઆમા આરપાર કાણાં પાડેલાં હોય છે તેમાં એવી રીતે ખોસે છે, કે પાટીઆની એક બાજુએ સળીઓના ગધકવાળા છેડા પાટીઆની સપાટીથી સહેજ બહાર રહે. હવે પેલા ફોસ્ફરસવાળા મિશ્રણમાં તે પાટીઆની ઉપલી સપાટી બોળે છે. આથી તે દરેક સળીને છેડે તે જ્વાળાગ્રાહી મિશ્રણના મોગરા ચોંટે છે. પછી તે પાટીઆને બહાર કાઢી વારનિશમાં મોગરા બોળાય તેમ રાખી, તૈયાર થએલી દીવાસળીઓને સૂકવે છે.

લાકડાંની ચીપોમાંથી પેટીનું ખોખુ સંચાની મદદવડે સહેજ વારમાં તૈયાર થઈ તેની એક બાજુએ કાળી કે બીજા રંગની ઝીણી રેતી લગાડેલો કાગળ ચોંટાડે છે. આ રીતે તૈયાર થએલાં ખોખામાં દીવાસળીઓ ભરી તેના બાર બાર પેટીઓના જથાને એક કાગળમાં પડીકાની માફક લપેટી, તેની ઉપર સંચાની છાપનો કાગળ ચોંટાડી પેટીઓમાં ભરી વેપારીઓને આપે છે તે પછી બજારમા છુટક વેચે છે આ રીતે તૈયાર થએલી સાદી દીવાસળીઓ કહેવાય

અભય દીવાસળીઓ બનાવવામા પણ રીત તો ઉપર કહી તેવીજ છે, પરંતુ સળીઓને ગધક લગાડતા નથી. સળીને છેડે જે પદાર્થના મોગરા ચોંટે છે, તે પોટાશિયમ ક્લોરેટ, સુરમાનો ગંધીલ, સિંદુર અને સરેશના મિશ્રણનો બનેલો છે દીવાસળીના ખોખાની બે બાજુએ રાતી ફોસ્ફરસ, કાચનો લોટ અને સરેશનુ મિશ્રણ ચોપડેલા કાગળની પટીઓ ચોંટેલી હોય છે.

બન્ને દીવાસળીનો તફાવત.

સાદીમા પીળો ફોસ્ફરસ સળીના મોગરામા છે, પણ તેના ઉપર વાર્નિશનુ પાતળુ પડ આવેલુ હોવાથી હવામાંના ઓક્સિજનની ઝાઝી અસર થતી નથી પરંતુ ગમે તે ખરબચડી સપાટીપર તેને ઘસતા વાર્નિશનુ પાતળુ પડ ઉખડી જાય છે, અને ઘર્ષણથી ઉત્પન્ન થએલી ગરમી તે મોગરાના મિશ્રણને સળગાવી દે છે. પીળી ફોસ્ફરસ મોંઘી તેમજ વધારે જ્વાળાગ્રાહી સ્વભાવની હોવાથી મોગરામાં તેનો, થોડો ભાગ હોય છે, તે ઘસતાની સાથે સળગી જાય છે જો ગધક જેવો જ્વાળાગ્રાહી પદાર્થ સળીને છેડે ન લગાડેલો હોય તો મોગરો સળગીને સળીનુ લાકડુ સળગતાં પહેલાં ઓલવાઈ જાય; પણ તે મોગરો ઓલવાતાં પહેલાં ગધક પીગળીને

સળગે છે, અને આશરે અર્ધા ઇંચની સપાટી પરનો ગંધક બળી રહેતાં પહેલાં સળીનું લાકડું સળગે છે. ગંધકનો ઉપયોગ આથી સ્પષ્ટ સમજાશે.

અભય દીવાસળીઓમાં મોગરામાં ફોસ્ફરસ બીલકુલ છેજ નહિ તેથી તેને ગમે ત્યાં ઘસો પણ સળગશે નહિ. પેટીની બાજુએ લગાડેલા કાગળ ઉપર ઘસીશું, ત્યારે કાગળ ઉપરનો કિંચિત લાલ ફોસ્ફરસ મોગરાને ચોંટશે. તે ફોસ્ફરસ અને મોગરાના રસાયની પદાર્થોનો સંયોગ કરવાને ઘર્ષણમાંથી ઉત્પન્ન થએલી ગરમી બસ થાય છે તેથી મોગરો સળગે છે. મોગરામાં મિશ્રણનો જથ્થો વધારે હોવાથી તે પુરેપુરો બળી રહે તે પહેલાં સળીનું લાકડું સળગે છે. આ કારણથી તે સળીને ગંધક લગાડવાની જરૂર નથી.

દીવાસળી બનાવવાના કારખાનામાં સંચાવડે તૈયાર થએલી ખોખાં બનાવવાની ચીપોને જોઈતા માપની કરી સંચામાં મૂક્યા પછી એકદમ તેનું બહારનું ખોખું તથા અંદરનું ખાનું તૈયાર થઈ બાજુએ ઘસવાની બાજુનો કાગળ તૈયાર થઈ બહાર પડે છે તે એટલી તો ઝડપથી થાય છે, કે જેણે તે જાતે જોયું હોય તો અચંબો થયા વગર રહેતો નથી.

ઘણા સ્મશાનોમાં રાત્રે ભડકા થતા દેખાય છે, તેને લોકો ભૂત ભૂત કરી ભાગે છે, અને બીએ છે. આ ભૂત બીજો કોઈ નહિ પણ હાડકાંનો ફોસ્ફરસ છે. જમીનમાં દટાએલાં બળતાં હાડકાંના છિદ્રાળુ ભાગો ઉપર, જમીનની અંદર ઉત્પન્ન થએલા કેટલાક એસિડોની અસર થવાથી તે ચુનાના ફોસ્ફેટમાંથી કુદરતી રીતે ફોસ્ફરસ તૈયાર થાય છે. આ રીતે તૈયાર થએલો પીળો ફોસ્ફરસ જમીનની સપાટીપર આવી જાય તો હવાના ઓક્સિજનની અસર થતા ભડકો થઈને બળી જાય છે, તેને લોકો ભૂતના ભડકા સમજે છે.

પુસ્તકોનો સ્વીકાર

અનુવાદક અને પ્રકાશક રા. કેશવલાલ હર્ષદરાય, ધ્રુવ બી. એ. અમદાવાદ.

(૧) મધ્યમ નાટક.

રા. કેશવલાલનું નામ ગુજરાતના સાહિત્યપ્રેમી જનોને સુવિદિત છે. પોતે પ્રાચીન ગુજરાતી સંશોધક અને ગુજરાતી ભાષા તથા સાહિત્યના એક પ્રચૂર વિદ્વાન તરીકે સર્વને જાણીતા છે. તેઓ ઉત્તમ સંસ્કૃત નાટકોના સારી અને સુશ્લિષ્ટ શૈલીમાં ભાષાન્તરો કરી ગુજરાતી સાહિત્યની અમૂલ્ય

સેવા કરે છે. ભાષાન્તર કરવાનું કામ કેટલેક અંશે સહેલું નથી; હેતુ. મૂળનો અર્થ જાળવી રાખી બંધબેસતુ તેમજ રસની ક્ષતિ વિનાનું ભાષાન્તર કરવું એ કળા છે. આ ભાષાન્તર તેવુંજ છે. રા. કેશવલાલભાઈના ભાષાન્તરથી એક પરોક્ષ લાભ એ મળે છે કે પ્રાચીન સંસ્કૃત કવિઓ તથા તે સમયની કેટલીક ઐતિહાસિક હકીકતનો વિદ્વત્તાભર્યો ઉપોદ્ઘાત પોતે વાચકને આપે છે. આ નાટક મહા ભારતની એક ટુંકી આખ્યાયિકા છે. ભીમ હિડિંબા નામની રાક્ષસીને પરણ્યો હતો, અને તેમના પુત્ર ઘટોત્કચ સંબંધી આ નાટક રચાયું છે. પોતે સ્વીકારેલી જોડણી બાધરૂપે ન માનીએ તો બીજી બધી બાબતમાં આ પુસ્તક ગુજરાતી સાહિત્યને એક ઉપયોગી ભેટ છે.

(૨) કેળવણીની કળા અથવા શાળાવ્યવસ્થા તથા શિક્ષણ પદ્ધતિની સામાન્ય માહીતી.

કર્તા—રા. ગાડાભાઈ આગળભાઈ દેસાઈ. શિક્ષક, મેલ ટ્રેનિંગ કોલેજ વડોદરા.

આ પુસ્તક અભિપ્રાય અર્થે અમને મોકલવામાં આવ્યું છે. શિક્ષણને લગતી ગુજરાતી પુસ્તકોની સંખ્યા ઘણી થોડી છે. રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીના શિક્ષણશાસ્ત્ર ઉપરાંત આ બીજું પુસ્તક છે યોજના એકંદર સારી છે. પરંતુ માનસશાસ્ત્રનો સંબંધ સ્પષ્ટ રીતે જુદા જુદા વિષયોમાં દર્શાવ્યો હોત તો ઠીક થાત કેટલેક ઠેકાણે—મુખ્યત્વે કરીને—ગણિતના વિષયના પ્રકરણમાં સચિત્ર સમજુતી આવશ્યક હતી નોંધોના નમુના આપીને પુસ્તકને વિશેષ ઉપયોગી બનાવ્યું છે. કિંડરગાર્ટન અને મોન્ટેસોરીની પદ્ધતિની હકીકત થોડી આપવામાં આવી છે. પુસ્તક એકંદર સાદી સરળ અને ઝટ સમજાય તેવી ભાષામા લખાએલું છે. આ પુસ્તકમાં ચર્ચેલી સામાન્ય બાબતો પરત્વે મતભેદ હોવા સંભવ છે, પણ તે ગૌણ બાબતોની ચર્ચા અત્રે આવશ્યક નથી. પુસ્તક વિદ્યાર્થી વર્ગને માર્ગદર્શક બને તેવા સ્વરૂપનું છે.

(૩) "રસદાયક રત્નનિધિ."

લેખક.—રા. રમણીકલાલ ગીરધરલાલ મોદી. એમ. એ., નવસારી.

પુસ્તકનો વિષય મુખ્યત્વે કરીને ધાર્મિક માલમ પડે છે. નીતિનું શિક્ષણ ધાર્મિક બોધથી વધારે અસરકારક બને છે એ દષ્ટિબિંદુથી તપાસતાં આમાં

કેટલીક ધાર્મિક વાર્તાઓ ઠીક આપેલી છે, કેટલીક ઐતિહાસિક વાતો પણ છે. વાર્તા તરીકે આ પુસ્તક મદદકર્તા નીવડે તેવું છે ભાષાની સરળતા અને વિષયનો અનુક્રમ ઠીક નથી.

(૪) " ભારત ભાનુ. "

કર્તા—રા મોહનલાલ ગરબડભાઈ પંડયા. મુ વડોદરા.

આ પુસ્તક મોહનમાળા ગ્રંથાવલિનો ત્રીજો મણકો છે. પ્રસ્તાવનામાં સૂચવ્યું છે તેમ જ્ઞાતિહિત માટે એક મંડળ સ્થાપેલું છે જેનું નામ 'પંડિત મિત્ર મંડળ' છે તેના ઉદ્દેશોને ઉપયોગી નીવડે એ હેતુથી આ પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. પુસ્તકમાં ગદ્ય અને પદ્ય બન્નેનો સમાવેશ છે. કન્યાકેળવણી, સ્ત્રીવર્ગની ઉન્નતિ, તેમનાં કર્તવ્યો, તથા વિધવાની સ્થિતિના વિષયો નિબંધ અને કવિતાઓદ્વારા ચર્ચ્યા છે. ધાર્મિક, નૈતિક અને સામાજીક વિષયો પણ વર્ણવ્યા છે પુસ્તકને અંતે રમુજી હાસ્યરસની વાર્તાઓ છે. આમ વિધવિધ વિષયોની પ્રસાદીવાળું આ પુસ્તક છે. તેમાંનો દરેક નિબંધ કે કાવ્ય ઉપયોગી કે સરસ છે એમ કહી શકતા નથી. સ્ત્રીનાં કર્તવ્યનો મોટો ભાગ જુના મતને અવલંબી રહ્યો છે. કવિતા તથા છુટક લેખોની ભાષા સાદી અને સરળ છે.

(શાળાપત્ર ઓફિસ.)

પત્રોના ઉત્તર

(૧) રા. પ્રાણશંકર મણિશંકર મહેતા,—

દેડકાને જીભ હોય કે નહિ તે બાબતના પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે અગાઉ એ પ્રશ્નનો નિર્ણય છપાઈ ચૂક્યો છે.

(૨) રા જટાશંકર મોહનલાલ શુક્લ મુ ઉતેલીયા.

શંકા ૧ લી—બીજી ચોપડી પાઠ ૩૪ કવિતા લીટી ૫-૬, સ્પષ્ટાર્થ — પ્રભુએ મોટા પર્વત, કોતરો, સાગરો અને નદીરૂપી યોજનાવાળી સુંદરરચના નગરમાં અને વનવાટમાં કરી છે, નગર અને વનવાટ સપ્તમીમાં લેવો. ઘાટનો અર્થ-આરો લેતાં મનુષ્યકૃતિનો ભાવ લેવો પડે છે. ઘાટ એટલે કુદરતી રીતે બનેલો કાંઠો કે કિનારો અગર આકાર લેવો યુક્ત પડશે.

ગ્રંથ ત્રીજો:—રસ બહુ ઉતરે છે ઇત્યાદિ.

આ લીટીનો સ્પષ્ટાર્થ અગાઉ થઈ ગયો છે. રસનો અર્થ પારો લેવો યુક્ત છે. અન્વય-રૂપાળા યંત્રમાંહે રસ બહુ ઉતરે છે.

(૩) રા. જેશંકર વજેશંકર મુ. પીપરીઆ.

તમારા ચર્ચા પત્રનો ઉત્તર આ લગત નં. ૧ ના ઉત્તરથી જાણી લેજો—

(૪) રા. છોટાલાલ નરસિંહભાઈ આ. માસ્તર. મુ. ચીખલી.

તમારી શંકાના ઉત્તરમાં લખવાનું કે આત્રેયી અને વનદેવતા વિષેનો પાઠ સંસ્કૃત નાટક "ઉત્તર રામ ચરિતમાં"થી અવતરણરૂપે લીધો છે. તે નાટકમાં મૂળ રામાયણની વસ્તુ લઈ કેટલીક વીગત કવિએ કલ્પનાની પણ ઉમેરી છે. ગીરધરકૃત કે તુલસીદાસના રામાયણને આની સાથે મળતાપણું નહિ રહે. આથી કૌસલ્યા માતા હાજર હતાં કે નહિ તે મતભેદ કાયમ રહેશે જ.

(૫) રા. રણછોડ મોતીરામ કોઠાર, મુ. ધરી ટીંમારોડ

તમારા પત્રના ઉત્તરમાં જણાવવાનું કે શિયાળ પશુ તરીકે નાન્યતર જાતિમાં વપરાય છે. ભગવાને શિયાળના પાઠમાં બંનેને સંવાદ કરતાં કલ્પ્યા છે. અને તેથી પુરુષવાચક માની છેવટે 'ભાઈ' સંબોધનવાચક શબ્દ ઉમેર્યો છે. તેથી નરજાતિમાં વાપરેલો યુક્તજ છે. તમારો બીજો પ્રશ્ન સામાન્ય સ્વરૂપનો છે 'સૃષ્ટિ'માં 'ઋ' છે કે 'રૃ' તેનો ઉત્તર તમારા કોઈ શિક્ષકબંધુજ આપશે.

(૬) સુપ્રિન્ટેન્ડન્ટ. સ્કૂલ્સ, રાધનપુર.

રાધનપુર તાલુકા સ્ટેટની નિશાળના મહેતાજીની ચર્ચા પરત્વે જણાવવાનું કે વારહોડા મામા એજ ખરો ઉચ્ચાર છે.

(૭) રા. ગુપ્ત મુ. નાંદોદ.

નરાણી શબ્દ શા ઉપરથી નીકળ્યો છે એ વાત ત્યાંની ગુ૦ સ્કૂલના મહેતાજી આપને કહે છે તે જોડી કાઢેલી લાગે છે. એની વ્યુત્પત્તિ કોઈ સામાન્ય બુદ્ધિનો શિક્ષક પણ નહિજ કલ્પે તો શીખવવો તો નહિજ. આપની કલ્પના "નખલાવિની" સ્વરૂપ બાબતેમની છે. પણ તે ખરૂ પ્રમાણ શી રીતે બનાવે રા. કેશવલાલ કે નરસિંહરાવ જેવાજ તે વિશે નિર્ણયાત્મક ખુલાસો આપવા અધિકારી છે,'

(૮) મિ. અરદેશર મા. બલસારા. મુંબઈ.

તમારા પત્રના ઉત્તરમાં જણાવવાનું કે બન્ને વાત ખરી છે. જ્યાં "બાર વર્ષ વન ભોગવ્યાં નયને નિદ્રા ન આણી" એમ લખ્યું છે ત્યાં માત્ર વનવાસનીજ વાત છે. તેરમું વર્ષ ગુપ્ત વાસ કરવાનો હતો. એકંદર તેર વર્ષ ગણવાનાં છે.

(શાળાપત્ર ઓફિસ)

* * *

મુંબઈ ગુજરાતી ટીચર્સ ફંડનો રિપોર્ટ ૧૯૧૮-૧૯

સદહું રિપોર્ટ અમને તે ફંડના સેક્રેટરિ તરફથી મળ્યો છે. રિપોર્ટ વાંચતાં માલમ પડે છે કે ફંડની થાપણ રૂ ૬૧૨૮ ૨-૧ રિપોર્ટના વર્ષની અગાઉના વર્ષ આખરે હતી. રિપોર્ટવાળા વર્ષ દરમિઆન લવાજમ તરીકે શિક્ષકોએ રૂ. ૩૨૧૪-૩-૦ ભર્યાં છે એ ખરેખર હાલના મોંઘવારીના સમયનો વિચાર કરતાં શિક્ષકોની ઉત્સાહવૃત્તિ તેમજ ત્યાગવૃત્તિ દર્શાવે છે. બીજી એક સારી યોજના એ જણાય છે કે મેમ્બરો પૈકી જે શિક્ષકો કે શિક્ષિકાઓ ગુજરી ગયાં હોય તેના ફાળાના પ્રમાણમાં વારસોને અમુક રકમ બક્ષીસ આપવામાં આવે છે કુલ સભ્યો ૧૧૦ છે. સારા સુપ્રતિષ્ઠિત સ્ત્રીપુરુષોએ આ સંસ્થાનું મુરબ્બી પદ સ્વીકાર્યું છે. આમ બહારની મદદ ટીચર્સ ફંડને ઉપયોગી થઈ પડે છે. સંસ્થાનો હેતુ સમભાવ તથા સ્વાર્થ ત્યાગનો છે

લીગ ઓફ પેરન્ટસ એન્ડ ટીચર્સ, તખ્તેશ્વર પ્લોટ, ભાવનગર.

(માબાપ અને શિક્ષકોનું મંડળ)

બાળકોના હિતાર્થે જોડાએલા કેટલાક પ્રશ્નો તરફ દરેક દેશના અગ્રગણ્ય શહેરીઓનું ધ્યાન દોરાએલું છે, એવાજ એક હેતુથી આ મંડળ સ્થપાયું છે અને બાળ કેળવણીમાં રસ લેતા દરેક માણસને મનન કરવા યોગ્ય સાહિત્ય પુરુ પાડવાનું કામ તે સંસ્થાએ આદર્યું છે તેને લગતું એક ચોપાનીયું નં. ૯, અમને અવલોકનાર્થે મળ્યું છે. તેનું મથાળું "બાળકોના માનસિક વિકાસને હરકત કરનારી શારીરિક ખોડો" એવું છે. આ ચોપાનીયાનો મુખ્ય ઉદ્દેશ નિશાળે જતાં બાળકોમાં શી ખોડો હોય છે તે વિચારી તેને દૂર કરવાનો રાખ્યો છે. બાળકોની શારીરિક સ્થિતિ સંપૂર્ણ હોવી

જોઈએ, અને આંખ, દાંત, મોં, નાક, કાન, વગેરે અવયવોની તેમજ સારો ખોરાક સ્વચ્છ હવાની સંપૂર્ણતા અને પુરતો આરામ વગેરે વિષયો સંબંધી વિવેચન આ ચોપાનીયામાં કર્યું છે. ખરેખર બાળકોના શારીરિક અવયવો ખામીવાળા હશે તો માનસિક વિકાસ થવો દુર્લભ છે.

વનિતાવિશ્રામ મુંબાઈ.

આ સંસ્થાનો ૧૯૧૮ ના નવેમ્બરથી ૧૯૧૯ ના ઓક્ટોબર સુધીનો રિપોર્ટ અમને મળ્યો છે. તે સમારંભ પ્રસંગે નામદાર ગવર્નર સાહેબના બાનુ લેડિ લોઈડે આપેલા ભાષણનો સાર અગાઉના એક અંકમાં આપી ગયા છીએ. આ સંસ્થાનું મકાન બાઈ ઝવેરબાઈ ભગવાનદાસ નરોત્તમદાસની ઉદાર સખાવતથી મળેલું છે. તેનો પાયો ૧૬ મી ફેબ્રુઆરિ ૧૯૧૩ ના રોજ નાખવામાં આવ્યો હતો અને મકાન ૩૦ મી માર્ચ ૧૯૧૬ ના રોજ લોર્ડ વિલિંગ્ડનના મુબારક હસ્તે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું સંસ્થાને અંગે કેટલાક ટ્રસ્ટીઓ છે, અને એક કારોબારી મંડળી છે. તેના હેતુઓ ઘણા ઉંચાં પ્રકારના છે. વિધવાઓને સાધુ જીવન પળાવી ધર્મ અને નીતિનું જ્ઞાન આપી તેમનું જીવન સમાજને ઉપયોગી થાય એ મુખ્ય હેતુ છે. સધવાઓ તેમજ કન્યાઓને ધાર્મિક, નૈતિક, અને વ્યાવહારિક કેળવણી અપાય છે આમ સ્ત્રીઓને અનુકૂળ પડે એવાં બોર્ડિંગ હાઉસ પણ છે; જેમાં કુલ બોર્ડરોની કુલ સંખ્યા ૭૮ ની છે. અંગ્રેજી તથા સંસ્કૃતનું પણ શિક્ષણ અપાય છે, અંગ્રેજીમાં ૪૭ અને સંસ્કૃતમાં ૪૯ બાળાઓ અભ્યાસ કરે છે. ચિત્રશાળા અને સંગીતના શિક્ષણની પણ યોજના છે. સંસ્થાને અંગે એક પુસ્તકાલય ખોલ્યું છે અને ઉપદેશિકા મંડળ તથા કિંડરગાર્ટનની શાળા ઉઘાડવાનો વિચાર રાખે છે. સ્ત્રી શિક્ષકોની ખોટ પુરી પાડવાના હેતુથી એક ટ્રેનિંગ કોલેજ પણ ઉઘાડી છે, આમાં ભણતી સ્ત્રીઓની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે.

સંસ્થાની નાણાં સંબંધીની સ્થિતિ પણ સારી છે, સંસ્થાનો વાર્ષિક ખર્ચ જોતાં કાયમ ફંડની ઘણીજ આવશ્યકતા છે, એવી વિનંતી રિપોર્ટને અંતે કરવામાં આવી છે. રિપોર્ટ વાંચતાં જણાય છે કે સંસ્થાના હેતુઓ ઘણા ઉમદા છે આ સંસ્થાની એક શાખા સુરતમાં પણ ચાલે છે.

શાળાપત્ર ઑફિસ.

,ચર્ચાપત્રના ખુલાસા.

ગુજરાત શાળાપત્ર-માહે જૂન, જુલાઈ સને ૧૯૨૦માંના મિ. પોપટલાલ મોનજી યાજ્ઞિકના ન ૧ ના ચર્ચાપત્રનો ખુલાસો.

(લખનાર—રા. રાવળ ભાઈશંકર હરજીવન. પડધરી—કાઠિયાવાડ)

કાર્બાઈડ તેઓ ધારે છે તે પ્રમાણે ખનિજ પદાર્થ અગર કુદરતી દ્રવ્ય (Element) નથી, તેથી કૃત્રિમ રીતે, મુખ્યત્વે કરીને ચુનાનો કારબાઈડ (Calcium Carbide) કેવી રીતે થાય છે, તેની હકીકત જણાવવાની જરૂર છે તેઓની બીજી શંકાઓ, જેવી કે વરસાદના પાણીથી તેની ખાણો ઉપર થતી અસર, અગર તેમાંથી નીકળતી ગેસથી સળગતી હવા વગેરે,—કેલ્સિયમ કાર્બાઈડ કૃત્રિમ વસ્તુ હોવાથી અસ્થાને છે, અને તેનુ બનવુ અસંભવિત છે. કેવી રીતે કેલ્સિયમ કાર્બાઈડ બને છે, અને તેના ઉપર કેવા સંયોગોમાં પાણીનો ઉપયોગ થતાં-(acteylene gas, C_2H_2) એસીટીલીન ગેસ ઉત્પન્ન થાય છે, અને તેનો પ્રકાશક વસ્તુ તરીકે કેવી રીતે ઉપયોગ થાયછે તે જાણવાથી તેઓની શંકાઓનું નિવારણ થશે

ઘણોજ તાપ આપી શકે તેવી વિજળીક ભઠ્ઠી (electric arc furnace) ની મદદથી, ચૂનો (lime) અને કોક નામનો કોલસા (coke= ઉડી જાય તેવા વાયુ (Volatil) વગરનો કોલસો તેને કોક કહે છે.) ના મિશ્રણથી ચુનાનો કાર્બાઈડ બને છે, તેનુ પ્રમાણ લગભગ ૬૫ ટકા ચુનો અને ૩૫ ટકા કોકથી બને છે, અને સંયોગો અનુસાર વીજળી પ્રવાહ વાપરીને, જરૂરિયાત પ્રમાણેની જુદી જુદી જાતની વીજળીક ભઠ્ઠીઓથી બનાવાય છે, આ ચુનાના કાર્બાઈડ ઉપર પાણી નાખવાથી એસીટીલીનગેસ નીકળે છે કે જે બાળવાથી ઘણો પ્રકાશ મળે છે, અને તેથી તેનો ઉપયોગ જનસમાજમાં થાય છે રસાયણ પ્રયોગોથી આ બંને વસ્તુનાં પ્રમાણો નીચે પ્રમાણે છે

$Cao + 3o = Cac\ 2 + co$ (૧)

Lime = ચૂનો, Coke = કોક કેલ્સિયમ કારબાઈડ કારબોન મોનોક્સાઈડ ગેસ (ઉડી જાય છે)

$Cac2 + H20 = C2\ H2 + Cao$ (૨)

કેલ્સીયમ કારબાઈડ પાણી એસીટીલીનગેસ ચુનો

કેલ્સિયમ કારબાઇડમાંથી બળી શકે તેવો ગેસ પાણીના સંયોગોના મિશ્રણથી નીકળી શકે છે. ઘણી રીતોમાં એ બે સામાન્ય ચાલુ છે, જેવી કે કારબાઇડ ભરેલા પાત્રમાં પાણી નિયમિત પાડયા કરવાથી અગર પાણી ભરેલા પાત્રમાં કારબાઇડ નિયમિત પાડયા કરવાથી ગેસ ઉત્પન્ન થાય છે; કે જે ઉપરના પાત્રમાં એકઠો થાય છે અને તે પાત્રમાંથી એક ટાંકણી આવી શકે એવા છિદ્ર વાટે બહાર આવે છે, અને ત્યાં સળગાવવાથી ઘણો પ્રકાશ આવે છે. આ ગેસ કોલગેસથી ૧૫ ઘણો વધારે પ્રકાશ આપી શકે છે, અને તેથી તેનો ઉપયોગ સરળતાથી ઉત્પન્ન થતો હોવાથી તથા પ્રમાણમાં સોંઘો પડવાથી પ્રકાશવાળા સાધન તરીકે થાય છે. મેજીકલેન્ટર્ન, સાઇકલ અગર મોટરની બત્તીઓ, ઘરમાં અગર રસ્તામાં પ્રકાશ આપે તેવી બત્તીઓ વગેરેમાં તેનો ઉપયોગ ઘણો છે. તેના લાભ સાથે જોખમો પણ ઘણાં છે. અશુદ્ધ ચુનાના મિશ્રણથી તેની સાથે ઉત્પન્ન થતો (ફોસફાઇન) ગેસ, ખરાબ વાસ આપનારો તથા પ્રમાણમાં ઘણો ઝેરી હોવાથી વાતાવરણને બગાડે છે, તે ઉપરાંત એસીટીલીન ગેસ ઉપર વિશેષ દબાણ હોય અગર વાતાવરણ વિશેષ ગરમ હોય તો ઘણા ગંભીર અકસ્માતો થાય છે, અને જેથી કરીને ગેસ ઉત્પન્ન કરવાના પાત્રો હરવખત ઘણાં ઠંડા રાખવાં પડે છે, તથા બહુ સતત પ્રકાશ વખતે અકસ્માતનું ધ્યાન રાખવું પડે છે.

કેલ્સીયમ કારબાઇડના ઉપયોગોમાં, મુખ્ય ઉપયોગ ઉપર જણાવ્યા પ્રમાણે એસીટીલીન ગેસ ઉત્પન્ન કરવાનો છે, અને તેથી તેને ' કારબાઇડ ' બત્તી અગર પ્રકાશ તરીકે કહે છે. હવા માહેની આર્દ્રતા (ભિનાશ) ની તેના ઉપર ચાલુ અસર ન રહે તે વાસ્તે તેને પતરાના ડબામા, રાખવામાં આવે છે, અને તેવા ડબા ગેસ બનાવવાના કામ વાસ્તે બજારમાં વપરાય છે.

બીજો ઉપયોગ—એસીટીલીન ગેસ હવામાં બળે છે ત્યારે તે લગભગ ૩૦૦૦૦ (ડીગ્રી) સુધી ગરમી આપી શકે છે, અને તેથી તેના અગ્નિમાં (oxy—acetylene Flmes) ધાતુઓ ગાળી શકાય છે અને જુદી જુદી ધાતુઓ સાંધી શકાય છે.

કેલ્સિયમ કારબાઇડ બીજા રસાયણી પ્રયોગો સાથે Cyanides & Calcium Cyanamide, સાયનાઇડ વગેરે બનાવટમાં વપરાય છે, કે જે જમીનમાં ખાતર તરીકે વપરાય છે.

કેળવણીખાતાની જાહેરખબરો.

મ. એ. ઈ. સાહેબના તા. ૧૧-૯-૨૦ નો હુકમ નં. ૭૩૪૫.

મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ, બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ-નાણાવટ, સુરતનાને મિ ડાહ્યાભાઇ નગીનદાસની બનાવેલી અને ઇનામ માટે મંજુર કરેલી "સાવિત્રી ચરિત્ર" નામની ચોપડીની કિંમત ૦-૧-૬ ને બદલે વધારી ૦-૨-૦ કરવાની મજુરી આપવામાં આવી છે. નવી આવૃત્તિને માટેજ આ વધારો મજુર છે.

મ એ. ઈ. સાહેબનો હુકમ નં. ૮૨૧૬ તા. ૩૦ ૯ ૨૦ ઉપરથી.

મ. ડિરેક્ટર સાહેબે પોતાના લાયબ્રેરિ નં. ૧૦૦૭૮ તા. ૨૪-૯-૧૯૨૦ માં મિ. નરભેશંકર ઉમિયાશંકર અમદાવાદનાને "અંકગણિતનાં મૂળતત્વો" ની કિંમત ૦-૭-૬ થી વધારી ૦-૯-૦ કરવાની મજુરી આપી છે. વધારો નવી આવૃત્તિ માટેજ મજુર છે.

મહેરબાન ઉ. ભા. ના એજ્યુકેશનલ ઇન્સ્પેકટર સાહેબનો
તા. ૧૩-૧૦-૨૦ના હુકમ નં. ૮૮૧૨ ઉપરથી.
હાઈ અને સ્પેશ્યલ સ્કુલોમાં આપવાની સરકારી સ્કોલરશિપો
નં. ૮૮૧૪ અ.

આથી ખબર આપવામા આવે છે કે તા. ૨૬ ડિસેમ્બર ૧૯૧૮ના સરકારી ગેઝેટના ભાગ ૧ લાના ૨૪૬૮ થી ૨૪૭૦ મા પૃષ્ઠોમા પ્રસિદ્ધ થએલા નિયમો મુજબ ઉત્તર વિભાગના દરેક જિલ્લામા ૭, ૭, સ્કોલરશિપો આપવા સારૂ બુધવાર તા ૨૬ મી જાન્યુઆરિ ૧૯૨૧ તથા તે પછીના દિવસોએ નીચે લખેલા મધ્ય સ્થળોએ ૧૧વાગે હરિફાઇની પરીક્ષા લેવામાં આવશે

અમદાવાદ
નડિઆદ (ખેડા જિલ્લો)
ગોધરા (પંચમહાલ જિલ્લો)
ભરૂચ
સુરત.

છમાંની એક સ્કોલરશિપ માટે સામાન્ય રીતે બધા ઉમેદવારો સ્પર્ધા કરી શકશે. એની ઇઝરાયલ, કણબી. કણબી કરતાં વધારે પછાત વર્ગ જેના લોકો અંગ્રેજી કેળવણીમાં પાછળ છે તેમની સ્પર્ધા માટે એક સ્કોલરશિપ રાખવામાં આવશે. ચાર સ્કોલરશિપો મુસલમાન ઉમેદવારો માટે રાખવામાં આવશે.

૩. દરેક મધ્યસ્થળે પરીક્ષા એક કમિટી મારફત લેવામાં આવશે.

પરીક્ષામાં દાખલ થવાની અરજીઓ ઠરાવેલા છાપેલા ફોર્મ ઉપર કરવી, અને ઉમેદવાર જે જિલ્લાઓનો હોય તે જિલ્લાની પરીક્ષક કમિટિના પ્રેસિડેન્ટને કરવી, તા. ૧૫ મી ડિસેમ્બર ૧૯૨૦ સુધી અરજીઓ અને દાખલ થવાની ફી કમિટિ લેશે. તે તારીખ પછી કોઈ પણ અરજી લેવામાં આવશે નહિ અરજીના ઠરાવેલા ફોર્મની નકલો પરીક્ષક કમિટિના પ્રમુખ પાસેથી મળશે.

૪. ઉમેદવારોની ઉંમર, પરીક્ષાના વિષયો, સ્કોલરશિપની રકમ અને મુદત, કેટલી ફી આપવાની છે તે, વગેરે બાબતની સઘળી વિશેષ હકીકત નિયમોમાંથી મળી આવશે. નિયમોની નકલો પરીક્ષક કમિટિઓના પ્રમુખોને અરજી કરવાથી મફત મળશે ઉત્તર વિભાગની તમામ સરકારી અને મદદ મેળવનારી એંગ્લોવર્નાક્યૂલર સ્કૂલોમાં જાહેરખબર ચોઢવાના પાટીઆ ઉપર એ નિયમોની નકલો પણ ચોઢવામાં આવી છે.

ઉ. ભા. એ ઇ. ની
ઓફિસ—અમદાવાદ.
તા. ૧૩ મી ઓક્ટોબર ૧૯૨૦

(સહી) જે, એસ, કાદરી.
એડ્યુકેશનલ ઇન્સ્પેક્ટર.
ઉત્તર વિભાગ.

મિડલ સ્કૂલ સ્કોલરશિપો.

નં ૮૮૧૪ બી.

આથી ખબર આપવામાં આવે છે કે તા ૨૬-૧૨-૧૮ના મુંબઇ સરકારી ગેઝેટ ભાગ ૧ લા ના ૨૪૫૬ થી ૨૪૬૭ મે પૃષ્ઠે પ્રસિદ્ધ થએલા નિયમો મુજબ ઉત્તર ભાગના દરેક જીલ્લામાં નવનવ સ્કોલરશિપો આપવા શુક્રવાર તારીખ ૨૮મી જાન્યુઆરિ ૧૯૨૧ તથા તે પછીના દિવસોએ ૧૧વાગે નીચે લખેલાં મધ્ય સ્થળોએ હરિફાઈની પરીક્ષા લેવામા આવશે

અમદાવાદ.
નડિઆદ. (ખેડા જીલ્લો)
ગોધરા. (પંચમહાલ જીલ્લો.)
ભરૂચ.
સુરત

૨ નવમાંની બે સ્કોલરશિપ માટે સામાન્ય રીતે બધા ઉમેદવારો સ્પર્ધા કરી શકશે. બેની ઈઝરાયલ, કણબી, કણબીથી ઉતરતા પછાત વર્ગના લોકો જે અંગ્રેજી કેળવણીમાં પછાત છે તે લોકોની સ્પર્ધા માટે બે

સ્કોલરશિપ રાખવામાં આવશે. ચાર સ્કોલરશિપો મુસલમાન માટે રાખવામાં આવશે, અને તા. ૧૬ જુલાઈ ૧૯૧૨ ના કેળવણી ખાતાના સરકારી ઠરાવ નં. ૧૮૨૬ અને તા. ૮-૧૦-૧૭ ના હુકમ નંબર ૨૪૬૮ થી જારી રાખેલી રૂ ૫) ની એક સ્કોલરશિપ હલકા વર્ગો માટે રાખવામાં આવશે.

૩ દરેક મધ્યસ્થળે પરીક્ષા એક કમિટિ મારફતે લેવાશે. તે કમિટિના પ્રમુખ સરકારી હાઈસ્કૂલના હેડમાસ્તર ગણાશે. પરીક્ષામાં બેસવાની અરજીઓ ઠરાવેલા છાપેલા ફોર્મ ઉપર કરવી. આ ફોર્મોની નકલો પરીક્ષક કમિટિના પ્રમુખ પાસેથી મળી શકશે. ઉમેદવાર જે જિલ્લાનો હોય તે જિલ્લાની મધ્યસ્થળની પરીક્ષક કમિટિના પ્રમુખને અરજીઓ મોકલવી. તા. ૧૫-૧૨-૨૦ સુધી અરજીઓ અને ફી કમિટિ લેશે. તે તારીખ પછી કોઈ પણ અરજી સ્વીકારવામાં આવશે નહિ.

૪ ઉમેદવારોની ઉંમર, સ્કોલરશિપની રકમ અને મુદત, કેટલી ફી આપવાની છે તે, વગેરે બાબતની સઘળી વિશેષ હકીકત નિયમોમાં આપેલી છે. નિયમોની નકલો પરીક્ષક કમિટિઓના પ્રમુખને લખવાથી મફત મળશે.

ઉત્તરવિભાગની બધી સરકારી અને મદદ લેનારી મુખ્ય ગુજરાતી નિશાળોમાં જાહેરખબર ચોઢવાના પાટીઆ ઉપર પણ તેની નકલો ચોઢવામાં આવી છે.

ઉ ભા. એ ઈ૦ ની
ઓફિસ: તા. ૧૩ ઓકટોબર
૧૯૨૦

(સહી) જે, એસ કાદરી.
એ. ઈ ઉ. ભાગ.

હાઈ અને સ્પેશ્યલ સ્કૂલોમાં આપવાની કાઝી શહાબુદ્દીન સ્કોલરશિપ.

નં. ૮૮૧૪ ક.

૧ આથી ખબર આપવામાં આવે છે, કે કાઝી શહાબુદીન એન્ડાઉમેન્ટ ફંડમાંથી અમદાવાદ અને ખેડા જિલ્લાની કોઈ પણ જાહેર સ્કૂલના મુસલમાન ઉમેદવારોને હાઈ અને સ્પેશ્યલ સ્કૂલોમાં પાંચ પાંચ રૂપીઆની બે સ્કોલરશિપો આપવા સારૂ તા. ૨૬ મી જાન્યુઆરિ

૧૯૨૧ ને બુધવારને રોજ અને તે પછીના દિવસોએ ૧૧ વાગે સ્પર્ધાની પરીક્ષા અમદાવાદ અને નડિઆદ (સરકારી) હાઇસ્કૂલોના મકાનમાં લેવાશે. આ પરીક્ષા તા. ૩-૨-૧૯૧૬ના મુંબઈ સરકારી ગેઝેટના ભાગ ૧ ના પૃષ્ઠ ૧૫૮થી ૧૬૨મે પ્રસિદ્ધ થએલા નિયમો મુજબ લેવાશે.

૨ પરીક્ષામાં બેસવાની અરજીઓ અને દાખલ ફી તા ૧૫-૧૨-૨૦ અગે તે પછીના દિવસોએ અમદાવાદ અને નડિઆદ મધ્યસ્થળના પ્રમુખ લેશે

ઉ. ભા૦ એ ૪૦
ઓફિસ.
અમદાવાદ. ૧૩ ઓગષ્ટ ૧૯૨૦

(સહી) જે, એસ કાદરી
એ. ઇ. ઉ. ભાગ.

મિડલ તથા સ્પેશ્યલ સ્કૂલોમાં અમદાવાદ કણબી ઇન્ફ્રન્ટીસાઇડ ફંડ સ્કોલરશિપો.

નં. ૮૮૧૪ ઈ.

આથી ખબર આપવામાં આવે છે કે અમદાવાદ કણબી ઇન્ફ્રન્ટીસાઇડ ફંડમાંથી રૂ. ૩ ની એક એવી ૭ સ્કોલરશિપો મિડલ તથા સ્પેશ્યલ સ્કૂલોમાં આપવાની હરિફાઈની પરીક્ષા શુક્રવાર તા. ૨૮-૧-૧૯૨૧ અને તે પછીના દિવસોએ અમદાવાદ આર સી. હાઈસ્કૂલના મકાનમાં લેવાશે તે પરીક્ષા મુંબઇ સરકારી ગેઝેટના તા. ૫ મી મે ૧૯૦૪ ના ભાગ ૧ ના પૃષ્ઠ ૫૧૨-૫૧૪ મે પ્રસિદ્ધ કરેલા નિયમોની કલમ 'ઇ' માં દર્શાવેલી શરત, અને નિયમો મુજબ લેવાશે.

૨. અરજી તથા પરીક્ષામાં બેસવાની ફી તા. ૧૫ મી ડિસેમ્બર ૧૯૨૦ સુધી અમદાવાદ મધ્યસ્થળના સ્કોલરશિપ પરીક્ષાની કમિટિના પ્રમુખ લેશે.

અમદાવાદ.
૩-૧૦-૨૦

(સહી) જે. એસ. કાદરી.
એ. ઈ, ઉ. ભા.

શુદ્ધિ પત્ર.

પૃષ્ઠ ૧૯૨ પુસ્તક ૫૯ મુ અંક ૮ મો. ઇતિહાસ આસન ૪થામાં લખેલા ૧૦૦ દોકડા ગણવાના નથી.

જાહેરખબર નંબર. ૩૦૮૯.

હિ. વિ ના મે. એ. ઈ. સાહેબે પ્રાથમિક તથા માધ્યમિક નિશાળો તથા ટ્રેનિંગ કોલેજો માટે મંજુર કરેલાં પુસ્તકોની નીચેની યાદી સર્વની જાણ માટે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

નંબર	ચોપડીનું નામ.	જે ભાષામાં ચોપડી પ્રસિદ્ધ કરવામાં આવી હોય તે ભાષાનું નામ.	શા માટે ચોપડી મંજુર કરવામાં આવી છે તે.	કિંમત.
૧	મિ. લાલચંદ પુંજાભાઈ શાહ, હેડ માસ્તર, તાલુકા સ્કૂલ, સાદરા, મહીકાંઠા. "પાલણપુર એજન્સિની સામાન્ય ભૂગોળ."	ગુજરાતી	પ્રાથમિક નિશાળોના શિક્ષકો માટે લાયબ્રેરિના પુસ્તક તરીકે.	૦—૪—૬
	મિ. વીરમજી હરિસુખરામ મહેતા. બાળસાહિત્યપ્રકાશ મંદિર, સુરત "ડિક વિટીંગ્ટન અને વિલિયમ ટેલ"	,,	પ્રાથમિક નિશાળોમાં ઇનામના પુસ્તક તરીકે.	૦—૧—૦
	મિ. છગનલાલ અમરશી મહેતા, મેનેજર, જ્ઞાનવર્ધક પુસ્તકમાળા અમદાવાદ. "ચક્રવર્તી અશોક"	,,	પ્રાથમિક નિશાળોમાં ઇનામના પુસ્તક તરી	૨—૦—૦
	મિ. લાલચંદ પુંજાભાઈ શાહ હેડમાસ્તર, તાલુકા સ્કૂલ સાદરા, મહીકાંઠા. "પાલણપુર સંસ્થાનની સામાન્ય ભૂગોળ"	,,	પ્રાથમિક નિશાળોના શિક્ષકો માટે લાયબ્રેરિ પુસ્તક તરીકે.	૦—૩—૬

૫	મિ. એન. ફરામજી; સ્ટેશન રોડ, વલસાડ. "અદ્ભુત શાપ અથવા હીરાની ચોરી"	ગુજરાતી.	પ્રાથમિક નિશાળોમાં ઇનામની ચોપડી તરીકે.	૧—૦—૦
૬	અધિપતિ, ગુજરાતશાળા પત્ર, અમદાવાદ "શાળાપત્ર જ્યુબિલિ અંક"	"	ઇનામ તથા લાયબ્રેરિના પુસ્તક તરીકે.	૦—૮—૦
૭	મિ. [illegible] પુંજાભાઈ શાહ હેડમાસ્તર, તાલુકા સ્કૂલ, માણસા. મહીકાંઠા "રાધનપુર સંસ્થાનની સામાન્ય ભૂગોળ"	"	પ્રાથમિક નિશાળોમાં શિક્ષકોના વપરાશ માટે લાયબ્રેરિના પુસ્તક તરીકે	૦—૨—૬
૮	મિ. [illegible] મગનલાલ પંડિત [illegible] તાલુકા. નડિયાદ. "નીતિવાચન પુસ્તકમાળા. પુસ્તક ૨ જુ"	"	પ્રાથમિક નિશાળોમાં ઇનામ તથા લાયબ્રેરિના પુસ્તક તરીકે	૦—૨—૯
૯	મિ. છગનલાલ અમરશી પ્રેસના મેનેજર, "જ્ઞાનવર્ધક પુસ્તકમાળા" અમદાવાદ. "સ્વર્ગની [illegible] અથવા [illegible]"	"	પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ઇનામ અને લાયબ્રેરિ પુસ્તક તરીકે.	૦—૮—૦

૧૦	મિ. જીવણલાલ અમરશી મહેતા. "મુક્તિમાળા ભાગ ૧લો"	ગુજરાતી.	પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં લાયબ્રેરિના પુસ્તક તરીકે.
૧૧	મિ. જીવણલાલ અમરશી મહેતા. " તત્ત્વ ચિંતન "	"	માધ્યમિક શાળાઓમાં ઇનામ તથા લાયબ્રેરિના પુસ્તક તરીકે
૧૨	મિ. પ્રેમચંદ કરમચંદ શાહ કપડવંજ. " સરળ ગુજરાતી બાળ વ્યાકરણ " ૨૩ મી આવૃત્તિ.	"	પ્રાથમિક શાળાઓમાં લાયબ્રેરિના પુસ્તક તરીકે.
૧૩	મિ. ડાહ્યાભાઈ મગનલાલ પંડિત, નરસંડા તા. નડિઆદ. "નીતિવાચન પુસ્તક ૭ મું"	"	પ્રાથમિક શાળાઓમાં ઇનામના પુસ્તક તરીકે.
૧૪	ભિક્ષુ અખંડાનંદ, મંત્રી સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય. અમદાવાદ. " સદ્‌ગુણી બાળકો " આવૃત્તિ ચોથી.	" "	પ્રાથમિક અને માધ્યમિક (મિડલ) શાળાઓમાં ઇનામ તથા લાયબ્રેરિના પુસ્તક તરીકે તથા ટ્રેનિંગ સંસ્થાઓમાં લાયબ્રેરિના પુસ્તક તરીકે.
૧૫	" બાળ સદ્‌બોધ " ૩જી આવૃત્તિ.	"	પ્રાથમિક શાળાઓમાં તથા માધ્યમિક મિડલ સ્કૂલમાં લાયબ્રેરિ અને ઇનામ માટે.

૧૬	મિ. જીવણલાલ અમરશી મહેતા, મેનેજર, "જ્ઞાનવર્ધક પુસ્તકમાળા અમદાવાદ 'ધમપાળ અને દેવી દયા અ ભોતરાર્ગ.'"	ગુજરાતી	પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં ઇનામના પુસ્તક તરીકે	લુગડાનું પૂઠું. ૨—૮—૦ ૨—૪—૦ કાગળનું પૂઠું.
૧૭	મિ. અમાલાલ મોતીલાલ ? આસિ. માસ્તર, એ. વી. સ્કૂલ [illegible] "વિદ્યાર્થી વાચનમાળા પુસ્તક ૧લુ." "ચાર જાતના માણસો"	"	પ્રાથમિક શાળાઓમાં ઇનામના પુસ્તક તરીકે	૦—૧—૦
૧૮	" વિદ્યાર્થી વાચનમાળા પુસ્તક ૫ મુ 'જીમ' "		છોકરાઓની પ્રાથમિક શાળાઓમાં ઇનામના પુસ્તક તરીકે.	૦—૧—૦
૧૯	મિ. નાગરદાસ પુરુષોત્તમ ગાંધી. લીમડી "બાળકની માવજત અને કેળવણી."	"	સ્ત્રીઓમાટે મંજુર તથા પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ઇનામના પુસ્તક તરીકે	૧—૪—૦
૨૦	મિ. જીવણલાલ અમરશી મહેતા મેનેજર, "જ્ઞાનવર્ધક પુસ્તકમાળા." અમદાવાદ. 'ગુલામી વહેપાર ભાગ ૧ લો.'		પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ઇનામ અને	૧—૮—૦

"		લાયબ્રેરિના પુસ્તક તરીકે.	
"ગુલામી વહેપાર ભાગ ૨જો"	"	"	૧—૮—૦
મેસર્સ એન. એમ. ત્રિપાઠી અને કંપનિ બુકસેલર—મુંબઈ "નંદશંકર જીવન ચિત્ર"	"	"	૧—૦—૦
મિ જીવનલાલ અમરશી મહેતા મેનેજર, "જ્ઞાનવર્ધક ગ્રંથમાળા. અમદાવાદ 'ડેન્માર્કનો રાજકુમાર હેમ્લેટ."	"	"	૧—૮—૦

તા. ૯ મી જૂન ૧૯૨૦
ઉ નિ મે એ ઇ. સાહેબની
ઓફિસ અમદાવાદ.

(સહી) J S. Kadri.
એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર.
ઉત્તર વિભાગ

* * *

ગ્રાહકોને વિજ્ઞપ્તિ.

ચાલુ વર્ષમાં અમારા માસિકનું વાર્ષિક લવાજમ રૂ ૧-૩-૦ ઠરી [illegible] જણાયું છે કે છાપવાના દર વધતા જાય છે અને કાગળોની મળવાને લીધે તેની કિંમત પણ અતિશય વધી છે, તેથી વર્ષ આખર આ માસિકને આર્થિક નુકશાન વેઠવાનો સંભવ છે. આથી લાચારીથી અમે અમારા માસિકનું વાર્ષિક લવાજમ તા ૧-૧-૨૧થી રૂ. ૧-૩-૦ને બદલે રૂ ૧-૮-૦ (દોઢ રૂપીઓ) ટપાલ ખર્ચ સાથે રાખવાનું નક્કી કર્યું છે. ઉત્તર ભાગના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબે તા ૨૯-૬-૨૦ ના હુકમ નંબર ૮૧૫૦થી તે વધારો કરવાની મંજુરી આપી છે. અમારા ગ્રાહકો જે મદદ આપતા આવ્યા છે તે જારી રાખશે એવી આશા છે. તંત્રી.

* * *

છોકરાઓને કાઢી મૂકવા સંબંધી જાહેરખબર.

છોકરાનું નામ	મ. ડિરેક્ટર સાહેબનો હુકમ નંબર, અને કાઢી મૂકવાની તારીખ.	ગુનો	જે સ્કૂલમાં આગાઉ ભણતો હોય તેનું નામ	કઇ નિશાળમાં દાખલ થવા પ્રયત્ન કર્યો	જા	સજાનો સમય.
બળવંતરાવ લક્ષ્મણરાવ.	૭ ૧૧૦૨૨ તા ૧– ૦–૨૦	લીવીંગ સર્ટિફિકેટમાં બીન સત્તાના કરેલા ફેરફાર.	નવમારી નિશાળ નં. ૪.	મ્યુ પ્રાયમરી સ્કૂલ નં ૨ સુરત.	કોઈ પણ મંજુર થએલી શાળામાં દાખલ નહિ કરવો	૧૧–૧૦–૨૦ થી એક વર્ષ સુધી.

ટીપ —ઉપર લખેલો વિદ્યાર્થી કોઈ શાળામાં દાખલ થયો હોય તો એકદમ કાઢી મૂકવો.
એ. ઈ. સાહેબનો તા. ૧૯–૧૦–૨૦ નો હુકમ નં. ૯૧૫૧–

૨

છોકરાઓનાં નામ.	મ ડિરેકટર સાહેબનો હુકમ નંબર અને કાઢી મૂકવાની તારીખ	ગુનો	કઈ નિશાળમાં પ્રથમ ભણતો હતો	કઈ નિશાળમાં દાખલ થવા ગયો.	સજા	સજા ભોગવવાનો સમય.
૧ ઝીણાભાઈ જે. દેસાઈ	જી ૧૦૨૪૬ તા. ૨૭-૯-૨૦	લીવીંગ સર્ટિફિકેટમાં બીનસત્તાના કરેલા સુધારા.	એમ, એન્ડ, આર, ટાટા હાઈસ્કૂલ, બિલીમોરા	સર મી જે. આર હાઈસ્કૂલ ગણદેવી.	કોઈ પણ મંજુર થએલી શાળામાં દાખલ કરવાની મના.	તા. ૭-૯-૨૦ થી એક વર્ષ સુધી.
અહમદ મહમદ કુરેશી.	પ્ર ૧૦૧૮૭ તા. ૨૯-૯-૨૦	ઘણીજ ખરાબ વર્તણુક, નિશાળના નિયમોનો ભગ	એલ્ફીન્સ્ટન હાઈસ્કૂલ મુંબઈ	,,	,,	૨૦-૮-૨૦ થી એક વર્ષ સુધી.
મહાદેવ રઘુનાથ સત્રે	,,				,,	,,
પાંડુરંગ ગોપાળ સબનીસ.	,,	,,	,,	,,	,,	,,

ઉપર લખેલા નામના વિદ્યાર્થીઓ કોઈ નિશાળમાં દાખલ થયા હોય તો કાઢી મૂકવા.

અમદાવાદ તા ૬-૧૦-૨૦ સહી. જે. એસ. કાદરી.
એ ઈ. ઉત્તર ભાગ.
હુકમ નં. ૮૫૩૫

ધન મેળવવાનું ઉત્તમ સાધન

હુન્નર પ્રકાશ.

આ અતિ ઉપયોગી પુસ્તકમાં ૧૦૮૦ હુન્નરો દરેક દરદોના ચમત્કારિક ઈલાજો, સેન્ટો વિલાયતી સાબુઓ, દરેક જાતના રંગ રોગાનો, અતરો, અર્કો વગેરે વગેરે બનાવવાની ઘણીજ સહેલી રીતો [illegible] વિશેષ ખાત્રી વાંચવાથી થશે. કિંમત રૂ. ૧, પોષ્ટેજ જુદું.

મુલક મશહુર જામનગરનો પ્રખ્યાત

શુદ્ધ સાચા મોતીનો સુરમો.

આંખોના નામાંકિત ડાક્ટરો, હકીમો અને વૈદ્યોએ અમારા સુરમાને પબ્લીક હોસ્પિટલો, ડિસ્પેન્સરીઓ અને દેશી દવાખાનાઓમાં આંખના જુદી જુદી જાતનાં અસંખ્ય દરદીઓ ઉપર ઘણીજ ફતેહમંદીથી વાપરી ઉત્તમ સર્ટીફિકેટો આપેલા છે.

આ સુરમો વાપરવાથી આંખના અસંખ્ય દરદીઓ ફતેહમંદ થયા છે એક વખત ખાત્રી કરવા અરજ છે.

કિંમત નંબર ૧. તોલા ૧ ના રૂ. ૪) નંબર ૨, રૂ. ૧॥. નંબર ૩ રૂ. ૧) અને નંબર ૪ રૂ ૦॥.

ફ્રાન્સ અને અમેરીકાના મહાન ડાક્ટરોની નવી શોધ.

નામદાર બ્રિટિશ સરકારમાં રજીસ્ટર કરાવેલ

યુનીવર્સલ બામ.

(નમુનાની ડબીના બે આના.)

ફક્ત બહાર લગાડવાથીજ દરેક જાતનાં દરદો મટી જાય છે.

ગરમી અગર શરદીનો મગજ માથાનો દુખાવો, આધાશીશી, માથાનો ફાટ ચક્કરી, અને ટુંકામાં શરીરના કોઈપણ ભાગના દુખાવા અને દરદો ઉપર લગાડવાથી ફક્ત પાંચ મિનિટમાં આરામ કરી આપે છે.

કિંમત શીશી ૧ ના રૂા. ૧-૦-૦

નુરભાઈ ઈસ્માલજી અતરીઆ
ફુલબજાર—જામનગર.

લેખનકળા કોપીબુકો.

ગુજરાતી અને બાળબોધ ૭ નંબરમાં

દરેક નંબરની કિંમત અઢી આના.

કેળવણીખાતાના મે. ડિરેક્ટર સાહેબે મુંબઇ ઇલાકાની ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજુર કરી છે.

૨૫૦ અને તે ઉપરાંત કોપી ખરીદનારને સેંકડે ૧૫ ટકા કમિશન આપવામા આવશે. પેકિંગ અને રેલ્વે ખર્ચ પણ આપવામાં આવશે, પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખર્ચ આપવામાં આવશે નહિ.

કોપીઓ સાથે બીજા પુસ્તકો મંગાવનારને સેંકડે એક ટકો ટકસાઈ વાદ મોકલી આપવા ગોઠવણ રાખી છે. મળવાનુ ઠેકાણુ—ડાહ્યાભાઈ જગજીવનદાસ એન્ડ સન્સ. લેખનકળા કોપીબુકની ઓફિસ—જુની કાળકાદેવી પોસ્ટ ઓફિસ સામે નંબર ૨૧૭—મુંબઈ.

દસ્કત શિક્ષક કોપી બૂકો.

ગુજરાતી અને બાળબોધ આઠ નંબરમાં, કેળવણી ખાતાના મે૦ ડિરેક્ટર સાહેબે મુંબઇ ઇલાકાની દરેક ગુજરાતી નિશાળોમાં ચાલવાને મંજુર કરી છે. લડાઇને લીધે કાગળના ભાવ બેહદ વધી જવાથી મે૦ ડિરેક્ટર સાહેબના, નં૦ ૧૧૨૪૫ ૧૯૧૭–૧૮ ની સાલના, હુકમથી હાલ થોડા વખત માટે અઢી આના દરેક નંબરની કિંમત રાખી છે ૨૩૦ અને તેથી વધુ કોપી ખરીદનારને હાલમાં સેંકડે (૧૫) ટકા કમિશન ઉપરાંત પેકિંગ અને રેલ્વે ખર્ચ આપવામાં આવશે પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખર્ચ આપવામાં આવશે નહિ દસ્કત શિક્ષક કોપી બુકોની સ્ટીલ પેનો દરેક નંબરને બંધ બેસતી, ૧ થી ૮ નંબરની, દરે ના ૬ કિમત રૂ ૦ાા નક્કી.

મળવાનું ઠેકાણું:-

આદરજી કાવસજી માસ્તર.

ઠે. નં૦ ૧૦ ધોબી તલાવ—મુંબઇ

શિક્ષણ તથા શિક્ષકોની જરૂરિઆત પુરી પાડનાર એકજ સ્થળ છે તે તમે જાણો છો, કે જ્યાં પઝલ બોક્ષ, કિન્ડરગાર્ટન, મોન્ટેસરી મેથડ, ભૂગોળ, ખગોળ, પદાર્થપાઠ, ડ્રોઈંગ તથા અવાજ, પ્રકાશ, ગરમી, આકર્ષણ, વિદ્યુત તથા વિજ્ઞાનને લગતા સાહિત્યો, કેમીકલ્સ, એસીડ, તોલવાના કાંટા, ક્રિકેટ, ટેનીસ, હોકી, ફુટબોલ વગેરે મળી શકે છે તે સરનામું નોંધી લો.

શાસ્ત્રી એન્ડ કું. સુરત.

જાહેરખબર.

નીચે લખેલાં પુસ્તકોનો કોપીરાઇટ અમે લીધો છે, માટે તે બધાં પુસ્તકો અમારી પાસેથી મળી શકશે માટે ઓર્ડર મોકલશો.

	કિમ્મત. રૂ. આ. પા.	
ગૃહવ્યવસ્થા	૦–૧૨–૦	ટેક્સ્ટ બુક તરીકે મંજૂર છે.
બાળસ્વભાવ	૦–૮–૦	" "
બાળવાર્તા	૦–૩–૦	ઇનામ અને લાઇબ્રેરિ માટે મંજૂર
સચિત્ર વાર્તા વિનોદ	૦–૩–૦	" "
નવીન આરોગ્ય વિજ્ઞાન	૦–૮–૦	" "

ઉપર લખેલા પુસ્તકો કેટલાક સ્ટેટો તથા ઇનામ અને લાઇબ્રેરી માટે મંજુર થયેલ છે.

રાજકવી નથુરામકૃત તમામ પુસ્તકો મળશે,

ઉષા અથવા એક સુજન જુની વાર્તા.

કર્તા—રા. ન્હાનાલાલ દલપતરામ કવિ ૧–૪–૦

તે સિવાય દરેક જાતનાં અંગ્રેજી ગુજરાતી તથા સંસ્કૃત પુસ્તકો જોડે તમામ પ્રકારની ડ્રોઇંગ બુકો તથા ડ્રોઇંગને લગતો સામાન અમારે ત્યાંથી કિફાયત ભાવે મળી શકશે.

કિંમત રૂ ૦–૬–૬ ⎫ **નવું દેશી નામું** ⎧ ધોરણ ૬ અને ૭ માટે
ચુડપુડીઆ અને રોજમેળ ⎭ ⎩ ધોરણવાર બનાવેલું.

નામદાર સરકારે ટેક્સ્ટ બુક તરીકે મંજુર કર્યું છે. તદ્દન નવીન અને સરલ પદ્ધતિએ લખાયેલું હોવાથી વિદ્યાર્થીઓને અત્યંત ઉપયોગી થઈ પડેલ છે.

સ્થાનક—
ગીરજાશંકર કલ્યાણજી } બુકસેલર એસ. યુ માસ્તરની કું.
ગોંડલ. } પુરા બજાર—રાજકોટ

જાહેરખબર

શિક્ષકો અને વિદ્યાર્થીઓને થોડા શ્રમે ઘણું જ્ઞાન મળે એવાં પુસ્તકો.

સમેટ્રૂત નવી ભૂમિતિનો શિક્ષક—તેમાં વ્યાખ્યાઓ સીગ્ધ સિદ્ધાંતો અને પ્રશ્નોના '૨૪૫' આકૃતિઓ સાથે સંપૂર્ણ [illegible] કરવામાં આવ્યા છે આ પુસ્તક ધોરણ ૭, સાત ને પ્ર૦ ક૦ ના વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી છે ટ્રેનિંગ કોલેજના પહેલા વર્ષના વિદ્યાર્થીઓને પણ ખાસ ઉપયોગી છે. કિ૦ રૂા ૦-૧૪-૦

હિંદનો ઇતિહાસ—પ્ર૦ ક૦ ના તમામ વિદ્યાર્થીઓ આ ઇતિહાસનો ઉપયોગ કરી પાસ થાય છે તેમાં આજ સુધીના પ્ર૦ ક૦ પરીક્ષાના પ્રશ્નો તથા તેના ઉત્તરો આપેલા છે ધોરણ ૬ થી સાત સુધીના તમામ વિદ્યાર્થીઓને આ ઇતિહાસ અતિ પ્રિય થએલો છે કિં૦ રૂા ૦-૯-૬.

નીતિ સંવાદો—નીતિનું શિક્ષણ આપી શકાય તેવા મનોહરની શુદ્ધ તૈયાર છે આ સંવાદો શાળાઓમાં નીતિપાઠો તરીકે વાપરી શકાય તથા રાજાઓને લગતા તમામ જાતના ઉત્સવોમાં ભજવી શકાય તેવા છે કીં ૦-૨-૦

નીતિ વાચનમાળા કિંમત ૦-૫-૦ નીતિની શિખામણો, ૧૫ ૦-૨-૦ અને તેવાજ નીતિને લગતાં બાળશિક્ષણને ઉપયોગી ઇનામ લાયબ્રેરી માટે મંજુર થયેલાં પુસ્તકો અમારે ત્યાંથી મળશે.

ઉપરનાં પુસ્તકો ઉપરાંત ગુજરાતી, અંગ્રેજી ઉર્દૂ અને સંસ્કૃત શાળાઓમાં ચાલતાં તમામ પુસ્તકો, ગણિતના ખુલાસા, [illegible], હિંદુસ્તાન અને એશિયાની ભૂગોળની સંગતવાર નોટો, [illegible], ધોરણના નોટો, [illegible], કાગળોના રીમ, ડોરી અને ચિત્રવાળી કોપી બુકો, એક્સરસાઇઝો, ડાયરીઓ, નવા ધારા મુજબ છપાયેલા [illegible], મુદ્રો છાપવાની શાહીઓ વગેરે મળશે બીજા વેપારીઓ કરતા અમારે ત્યાંથી માલ કિફાયત ભાવે ૨૦ ને, ના ૨૫, ના ઓર્ડર આપનારને કમીશન ઉપરાંત સુંદર ભેટ આપવામાં આવે છે

નીતિનું શિક્ષણ આપવા માટે ખાસ તૈયાર કરેલાં પુસ્તકો
વિદ્વાનોના ઉંચા અભિપ્રાયવાળાં.

નીતિવાચનમાળા.

કર્તા—ડાહ્યાલાલ વ્રજલાલ પંડિત.

પુસ્તક ૧ લુ (ઇ લા માટે મંજુર)	૦-૧-૬
પુસ્તક ૨ જુ (,,)	૦-૨-૯
પુસ્તક ૩ જુ (,, મીસુતછ. ક. પંડ્યાની પ્રસ્તાવનાસહિત)	૦-૫-૦
પુસ્તક ૪ થુ.	૦-૯-૦
નીતિ સંવાદો (બારે ઋતુના)	૦-૨-૦

સરનામુ — ધી સરસ્વતી બુક ડીપો–નડિઆદ